સુવિચાર
નસીબ તો કામ કરતું જ હોય છે ઉતાવળ તો આપડે જ હોય છે...


પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY



# અબતક


સાંધ્ય દૈનિક
શહેર આવૃત્તિ પાનાઃ ૧૬
તા. ૧-૭-૨૦૨૫, મંગળવાર
વર્ષઃ ૧૪, અંકઃ ૯૭
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા
Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia


**અષાઢમાં અનરાધાર, શ્રાવણમાં પણ સરવડા વરસશે**
(વાંચો છેલ્લા પાને)




અમેરિકામાં વધુ એક પ્લેન ક્રેશઃ ૬ના મોત


ફિલ્ડીંગ પોઝિશન અને પરંપરાગત ''સ્પિન શસ્ત્ર'' દ્વારા બીજા ટેસ્ટમાં ભારતનું કમબેક?



કેપ્ટન ''કૂલ''નો ટ્રેડમાર્ક ધોનીને!!!


ત્રણ યુદ્ધમાં ઉપયોગમાં લેવાયેલ ભારતીય હવાઈ સેનાનો બીજા વિશ્વયુદ્ધમાં તૈયાર થયેલા રનવે બોગસ કાગળિયા દ્વારા ૨૮ વર્ષ પહેલા વેચી દેવાયો

# અકસ્માતો પર ''બ્રેક'' લગાવવા શહેરોમાં ૩૦ કિમીથી વધુ ઝડપે વાહન ચલાવવા પર ''રોક''



## અત્યંત ચિંતાજનક બાબતઃ માર્ગ અકસ્માતોમાં ગુજરાત દેશમાં આઠમા ક્રમાંકે

## ભીડભાડવાળા રસ્તાઓ પર ગતિ મર્યાદા ૩૦ કિમી જયારે રાજમાર્ગો પર મહતમ ૬૦ કિમી પ્રતિ કલાક સુધી સીમિત રાખવા વિચારણા

## જીડીસીઆરમાં સુધારો કરી શહેરી રસ્તાઓ, સ્ટેટ હાઈવે અને નેશનલ હાઈવે પરની સ્પીડ પર કાપ મુકાશે

**અબતક, રાજકોટ**

પૂરપાટ દોડતા વાહનો, ટ્રાફિક નિયમો પ્રત્યેની અજ્ઞાનતા અને ઈરાદાપૂર્વક કરવામાં આવતા ટ્રાફિક નિયમોના ભંગને પગલે છાસવારે જીવલેણ અકસ્માતોના અહેવાલો સામે આવતા હોય છે. ત્યારે અકસ્માતો પર બ્રેક લગાવવા શહેરી વિસ્તારોમાં ગતિ મર્યાદાને ૩૦ કિમી પ્રતિ કલાક પર સીમિત રાખવા તખ્તો તૈયાર કરવામાં આવી રહ્યો છે.

રાજ્ય શહેરી વિકાસ વિભાગ શહેરના રસ્તાઓ પર વાહનો માટે ગતિ મર્યાદાઓને અંતિમ સ્વરૂપ આપી રહ્યું છે. એક દાયકામાં, રાજ્યભરમાં માર્ગ અકસ્માતોમાં ૭૫,૭૩૮ લોકોના મોત થયા છે. સરકારી સૂત્રોએ સંકેત આપ્યો છે કે, ભીડભાડવાળા રસ્તાઓ પર મહત્તમ માન્ય ગતિ ઘટીને ૩૦ કિમી પ્રતિ કલાક કરવામાં આવશે જયારે પહોળા રાજમાર્ગો પર મહતમ ગતિ મર્યાદા ૪૫-૬૦ કિમી પ્રતિ કલાક (અનુ. આઠમા પાને)

### રાજ્યમાં દરરોજ ૪૯૧ લોકો રોડ અકસ્માતમાં ઈજાગ્રસ્તઃ ગત વર્ષની સાપેક્ષે ૧૦%નો ઉછાળો

ગુજરાતમાં માર્ગ અકસ્માતોમાં સતત વધારો થઈ રહ્યો છે. આ વર્ષે જાન્યુઆરીથી મે મહિના દરમિયાન, માર્ગ અકસ્માતમાં કુલ ૭૩,૬૨૪ લોકો ઘાયલ થયા હતા. ગુજરાતમાં દરરોજ સરેરાશ ૪૯૧ લોકો માર્ગ અકસ્માતમાં ઘાયલ થાય છે.ઈમરજન્સી સર્વિસ '૧૦૮' અનુસાર, ગયા વર્ષે સમાન સમયગાળા (જાન્યુઆરીથી મે) દરમિયાન ૬૮,૨૦૯ લોકો ઘાયલ થયા હતા. તેની સરખામણીમાં, આ વર્ષે માર્ગ અકસ્માતમાં ઈજાઓમાં ૧૦% નો વધારો થયો છે. હાલમાં, સરેરાશ, દર કલાકે ૨૦ લોકોને માર્ગ અકસ્માતોને કારણે હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડે છે.

### જીવલેણ અકસ્માતમાં ૩.૦૯%નો વધારો મૃત્યુઆંક ૭૫,૭૩૮ને આંબી ગયો

ગુજરાતમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુદર સતત ઊંચો જઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૩ માં, ગુજરાતમાં માર્ગ અકસ્માતોમાં ૭,૮૫૪ મૃત્યુ નોંધાયા હતા. જે ૨૦૨૨ ની તુલનામાં ૩.૦૯% નો થોડો વધારો છે. દસ વર્ષના સમયગાળામાં (૨૦૧૩-૨૦૨૨), ગુજરાતમાં ૭૫,૭૩૮ માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયા હતા. ૨૦૨૨ માં માર્ગ અકસ્માતમાં મૃત્યુનું મુખ્ય કારણ ઓવરસ્પીડિંગ હોવાનું ઓળખવામાં આવ્યું હતું.

### દેશમાં ફક્ત એક જ વર્ષમાં ૧.૫૩ લાખ લોકો કાળનો કોળિયો : ફેટલ રેટ ૧૧.૩ ને આંબ્યો

દેશના પરિવહન મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર વર્ષ ૨૦૨૧માં ફક્ત રોડ અકસ્માતમાં જ ૧,૫૩,૯૭૨ લોકો કાળનો કોળિયો બન્યો હતો. જે સૂચક છે કે, દેશમાં ફેટલ રેટ ૧૧.૩ છે જેનો સીધો અર્થ છે કે, દર એક લાખ વ્યક્તિએ ૧૧ થી વધુ લોકોના મોત રોડ અકસ્માતમાં થવા પામે છે.

# દિલ્હીમાં આજથી પંપ ઉપર ૧૫ વર્ષ જુના પેટ્રોલ અને ૧૦ વર્ષ જુના ડીઝલ વાહનોની જપ્તી

## તમામ પેટ્રોલ પંપ પર ઓટોમેટિક નંબરપ્લેટ રેકગ્નિશન સિસ્ટમ ઈન્સ્ટોલ કરાઈ, જે જુના વાહનોને તુરંત ઓળખી બતાવશે

**અબતક, નવી દિલ્હી**

આજથી દિલ્હી સરકાર જૂના વાહનોના ઉપયોગને રોકવા માટે એક મોટી એક્શન પ્લાન સાથે સંપૂર્ણપણે તૈયાર છે. જેમાં જૂના વાહનો જેમની ઉંમર નિર્ધારિત સમય કરતાં વધુ થઈ ગઈ છે, તેમને ઓળખીને જપ્ત કરવામાં આવશે.

દિલ્હીમાં આજથી ૧૫ વર્ષ જૂના પેટ્રોલ વાહનો અને ૧૦ વર્ષ જૂના ડીઝલ વાહનોને ઈંધણ મળશે નહીં. જો પકડાશે તો ૧૦,૦૦૦ રૂપિયાનું ચલણ પણ થશે. જે ટુ-વ્હીલરની ઉંમર પૂર્ણ થઈ ગઈ છે તે જપ્ત કરવા પર, માલિકને ૫,૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવશે.આ નવા નિયમને સરળતાથી લાગુ કરવા માટે, કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ, ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટ, મ્યુનિસિપલ (અનુ. આઠમા પાને)



# કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં રૂ.૫૮નો ઘટાડો

## ૧૭૨૨ રૂપિયામાં મળતો કોમર્શિયલ એલપીજી સિલિન્ડર હવે ઘટીને રૂ.૧૬૬૫ થયો

**અબતક, નવી દિલ્હી**

જૂલાઈ મહિનાની શરૂઆતથી એલપીજી યુઝર્સને રાહત મળી છે. વાસ્તવમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એલપીજી સિલિન્ડરના ભાવમાં મોટો ઘટાડો કરવાની ભેટ આપી છે અને તે દિલ્હીથી મુંબઈ સુધી સસ્તું થઈ ગયું છે.એલપીજી સિલિન્ડરના સુધારેલા ભાવ આજથી, ૧ જૂલાઈ ૨૦૨૫થી અમલમાં આવ્યા છે. આ વખતે પણ ઓઈલ કંપનીઓએ ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવ ઘટાડ્યા છે અને રાજધાની દિલ્હીમાં તે ૫૮ રૂપિયા સસ્તા થયા છે. જ્યારે ૧૪ કિલોગ્રામના ઘરેલુ સિલિન્ડરના ભાવ યથાવત રાખવામાં આવ્યા છે.



જૂલાઈથી ૧૯ કિલોગ્રામ એલપીજી સિલિન્ડરની ૧ જૂલાઈથી લાગુ થયેલા સુધારા પછી દિલ્હીમાં ૧૭૨૩.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ કોમર્શિયલ એલપીજી સિલિન્ડર હવે ઘટીને ૧૬૬૫ રૂપિયા થઈ ગયો છે અને તે મુજબ કંપનીઓએ તેમાં પ્રતિ સિલિન્ડર ૫૮.૫૦ રૂપિયાનો ઘટાડો કર્યો છે. કોલકાતામાં પહેલી કિંમત ૧૮૨૬ રૂપિયાથી ઘટીને ૧૭૬૯ રૂપિયા થઈ ગઈ છે. મુંબઈમાં આ સિલિન્ડરની કિંમત ૧૬૭૪.૫૦ રૂપિયાથી ઘટીને ૧૬૧૬.૫૦ રૂપિયા થઈ ગઈ છે, જ્યારે ચેન્નઈમાં ૧૮૮૧ રૂપિયામાં મળતું સિલિન્ડર હવે ૧૮૨૩.૫૦ રૂપિયામાં મળશે. અગાઉના જૂન મહિનામાં પણ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો હતો અને ૧ જૂન, ૨૦૨૫ ના રોજ આ સિલિન્ડર ૨૪ રૂપિયા સસ્તો કરવામાં આવ્યો હતો ઘટાડા પછી દિલ્હીમાં કોમર્શિયલ એલપીજી સિલિન્ડર ૧૭૨૩.૫૦ રૂપિયા થઈ ગયો હતો, જે ૧૭૪૭.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ હતો. આ ઉપરાંત, કોલકાતામાં તે ઘટીને ૧૮૨૬ રૂપિયા, મુંબઈમાં ૧૬૭૪.૫૦ રૂપિયા અને ચેન્નઈમાં (અનુ. આઠમા પાને)

### આગામી પખવાડિયામાં જ

# રાષ્ટ્રીય અધ્યક્ષની વરણી પહેલા ગુજરાતના પ્રમુખની નિયુક્તિ કરી દેશે ભાજપ

**અબતક, રાજકોટ**

સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા આગામી એક પખવાડિયામાં નવા રાષ્ટ્રીય અધ્યક્ષની નિયુક્તિ કરી દેશે તેવી પ્રબળ સંભાવના હાલ જણાય રહી છે આ પૂર્વ પ્રમુખની નિયુક્તિ પહેલા ઓછામાં ઓછા ૫૦ ટકા રાજયોના પ્રમુખોની નિયુક્તિ કરી દેવી પડે છે. આગામી બે ચાર દિવસોમાં મધ્યપ્રદેશ સહિતના કેટલાંક રાજયોના પ્રમુખની નિયુક્તિ કરી દેવામાં આવશે.

## ગુજરાત સહિત ૧૯ રાજયોમાં પ્રમુખની નિયુક્તિ કરવાની બાકી

ગુજરાતના પણ નવા સુકાનીની વરણીકરી દેવામાં આવે તેવી શકયતા રહેલી છે. ભાજપ દ્વારા અત્યાર સુધીમાં માત્ર ૧૪ રાજયોના પ્રમુખની નિયુક્તિ કરાય છે. હજી ૧૯ રાજયોના અધ્યક્ષોની વરણી બાકી છે પક્ષના બંધારણ મુજબ નવા

લોકસભાની ચુંટણીમાં ભાજપ પ્રેરિત એનડીએ ગઠબંધનની સરકાર કેન્દ્રમાં સતત ત્રીજી વખત રચાઈ છે. જેમાં ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલને કેન્દ્રીય મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. તેઓએ પ્રદેશ પ્રમુખ તરીકે ત્રણ-ત્રણ વાર મુક્તિ માંગી છે. એક યા બીજી કારણોસર પ્રદેશ ભાજપની નિયુકિતની પ્રક્રિયા કોઈના કોઈ કારણોસર પાછી ઠેલાય રહી છે. ૧૫મી જુલાઈ સુધીમાં ભાજપને નવા રાષ્ટ્રીય અધ્યક્ષ મળી જશે આ પૂર્વ ગુજરાત ભાજપને નવા કેપ્ટન મળી જવાની પુરેપુરી સંભાવના દેખાય રહી છે.

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી પ્રક્રિયાના અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. હાલમાં મુખ્ય રાજ્ય એકમો માટે આંતરિક ચૂંટણીઓ ચાલી રહી છે, જેમાં ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં સંગઠનાત્મક ચૂંટણીઓ ઝડપથી આગળ વધી રહી છે.રાજ્ય સ્તરની નિમણૂકો પૂર્ણ થયા પછી જુલાઈના બીજા અઠવાડિયા સુધીમાં જે.પી. નડ્ડાના અનુગામીની પસંદગી થવાની અપેક્ષા છે.તાજેતરમાં, તેલંગાણામાં એન. રામચંદ્ર રાવ (અનુ. આઠમા પાને)




# પાકિસ્તાને અફઘાનિસ્તાન સરહદ સિલ કરીઃ નવા જુનીના એંધાણ

## પાકિસ્તાની સેનાના કાફલા ઉપર આત્મઘાતી હુમલામાં અનેક સૈનિકો માર્યા ગયા બાદ બન્ને દેશો વચ્ચે તણાવ વધ્યો

**અબતક, નવી દિલ્હી**

શનિવારે પાકિસ્તાની સેનાના કાફલા પર આત્મઘાતી હુમલામાં અનેક સૈનિકો માર્યા ગયા બાદ અફઘાનિસ્તાન-પાકિસ્તાન સરહદ પર તણાવ વધી રહ્યો છે. આ ઘટનાક્રમ રાજદ્વારી કટોકટી ઊભી કરવાનો ભય દર્શાવે છે. બીજી તરફ પાકિસ્તાને અફઘાનની સરહદ પણ સિલ કરી દીધી છે.



પાકિસ્તાની સેના દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અફઘાન સરહદ નજીક ઉત્તર વઝીરિસ્તાન જિલ્લાના મીર અલી વિસ્તારમાં એક કાફલા પર હુમલો કરવામાં આવ્યો હતો. પાકિસ્તાનના એક વરિષ્ઠ સુરક્ષા અધિકારીએ જણાવ્યું હતું કે ખૈબર પખ્તુનખ્વાના ઉત્તર વઝીરિસ્તાન જિલ્લામાં થયેલા હુમલા અને પ્રાંતમાં અથડામણ બાદ અફઘાનિસ્તાન સાથેનો ગુલામ ખાન સરહદ ક્રોસિંગ બંધ કરી દેવામાં આવ્યો છે. ખોસ્ત પ્રાંતમાં સ્થિત



આ ક્રોસિંગ બંને દેશો વચ્ચે એક મહત્વપૂર્ણ વેપાર અને પરિવહન બિંદુ છે, ખાસ કરીને પાકિસ્તાનના ઉત્તર વઝીરિસ્તાન ક્ષેત્રમાં આવતા (અનુ. આઠમા પાને)


### ટ્રમ્પના ટ્રેડ વોરનું 'સુરસુરીયું'?

# ખેતપેદાશની આયાત ડ્યુટી ઘટાડવા ભારતનો નનૈયોઃ ટૂંક સમયમાં ટ્રેડ સંધી સધાઈ જવાનો અમેરિકાનો આશાવાદ

## ભારતમાં મોટા ભાગના લોકો હજુ કૃષિ ઉપર નિર્ભર, જો ખેત પેદાશોની આયાત ઘટશે તો ભારતના સ્થાનિક ખેડૂતો પાયમાલ થઈ જશે, એટલે ભારત આયાત ડ્યુટી ન ઘટાડવા મક્કમ

**અબતક, નવી દિલ્હી**

ભારતે અમેરિકાથી આયાત થતી ખેતપેદાશમાં ડ્યુટી ઘટાડવા નનૈયો ભણી દીધો છે. કારણકે આ આયાત ડ્યુટી ઘટવાથી ભારતમાં ઉત્પાદન થતા ખેતપેદાશોની કિંમત ઘટવાની સાથે કૃષિ ક્ષેત્રને અન્ય પણ ઘણું નુકસાન થઈ શકે છે. સાથોસાથ વેપાર ખાધને પણ અસર પહોંચી શકે છે. બીજી તરફ અમેરિકાના વાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરીએ ભારત સાથે ટૂંક સમયમાં વેપાર સંધિ સાધવાનો આશાવાદ પણ વ્યક્ત કર્યો છે.



ભારત-અમેરિકા વેપાર કરાર હેઠળ, ભારતે પોતાનું કૃષિ નીતિ વલણ જાળવી રાખશે. કારણ કે જિટીઆરઆઈ અનુસાર, યુએસ કૃષિ ઉત્પાદનો પર આયાત શુલ્ક ઘટાડવાથી રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષાને જોખમ થઈ શકે છે. ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિયેટિવ (જિટીઆરઆઈ) એ ચેતવણી આપી છે કે ભારત-અમેરિકા મુક્ત વેપાર કરાર માં કૃષિ શુલ્કમાં કાયમી ઘટાડો અપરિવર્તનીય અને વ્યૂહાત્મક રીતે અન્યાયી બંને હશે. ડ્યુટી દૂર કરવાથી વૈશ્વિક ભાવ ઘટાડા દરમિયાન સબસિડીવાળા યુએસ અનાજ ભારતીય બજારો પર પ્રભુત્વ મેળવી શકે છે. ઐતિહાસિક પુરાવા સૂચવે છે કે ૨૦૧૪ અને ૨૦૧૬ ની વચ્ચે (અનુ. આઠમા પાને)

### ભારતીય કૃષિને બચાવવા યુએસ ઉપર ડ્યુટીનું ભારણ યથાવત રાખવું જરૂરી

જ્યારે યુ.એસ.માં કૃષિ કોર્પોરેટ સિદ્ધાંતો પર ચાલે છે, ત્યારે ભારતીય કૃષિ લોકોની આજીવિકા માટે મૂળભૂત રહે છે.નાના પાયે ખેડૂતોને બચાવવા, ભાવમાં વધઘટને નિયંત્રિત કરવા અને ખાદ્ય સુરક્ષા જાળવવા માટે આયાત જકાત મહત્વપૂર્ણ છે.''યુ.એસ. પોતે તમાકુ (૩૫૦ ટકા) જેવા ઉત્પાદનો પર ભારે ટેરિફ લાદે છે અને તેના કૃષિ ક્ષેત્રને સુરક્ષિત રાખવા માટે જટિલ બિન-મૂલ્યવર્ધિત જકાતનો ઉપયોગ કરે છે - એક વાસ્તવિકતા જે ઘણીવાર વેપાર વાટાઘાટોમાં અવગણવામાં આવે છે,'' તેમણે ઉમેર્યું.

### ભારત અમારો નજીકનો સાથીઃ વાઈટ હાઉસનું નિવેદન

અમેરિકાએ તાજેતરમાં ભારત સાથેના તેના સંબંધો અંગે એક નિવેદન આપ્યું છે. અમેરિકા કહે છે કે ભારત તેનો ખૂબ જ મહત્વપૂર્ણ વ્યૂહાત્મક સાથી છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે એક પ્રેસ બ્રીફિંગ દરમિયાન આ વાત કહી હતી. તેમને પૂછવામાં આવ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ ઈન્ડો-પેસિફિકમાં ચીનની વધતી ભૂમિકાને કેવી રીતે જુએ છે. સેક્રેટરી લેવિટે કહ્યું, 'ભારત ઈન્ડો-પેસિફિકમાં અમારો ખૂબ જ મહત્વપૂર્ણ વ્યૂહાત્મક સાથી છે અને રાષ્ટ્રપતિ ટ્રમ્પના પીએમ મોદી સાથે ખૂબ જ સારા સંબંધો છે અને આ સંબંધ ભવિષ્યમાં પણ ચાલુ રહેશે.' વ્હાઈટ હાઉસ દ્વારા આપવામાં આવેલું આ નિવેદન ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે એવું માનવામાં આવે છે કે ઓપરેશન સિંદૂર પછી, ભારત-અમેરિકા સંબંધોમાં થોડી ખટાશ (અનુ. આઠમા પાને)

### ટ્રમ્પ ભારત આવે તેવી શકયતા

જ્યારે ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકર ક્વાડ વિદેશ પ્રધાનોની બેઠકમાં ભાગ લેવા માટે અમેરિકા પહોંચ્યા છે. અગાઉ પુષ્ટિ થઈ હતી કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે નવી દિલ્હીમાં યોજાનારી ક્વાડ સમિટ માટે પીએમ મોદીનું આમંત્રણ સ્વીકાર્યું છે. આ અંગે વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ એક વીડિયો સંદેશમાં જણાવ્યું હતું કે, 'પીએમ મોદીએ ક્વાડની આગામી બેઠક માટે રાષ્ટ્રપતિ ટ્રમ્પને ભારત આમંત્રણ આપ્યું છે. આમંત્રણ સ્વીકારતા રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે તેઓ ભારત આવવા માટે ઉત્સાહિત છે.'

માસ્ક પાછળ : ઉપચાર કરનારાઓને કોણ સાજા કરે છે ?: આજે રાષ્ટ્રીય ડોક્ટર દિવસ

# પૃથ્વી પર ભગવાનનું બીજું રૂપ એટલે ડોક્ટર: “ દર્દ કા રિસ્તા”

## તબીબોના અતૂટ સમર્પણ, સંભાળ અને સખત મહેનતની સન્માનનો દિવસ : વિશ્વમાં અલગ અલગ દિવસે ડોક્ટર દિવસ ઉજવણી થાય છે, જેમ કે અમેરિકામાં ૩૦ માર્ચે, બ્રાઝિલમાં ૧ ઓક્ટોબરે આ દિવસ ઉજવાય છે: તે વ્યક્તિને મોતના મુખમાંથી બહાર કાઢીને નવજીવન આપે

દર્દીઓને તેમની સુખાકારી અને પીડામાંથી રાહત આપવાની અનોખી સેવા ડોક્ટર કરે છે. આજના યુગમાં મેડિકલ સાયન્સ એ કરેલ પ્રગતિને કારણે વિદેશીઓ પણ કરાવે છે આપણાં દેશમાં સર્જરી.રોગ નિવારણ, નિદાન, સારવાર અને તેના મહત્વ વિશે પ્રજાને જાગૃત કરે છે. ડોક્ટર એ વ્યવસાય નથી પણ સેવા ક્ષેત્ર છે.




આજે રાષ્ટ્રીય ડોક્ટર દિવસ છે . વિશ્વના વિવિધ દેશોમાં અલગ- અલગ તારીખનાં રોજ ડોક્ટર દિવસની ઉજવણી કરાઇ છે, જેમાં અમેરિકામાં ૩૦ માર્ચ બ્રાઝિલમાં પહેલી ઓક્ટોબરે આ દિવસ ઉજવાય છે. કોરોના મહામારી વખતે પોતાના જીવની પરવા કર્યા વગર લાખો લોકોના જીવ બચાવ્યા એ વ્યક્તિ ડોક્ટર જ હતા. જેવી રીતે ‘વેલ્થ’ બેંક છે, તેમ ‘હેલ્થ’ માટે ડોક્ટર છે . ડોક્ટર જન્મ આપે છે, તો મોતના મુખમાંથી પણ ડોક્ટર જ બચાવે છે. આ વર્ષની થીમ માસ્ક પાછળ : સંભાળ રાખનારાઓની સંભાળ‘‘ છે. જે ડોક્ટરની કરુણા અને સમર્પણ સેવા પર ભાર મૂકે છે. તબીબોના અથાગ પ્રયત્નોને જાહેર આરોગ્ય અને સુખાકારી માટે મહત્વના કામ કરે છે. રાઉન્ડ ધ ક્લોક દર્દીની સેવા કરનાર તબીબની સંભાળ કોણ રાખે છે ? તે પણ આ વર્ષની થીમમાં વાત કરી છે, તેમને પણ થાક અને તણાવ આવતા જ હોય છે, પણ કરુણા પૂર્ણ સહાય પ્રણાલી માટે તેઓ સખત મહેનત કરીને દર્દીઓનું જીવન બચાવવાની સાથે સ્વાસ્થ્ય સુધારવાનું પણ કાર્ય કરે છે.

પૃથ્વી પર વસતા દરેક માનવી માટે શિક્ષક અને ડોક્ટરનું અનેરૂ સ્થાન તેના જીવનમાં રહેલું છે. આપણાં પરિવારના સભ્યો માટે નાની મોટી માંદગીમાં ઘરના સભ્ય સમા ફેમિલી ડોક્ટરનું વિશેષ મહત્વ હોય છે. ડોક્ટરનો હસતો ચહેરો મોટા ભાગના દર્દો દૂર કરી દે છે. તેની સમજાવવાની શૈલી, માર્ગદર્શન આપણને મોટા રોગોની તકલીફથી બચાવે છે. આજે રાષ્ટ્રીય ડોક્ટર દિવસ છે. ત્યારે સમગ્ર દેશમાં તેની અનેરી સેવાને સન્માન આપવા વિવિધ કાર્યક્રમો યોજાય છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના નેજા તળે પણ વિવિધ આયોજન યોજાય છે. આજના દિવસે ડોક્ટર અને મેડિકલ વ્યવસાય સાથે સંકળાયેલા તમામ સ્ટાફને કરોડો સલામ છે. આ દિવસની ઉજવણીનો હેતુ લોકોને ડોક્ટરોના યોગદાન અને તેમના કાર્ય વિશે જાગૃત કરવાનો છે. જેઓ પોતાના સુખ-દુ:ખનું બલિદાન આપીને દર્દીઓ માટે જીવે છે. તેઓ સમાજને રોગમુક્ત રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેથી આ દિવસની ઉજવણીનો હેતુ તેમના યોગદાનની ઉજવણી કરવાનો છે. કોવિડ સંક્રમણ દરમિયાન તે ડોક્ટરો હતા જેઓ તેમના જીવની પરવા કર્યા વિના સતત કલાકો સુધી ફરજ બજાવી રહ્યા હતા. ઘણા ડોક્ટરોએ પણ જીવ ગુમાવ્યા હતા. આ દિવસે આ ડોક્ટરોના બલિદાનને પણ યાદ કરવામાં આવે છે. જોખમી સ્થિતિમાં દિવસ-રાત એક કરીને તેમની મહેનતને કારણે લાખો લોકોના જીવ બચ્યા હતા. હોસ્પિટલ સ્ટાફ અને તબિબનો સફેદ કલર જ આપણને દર્દમાં મુક્તિ અને શાંતી આપે છે. રાષ્ટ્રીય ડોક્ટર દિવસ એ સફેદ રંગના વાસ્તવિકતા જીવનના હીરોને સમર્પિત દિવસ છે. વ્હાઈટ કોટમાં આ હિરોનું દરેકના જીવનમાં મહત્વ છે. આપણા જીવન મરણ વચ્ચેની યાત્રામાં આ ડોક્ટર જ આપણને જીવાડે છે કે રોગોમાથી બચાવે છે. બંગાળના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન ડો.બી.સી.રોયની માનવતાની સેવામાં આપેલ તેમના યોગદાનને સ્વીકારવા ૧૯૯૧ થી આજનો દિવસ ઉજવવામાં આવે છે. આજના દિવસે તેની જન્મ અને મૃત્યુની તીથી બન્ને સાથે આવે છે. આ દિવસે દર વર્ષે તેમના નિસ્વાર્થ કાર્યો માટે આ ક્ષેત્રના અન્ય ડોક્ટરોનું પણ સન્માન કરવા માટે ડોક્ટર દિવસ ઉજવવામાં આવે છે. અમેરિકામાં ૩૦ માર્ચે તો ક્યુબા જેવા નાના દેશમાં ૩ ડિસેમ્બરે આ દિવસ ઉજવાય છે. ડોક્ટર એ દર્દીઓ માટે જીવન કે મૃત્યું વચ્ચે નિર્ણયો લેવાની સૌથી પડકારજનક વ્યવસાયોમાંનો એક છે. દેશના મહાન તબીબ ડો.બી.સી.રોયને બ્રિટીશ મેડીકલ જર્નલ ભારતના એવા પ્રથમ મેડીકલ કન્સલ્ટન્ટ તરીકે ઓળખાય છે કે જેને અનેક ક્ષેત્રોમાં તેમનાં સમકાલીન તબીબો કરતાં વધુ સફળતા અને સમર્પણ કરેલ હતું.



**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

દર્દીઓને તેમની સુખાકારી અને પીડામાંથી રાહત આપવાની અનોખી સેવા ડોક્ટરો કરી રહ્યા છે. આજના યુગમાં મેડીકલ સાયન્સની પ્રગતિ અને અદ્યતન સાધનો, ટ્રીટમેન્ટ, ટેસ્ટીંગ વગેરે સુવિધાને કારણે લોકોનું આયુષ્ય વધ્યું છે. જેને માટે ડોક્ટરોની ભૂમિકા અહંમ છે. આજે તો શરીરના તમામ અંગો જેવા કે હૃદય, બ્રેઈન, આંખ, કીડની, હાડકા વગેરેનાં નિષ્ણાંત તબીબો ઉપલબ્ધ છે. સમગ્ર દિવસ દરમ્યાન સતત કાર્ય માટે તેમનો અમુલ્ય સમય, કૌટુબિંક સમય અને પરિવારનો આનંદ ગુમાવીને પણ તેના દર્દીની સેવા તેના માટે પ્રથમ કરી હોય છે. આજના ગતિશીલ યુગમાં મેડીક્લ સાયન્સની સાથે ડોક્ટરે કાયમ માટે અપડેટ રહેવું પડે છે. તેમનો વ્યવસાય સેવા વ્યવસાય સાથે જોડાયેલો છે. સમાજમાં તેમના પુષ્કળ યોગદાન માટે ડોક્ટરો પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવાનો આ રાષ્ટ્રીય દિવસ છે. ડોક્ટરો તારણહાર છે, તેથી ઘણા તેમને તેમના ઉમદા કાર્યો માટે ભગવાનનો દરજ્જો આપે છે. આપણાં સમાજમાં ડોક્ટરની મહત્વની ભૂમિકા રહેલી હોય છે. તેઓ બિમારી અથવા અન્ય કોઈપણ આરોગ્યની સ્થિતિઓમાંથી ઝડપી પુન:પ્રાપ્તિ સાથે દર્દીઓની સારવાર અને મદદ કરવા તેમનું જીવન અર્પણ કરે છે. ડોક્ટરો આપણાં જીવનને વધુ સારી રીતે જીવવામાં મદદ કરે છે. દેશના મહાન તબીબ ડો.બી.સી.રોયને બ્રિટીશ મેડીકલ જર્નલ ભારતના એવા પ્રથમ મેડીકલ કન્સલ્ટન્ટ તરીકે ઓળખાય છે કે જેને અનેક ક્ષેત્રોમાં તેમનાં સમકાલીન તબીબો કરતાં વધુ સફળતા અને સમર્પણ કરેલ હતું. રોગ નિવારણ, નિદાન, સારવાર અને તેના મહત્વ વિશે પ્રજાને જાગૃત કરે છે. આજના દિવસે વર્ષોથી સરકારી અને બિનસરકારી આરોગ્ય સંભાળ સંસ્થાઓ ડોક્ટરના યોગદાનને સન્માન આપીને આ દિવસ ઉજવે છે. આજના દિવસે તબીબો પણ લોકોને ગુણવત્તાયુક્ત તબિબી સેવા વિનામૂલ્યે મળે તેવા સંદેશ સાથે વિનામૂલ્યે મેડીકલ કેમ્પનું આયોજન કરે છે. રોગ નિવારણ, નિદાન, સારવાર અને તેના મહત્વ વિશે પ્રજાને જાગૃત કરે છે. ગરીબ, વૃધ્ધોની આરોગ્ય સારવાર, પરામર્શ સાથે આરોગ્ય પોષણની શિબિરો પણ યોજવામાં આવે છે. ૧૯૨૮માં સ્થપાયેલ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન -૧૯૩૦ માં ઈન્ડિયન મેડીકલ એસોસિએશન (IMA) બન્યું હતું.

### વિદેશીઓ પણ કરાવે છે, આપણાં દેશમાં સર્જરી

ડોક્ટરનો વ્યવસાય તેમના દર્દીઓને તેમની સુખાકારી અને પીડામાંથી રાહત આપવાની અનેરી સેવા છે. કોરોના કાળમાં દરેકના જીવનના વાસ્તવિક જીવનના નાયકો બન્યા હતા. ભારતમાં આદીકાળથી સર્જરી, પ્લાસ્ટીક સર્જરી જેવી તમામ સર્જરી કરવામાં આવે છે. સુશ્રુત કે જેને ભારતીય ચિકિત્સાના ‘શસ્ત્રક્રિયાના’ સ્થાપક પિતા ગણવામાં આવે છે. આપણાં દેશમાં સૌથી કુશળ અને કાર્યક્ષમ ડોક્ટરો છે. જેમનું વિશ્વભરમાં નામ રહેલું છે. આજની આપણી મેડીકલ સુવિધાઓને લીધે વિદેશીઓ પણ સર્જરી કે ટ્રીટમેન્ટ માટે ભારતમાં આવે છે.

### ડોક્ટરએ વ્યવસાય નથી પણ સેવા ક્ષેત્ર છે

શિક્ષક અને ડોક્ટર આ બન્ને વ્યક્તિ દરેકના જીવનમાં અગત્યનું સ્થાન ધરાવે છે. તેજ આપણને જીવન જીવવાની પધ્ધતિ શીખવે છે. ડોક્ટરએ આપણો એવો સાથીદાર છે જે જન્મ અને મૃત્યુ સાથે જીવનની બધી શારીરીક મુશ્કેલીમાં સાથ આપે છે. પરિવારની સંભાળ લે છે એટલે જ તેને ફેમીલી ડોક્ટર કહેવાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના આજના યુગમાં તેને ભગવાનના દરજ્જો મળ્યો છે. આ એક જ વ્યક્તિ એવી છે જેને આપણે મન મોકળું કરીને છૂટથી વાત કરીએ છીએ. આપણને આપણા ડોક્ટર ઉપર વિશ્વાસ અને શ્રધ્ધા હોય છે. તેથી આપણે તેની સલાહ લઈએ છીએ કે માનીએ છીએ. ડોક્ટરના ભરોસા ઉપર જ આપણે દર્દીમાંથી મુક્તિ મેળવીને દોડતા થઈએ છીએ. ડોક્ટર જ કોઈ વ્યક્તિને નવો જન્મ આપે છે અને તેને મૃત્યુના મુખમાંથી પણ તે જ બચાવે છે. આપણા પરિવારની સંભાળ લે છે એટલે જ તેને ફેમિલી ડોક્ટર કહેવાય છે.

**આજનો દિવસ ડોક્ટરો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી અને તેની મહેનત, બલિદાન અને સમર્પણને બિરદાવવાનો અવસર છે: આપણા દેશમાં ૧૯૯૧થી ડો. બિધાનચંદ્ર રોયની યાદમાં આ દિવસ ઉજવાય છે: આ વર્ષની ઉજવણી થીમ પણ ડોક્ટરનું સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાની વાત કરે છે**

# કેન્દ્ર-રાજ્ય સરકાર દ્વારા જુલાઈની ડેન્ગ્યૂ વિરોધી માસ તરીકે ઉજવણી કરાશે

## ડેન્ગ્યુ ફેલાવતો એડીસ ઈજિપ્તી મચ્છર માત્ર દિવસ દરમિયાન કરડે છે

**અબતક, રાજકોટ**

સામાન્ય રીતે ચોમાસાની ઋતુમાં જુલાઈથી ઓક્ટોબર માસ દરમિયાન ડેન્ગ્યુના કેસોમાં ખૂબ વધારો જોવા મળે છે, જેથી દર વર્ષે કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે દેશભરમાં જુલાઈ માસ ‘ડેન્ગ્યુ વિરોધી માસ’ તરીકે ઉજવવામાં આવે છે.

ચોમાસાની ઋતુ દરમિયાન મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા તેમજ વાહકજન્ય રોગના અસરકારક નિયંત્રણ માટે આરોગ્ય વિભાગ દ્વારા જૂન માસમાં રાજ્યના તમામ જિલ્લાઓ અને મહાનગરપાલિકાઓમાં ‘હાઉસ ટુ હાઉસ’ અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતું. આ અભિયાન અંતર્ગત રાજ્યભરમાં કુલ ૨૦ હજાર કરતાં વધુ આરોગ્ય ટીમો દ્વારા ૧.૪૮ કરોડ કરતાં વધુ ઘરોની પ્રત્યક્ષ તપાસ કરવામાં આવી હતી. જે પૈકી ૧.૭૫ લાખ જેટલા ઘરોમાં મચ્છરના પોરા જોવા મળ્યા હતા, જેનો સ્થળ ઉપર જ નાશ કરવામાં આવ્યો હતો. વધુમાં ૫.૧૧ કરોડ કરતાં વધુ જગ્યાએ સંભવિત મચ્છર ઉત્પત્તિના સ્થાનો જણાતા તેમનો પણ નાશ કરવામાં આવ્યો હતો. આ તપાસ દરમિયાન અંદાજે ૩.૬૩ લાખ કરતાં વધુ તાવના દર્દીઓ મળી આવતાં તેમના લોહીના નમૂના લઈને તપાસ અર્થે મોકલી આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત મચ્છર ઉત્પત્તિ ન થાય તથા મચ્છરજન્ય રોગોથી કેવી રીતે બચવું તેના માટે પૂરતી સમજ નાગરિકોને આપવામાં આવી હતી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યમાં જનજાગૃતિ કેળવી જનસમુદાયની સક્રિય ભાગીદારી થકી આ વાહકજન્ય રોગોના નિયંત્રણ માટે અનેક મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે.

ડેન્ગ્યુએ અર્બોવાયરસથી થતો અને એડીસ ઈજિપ્તી મચ્છર દ્વારા ફેલાતો રોગ છે. દિવસ દરમિયાન કરડતો આ મચ્છર એક ચમચી જેટલા સંગ્રહ થયેલ સ્વચ્છ પાણીમાં પણ ઈંડા મૂકી શકે છે. તેથી ફૂલદાની, કુંડા, પક્ષીકુંજ તથા પાણી સંગ્રહના તમામ પાત્રોની નિયમિત સફાઈ કરવી જોઈએ તેમજ પાણી સંગ્રહના પાત્રો હવાચુસ્ત ઢાંકણથી ઢાંકીને રાખવા જોઈએ. આ ઉપરાંત ઘર, અગાસી અને ઘરની આસપાસ પડી રહેલા નકામા ખાલી પાત્રો, ભંગાર, ટાયર, નાળિયેરની કાચલી વગેરેનો સત્વરે નાશ કરવો જોઈએ.

મચ્છરોના ડંખથી બચવા આખી બાંયનાં કપડાં પહેરવાં તથા શરીરના ખુલ્લા ભાગ પર મચ્છર વિરોધી ક્રીમનો ઉપયોગ કરવો, સુતી વખતે જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીનો ઉપયોગ કરવો, બારી બારણામાં મચ્છરજાળી લગાવવી તેમજ સખત તાવ, આંખોના ડોળાની પાછળ દુખાવો, સ્નાયુ-સાંધાનો દુખાવો અને શરીર પર ચકામા કે ઓરી જેવા દાણા દેખાય તો તુરંત નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો. ડેન્ગ્યુ અને ચિકનગુનિયાની કોઈ ખાસ દવા ઉપલબ્ધ નથી, જેથી ડોક્ટરના માર્ગદર્શન વગર દવાઓ લેવી નહીં તેમજ આવા દર્દીએ સારવાર માટે એસ્પિરિન દવાનો ઉપયોગ કરવો નહીં. આ ઉપરાંત તાવ દરમિયાન પુષ્કળ પ્રવાહી લેવા તેમજ સંપૂર્ણ આરામ કરવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની યાદીમાં જણાવ્યું છે.

# જૂનાગઢમાં મોહરમના શહીદ પર્વ નિમિત્તે આવતીકાલે બહેનોમાં મહેંદીની રસમ: ગુરૂવારે અલમ શરીફનું જુલુસ

## દસ દિવસના શહીદ પર્વની કોમી એખલાસના વાતાવરણ સાથે ઉજવણી અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

**અબતક, જુનાગઢ**

ઈસલામ ના પેગંબર હઝરત મહમદ સાહેબ ના નવાસા હજરત ઈમામ હુસેન અને તેમના ૭૨સાથીદારોની માનવતા કાજે અપાયેલ શહીદી ની અમર યાદમાં મનાવવામાં આવતા મોહરમના તહેવારો જુનાગઢ સહિત સમગ્ર દેશમાં ભાવભર મનાવવામાં આવી રહ્યા છે.

જૂનાગઢમાં મોહરમના તહેવારો વિશિષ્ઠ રીતે મનાવવા ની પરંપરા છે. મોહરમની પહેલી તારીખથી શહેરના અલગ અલગ વિસ્તારોમાં ભાઈઓ અને બહેનોમાં કરબલાના શહીદોની યાદમાં વાએજ, મજલીસ, ન્યાજ માતમ અને ચોકારાં ના આયોજનો થયા છે આવતીકાલે તારીખ ૬ મોહરમ બુધવારે સાંજે ૪વાગે ગિરનાર રોડ પર આવેલ હુસૈન મંજિલ માં પરંપરાગત રીતે બહેનોમાં હજરત કાસીમ ની મહેંદી ની રસમ અદા કરવામાં આવશે જેમાં હિંદુ મુસ્લિમ બહેનો પોતાની મન્નત માનશે એવી આસ્થા છે કે મહેંદીમાં માનવામાં આવેલી માનતા આવતા વર્ષ સુધીમાં અવશ્ય પૂરી થઈ જાય છે, બીજા દિવસે સાત તારીખે ગુરુવારે હુસેન મંજિલ ખાતેથી કરબલાના શહીદોને યાદમાં અલમ શરીફ નું ઝુલુસ સાંજે છ વાગ્યા બાદ શરૂ થશે અને શહેરના રાજમાર્ગો પર મોડી રાત સુધી ફરશે,

જુનાગઢમાં અલમ શરીફ ના ઝુલુસ થી મોહરમના ઝુલુસ નો પ્રારંભ થાય છે ત્યારબાદ મોહરમ નીલ તારીખ ચાંદીની સેજ અને તાજીયા પડ માં આવશે અને ૧૦તારીખે દફન માટે કરબલા તરફ જુલુસ લઈ જવાશે. આવતીકાલે હુસેન મંજિલ ખાતે મહેંદી અને સાત તારીખે ગુરુવારે અલમ શરીફના જુલુસમાં શરીક થવા હિન્દુ મુસ્લિમ એકીદત મંદો ને સૈયદ મુજતબા બાપુ રજવી એ અનુરોધ કર્યો છે

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૧-૦૭-૨૦૨૫ મંગળવાર**

૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઓલ ધ બેસ્ટ પંડ્યા)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ધાન શાક)
૦૩:૩૦ થી ૦૪:૦૦ સ્પે.સ્ટોરી (ડોક્ટર ડે. સ્ટોરી)
૦૪:૦૦ થી ૦૫:૦૦ ચાય પે ચર્ચા (ઈંટ્રીક્ષચાય પે ચર્ચા)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (સુંદર બે બાયડીવાળો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૨-૦૭-૨૦૨૫ બુધવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવકથા (પૂ.ગીરી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ




## તા.૨-૭-૨૦૨૫ બુધવાર

| | | | |
|---|---|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ | શાલીવાહન શકિ: | ૧૯૪૭ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ | | |
| તિથી | અષાઢ શુદ સાતમ | | |
| નક્ષત્ર | ઉત્તરા ફાલ્ગુની | | |
| યોગ | વરિયાન | કરણ: | વિષ્ટિ |
| સુર્યોદય | ૬.૦૮ | સુર્યાસ્ત: | ૭.૩૪ |
| ચંદ્ર રાશી | કન્યા | | |
| રાશિ અક્ષર | પ.ઠ.ણ | | |
| દિશાશૂળ | ઉત્તર દિશા તરફ | | |
| રાહુકાળ | બપોરે ૧૨ થી ૧.૩૦ | | |
| દિવસનાચોઘડીયા | લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ | | |
| રાત્રીનાચોઘડીયા | ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ | | |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૨૩ થી ૧.૧૭ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૩૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | | | ૩ | | | ૭ |
| | | | | ૧ | | | ૮ | |
| | | | ૯ | | | | | |
| | | ૯ | | | | | ૧ | |
| | | ૨ | ૫ | | ૯ | ૮ | | |
| ૬ | | | | ૪ | | ૩ | | |
| | | | | | ૨ | ૫ | ૭ | |
| ૩ | ૬ | | | | ૧ | | | |
| | ૪ | | | | | ૯ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૩૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૮ | ૫ | ૭ | ૩ | ૯ | ૪ | ૬ |
| ૯ | ૬ | ૭ | ૮ | ૪ | ૧ | ૫ | ૨ | ૩ |
| ૪ | ૩ | ૫ | ૯ | ૬ | ૨ | ૭ | ૧ | ૮ |
| ૭ | ૧ | ૬ | ૬ | ૩ | ૫ | ૨ | ૮ | ૪ |
| ૮ | ૪ | ૩ | ૧ | ૨ | ૯ | ૬ | ૫ | ૭ |
| ૫ | ૨ | ૬ | ૭ | ૮ | ૪ | ૧ | ૩ | ૯ |
| ૧ | ૮ | ૯ | ૩ | ૫ | ૭ | ૪ | ૬ | ૨ |
| ૬ | ૭ | ૪ | ૨ | ૧ | ૮ | ૩ | ૯ | ૫ |
| ૩ | ૫ | ૨ | ૪ | ૯ | ૬ | ૮ | ૭ | ૧ |

# આવતીકાલનું રાશિફળ

## તા.૨.૭.૨૦૨૫, બુધવાર, સંવંત ૨૦૮૧, આષાઢ સુદ સાતમ, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, વરિયાન યોગ, વિષ્ટિ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ,ઠ,ણ) રહેશે

**મેષ (અ,લ,ઈ) :** તબિયતની કાળજી લેવી, ખાવા પીવામાં ખ્યાલ રાખવો, વધુ પડતી દોડધામ ટાળવા સલાહ છે.

**વૃષભ (બ,વ,ઉ) :** સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ગમતી વ્યક્તિથી મુલાકાત થાય.

**મિથુન (ક,છ,ઘ) :** તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, આજ દિવસે યોગ્ય નિર્ણય કરી શકો.

**કર્ક (ડ,હ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, મિત્રોની મદદ મળી રહે.

**સિંહ (મ,ટ) :** તમારા યોગ્ય વાણી-વર્તનથી અટકલેલાં કાર્ય પૂર્ણ કરી શકો, સામી વ્યક્તિ પાસે થી કામ લઈ શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** તમારા ક્ષેત્રમાં તમે આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો, તમારા કાર્યની સરાહના થાય.

**તુલા (ર,ત) :** ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, કામ કાર્યનો સંતોષ પ્રાપ્ત થાય, યોગ્ય જગ્યા એ નાણાં રોકી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** વેપારીવર્ગને મધ્યમ રહે, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, તમારા હક માટે અવાજ ઉઠાવી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** નોકરિયાતવર્ગને ઈચ્છીત કામગીરી મળે, વેપારીવર્ગને લાભ થાય, ધંધા રોજગારમાં સારું રહે, પ્રગતિ થાય.

**મકર (ખ,જ) :** ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હોય તેવું વાતાવરણ બને, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.

**કુંભ (ગ,સ,શ) :** ભ્રમની સ્થિતિઓમાંથી હવે બહાર આવવાની જરૂર છે, તમે સત્ય સ્વીકારી બુદ્ધિપુર્વક આગળ વધશો તો લાભ થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :** આંતરિક જીવનમાં મધ્યમ રહે પણ જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

# જન્મલગ્ન કુંડળી જાતકના શરીર સાથે સંકળાયેલ છે

અગાઉ લખ્યા મુજબ હાલના ગોચર મુજબ પથરીની બીમારી વિશેષ જોવા મળી રહી છે અને તેને લગતા સમાચાર પણ આવવા લાગ્યા છે.જ્યોતિષશાસ્ત્રમાં જન્મલગ્ન કુંડળી જાતકના શરીર સાથે સંકળાયેલ છે. લગ્નકુંડળીના પ્રથમ ભાવથી મસ્તકથી લઈ બારમા ભાવમાં પગ જોવામાં આવે છે. આ ઉપરથી જાતકને થનારી બીમારી અને તેના શરીરના અલગ અલગ ભાગોનું અધ્યયન કરી શકાય છે. મારા વર્ષોના અનુભવમાં મેં જોયું છે કે જે સ્થાન પર ક્રૂર ગ્રહોનો પ્રભાવ હોય તેને લગતા શરીરના અંગમાં નાની મોટી તકલીફ ઉભી થતી હોય છે જેમકે અગિયારમા બારમા ભાવમાં ક્રૂર ગ્રહોનો પ્રભાવ પગને લગતી તકલીફો દર્શાવે છે તો ચોથા ભાવમાં ક્રૂર ગ્રહોનો પ્રભાવ હૃદય વિષે વિશેષ કાળજી લેવાનું સૂચન કરે છે જયારે પ્રથમ ભાવમાં વિશેષ ક્રૂર ગ્રહોથી મસ્તકને લગતી તકલીફો જોવા મળે છે. લગ્ન કુંડળી દેહ દર્શાવે છે અને શરીરના સાતે ચક્ર એટલે કે કેંદ્ર પણ નિદર્શિત કરે છે જયારે કોઈ ચક્ર નબળું પડતું હોય તો તે સ્થાનથી નિદાન કરી તેને લગતા ઉપાય યોજવાથી શારીરિક પીડાથી બચી શકાય છે અને તે અંગે ની પરેજી રાખવી જોઈએ જેમકે એક મિત્રને ચોથે કેતુ હોવાથી મેં કોલેસ્ટ્રોલ બાબતે વધુ સાવચેત રહેવા જણાવેલું અને તેમને એ પછી કોલેસ્ટ્રોલ લેવલ વધુ હોય વોકિંગ અને અન્ય ખાવાપીવાની પરેજી રાખવાની મેડિકલ સલાહ મળી સાથે અત્રે થી તેને લગતા ચક્ર સાધનાના ઉપાય જણાવ્યા ત્યારબાદ કોલેસ્ટ્રોલ કંટ્રોલ થયેલું એ જ રીતે બીજા સ્થાનમાં ક્રૂર ગ્રહો હોય ત્યારે દાંત અને જડબા બાબતે વિશેષ કાળજી લેવી જોઈએ અને તમાકુનું સેવન ના કરવું જોઈએ આ રીતે જન્મલગ્ન કુંડળી શારીરિક બાબતોમાં અગાઉ થી પરેજી રાખી ચક્ર સાધના દ્વારા સહાય કરતી જોવા મળે છે.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

# વાહ રે આઈવીએફ: બીજ થકી બાળકના દેખાવ કલર અને રોગ સહિતની માહિતી માતા-પિતાને મળશે!



## નવી આઈવીએફ ટેકનોલોજી માતાપિતા તેમનું બાળક કેવું દેખાશે તે ગર્ભ પહેલા જ પસંદ કરી શકશે

**અબતક, રાજકોટ**

માતૃત્વનો અનુભવ એ અનેક સ્ત્રીઓ માટે જીવન બદલી નાખનારી એક અનોખી લાગણી છે, પરંતુ શારીરિક કે સ્વાસ્થ્ય સંબંધી કારણોસર ઘણી સ્ત્રીઓ આ અનુભવ કરી શકતી નથી. ૧૯૭૦ના દાયકાના અંતમાં શોધાયેલી ઈન-વિટ્રો ફર્ટિલાઈઝેશન (આઈવીએફ) ટેકનોલોજી, જેને ''ટેસ્ટ-ટ્યુબ બેબી'' તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રથમ આઈવીએફ બાળક, લુઈસ બ્રાઉનનો જન્મ ૧૯૭૮માં થયો હતો, અને ત્યારથી આ ટેકનોલોજી લાખો પરિવારો માટે સંતાનપ્રાપ્તિનો માર્ગ બની છે. પરંપરાગત આઈવીએફ પ્રક્રિયામાં પ્રયોગશાળામાં શુક્રાણુ સાથે ઈંડાનું ગર્ભાધાન કરીને ગર્ભને સ્ત્રીના ગર્ભાશયમાં સ્થાનાંતરિત કરવામાં આવે છે. તાજેતરમાં, અમેરિકાની કંપની ન્યુક્લિયસ જીનોમિક્સ દ્વારા ''ન્યુક્લિયસ એમ્બ્રીયો'' નામનું વિશ્વનું પ્રથમ આનુવંશિક ઑપ્ટિમાઈઝેશન સોફ્ટવેર રજૂ કરવામાં આવ્યું છે. આ અદ્યતન સોફ્ટવેર આઈવીએફ કરાવતા માતાપિતાને તેમના દરેક ગર્ભની સંપૂર્ણ આનુવંશિક પ્રોફાઇલ જોવામાં અને સમજવામાં મદદ કરે છે. કંપનીના જણાવ્યા અનુસાર, આ ટેકનોલોજી ૯૦૦ જેટલી સ્વાસ્થ્ય સ્થિતિઓ, જેમ કે ડાયાબિટીસ, કેન્સર અને હૃદય રોગ, માટે ગર્ભના આનુવંશિક મેકઅપનું વિશ્લેષણ કરી શકે છે. આનાથી માતાપિતા સૌથી ઓછા જોખમવાળા ગર્ભની પસંદગી કરીને

પોતાના બાળકનું દીર્ઘાયુષ્ય અને સ્વાસ્થ્ય સુનિશ્ચિત કરી શકે છે, જે બાળકોને જન્મ પહેલાં જ ''જીવનમાં શ્રેષ્ઠ શક્ય શરૂઆત'' આપવાનો દાવો કરે છે.

આ પ્રક્રિયામાં, સંભવિત માતાપિતા તેમના આઈવીએફ ક્લિનિક્સમાંથી ૨૦ જેટલી ગર્ભ DNA ફાઈલો અપલોડ કરી શકે છે. આ વિશ્લેષણમાં માત્ર સ્વાસ્થ્ય સ્થિતિઓ જ નહીં, પરંતુ જ્ઞાનાત્મક ક્ષમતા, ડિપ્રેશન અને ચિંતા

(અનુ. આઠમા પાને)

## નવી ટેકનોલોજી દ્વારા આઈવીએફ ક્લિનિક્સમાં જેનું ૯૦૦ થી વધુ આનુવંશિક વિશ્લેષણ કરી ૨૦ જેટલી ગર્ભ ડીએનએ ફાઈલો અપલોડ કરાશે

## માતૃત્વ: સ્ત્રીના જીવનની સૌથી સુંદર અને પવિત્ર યાત્રા

માતૃત્વ એ સ્ત્રીના જીવનની સૌથી સુંદર અને પવિત્ર યાત્રા છે. આ માત્ર એક શારીરિક પ્રક્રિયા નથી, પરંતુ એક ભાવનાત્મક અને આધ્યાત્મિક અનુભવ પણ છે. જ્યારે એક સ્ત્રી ગર્ભ ધારણ કરે છે, ત્યારે તે માત્ર એક નવા જીવને જન્મ આપતી નથી, પરંતુ પોતાનું જીવન પણ એક નવા દ્રષ્ટિકોણથી જીવવાનું શરૂ કરે છે. આ સમયે તેના શરીરમાં અને મનમાં અનેક ફેરફારો થાય છે, જે તેને માતૃત્વ માટે તૈયાર કરે છે. પ્રેગ્નન્સીનો સમયગાળો એ અપેક્ષા, આનંદ અને ક્યારેક થોડી ચિંતાઓથી ભરેલો હોય છે, પરંતુ આ સમગ્ર પ્રવાસ સ્ત્રીને અંદરથી વધુ મજબૂત અને સંવેદનશીલ બનાવે છે. પરિવાર અને જીવનસાથીનો સહયોગ આ યાત્રાને વધુ સુખદ બનાવે છે.

ગર્ભ સંસ્કાર એ ભારતીય સંસ્કૃતિનો એક અનમોલ વારસો છે, જે ગર્ભાવસ્થા દરમિયાન માતા દ્વારા કરવામાં આવતા સકારાત્મક કાર્યો અને વિચારો દ્વારા ગર્ભમાં રહેલા બાળકના માનસિક અને ભાવનાત્મક વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ એક વૈજ્ઞાનિક સત્ય પણ છે કે માતાના વિચારો, લાગણીઓ અને કાર્યોની અસર ગર્ભસ્થ શિશુ પર થાય છે. ગર્ભ સંસ્કારમાં ગર્ભવતી માતાને સકારાત્મક પુસ્તકો વાંચવા, સુખદ સંગીત સાંભળવા, ધ્યાન અને યોગ કરવા, પૌષ્ટિક આહાર લેવા અને સારા વિચારો રાખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ પ્રક્રિયા દ્વારા, બાળક જન્મ પહેલાં જ સારા ગુણો, મૂલ્યો અને સકારાત્મક માનસિકતા કેળવી શકે છે, જે તેના ભવિષ્ય માટે પાયો નાખે છે.

આધુનિક વિજ્ઞાન પણ ગર્ભ સંસ્કારના મહત્વને સ્વીકારી રહ્યું છે.

(અનુ. આઠમા પાને)



## ગર્ભધારણમાં મુશ્કેલી અનુભવતી સ્ત્રીઓ માટે એક ''આશા'' એટલે આઈવીએફ: ડો.દીપા મણિયાર



અબતક સાથેની વાતચીતમાં, ૨૯ વર્ષથી કાર્યરત મંગલમ હોસ્પીટલના ગાયનેકોલોજિસ્ટ ડો. દીપા મણિયારે ગર્ભ સંસ્કારના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે સમજાવ્યું કે ગર્ભાવસ્થા દરમિયાન માતાના સકારાત્મક વિચારો, શિક્ષણ, સારું વાંચન, સંગીત અને આધ્યાત્મિક વાતાવરણ બાળકના માનસિક અને ભાવનાત્મક વિકાસ તેમજ ભવિષ્યના વ્યક્તિત્વને આકાર આપવામાં મદદ કરે છે. આ ઉપરાંત, ડો. મણિયારે આઈવીએફ (ઇન વિટ્રો ફર્ટિલાઈઝેશન) ને ગર્ભધારણમાં મુશ્કેલી અનુભવતી સ્ત્રીઓ માટે એક આશાસ્પદ તકનીક ગણાવી હતી. તેમણે સ્પષ્ટ કર્યું કે ફેલોપિયન ટ્યુબની સમસ્યાઓ, ઓવ્યુલેશનની તકલીફો, એન્ડોમેટ્રિઓસિસ, પુરુષ શુક્રાણુ સંબંધિત સમસ્યાઓ, કે વધતી ઉંમર જેવા કિસ્સાઓમાં જ્યારે કુદરતી ગર્ભ રહેવાની શક્યતા ઓછી હોય અથવા અન્ય પ્રજનન સારવારો નિષ્ફળ ગઈ હોય, ત્યારે આઈવીએફ એક અસરકારક વિકલ્પ બની રહે છે.ડો. મણિયારે ''ડિઝાઈનર બેબી કોન્સેપ્ટ'' તરીકે ઓળખાતા જેનેટિક ઑપ્ટિમાઈઝેશન સોફ્ટવેર, ''ન્યુક્લિયસ એમ્બ્રીયો'' વિશે પણ વિગતવાર માહિતી આપી. તેમણે આ સોફ્ટવેરને આઈવીએફ પ્રક્રિયામાં ક્રાંતિકારી ગણાવ્યું, જે ભ્રૂણના ઉગઅ નમૂનાઓનું વિશ્લેષણ કરીને ૯૦૦ થી વધુ આનુવંશિક પરિસ્થિતિઓ અને ભૌતિક લક્ષણો માટે વિગતવાર રિપોર્ટ પ્રદાન કરે છે. આનાથી માતા-પિતા સૌથી ઓછા જોખમવાળા અને ઈચ્છિત લક્ષણો ધરાવતા ભ્રૂણને પસંદ કરી શકે છે, જેનાથી તંદુરસ્ત ગર્ભાવસ્થા અને બાળકના જન્મની શક્યતાઓ વધે છે. તેમણે આ ટેકનોલોજીની ૧૦૦% વિશ્વસનીયતા પર ભાર મૂક્યો હતો, જોકે, આઈવીએફ પ્રક્રિયામાં માતાને અપાતા ઈન્જેકશનથી બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને કોલેસ્ટ્રોલ જેવા રોગો થવાની શક્યતા પણ તેમણે દર્શાવી. ડો. મણિયારે ૩૦-૩૫ વર્ષ પછી સ્ત્રીના બીજ ઓછા ફળદ્રુપ બનતા હોવાથી વહેલી તકે આઈવીએફ કરાવી લેવાની સલાહ આપી હતી અને ભારતમાં ૫૦ વર્ષથી મોટી ઉંમરની સ્ત્રીઓ તેમજ પતિ-પત્ની બંનેની ઉંમરનો સરવાળો ૯૦ વર્ષથી ઉપર હોય તેવા યુગલો માટે આઈવીએફ પર સરકારી પ્રતિબંધ વિશે પણ માહિતી આપી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ ટેકનોલોજી સ્વસ્થ બાળક મેળવવામાં મદદરૂપ થઈ શકે છે, પરંતુ તેના દુરુપયોગને અટકાવવા માટે સરકાર દ્વારા યોગ્ય નીતિઓ બનાવવી જરૂરી છે.

અબતક વિશેષ
પૂર્ણા સંઘાણી
:: કેમેરામેન ::
હર્ષ ઝીંઝુવાડીયા
અમીત મકવાણા

## માતૃત્વનું સુખ દરેક સ્ત્રી માટે અણમોલ: ડો.ગીતા માંકડીયા



અબતક સાથેની ખાસ વાતચીતમાં, આકાંક્ષા હોસ્પિટલના કન્સલ્ટન્ટ ગાયનેકોલોજિસ્ટ અને ઈનફર્ટિલિટી સ્પેશિયાલિસ્ટ ડો. ગીતા માકડીયાએ જણાવ્યું હતું કે ગર્ભાવસ્થા એ સ્ત્રીના જીવનનો એક અત્યંત મહત્વપૂર્ણ પડાવ છે, અને માતૃત્વનું સુખ અનમોલ હોય છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ગર્ભાવસ્થા દરમિયાન માતાના વિચારો અને કાર્યો બાળકના વિકાસ પર ઊંડી અસર કરે છે. આજના આધુનિક યુગમાં, વંધ્યત્વ જેવી સમસ્યાઓનો સામનો કરી રહેલા યુગલો માટે આઈવીએફ (ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન), જેને સામાન્ય રીતે ટેસ્ટ ટ્યુબ બેબી તરીકે ઓળખવામાં આવે છે, તે આશાનું કિરણ બન્યું છે. આ પદ્ધતિમાં, સ્ત્રીના બીજ અને પુરુષના શુક્રાણુનું ફલન લેબોરેટરીમાં કરવામાં આવે છે અને ત્યારબાદ બનેલા એમ્બ્રિયોને સ્ત્રીના ગર્ભાશયમાં મૂકવામાં આવે છે, જેથી સફળ ગર્ભધારણ શક્ય બને. ડો. માકડીયાએ સ્પષ્ટ કર્યું કે આઈવીએફ દ્વારા જન્મેલા બાળકો સામાન્ય બાળકો જેટલા જ નોર્મલ અને સ્વસ્થ હોય છે.

ડો. માકડીયાએ સમજાવ્યું કે આઈવીએફ ખાસ કરીને એવા યુગલો માટે ફાયદાકારક છે જેમને કુદરતી રીતે ગર્ભધારણ કરવામાં મુશ્કેલી પડે છે, સિંગલ મહિલાઓ અને સમલિંગી યુગલો પણ પેરેન્ટ બનવા માટે આઈવીએફ ટેકનોલોજીનો ઉપયોગ કરી શકે છે. આધુનિક તબીબી વિજ્ઞાનમાં એક ક્રાંતિકારી પગલું ભરતા, જેનેટિક ઓપ્ટિમાઈઝેશન સોફ્ટવેર નામની અત્યાધુનિક ટેકનોલોજી વિકસાવવામાં આવી છે. આ સોફ્ટવેર દ્વારા, માતાના ગર્ભમાં એમ્બ્રિયો મૂકતા પહેલા જ તેનું સંપૂર્ણ પરીક્ષણ કરી શકાય છે. આનાથી બાળકમાં કોઈ જન્મજાત ખામી, આનુવંશિક વિકૃતિ, કે અન્ય કોઈ ગંભીર બીમારીની શક્યતા પહેલેથી જ જાણી શકાય છે.


જો કોઈ ખામી જણાય, તો તે એમ્બ્રિયોને ગર્ભમાં મૂકવામાં આવતો નથી, જેના પરિણામે સ્વસ્થ બાળક જન્મે છે. આ અદ્યતન ટેકનોલોજી દ્વારા બાળકનો ઈંચ લેવલ, સ્કિન કલર, હેર કલર અને લગભગ ૯૦૦ જેટલી સામાન્ય બીમારીઓ વિશે પણ પહેલેથી જ જાણકારી મેળવી શકાય છે, જેનાથી હેલ્થી બાળક મેળવવાની શક્યતાઓ નોંધપાત્ર રીતે વધી જાય છે. ડો. માકડીયાએ ભારપૂર્વક જણાવ્યું કે આ ટેકનોલોજીથી ન તો સ્ત્રીને કે ન તો બાળકને કોઈ નુકસાન થાય છે, અને જો એમ્બ્રિયો નોર્મલ હશે, તો આઈવીએફ ના સફળ થવાની સંભાવના લગભગ ૧૦૦% જેટલી વધી જાય છે. આઈવીએફ કરાવવા માટે કોઈ ચોક્કસ ઉંમર હોતી નથી; તેના બદલે, આઈવીએફ કરાવવાનું કારણ અને બાળક ગર્ભમાં ન રહેવાનું મૂળ કારણ વધુ મહત્વનું છે.

## આનુવંશિક ઓપ્ટિમાઈઝેશન ટેક્નોલોજી હજુ એટલી વિશ્વસનીય નથી: ડો. રમેશ કછટીયા



અબતક સાથેની વાતચીતમાં આઠ વર્ષથી કાર્યરત બ્લીસ આઈવીએફના ડો. રમેશ કછટીયા એ જણાવ્યું હતું કે, આઈવીએફ (ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન) એ એક તબીબી પ્રક્રિયા છે જેમાં શરીરની બહાર ભ્રૂણ બનાવીને તેને સ્ત્રીના ગર્ભમાં પ્રત્યારોપણ કરવામાં આવે છે. ડો. કછેટીયાના મતે, આ પ્રક્રિયા એવા યુગલો માટે અત્યંત લાભદાયી છે જેઓ લગ્નના ઘણા વર્ષો પછી પણ કુદરતી રીતે ગર્ભધારણ કરી શક્યા નથી, જેમણે IUI (ઈન્ટ્રાઉટેરિન ઈન્સેમિનેશન) જેવી અન્ય સારવારો લીધી હોય અને સફળતા ન મળી હોય, અથવા જેમનામાં ફેલોપિયન ટ્યુબ બંધ હોય કે પુરુષોમાં શુક્રાણુઓની સંખ્યા ઓછી હોય (બે મિલિયન પ્રતિ સ્તરથી ઓછી). તેમણે સ્પષ્ટ કર્યું કે દરેકને આઈવીએફ ની જરૂર નથી પડતી અને તેનો આશ્રય ત્યારે જ લેવાય છે જ્યારે અન્ય તમામ પ્રયાસો છતાં ગર્ભધારણ ન થાય. સ્ત્રીઓમાં ફેલોપિયન ટ્યુબ બંધ હોવી, ઓછા ઈંડા હોવા, અને પુરુષોમાં શુક્રાણુઓની અલ્પતા એ આઈવીએફ કરાવવાના મુખ્ય કારણો છે. ડો. કછેટીયાએ ભારપૂર્વક જણાવ્યું કે આઈવીએફ દ્વારા જન્મેલા બાળકો અને સામાન્ય રીતે જન્મેલા બાળકોમાં કોઈ મોટો તફાવત હોતો નથી. જો આઈવીએફ પ્રક્રિયા યોગ્ય રીતે કરવામાં આવે તો સ્ત્રીના શરીરને કોઈ નુકસાન થતું નથી, અને ઉપયોગમાં લેવાતા હોર્મોન્સ કુદરતી હોર્મોન્સ જેવા જ હોય છે જેની લાંબા ગાળે કોઈ આડઅસર થતી નથી. આઈવીએફ પ્રેગ્નન્સી દરમિયાન પણ સ્ત્રીઓએ સામાન્ય આહાર લઈ શકે છે અને દૈનિક કાર્યો કરી શકે છે, ફક્ત ભારે કામ અને વજન ઉંચકવાથી બચવું જોઈએ.ડો. કછેટીયાના મતે, ભારતમાં આનુવંશિક ઓપ્ટિમાઈઝેશન અને 'ડિઝાઈનર બેબી' ને લગતી ટેક્નોલોજી હજુ એટલી વિકસિત કે વિશ્વસનીય નથી કે જેથી બાળકને કેન્સર નહીં થાય કે તે કેટલા વર્ષ જીવશે તેવી ભવિષ્યવાણી કરી શકાય. કુદરતી પ્રક્રિયાઓ પર નિયંત્રણ મેળવવું માનવજાતના હાથમાં નથી. (અનુ. આઠમા પાને)

## એઆઈ આધારિત જિનેટિક ઓપ્ટીમાઈઝેશન સોફ્ટવેર ગર્ભની પસંદગીને વધુ સચોટ બનાવશે: ડો. સંજય દેસાઈ



અબતક સાથેની વાતચીતમાં નોવા વિંગ્સ આઈવિએફના ડો. સંજય દેસાઈ એ જણાવ્યું હતું કે, એ આઈ એટલે આર્ટિફિશ્યલ ઈન્ટેલીજન્સ ના માધ્યમથી આઈવીએફ ટકેનોલોજીમાં જે ગર્ભ બનાવવામાં આવે છે. તે એમ્બ્રિયોનું વધારે સપષ્ટિ કારણ કરવામાં માટેની એક ટેકેનોલોજી સોફ્ટવેર જે એજિનોમિક્સ નામેની કંપની છે જેને જીનેટિક ઓપ્ટીમાઈઝેશન સોફ્ટવેર કહે છે. જેમાં જીનેટીક સ્ટડી કરતી હોઈ છે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) હવે ઈન-વિટ્રો ફર્ટિલાઈઝેશન (આઈવીએફ) ટેકનોલોજીમાં એક નવો આયામ ઉમેરી રહ્યું છે. જેનેટિક સ્ટડી કરતી અગ્રણી કંપની એજિનોમિક્સ દ્વારા વિકસાવવામાં આવેલ એક અદ્યતન સોફ્ટવેર, આઈવીએફ પ્રક્રિયામાં ગર્ભ (એમ્બ્રિયો) ના વધુ સ્પષ્ટ વર્ગીકરણ અને પસંદગીમાં ક્રાંતિકારી ભૂમિકા ભજવી રહ્યું છે. સામાન્ય આઈવીએફ પ્રક્રિયામાં, સ્ત્રી અને પુરુષ બીજને પ્રયોગશાળામાં ભેગા કરીને પાંચ દિવસ સુધી વિકસાવીને બ્લાસ્ટોસિસ્ટ ગર્ભ બનાવવામાં આવે છે. પછી, તેની ગુણવત્તાના આધારે સ્થાનાંતરણ માટે શ્રેષ્ઠ ગર્ભની પસંદગી થાય છે. જોકે, એજિનોમિક્સનું આ એઆઈ-આધારિત સોફ્ટવેર ગર્ભની પસંદગીને વધુ સચોટ બનાવે છે. આ સોફ્ટવેરમાં ગર્ભની તસવીરો અપલોડ કરવાથી, તે કયો ગર્ભ વધુ સારો છે તેનું ચોક્કસ સિલેક્શન આપે છે અને તેમાં કોઈ ખામી કે અસામાન્યતા હોય તો તેની વિગતવાર માહિતી પણ પૂરી પાડે છે, જેનાથી આઈવીએફની સફળતાના દરમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે.

આ એઆઈ સોફ્ટવેરના વિકાસ પાછળ કેસ સ્ટડી અને મશીન લર્નિંગનો મોટો ફાળો છે. એઆઈ એક વિજ્ઞાન છે જેમાં સોફ્ટવેરને હજારો સામાન્ય (નોર્મલ) એમ્બ્રિયોના ડેટા સાથે તાલીમ આપવામાં આવે છે, જેથી તે સારા અને ખરાબ ગર્ભ વચ્ચેનો ભેદ પારખી

(અનુ. આઠમા પાને)

## જિનેટિક ઓપ્ટિમાઈઝેશન સોફ્ટવેરમાં બાયોપ્સીની જરૂર પડતી ન હોવાથી દર્દી માટે વધુ અનુકૂળ: ડો.નંદીશ ઠક્કર



અબ તક સાથેની વાતચીતમાં ૩ વર્ષથી કાર્યરત ઝીવા આઈવીએફના ડો. નંદીશ ઠક્કરના જણાવ્યા અનુસાર, ગર્ભ સંસ્કાર એ ગર્ભાવસ્થાને સમજવાની અને તેમાં શારીરિક તથા ભાવનાત્મક જાગૃતિ લાવવાની પ્રક્રિયા છે. આઈવીએફ (ઈન વિટ્રો ફર્ટિલાઈઝેશન), જેને ટેસ્ટ ટ્યુબ બેબી તરીકે પણ ઓળખવામાં આવે છે, આ પદ્ધતિ એવા યુગલો માટે આશાનું કિરણ બની છે જેમને કુદરતી રીતે ગર્ભ ધારણ કરવામાં મુશ્કેલી પડે છે. ડો. ઠક્કરે જણાવ્યું કે પહેલાં આઈવીએફ છેલ્લો ઉપાય માનવામાં આવતો હતો, પરંતુ આજના સમયમાં મોડા લગ્ન, બદલાયેલી ખાનપાનની આદતો, અને વ્યસનો (ખાસ કરીને પુરુષોમાં શુક્રાણુઓની ઓછી સંખ્યા) તેમજ સ્ત્રીઓમાં પીસીઓએસ જેવી શારીરિક સમસ્યાઓના કારણે આઈવીએફની જરૂરિયાત વધી રહી છે. જો અન્ય પ્રક્રિયાઓ (જેમ કે IUI) પછી પણ સફળતા ન મળે, તો આઈવીએફ એક સારો વિકલ્પ રહે છે.

આઈવીએફ ટેકનોલોજીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ના આગમનથી એક નવી ક્રાંતિ આવી રહી છે. ૧૯૭૮થી અત્યાર સુધીમાં, આઈવીએફ એ લાંબો રસ્તો કાપ્યો છે અને એઆઈ આધારિત જિનેટિક ઓપ્ટિમાઈઝેશન સોફ્ટવેર દ્વારા તેમાં વધુ પ્રગતિ થઈ રહી છે. આ સોફ્ટવેરનો મુખ્ય ઉદ્દેશ્ય આઈવીએફ પ્રક્રિયામાં તૈયાર થયેલા ગર્ભ (એમ્બ્રિયો) નું શ્રેષ્ઠ ગ્રેડિંગ કરીને તેને ગર્ભાશયમાં સફળતાપૂર્વક સ્થાનાંતરિત કરવાનો છે, જેથી દર્દીને સારી ગર્ભાવસ્થા પ્રાપ્ત થાય. આ એઆઈ આધારિત સોફ્ટવેર એમ્બ્રિયોના બાહ્ય અને આંતરિક માળખાના વિશ્લેષણના આધારે તેને A, B, અને C ગ્રેડમાં વર્ગીકૃત કરે છે. આ પદ્ધતિની ખાસિયત એ છે કે તે નોન-ઈન્વેઝિવ છે, એટલે કે તેમાં બાયોપ્સીની જરૂર પડતી નથી અને તે કોઈ પણ દર્દી માટે અનુકૂળ રહે છે, જેના કારણે ખર્ચમાં (અનુ. આઠમા પાને)

# ડોક્ટર એટલે સેવા, વિજ્ઞાન અને સંસ્કારનો ત્રિવેણી સંગમ: ડો.વલ્લભ કથીરિયા

**અબતક, રાજકોટ**

ડોક્ટર્સ ડેના શુભ અવસરે હું સમગ્ર ચિકિત્સક જગતને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. આ દિવસ માત્ર એક વ્યવસાય જ નહીં, પરંતુ એક પવિત્ર ઉમદા ધર્મ સંગમ છે. એક એવો ધર્મ કે જેમાં ડોક્ટર દરરોજ માનવતાની સેવા માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરે છે. ડોક્ટર રોગોનો ઉપચાર કરતા વ્યક્તિ નથી, તે સમાજને તંદુરસ્ત અને મનોબળશાળી વ્યક્તિ બનાવતો એક માનવદૂત છે.

મારા જીવનની શરૂઆત અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને બી.જે. મેડિકલ કોલેજમાંથી તૈયાર થયેલા એક સર્જન તરીકે થઈ. મને ત્યારે જ સમજાયું હતું કે સારવાર માત્ર દવાઓથી નહીં, પરંતુ ભાવનાત્મક જોડાણથી, માનવીય સહાનુભૂતિથી અને ખંતપૂર્વકની સેવા ભાવનાથી થાય છે.

મારા ડોક્ટરી જીવનમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. સંઘે શિસ્ત, દેશભક્તિ અને નિઃસ્વાર્થ સેવાની ભાવના જગાવી. એક સ્વયંસેવક ડોક્ટર માટે ક્લિનિક માત્ર દર્દીઓનું ટ્રીટમેન્ટ કરવાનું સ્થળ નથી; તે તો સેવા યજ્ઞનો યજ્ઞકુંડ બને છે. ભુકંપ હોય કે પૂર, રક્તદાન કેમ્પ હોય કે આરોગ્ય જાગૃતિ યાત્રા-હું સર્વત્ર સંઘના સંસ્કારને અનુસરી સેવાકાર્યમાં જોડાયેલો રહ્યો.

ડોક્ટર માત્ર દર્દીના શરીરની જ સારવાર કરતો નથી. તે રાષ્ટ્રનો આરોગ્યરક્ષક છે. ગામડાંમાં, પહાડી વિસ્તારોમાં, આરોગ્યલક્ષી જાગૃતિ અભિયાનોમાં અને બાળમૃત્યુ ઘટાડવા સુધીના તમામ ક્ષેત્રોમાં ડોક્ટરનું યોગદાન અમૂલ્ય છે. આજે પણ ડોક્ટર સ્વયંસેવકની જેમ ભુકંપ, વાવાઝોડા અને રોગચાળામાં આગળ આવી સેવા કરે છે. એમને હું વંદન કરૂં છું.

હું યુવાઓને ખાસ કહેવા માંગું છું કે ડોક્ટર બનવું એ માત્ર ડિગ્રી મેળવી કમાણી કરવાનું સાધન માત્ર નથી. ડોક્ટરનો સફેદ એપ્રન એ સેવા અને સંસ્કારનું પ્રતીક છે. તમારૂં જ્ઞાન ભૌતિકતાથી ઉપર કરૂણા, સહાનુભૂતિ અને માનવતાના દ્રષ્ટિકોણ વાળું હોવું જોઈએ. આજે પણ ભારતમાં અનેક ગામો એવા છે જ્યાં એક ડોક્ટરની નજર, એક નિઃશુલ્ક દવા અને એક સંવેદનશીલ સારવાર કોઈનું જીવન બદલાવી શકે છે.

આજે ડોક્ટર્સ ડેના પવિત્ર દિવસે હું તમામ ચિકિત્સકોને નમન કરૂં છું, જે નિઃસ્વાર્થતાથી માનવતાની સેવા માટે કટિબદ્ધ છે. તમે આશિર્વાદરૂપ થાઓ. તમારી દવા સાથે તમારા સ્વભાવથી પણ લોકો સ્વસ્થ બને. એવી પ્રાર્થના સાથે.





## ડોક્ટર દિવસની સ્વાસ્થ્યભરી શુભકામનાઓ પાઠવતા હોમિયોપેથીસ્ટ ડો.રાજેશ પટેલ

# મોટાભાગની બીમારીઓ જીવનશૈલી અને મનોદૈહિક તાસીર પર આધારિત: ડો.રાજેશ પટેલ

**અબતક, રાજકોટ:** દર વર્ષે ૧ જુલાઈના રોજ ભારતમાં ડોક્ટર દિવસ મનાવવામાં આવે છે. આ દિવસ ડોક્ટર બિધાનચંદ્ર રોયની જન્મજયંતિ અને પુણ્યતિથિ નિમિત્તે ઉજવવામાં આવે છે, જેઓ એક પ્રખ્યાત ચિકિત્સક અને પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી હતા. ત્યારે આ નિમિત્તે, ૨૫ વર્ષથી વધુનો અનુભવ ધરાવતા સિનિયર હોમિયોપેથી ડોક્ટર, ડો. રાજેશ પટેલે સૌને સ્વાસ્થ્યભરી શુભકામનાઓ પાઠવી છે. તેમણે આ દિવસને તબીબી ક્ષેત્રના તમામ લોકોનો આભાર વ્યક્ત કરવાની શ્રેષ્ઠ તક ગણાવી. ડો. પટેલના મતે, મોટાભાગની બીમારીઓ જીવનશૈલી અને મનોદૈહિક તાસીર પર આધારિત છે, જેના ઉપચારમાં હોમિયોપેથીનો અનોખો અને વિશિષ્ટ ફાળો છે.

ડો. પટેલે જણાવ્યું કે, હોમિયોપેથી બાળપણથી લઈને વૃદ્ધાવસ્થા સુધીની તમામ બીમારીઓમાં મદદરૂપ થાય છે. એલર્જી જેવી સમસ્યાઓ તેમજ બાળકોને વારંવાર થતી શરદી, ઉધરસ, તાવથી લઈને ગંભીર રોગોનું નિદાન અને મૂળમાંથી ઉપચાર કરવામાં તે સક્ષમ છે. તેમણે ઉદાહરણ આપ્યું કે, એલર્જીને કારણે બાળકોને દૂધ, આઈસ્ક્રીમ, ચોકલેટ અને ફળોથી દૂર રાખવામાં આવે છે. આવા કિસ્સાઓમાં, વારંવાર બીમારીથી પીડાતા બાળકોને હોમિયોપેથી દ્વારા કોઈ પણ પરેજી વગર રોગમુક્ત કરી શકાય છે.

શારીરિક સ્વાસ્થ્યની સાથે, ડો. પટેલે માનસિક અવસ્થા પર પણ ભાર મૂક્યો. તેમણે સમજાવ્યું કે નકારાત્મક લાગણીઓ જેવી કે રાગ, દ્વેષ, ગુસ્સો, અને નફરત ઓટોઇમ્યુન ડિસઓર્ડર (જેમ કે અલ્સેરેટિવ કોલાઈટિસ, સાંધાના દુખાવા) જેવા રોગોનું કારણ બની શકે છે. હોમિયોપેથી આવા રોગોના મૂળ કારણોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરે છે. અંતે, ડો. પટેલે લોકોને ગમે તેવા સંજોગોમાં પણ ખુશીથી, આનંદથી, જતું કરવાની ભાવના અને માફ કરવાની વૃત્તિ અપનાવીને સ્વસ્થ જીવન જીવવાની અપીલ કરી.





**ડો. રાજેશ પટેલ**

૧૨૧, હીરા પન્ના કોમર્શિયલ કોમ્પલેક્ષ, પહેલા માળે, ડો. યાજ્ઞિક રોડ, જાગનાથ મહાદેવ સામે, રાજકોટ. ફોન નં. (૦૨૮૧)૨૪૬૩૫૬૭
મો. નં. ૯૪૨૮૨ ૯૯૨૪૪ / ૯૮૨૫૭ ૯૦૯૪૪

# રોજગાર ક્ષમતા માત્ર કુશળતા જ નહીં પરંતુ અનુભવ અને ગુણોની શ્રેણી: માંધાતાસિંહ જાડેજા

## ચંદ્રસિંહજી ભાડવા સ્ટડી સર્કલ આયોજીત જોબફેરમાં ૩૮ની તાત્કાલીક નિમણુંક જયારે ૧૯૨ યુવાનોને અપાઈ ઓફર






**અબતક, રાજકોટ**

ગિરાસદાર ક્ષત્રિય દીકરાઓ અને દીકરીબાઓ માટે ચંદ્રસિંહજી ભાડવા સ્ટડી સર્કલ દ્વારા સુવર્ણ જયંતી મહોત્સવ અંતગર્ત સૌરાષ્ટ્રમાં પ્રથમવાર હરભમજીરાજ ગરાસિયા છાત્રાલય પરિસરમાં ભવ્યાતિભવ્ય મેગા જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ બત્રીસ નેશનલ તથા મલ્ટી નેશનલ કંપનીઓએ ચારસો છ્યાંસી રોજગાર વાંચ્છુઓના સાક્ષ્ય લેવામાં આવ્યાં હતાં તે પૈકી આડત્રીસ યુવક-યુવતીઓને તત્ત્કાલ નિમણૂંક આપવામાં આવી હતી જ્યારે એકસો બાંણુ દિકરા-દીકરીઓને રોજગાર માટેની ઓફર કરવામાં આવી હતી.

સ્ટડી સર્કલના પ્રમુખ માંધાતાસિંહજી જાડેજા, મંત્રી દેવેન્દ્રસિંહજી જાડેજા -કોઠારીયા (ટીકુભા), સંસ્થાના સઘળાં સુત્રધારો અને હરભમજીરાજ ગરાસિયા છાત્રાલયના સર્વે ટ્રસ્ટીઓના કરકમલોથી થયેલાં દીપ પ્રાગટ્યથી આરંભ પામેલાં મેગા જોબ ફેર સમારોહમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા રાજકોટના ઠાકોર સાહેબ માંધાતાસિંહજી જાડેજાએ કહ્યું હતું કે, હરભમજીરાજ ગરાસિયા છાત્રાલય દ્વારા શિક્ષણ-પ્રશિક્ષણ સહિત ગૌણસેવાઓથી શરૂ કરીને મહત્વપૂર્ણ જીપીએસસી, યુપીએસસી સહિતની વિવિધલક્ષી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની પૂર્વ તૈયારીઓ હેતુ શિક્ષણ અને માર્ગદર્શન ઉપરાંત, સામાન્ય કૌશલ્ય, વૈયક્તિક વિશેષતાઓ, સ્થાનાંતરિત કુશળતા, સામાન્ય ક્ષમતાઓ અને ૨૧મી સદીની ક્ષમતાઓ સાથેની સર્વાંગી કુશળતા જેવી અનેકવિધ બાબતોને આવરી લઈને નિરંતર કાર્ય થઈ રહ્યું છે તેમાં નિતાંત પુરક બનીને ચંદ્રસિંહજી (ભાડવા) સ્ટડી સર્કલની યુવા ટીમ પણ વર્ષભર સતત કાર્યરત રહીને વિધાર્થીઓનો પથ પ્રદર્શિત કરે છે તેનો મને અત્યંત રાજીપો છે.

આજે વિવિધ કૌશલ્યોના ધારક બંધુ-ભગિનીઓ માટે એક જ સ્થાન પર એક જ સમયે ઉધોગ જગતનાં અનેકવિધ એકમો અત્રે ઉપસ્થિત રહ્યાં છે અને રોજગાર વાંચ્છુઓને તેમની ક્ષમતાઓ અને કૌશલ્યો, વિષય જ્ઞાન અને વાટાઘાટ ક્ષમતા ઉપરાંત વિશ્વસનીયતા અને ઉત્સાહ જેવા વ્યક્તિગત ગુણોને મહત્વ આપીને પસંદ કરવાનાં છે ત્યારે એટલું અવશ્ય યાદ રાખીએ કે, આપણું સમગ્ર જીવન એ પ્રત્યેક પળે કશુંક નવું શીખવાની પ્રક્રિયા છે, રોજગારક્ષમતા એ કેવળ કુશળતાનો સમૂહ નથી પરંતુ ઉચ્ચ-સ્તરના શિક્ષણ દ્વારા પ્રાપ્ત થયેલાં કે વિકસિત અનુભવો અને ગુણોની શ્રેણી છે એટલે જીવનભર શિક્ષણ સાથે સંકળાયેલા રહીને સંપૂર્ણ વ્યક્તિ વિકાસ માટે પૂર્ણ સજગતાથી અવિરત શીખતાં રહો તેવી શુભકામનાઓ સાથે મારી વાણીને વિરામ આપું છું.

સ્વાગત પ્રવચન તેમજ સંસ્થાનો પરિચય અશોકસિંહ વાઘેલા દ્વારા આપવામાં આવેલ તેમજ આભાર વિધિ શૈલેન્દ્રસિંહ રાણા દ્વારા કરવામાં આવેલ, રોજગારદાતાઓ અને રોજગાર વાંચ્છુઓ વચ્ચે સેતુરૂપ કાર્ય કરતાં ચંદ્રસિંહજી ભાડવા સ્ટડી સર્કલના ઉપ પ્રમુખો અશોકસિંહ વાઘેલા(લોલિયા), શૈલેન્દ્રસિંહ રાણા(દુધરેજ), મંત્રી દેવેન્દ્રસિંહ(ટીકુભાઈ) જાડેજા(કોઠારિયા), સહમંત્રીઓ હરાજ દીપસિંહ જાડેજા(રાજાભાઈ), રત્નદિપસિંહ જાડેજા, સત્યજીતસિંહ જાડેજા તથા જોબ ફેર કમિટીના સભ્યો સર્વ હરદીપસિંહ ઝાલા(ખાટડી), વિજયસિંહ જાડેજા(કુબેર વિસોત્રી), છત્રપાલસિંહ જાડેજા(પડવલા), રામચંદ્રસિંહ જાડેજા (ખાખડાબેલા),

(અનુ. આઠમા પાને)

# એસજીવીપી સ્કુલ આયોજીત ભગવાન જગન્નાથજીની રથયાત્રા રંગે ચંગે નીકળી

## અષાઢી બીજના મહિમાગાન માટે સાધુ-સંતો, હરીભક્તો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-ગુજરાતની ખ્યાતનામ પ્રથમ હરોળની એસ.જી.વી.પી.-ઈન્ટરનેશનલ સ્કુલ-રીબડા ધ્વારા દરવર્ષની માફક અપાઢી બીજના દિવસે સ્કુલનાં પરીસરમાં આવેલ ભગવાન સ્વામિનારાયણનાં મંદિરમાં ''ધનશ્યામ મહારાજ'' ના મંદિરથી સુંદર સુશોભીત તૈયાર કરેલ રથમાં ભગવાન જગન્નાથજી, બળદેવજી અને બહેન સુભદ્રાને બેસાડી નગરચર્યા માટે ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું કાશીના વિધ્વાન બ્રામણ દ્વારા શાસ્ત્રોકત વિધીવિધાન મુજબ પૂજન અર્ચન કરી સ્કુલ-સંસ્થાના મહંત-કોઠારી શાસ્ત્રી સ્વામિ ધર્મવત્સલ હસ્તે શોભાયાત્રાનું પ્રસ્થાન કરેલ હતું.

શોભાયાત્રાની શરુઆતમાં પહાડી કંઠના ગાયક અને લોકસાહિત્યકાર કાશિક મહેતા (ભૂ-દેવ) એ ભગવાનને કલાવાલા કરતા. કાઠીયાવાડી દોહરો...'' એ કોટે કોટે મોર ટેહુંકીયા, અને આ વાદળ ઝબુકી વીઝ, મારા રુદીયાને વાલો આજ સાંભળ્યો, આતો આવી અપાઢી બીઝ લલકાર્યો હતો. હરિભકતો અને સ્કુલનાં ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓના જય જગન્નાથ, જય સ્વામિનારાયણના નાદ સાથે ગુંજી ઉઠી હતી. આ શોભાયાત્રાને સફળ બનાવવાં આ સ્કુલ-સંસ્થાના મહંત શાસ્ત્રી સ્વામી ધર્મવત્સવ સ્વામી, હરીનંદન સ્વામી, આનંદ સ્વામી, ઋષીકેશ સ્વામી, તેમજ ગાયક અને હાસ્ય-લોકસાહિત્યકાર (ભૂ-દેવ) તથા સ્કુલના વિદ્યાર્થીઓએ ભારે જહેમત ઉઠાવેલ હતી.

# એકરંગ સંસ્થાની ૩૦ દિવ્યાંગ દીકરીઓ બની આત્મનિર્ભર: એનએસઆઈસી દ્વારા પ્રમાણપત્ર વિતરણ કરાયું

## સિવણ અને બ્યુટી પાર્લરના કોર્ષ થકી મનોદિવ્યાંગ દિકરીઓને આર્થિક રીતે સક્ષમ બનાવવા એકરંગ સંસ્થા કાર્યરત



**અબતક, રાજકોટ**

રાજકોટ સ્થિત ૮૦ ફૂટ રોડ પર અમુલ સર્કલ પાસે ગુજરાત ફોજીગ કંપનીની પાછળ આવેલ એકરંગ સંસ્થાની મનોદિવ્યાંગ દિકરીઓનો સન્માન સમારોહ એકરંગ મનોદિવ્યાંગ દિકરીઓની સંસ્થામાંથી ૩૦ મનોદિવ્યાંગ દિકરીઓ બારા એનએસઆઈસી તકનીકી સેવા કેન્દ્ર રાજકોટમાંથી શિવણ અને બ્યુટીપાર્લર ના કોષની તાલીમ પૂર્ણ કર્યા નું સર્ટીફિકેટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

એકરંગ મનોદિવ્યાંગ દીકરીઓનું આવાસી તથા તાલીમ સંકુલમાંથી ૩૦ મનોદિવ્યાંગ દિકરીઓને શિવણ અને બ્યુટીપાર્લરની તાલીમ આપી પોતાની આર્થિક સક્ષમતા તરફ દિકરીઓ ને દોરી જઈ સમાજ સાથે સામાજીક પ્રવાહમાં ભળે તે માટે સ્વનિર્ભરતા ખુબ જ જરૂરી છે. આ ગવર્મેન્ટ સર્ટીફાઈડ કોર્ષ કરી દિવ્યાંગ દિકરીઓ આર્થિક પગભર થઈ શકે તે સમાજ માટે એક ઉત્તમ ઉદાહરણ એકરંગ સંસ્થા એ પૂરું પાડ્યું છે.અમે પણ સમાજનો એકભાગ છીએ અમને પણ સામાન્ય દિકરીઓની જેમ જીવન જીવી શકીએ છીએ એ પડકાર જીલી ને તાલીમ લઈ તે મનોદિવ્યાંગ દીકરીઓએ પુરવાર કરી બતાવેલ છે.

એકરંગ સંસ્થાના પ્રમુખ દિપીકાબેન પ્રજાપતિ ૧૩૦ મનોદિવ્યાંગ દિકરીઓ ને વિના મુલ્યે તાલીમ, શિક્ષણ, મેડીકલ વિવિધ થેરાપી, અર્લી ઈન્ટરવેશન પ્રોગ્રામ, ભોજન, અને ઈતરપ્રવૃતિ દ્વારા સર્વાંગી વિકાશ કરવાનો ભેખ લીધો છે. આ કાર્યક્રમમાં હાજર રહી મનોદિવ્યાંગ દિકરીઓ ને પ્રોત્સાહન સાથે સર્ટિફિકેટ આપી સન્માનિત કરેલ એવા ઉપેન્દ્રકુમાર કોહલી,

(અનુ. આઠમા પાને)

# કષ્ટભંનજન દેવને ફળ એવમ્ શાકભાજીઓનો અન્નકૂટ ધરાવાયો



**અબતક, રાજકોટ**

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે તારીખ ૧-૭-૨૦૨૫ને મંગળવારના રોજ શ્રીકષ્ટભંજનદેવને દિવ્ય વાઘા ધરાવવામાં આવ્યા છે. આજે મંગળા આરતી સવારે ૫:૩૦ કલાકે અને સવારે ૭ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. આ સાથે કષ્ટભંનજનદેવને વિવિધ પ્રકારના ફળ એવં શાકભાજીઓનો અન્નકૂટ ધરાવાયો છે. મંદિર પરિસરમાં આવેલ યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તોએ આ અનેરા દર્શન-મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

પૂજારી સ્વામીજીએ વિશેષમાં જણાવ્યું હતુ કે, આજે દાદાને વૃંદાવનમાં ૧૫ દિવસની મહેનતે ૭

(અનુ. આઠમા પાને)

# બાળપણથી બચતની આદત કેળવવા ૯૫૦ બાળકોને 'પીગી બેંક'ની ભેટ



**કોર્પોરેશન ઘટક ત્રણની આંગણવાડીઓના ભુલકાઓએ જુદી-જુદી ડિઝાઈનના આકર્ષક ગલ્લાઓ આપવામાં આવ્યા**

**અબતક, રાજકોટ**

રાજકોટ કોર્પોરેશનના ઘટક-૩ હેઠળ આવતી તમામ આંગણવાડીઓના ૯૫૦ જેટલા બાળકોને દાતાઓ તરફથી પિગી બેંક (ગલ્લા) ભેટ અપાયા હતા.

બાળવિકાસ યોજના અધિકારી પૂજાબેન જોષી તેમજ સ્ટાફનાં પ્રયત્નોથી આંગણવાડીમાં નવા પ્રવેશ મેળવતા તમામ ૯૫૦ બાળકોને દાતાઓ લલિતભાઈ મજેઠીયા, પુનિતભાઈ દેસાઈ અને નીલભાઈ મહેતાના આર્થિક સહયોગથી પિગી બેંક ભેટ અપાઈ હતી.

બાળકો જરૂરિયાત મુજબ પૈસા વાપરે સાથે બાળપણથી જ તેઓમાં બચતની ટેવ પડે તે ઈચ્છનીય છે. એક સમયે માટીનાં ગલ્લા બાળકો માટે બચતની બેંક કહેવાતા હતા. ઘરે આવતા કોઈ મહેમાન કે વાલીઓ પૈસા આપે તે પૈસા બાળકો ગલ્લામાં મુકી બચત કરતા જોવા મળતા. અત્યારે બજારમાં માટી ઉપરાંત પ્લાસ્ટિક, સ્ટીલ સહિતનાં જુદી-જુદી ડિઝાઈનના આકર્ષક ગલ્લાઓ બાળકો માટે આકર્ષણ જમાવે છે.

પિગી બેંકનું વિતરણ આ પ્રવેશોત્સવ કાર્યક્રમનો એક ભાગ હતો, સરકાર અને સ્થાનિક સંસ્થાઓ બાળકોના માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ તેમના ભવિષ્યના આર્થિક વ્યવહારો પ્રત્યે પણ સભાનતા કેળવવા માંગે છે.

નાનપણથી જ બચતનો ખ્યાલ આપવાથી બાળકોમાં નાણાકીય વ્યવસ્થાપન પ્રત્યે સભાનતા આવશે. નાનપણથી બચતની ટેવ વ્યક્તિને ભવિષ્યમાં આર્થિક રીતે વધુ સુરક્ષિત બનાવી શકે છે. આવા કાર્યક્રમો વાલીઓ અને સમુદાયને પણ બાળકોમાં બચતની આદત કેળવવા માટે પ્રોત્સાહિત કરે છે. પિગી બેંકનું વિતરણ વ્યાપક હેતુઓ સાથે સુસંગત છે, કારણ કે તે બાળકના સર્વાંગી વિકાસને લક્ષ્ય બનાવે છે.

ત્યારે આંગણવાડીનાં બાળકો બાળપણથી જ બચત કરે અને ભવિષ્યમાં પણ તેઓને આ આદત કાયમ માટે રહે તેવા ઉમદા હેતુથી પિગી બેંક (ગલ્લા)ની ભેટ દાતાઓએ આપી હતી. આ ભેટ આપવા બદલ ઘટક ૩ના આઈ.સી.ડી.એસ. સ્ટાફ, આંગણવાડી કાર્યકર બહેનો તેમજ બાળકોએ તમામ દાતાઓનો આભાર વ્યકત કર્યો હતો.

# યુકેમાં એસજીવીપી અધ્યક્ષ માધવપ્રિયદાસજી સ્વામીની સત્સંગ યાત્રા

## વૈશ્વિક મહાનુભાવોની ઉપસ્થિતિમાં 'વિવિધતામાં એકતા' પર ભાર



**અબતક, રાજકોટ**

સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ અમદાવાદના અધ્યક્ષ, ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામી, હાલ યુનાઈટેડ કિંગડમની સત્સંગ યાત્રાએ છે, જ્યાં તેઓ વિવિધ સ્થળોએ ભક્તોને આશીર્વાદ અને પ્રવચન આપી રહ્યા છે.

તાજેતરમાં, પૂજ્ય સ્વામીજીની પાવન ઉપસ્થિતિમાં, માનનીય પ્રોફેસર કિશન દેવાણીએ સેન્ટ એન્ડ્રુસ ચર્ચ, વેમ્બલી ખાતે ભવ્ય સત્સંગ સભાનું આયોજન કર્યું હતું. આ દિવ્ય પ્રસંગે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી હતી.

આ સભામાં ઉપસ્થિત મહાનુભાવોમાં લોર્ડ જોન હેનેટ લીવરપૂલ, કૃપેશ હિરાણી ગ્રેટર લંડન એસેમ્બલી સભ્ય, મહામહિમ મામિનારિવો મેડાગાસ્કર દૂતાવાસના મંત્રી ગોડસન નાઈજીરીયા મનીષ તિવારી અને સ્ટીવન ડાર્બી ડિરેક્ટર, ઈન્ટરફેથ મેટર્સ) નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, વડતાલ સંસ્થાના અગ્રણી સત્સંગીઓ પણ આ સભામાં મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

પૂજ્ય સ્વામીજીએ આ અવસરે પોતાના પ્રવચનમાં વર્તમાન

(અનુ. આઠમા પાને)

# જેટકોના નવા મુખ્ય ઈજનેર તરીકે એસ. જી. કાંજીયાની નિમણૂક



**સૌરાષ્ટ્રના પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અગ્રણી યોગદાન**

**અબતક, રાજકોટ**

જેટકો દ્વારા સૌરાષ્ટ્રના એક બહાદુર અને નીડર અધિકારી તરીકે જાણીતા એસ. જી. કાંજીયાની જેટકોના સર્વોચ્ચ પદ ''મુખ્ય ઈજનેર'' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કાંજીયાએ હંમેશા કંપની, સરકાર અને જાહેર જનતાના હિતમાં કામગીરી કરી છે, જેના કારણે તેઓ એક બાહોશ, નીડર અને કડક અધિકારીની છાપ ધરાવે છે. તેમની કામ કરવાની અને કર્મચારીઓ પાસેથી કામ લેવાની એક વિશિષ્ટ પદ્ધતિ હતી.

હાલમાં તેઓ વિશેષ મુખ્ય ઈજનેર તરીકે સૌરાષ્ટ્ર અને કચ્છના વડા તરીકે નિયુક્ત હતા અને આ પ્રદેશમાં જેટકો સંબંધિત અત્યંત મહત્વપૂર્ણ અને આવશ્યક કામગીરી ખૂબ જ ઝડપથી અને અસરકારક રીતે પૂર્ણ કરી છે. ઈજનેર કાંજીયાના કાર્યકાળ દરમિયાન, તેમણે સૌરાષ્ટ્ર અને કચ્છમાં વીજ પુરવઠાની સુવિધા ઊભી કરવામાં મોટો ફાળો આપ્યો છે. ગોંડલમાં અધિક્ષક ઈજનેર તરીકેના કાર્યકાળ દરમિયાન, તેમણે ૧૯ નંગ ૬૬ કે.વી., ૧ નંગ ૨૨૦ કે.વી., અને ૧ નંગ ૪૦૦ કે.વી. સહિત કુલ ૨૧ સબસ્ટેશનો ચાર્જ કર્યા હતા. વધુમાં, રાજકોટમાં વિશેષ મુખ્ય ઈજનેર તરીકેના કાર્યકાળ દરમિયાન, તેમણે ૯૬ નંગ ૬૬ કે.વી., ૧ નંગ ૧૩૨ કે.વી., અને ૭ નંગ ૨૨૦ કે.વી. સહિત કુલ ૧૦૪ સબસ્ટેશનો ચાર્જ કર્યા હતા. આમ, તેમના કાર્યકાળ દરમિયાન કુલ ૧૨૫ જેટલા નવા સબસ્ટેશનો ચાર્જ કરીને આ અધિકારીએ સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાવર સપ્લાયની ખૂબ મોટી સુવિધા ઊભી કરી છે.

તેમની કામગીરી વાવાઝોડા જેવી કુદરતી આફતો દરમિયાન પણ અભૂતપૂર્વ અને ઉત્તમ રહી છે, પછી તે ''તૌકતે'' વાવાઝોડું હોય કે ''બિપરજોય'' હોય. જેટકો દ્વારા આવા પ્રામાણિક અને નેકદિલ અધિકારીને અગાઉથી જ જેટકોની વડી કચેરીમાં બદલી કરીને મુખ્ય ઈજનેર તરીકેની અત્યંત મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. આશા છે કે આવા ઉચ્ચ અધિકારીની સારી કામગીરીનો લાભ સૌરાષ્ટ્ર અને કચ્છની જનતાની સાથે સાથે સમગ્ર ગુજરાતની જનતાને પણ મળશે.

### રાજકોટમાં ફરીવાર 'ફર્ઝી'નું ભૂત ધુણ્યું

# બનાવટી ચલણી નોટ સાથે પોરબંદરના પત્રકાર હિતેશ દાવડાની ધરપકડ

## મહાત્મા ગાંધી મ્યુઝીયમ કમ્પાઉન્ડમાં ચરખા રેસ્ટોરન્ટ પાસે એસઓજીનો દરોડો: રૂ. ૧૦૦ના દરની ૧૭ બનાવટી નોટ કબ્જે

## પત્રકાર રાણાવાવના વિજય નામના શખ્સ પાસેથી ૫૦ ટકા કમિશનમાં બનાવટી ચલણી નોટ લાવ્યાનો ખુલાસો

## હોટલ, પાન-બીડીની દુકાન અને રીક્ષા ચાલકોને અનેક બનાવટી નોટ પધરાવી દેવાયાનો ઘટસ્ફોટ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં ફરી એકવાર શાહીદ કપૂરની વેબ સિરીઝ 'ફર્જી'નું ભૂત ધુણ્યું છે. અગાઉ બનાવટી નોટો છાપવાનું આખો આખું મીની કારખાનું ઝડપાયા બાદ હવે બનાવટી ૧૦૦ ના દરની ચલણી નોટ સાથે પોરબંદરના પત્રકાર હિતેષ દાવડાને રાજકોટ શહેર એસઓજીની ટીમે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે. આરોપી રાણાવાવના વિજય નામના શખ્સ પાસેથી ૫૦ ટકા કમિશનમાં બનાવટી ચલણી નોટ લઈ આવી રાજકોટમાં હોટલ, પાન-બીડીની દુકાન અને રીક્ષા ચાલકોને અનેક ૧૦૦ ના દરની બનાવટી નોટ પધરાવતો હતો.રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડિસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ ભરત બસીયા દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં ભારતીય બનાવટી (નકલી) ચલણી નોટોનો ખરા તરીકે ઉપયોગ કરતા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાના માર્ગદર્શન હેઠળ પીઆઈ એન.વી.હરીયાણી, પીએસઆઈ વી.વી.ધ્રાંગુ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં. ત્યારે હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ જાડેજા, યોગરાજસિંહ ગોહિલ અને કોન્સ્ટેબલ અનોપસિંહ ઝાલાને મહાત્મા ગાંધી મ્યુઝીયમ કમ્પાઉન્ડમાં આવેલ ચરખા રેસ્ટોરન્ટ પાસે એક શખ્સ ઉભેલ છે અને તેની પાસે બનાવટી ચલણી નોટ હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે એસઓજીની ટીમે દરોડો પાડી ત્યાં હાજર શખ્સને પકડી લઈ તેનું નામ પૂછતા હિતેષ કનુ દાવડા (ઉ.વ.૬૧, ધંધો-પત્રકાર, રહે, વાડી પ્લોટ શેરી નં.૫ ઉકાભાઈની ઘંટી વાળી શેરી પોરબંદર) હોવાનું જણાવ્યું હતું.એસઓજીની ટીમે પકડાયેલ શખ્સ પાસેથી રૂપિયા ૧૦૦ ના દરની ૧૭ બનાવટી ચલણી નોટ સાથે અલગ અલગ ચલણી નોટ કબ્જે કરી તેની સઘન પૂછતાછ હાથ ધરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર બનાવટી ચલણી નોટ સાથે પકડાયેલ હિતેષ દાવડા પોતે પત્રકાર હોવાનું અને પોરબંદરમાં ન્યુઝ પેપર એજન્સી ધરાવતો હોવાની કબૂલાત આપી છે. ઉપરાંત પોતે રાણાવાવના વિજય નામના શખ્સ પાસેથી રૂપિયા ૫,૦૦૦ ની બનાવટી ચલણી નોટો મેળવી હતી જેમના તેને વિજય નામના શખ્સને રૂપિયા ૨૫૦૦ ચૂકવ્યા હતા. જે બાદ આરોપી બનાવટી ચલણી નોટો લઈને રાજકોટ આવ્યો હતો અને અહીં તેને અલગ અલગ હોટલો, પાન બીડીની દુકાનો તેમજ રીક્ષા ચાલકોને બનાવટી ચલણી નોટો પધરાવી દિધી હતી. હજું વધું બનાવટી ચલણી નોટો તે શહેરમાં ફેલાવે તે પહેલાં જ એસઓજીની ટીમે દબોચી લીધો હતો.

આરોપીએ કેટલી વાર રાજકોટ સહિતના અન્ય વિસ્તારોમાં પણ બનાવટી ચલણી નોટો આપી રોકડી કરી છે તે અંગેની વિગતો સામે લાવવાં આરોપીને ૧૦ દિવસના રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

બનાવ અંગે એસઓજી પીઆઈ એમ.જાડેજા, એન.વી.હરીયાણી, પીએસઆઈ વી.વી.ધ્રાંગુ, એએસઆઈ વિરેન્દ્રસિંહ ઝાલા, અરૂણ બાંભણીયા, હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ જાડેજા, યોગરાજસિંહ ગોહિલ, મૌલિક સાવલીયા, ઉપેન્દ્રસિંહ ઝાલા, મહાવિરસિંહ ઝાલા અને કોન્સ્ટેબલ અનોપસિંહ ઝાલા, હરદેવસિંહ વાળાએ કામગીરી કરી હતી.




## ઝડપાયેલો પત્રકાર જાગીર વિરાટ અને આદર્શ પરિવાર નામે સાપ્તાહિક અખબાર ચલાવતા હોવાનો ખુલાસો

પોલીસે વિશેષમાં જણાવ્યું હતું કે, જાલીનોટ સાથે ઝડપાયેલ હિતેશ દાવડા પોરબંદરમાં જાગીર વિરાટ અને આદર્શ નામના સાપ્તાહિક ચલાવે છે. આ કથિત પત્રકાર પોરબંદરથી વિજય નામના શખસ પાસેથી રૂપિયા ૫,૦૦૦ ના દરની ૫૦ જાલીનોટ લઈ વટાવવા માટે નીકળ્યો હતો અને તેમાંથી ઘણીખરી નોટો તેણે ટિકિટ ભાડા અને રેસ્ટોરન્ટમાં વટાવી પણ નાખી હતી. આરોપી આ પ્રકારનું કારસ્તાન કેટલા સમયથી આચરતો હતો અને તેમાં વિજય સિવાય અન્ય કોઈ સંડોવાયેલ છે કે કેમ? સહિતની બાબતો અંગે તપાસ કરવા અને વિજય નામના આ શખસને પકડી પાડવા માટે આરોપીને દસ દિવસના રિમાન્ડની માંગણી સાથે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવશે.

## અઢી હજારમાં પાંચ હજારની નકલી નોટો લીધાની કેફીયત

રૂપિયા ૧૦૦ ના દરની ૧૭ જાલી નોટ સાથે ઝડપાયેલા કથિત પત્રકાર હિતેશ દાવડાની એસોજીએ પૂછતાછ કરતા તે વિજય નામના શખસ પાસેથી આ જાલીનોટ લાવ્યો હોવાની કબુલાત આપી હતી. એટલું જ નહીં તેણે રૂપિયા અઢી હજારમાં પાંચ હજારની જાલીનોટ લીધી હોવાની પણ કબુલાત આપી હતી.

## એસઓજી પીઆઈ એસ એમ જાડેજા અને એન વી હરીયાણીના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ જાડેજા, યોગરાજસિંહ ગોહિલ અને કોન્સ્ટેબલ અનોપસિંહ ઝાલાની બાતમીના આધારે દરોડો

### શહેર પોલીસની એસઓજી શાખાનો સપાટો

## ત્રણ દિવસમાં એનડીપીએસના ત્રણ દરોડા બાદ બોગસ નોટોનું કૌભાંડ ઝડપી લેવાયુ



શહેર પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ(એસઓજી) શાખાએ ત્રણ દિવસમાં એનડીપીએસના ત્રણ દરોડા પાડી સપાટો બોલાવ્યો હતો. અગાઉ ભગવતીપરાની ઓરડીમાંથી રૂ. ૧.૬૮ લાખની કિંમતના ૧૬.૮૭૭ કિલોગ્રામ ગાંજા સાથે ઈનુષ ઘેલડ નામના શખ્સની ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં બીજા દિવસે મધુરમ ઈન્ડસ્ટ્રીઝમાંથી મૂળ બિહારના વતની અને હાલ શાપર ખાતે રહેતો અભિજીત પાસવાનને રૂ. ૧.૨૭ લાખની કિંમતના ૧૨.૭૫૧ કિલોગ્રામ ગાંજા સાથે પકડી લેવાયો હતો. ત્યારબાદ ગઈકાલે સોરઠીયાવાડી બગીચા નજીકથી મુંબઈથી રૂ. ૮૦,૪૦૦ કિંમતનો ૮.૦૪ ગ્રાન મેફેડ્રોન ડ્રગ્સ લાવનાર ખોડિયારનગરના મનોજ રામદાસભાઈ દેસાણીને ઝડપી પાડવામાં આવ્યો હતો. હવે સતત ચોથા દિવસે ચોથો દરોડો પાડી એસઓજીએ બનાવટી ચલણી નોટો સાથે પોરબંદરના પત્રકારને દબોચી લેવામાં આવ્યો છે.


નં.જન્મ-મરણ કેસ.ન.૬૦/૨૦૨૫

પ્રતિ
શ્રી ઈકબાલભાઈ બાવનભાઈ શેખ,
રહે. સનવાવ, ગામ -સનવાવ
તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ ..........અરજદાર
વકીલશ્રી, પી. જી. સોસા, ગીરગઢડા

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સનવાવ, તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ .........સામાવાળા

-: જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકાના સનવાવ ગામના રહીશ શ્રી ઈકબાલભાઈ બાવનભાઈ શેખના પિતા સ્વ. બાવનભાઈ પુંજાભાઈ શેખનું મરણ તારીખ ૧૫/૦૫/૧૯૮૦ના રોજ ગીરગઢડા તાલુકાના સનવાવ ગામ ખાતે થયેલ છે જેની મરણની નોંધ ગીરગઢડા તાલુકાના સનવાવના સને ૧૯૮૦ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદતના ૨૧/૦૭/૨૦૨૫ના રોજ ૧૧:૦૦ કલાકે વાધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૩૦/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

(જી.કે.વાળા)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા



## જાહેર નોટીસ

મું.ખંભાળીયા
જ.મ.રજી નં.૪૧/૨૦૨૫

પાલા અરજણ બેલા
મધુરમ સોસાયટી, ધરમપુર
તા.ખંભાલીયા, જી.દેવભૂમિ દ્વારકા ..........અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટ્રારશ્રી,
જન્મ મરણ નોંધણી અધિકારી
અને તલાટી કમ મંત્રીશ્રી, લાલપરડા
તા.ખંભાલીયા જી.દેવભૂમી દ્વારકા ..........સામાવાળા

**વિષય :- જન્મ/મરણની નોંધ થવા અંગે**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા લોકોને જાણ કરવામાં આવે છે કે, આ કામના ઉપરોક્ત અરજદારના માતાશ્રી ''મલુબેન અરજણ બેલા''નું મરણ તા. ૨૩/૧૧/૨૦૨૧ ના રોજ લાલપરડા મુકામે થયેલ છે. જે અંગેની નોંધ સામાવાળાના રજીસ્ટરે થયેલ ન હોય તે અંગેની અત્રેની કોર્ટમાં અરજી લાવી મરણ ની નોંધનો હુકમ કરી આપવા અરજી કરેલ હોય તે અંગે કોઈને વાંધો/તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં વકીલ દિલીપ એન રાજ્યગુરુ મારફત અરજી કરેલ છે મુદત તા.૦૪/૦૭/૨૦૨૫ ના ૧૬-૦૦ કલાકે હાજર રહેવું. ગેરહાજર રહો, વાંધો/તકરાર નથી, એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૧૬, જુન - ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનું સીલ કરી આપ્યા.

કોર્ટનો સીકકો

(વી.આર.વરુ)
મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ખંભાળીયા



-: જાહેર નોટીસ:-

**મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૩(મોટામવા)**

(કામચલાઉ પુન:રચનાની દરખાસ્ત)

હું, નગર રચના અધિકારી, નગર નિયોજક-૧, નગર રચના યોજના નં.૨૩(મોટામવા)ની યોજના વિસ્તારમાં સમાવેશ થતી જમીનોના તમામ જમીન માલિકો/હિત-સંબંધ ધરાવતી વ્યક્તિઓને જણાવું છું કે, આ યોજનાને અંતિમ કરવાની કાર્યવાહીના ભાગરૂપે યોજનાની કામચલાઉ પુન:રચનાની દરખાસ્ત સમજવા તથા તેની રૂબરૂ રજુઆતો મેળવવા યોજનામાં સમાવિષ્ટ જમીન માલિકો/હિત-સંબંધ ધરાવતી વ્યક્તિઓને અત્રેની કચેરીએ ઉપલબ્ધ સરનામાં મુજબ રૂબરૂ સુનાવણી અંગેની નોટીસ બજાવવામાં આવેલ અને તે માટે તા.૧૭/૦૬/૨૦૨૫ થી તા.૧૮/૦૬/૨૦૨૫ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. આમ, તમામ જમીન માલિકોને કામચલાઉ પુન:રચનાની દરખાસ્તો સમજાવી વાંધા-સુચનો-રજુઆત કરવા માટે અત્રેથી વ્યાજબી અને પુરતા પ્રયત્નો કરવામાં આવેલ છે. સુનાવણી દરમ્યાન જમીન માલિકો/ તેઓના પ્રતિનીધીઓ દ્વારા રજૂઆત કરવામાં આવેલ હોય તે વિગતે કે રજૂઆત કરવાની બાકી/જરૂરિયાત હોય તો અથવા તો સરનામાના અભાવે/એક યા બીજા કારણોસર જો કોઈને નોટીસ બજેલ ન હોય, તો તેઓને આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયા તારીખથી દિન-૧૦(દસ)માં જાહેર રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમ્યાન નીચેના સરનામે જરૂરી આધાર-પુરાવા સહ અત્રેની કચેરીનો સંપર્ક સાધી પુન:રચનાની દરખાસ્તની સમજુતી મેળવી તે અન્વયે કોઈ રજૂઆત હોય તો લેખિતમાં રજૂઆત કરવા આખરી તક આપવામાં આવે છે. અન્યથા અત્રે ઉપલબ્ધ રેકર્ડના આધારે લેવામાં આવેલ નિર્ણય જે-તે જમીન માલિકો/હિત-સંબધ ધરાવતી વ્યક્તિઓને બંધનકર્તા રહેશે. જેની નોધ લેવા વિનંતી છે. સદરહુ યોજના વિસ્તારમાં મોજે: મોટામવાના નીચેના, રેવન્યુ સર્વે નંબર તથા તેના પેટા ભાગોનો સમાવેશ કરવામાં આવેલ છે.

**મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૩(મોટામવા)**

મોજે: મોટામવાના રેવન્યુ સર્વે નંબરો:-

૧૨૫ થી ૧૩૫,૧૩૬/૧,૧૩૬/૨,૧૩૭ થી ૧૪૦, ૧૪૨,૧૪૩ તથા ટ્રાવર્સ રે.સ.નં.૧૮૦ પૈકીની સરકારી ખરાબાની જમીનનો સમાવેશ થાય છે.

સ્થળ :- રાજકોટ
તારીખ :- /૦૬/૨૦૨૫

નગર રચના અધિકારી,
નગર નિયોજક-૧,
રાજકોટ નગર રચના યોજના,
રાજકોટ

સરનામું:-
નગર રચના અધિકારી, નગર નિયોજક-૧
રાજકોટ નગર રચના યોજના, રાજકોટ
આર.એમ.સી. મલ્ટીએક્ટિવીટી સેન્ટરન્ટર, પ્રથમ માળ, નાના મવા સર્કલ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

માહિતી/રાજ/૪૭૭-૨૫-૨૬



**પશ્ચિમ રેલવે-રાજકોટ મંડળ**

**ઓએચઈ કામ**

**ટેન્ડર નોટિસ નંબર** DRM/RJT **/ઈ-ટેન્ડર/** EL/TRD **/૨૦૨૫-૨૦૨૬/૧૯ તારીખ ૩૦/૦૬/૨૦૨૫; ઓફિસનું સરનામું:** વિભાગીય રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ / ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત ૩૬૦૦૦૧; **વેબસાઇટ વિગતો:** www.ireps.gov.in; ટેન્ડર નંબર: DRM-RJT-EL-TRD **-૨૦૨૫-૨૬-૧૯;** (i) **કામનું નામ:** રાજકોટ મંડળના ઓખા ખાતે ઇલેક્ટ્રિક લોકો ટ્રીપ શેડના બાંધકામ/વિકાસના સંદર્ભમાં ઓએચઈ કામ. (ii) આશરે કિંમત: રૂ.૮૧,૧૨,૦૭૨.૪૮/-; (iii) બાનાની રકમ: રૂ.૧,૬૨,૨૦૦/-; (iv) **ઓનલાઇન અરજી કરવાની તારીખ અને સમય:** ૨૮.૦૭.૨૦૨૫ના રોજ બપોરે ૧૫:૦૦ કલાક સુધી.

RJT 062

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**'એસએલઆર / વીપી ના લીઝિંગ' ના કરાર માટે ઈ-હરાજી**

સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, ડી.આર.એમ. ઓફિસ, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - ૩૬૦૦૦૧; **નંબર: C78/Leasing/E-Auction/Publication/2022** 'લીઝિંગ ઓફ એસએલઆર / વીપી' ના કરાર માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવી છે. કેટલોગ પહેલાથી જ IREPS વેબસાઇટ પર ઓનલાઈન પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે મુજબ આપવામાં આવી છે:-

| કેટલોગ નંબર | કોન્ટ્રેક્ટનો પ્રકાર | લોટ નંબર | કોન્ટ્રેક્ટ સમયગાળો | લોટ શરૂ થવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| E-SLR-RJT-05-25, તારીખ: 26/06/2025 | SLR / VP ની લીઝિંગ | (1) 22717-SLR-F2, (2) 22946-SLR-F1, (3) 22908-SLR-F1, (4) 22717-SLR-F1 | 02 વર્ષ | બધા પ્લોટ માટે ઇ-હરાજી 17/07/2025 ના રોજ સવારે 10:00 વાગ્યે શરૂ થશે. |

ઉપરોક્ત કેટલોગમાં ઉલ્લેખિત લોટની વિગતો આગામી ઈ-ઓક્શન, ઝોન: પશ્ચિમ રેલવે, વિભાગ: વાણિજ્યિક, રાજકોટ ડિવિઝન - ના શીર્ષક હેઠળ www.ireps.gov.in (ઈ – ઓક્શન લીઝિંગ) વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

RJT 059

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



**પશ્ચિમ રેલવે-રાજકોટ મંડળ**

**ટીઆરડી કામ**

**ટેન્ડર નોટિસ નંબર** DRM/RJT **/ઈ-ટેન્ડર/** EL/TRD **/૨૦૨૫-૨૦૨૬/૬R તારીખ ૩૦/૦૬/૨૦૨૫; ઓફિસનું સરનામું:** વિભાગીય રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ / ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત ૩૬૦૦૦૧; **વેબસાઇટ વિગતો:** www.ireps.gov.in; ટેન્ડર નંબર: DRM-RJT-EL-TRD **-૨૦૨૫-૨૬-૬R;** (i) **કામનું નામ:** રાજકોટ મંડળના વિવિધ સ્થળોએ દરેક ફીડર પર અલગ-અલગ માસ્ટની જોગવાઈ દ્વારા અલગ ફીડરોમાં ફેરફાર કરવા માટે ટીઆરડી કામ. (ii) આશરે કિંમત: રૂ.૧,૩૭,૫૧,૮૫૫.૪૫/-; (iii) બાનાની રકમ: રૂ.૨,૧૮,૮૦૦/-; (iv) **ઓનલાઇન અરજી કરવાની તારીખ અને સમય:** ૨૮.૦૭.૨૦૨૫ના રોજ બપોરે ૧૫:૦૦ કલાક સુધી.

RJT 063

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે-રાજકોટ મંડળ**

**ફ્લેશ બટ વેલ્ડ્સનું તબક્કાવાર ગોઠવણી યુએસએફડી પરીક્ષણ**

**ઈ-ટેન્ડર નોટિસ નં. ૧૭ના વર્ષ ૨૦૨૫-૨૬ તારીખ ૨૭/૦૬/૨૦૨૫; ઓફિસનું સરનામું:** વિભાગીય રેલવે મેનેજર (એન્જિનિયરિંગ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત ૩૬૦૦૦૧; **વેબસાઇટ:** www.ireps.gov.in; **(૦૧) ઈ-ટેન્ડર નં.** DRM-RJT **-૨૦૨૫-૨૬-E-૫૧; કામનું નામ:** રાજકોટ મંડળ: પશ્ચિમ રેલવેના રાજકોટ મંડળ પર ફ્લેશ બટ વેલ્ડ્સનું તબક્કાવાર ગોઠવણી યુએસએફડી પરીક્ષણ (પીએયૂટી); **આશરે કિંમત:** રૂ.૬,૧૧,૨૨,૦૨૪.૦૦; **બાનાની રકમ:** રૂ.૪,૫૫,૬૦૦.૦૦; **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ૨૧/૦૭/૨૦૨૫, ૧૫:૦૦ કલાકે.

RJT 060

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે-રાજકોટ મંડળ**

**વિવિધ ટીઆરડી કામો**

**ટેન્ડર નોટિસ નંબર** DRM/RJT **/ઈ-ટેન્ડર/** EL/TRD **/૨૦૨૫-૨૦૨૬/૧૮ તારીખ ૩૦/૦૬/૨૦૨૫; ઓફિસનું સરનામું:** વિભાગીય રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ / ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત ૩૬૦૦૦૧; **વેબસાઇટ વિગતો:** www.ireps.gov.in; ટેન્ડર નંબર: DRM-RJT-EL-TRD **-૨૦૨૫-૨૬-૧૮;** (i) **કામનું નામ:** ટીઆરડી એલસી ગેટ્સના બદલે આરઓબીની જોગવાઈ, ઓએચઈ સ્લીવિંગ કામ, વિશ્વસનીયતા સુધારણા અને રાજકોટ મંડળના સીટીઆર કામના સંબંધિત વિવિધ કામો. (ii) આશરે કિંમત: રૂ.૪૮,૬૫,૫૭૧.૨૨/-; (iii) બાનાની રકમ: રૂ.૯૭,૩૦૦/-; (iv) **ઓનલાઇન અરજી કરવાની તારીખ અને સમય:** ૨૮.૦૭.૨૦૨૫ના રોજ બપોરે ૧૫:૦૦ કલાક સુધી.

RJT 061

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**જામનગર મહાનગરપાલિકા**

**:: ટેન્ડર નિવિદા ::**

**(વાર્ષિક રેઈટ કોન્ટ્રાક્ટ સને ૨૦૨૫-૨૬)**

જામનગર મહાનગરપાલિકાની લાઈટ શાખા (ફોન નં. ૨૫૫૦૧૩૧, એક્સ. ૫૪૩) દ્વારા નીચેના કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની વધુ વિગત જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ https://jmctender.nprocure.com પરથી મળી શકશે. આ ટેન્ડર તા.૦૨/૦૭/૨૦૨૫ થી ઓનલાઈન મૂકવામાં આવનાર છે.

| ક્રમ | કામનું નામ | અંદાજિત ખર્ચ રકમ (રૂ.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (રૂ.) |
|---|---|---|---|
| ૧. | Supply, Erection, Testing and Commissioning of 320 kVA Silent D.G. Set at Municipal Townhall under SJMMSVY | 27.80 Lacs | 27,800/- |

કંટ્રોલિંગ અધિકારી (લાઈટ)
જામનગર મહાનગરપાલિકા

કમિશનર
જામનગર મહાનગરપાલિકા

નં. જેએમસી/પી.આર.ઓ./ ૩ /૫૦/૨૦૨૫-૨૬, તા. ૩૦/ ૦૬ /૨૦૨૫



નં.જન્મ-મરણ કેસ.નં. ૫૯/૨૦૨૫

પ્રતિ
શ્રી વાઢેળ લાભુબેન વજુભાઈ,
રહે. બોડીદર, ગામ-બોડીદર, તાલુકો-ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ ..........અરજદાર
વકીલશ્રી, પી. જી. સોસા, ગીરગઢડા

વિરૂધ્ધ

રજીસ્ટારથી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, બોડીદર, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ .........સામાવાળા

-: જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના બોડીદર ગામના રહીશ વજુભાઈ નારણભાઈ વાઢેળ તથા લાભુબેન વજુભાઈ વાઢેળના પુત્રી ઈલાબેન વજુભાઈ વાઢેળનો જન્મ તારીખ ૧૮/૩/૧૯૯૭ના રોજ ગીરગઢડા તાલુકાના બોડીદરગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, બોડીદર, તાલુકો-ગીરગઢડા સને-૧૯૯૭ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય નો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અંત્રેની કોર્ટમાં મુદત તા. ૨૧/૦૭/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૩૦/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

(જી.કે.વાળા)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા



નં.જન્મ-મરણ કેસ નં.૬૪/૨૦૨૫

પ્રતિ
શ્રી બચુભાઈ દાસાભાઈ ગોહિલ,
રહે. પડાપાદર, ગામ-પડાપાદર, તાલુકો-ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ ..........અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, પડાપાદર, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ .........સામાવાળા

-: જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના પડાપાદર ગામના રહીશ બચુભાઈ દાસાભાઈ ગોહિલ તથા અજુબેન બચુભાઈ ગોહિલના પુત્ર વિક્રમભાઈ બચુભાઈ ગોહિલનો જન્મ તારીખ ૨૦/૦૪/૧૯૯૧ના રોજ ગીરગઢડા તાલુકાના પડાપાદરગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, પડાપાદર, તાલુકો-ગીરગઢડા સને-૧૯૯૧ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૦૭/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૩૦/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

(જી.કે.વાળા)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા



નં.જન્મ-મરણ કેસ નં.૬૫/૨૦૨૫

પ્રતિ
લલીતાબેન પરસોતમભાઈ પોકીયા,
રહે. વડલી, ગામ-વડલી, તાલુકો-ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ ..........અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ફાટસર, તા.ગીરગઢડા, જિ.ગીર સોમનાથ .........સામાવાળા

-: જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના વડલી ગામના રહીશ પરસોતમભાઈ નથુભાઈ પોકીયા તથા શાંતાબેન પરસોતમભાઈ પોકીયાના ભાઈ દ્વારકાદાસ પરસોતમભાઈ પોકીયાનો જન્મ તારીખ ૧૫/૦૩/૧૯૬૧ના રોજ ગીરગઢડા તાલુકાના ફાટસરગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ફાટસર, તાલુકો-ગીરગઢડા સને-૧૯૬૧ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૧/૦૭/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૩૦/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

(જી.કે.વાળા)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા



નં.જન્મ-મરણ કેસ.નં.૬૧/૨૦૨૫

પ્રતિ
શ્રી ઈકબાલભાઈ બાવનભાઈ શેખ,
રહે.સનવાવ, ગામ-સનવાવ
તાલુકો-ગીરગઢડા, જિલ્લો-ગીર સોમનાથ ..........અરજદાર
વકીલશ્રી, પી. જી. સોસા, ગીરગઢડા

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સનવાવ, તાલુકો ગીરગઢડા, જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

-: જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતાઓને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકાના સનવાવ ગામના રહીશ શ્રી ઈકબાલભાઈ બાવનભાઈ શેખના માતા સ્વ. નુરીબેન બાવનભાઈ શેખનું મરણ તારીખ: ૦૮/૦૩/૧૯૭૭ના રોજ ગીરગઢડા તાલુકાના સનવાવ ગામ ખાતે થયેલ છે.જેની મરણની નોંધ ગીરગઢડા તાલુકાના સનવાવના સને ૧૯૭૭ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદ્દત તા ૨૧/૦૭/૨૦૨૫ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૩૦/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

(જી.કે.વાળા)
એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગીરગઢડા

તંત્રી લેખ

# ગુજરાતની દીકરીઓનું ડોક્ટર બનવાનું સ્વપન સાકાર કરતી રાજ્ય સરકારની યોજના

ગુજરાત સરકારની મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના મેડિકલ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતી રાજ્યની દીકરીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. આ યોજના હેઠળ ગુજરાતની ૨૫,૭૬૮ વિદ્યાર્થિનીઓને ડોક્ટર બનવા માટે ૭૭૨ કરોડની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે.

રાજ્યમાં તમામ માટે અને ખાસ કરીને કન્યાઓ માટે શિક્ષણનો અધિકાર સુનિશ્ચિત કરવાના પ્રયાસ કર્યા છે. મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ રાજ્યમાં તબીબી શિક્ષણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. રાજ્યની મહિલાઓ પણ મેડિકલ ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવે અને બાહોશ ડોક્ટર બનીને આરોગ્ય સેવાઓમાં પોતાનું યોગદાન આપે તે માટે રાજ્ય સરકાર પ્રયાસરત છે.

મેડિકલ ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવવા માંગતી ગુજરાતની દીકરીઓનું તબીબી શિક્ષણ આર્થિક મુશ્કેલીઓને લીધે અટકે નહીં, તે સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકારે 'મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના'અમલી બનાવી છે. આ યોજનાનો ઉદ્દેશ મેડિકલમાં અભ્યાસ કરતી તેજસ્વી વિદ્યાર્થિનીઓને નાણાકીય સહાય પૂરી પાડવાનો છે. પરિણામે, આજે રાજ્યમાં અસંખ્ય મહત્વાકાંક્ષી 'વ્હાઈટ-કોટ' મહિલા વોરિયર્સ સફળતાપૂર્વક તેમના સપનાંને સાકાર કરી રહી છે.

મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના હેઠળ ₹૬ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારની વિદ્યાર્થિનીઓ કે જેઓ ધો-૧૨ પછી મેડિકલમાં પ્રવેશ મેળવે છે, તેમને રાજ્ય સરકાર દ્વારા આર્થિક સહાય ચૂકવવામાં આવે છે. આ યોજના હેઠળ અત્યારસુધીમાં રાજ્યની ૨૫,૭૬૮ વિદ્યાર્થિનીઓને ડોક્ટર બનવા માટે રાજ્ય સરકાર દ્વારા ₹૭૭૨ કરોડની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે. વર્ષ ૨૦૨૪-૨૫ માટે આ યોજના હેઠળ ૪૫૦૦ વિદ્યાર્થિનીઓને ૧૫૦ કરોડની સહાયનો લક્ષ્યાંક હતો, જેની સામે ૫૧૫૫ વિદ્યાર્થિનીઓને ₹૧૬૨.૬૯ કરોડની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના વર્ષ ૨૦૧૭-૧૮માં શરૂ કરી હતી. આ યોજના હેઠળ, ₹૬ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારની વિદ્યાર્થિનીઓ માટે ૫૦% પ્રવેશ ફી રાજ્ય દ્વારા સ્પોન્સર કરવામાં આવે છે, જેઓ તેમના નીટ સ્કોરના આધારે મેડિકલમાં પ્રવેશ મેળવે છે, અને આ સહાય માટે તેમના કોમ્યુનિટી બેકગ્રાઉન્ડને ધ્યાનમાં લેવામાં આવતું નથી.

મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજનાને કારણે જ મેડિકલમાં એડમિશન લેવાની હિંમત દીકરીઓમાં આવી છે.પ્રતિભાબેન જેવી રાજ્યની અનેક પ્રતિભાશાળી અને મહત્વાકાંક્ષી વિદ્યાર્થિનીઓનું ડોક્ટર બનવાનું સપનું આજે રાજ્ય સરકારની આ યોજનાને કારણે પૂરું થઈ રહ્યું છે. દેશના વિકાસ માટે દીકરીઓ શિક્ષિત અને કાબેલ હોય તે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

# સ્વ. વિજયભાઈના સમર્પણ અને પ્રેરણાએ કાયમી અસર છોડી: પંજાબ ભાજપ



**અબતક, રાજકોટ**

તાજેતરમાં પંજાબ ભાજપ દ્વારા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને પંજાબના પ્રભારી રહેલા સ્વ. વિજયભાઈ રૂપાણીની સ્મૃતિમાં શ્રદ્ધાંજલી સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે હરિયાણાના રાજ્યપાલ બંડારુ, હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈની, પંજાબ ભાજપ અધ્યક્ષ સુનીલ જાખડ, હરિયાણા ભાજપ અધ્યક્ષ હરિયાણા મલ્હોત્રા ચંદીગઢ ભાજપ અધ્યક્ષ પંજાબ, હરિયાણા અને ચંદીગઢના બીજેપીના વરિષ્ઠ નેતાઓ અને કાર્યકર્તાઓએ સ્વ. વિજયભાઈને પુષ્પાંજલી અર્પણ કરી હતી. ઉમદા વ્યકિત, સમર્પિત નેતા એવા વિજયભાઈ રૂપાણીના સમર્પણ ભાવને યાદ કરવામાં આવ્યો હતો. વરિષ્ઠ નેતાઓએ જણાવ્યું હતું કે સ્વ. વિજયભાઈ રૂપાણીની નમ્રતાએ કાયમી અસર છોડી છે.

# શિક્ષણ ક્ષેત્રે યોગદાન આપનાર સી.જે. ગ્રુપના મહાનુભાવોનું બહુમાન


## પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા સહીતના આગેવાનો રહ્યા ઉપસ્થિત



**અબતક, રાજકોટ**

સી.જે. ગ્રુપ રાજકોટ દ્વારા પ્રવેશોત્સવમાં રાજકોટ શહેર તથા ગ્રામ્યની સરકારી પ્રાથમિક સ્કૂલ, હાઈસ્કૂલોમાં યથાશકિત યોગદાન આપેલ. આ સરાહનીય અને વંદનીય કામગીરી બદલ સી.જે.ગ્રુપ રાજકોટના પ્રમુખ ચિરાગભાઈ ધામેચા અને રાજેન્દ્રભાઈ રાઘેલીયાનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવેલ. તેમાં મોહનભાઈ કુંડારીયા (પૂર્વ સાંસદ, રાજકોટ લોકસભા), રમેશભાઈ ટીલાળા (ધારાસભ્ય, રાજકોટ), રમઝાન જાફરાની (અંડર સેક્રેટરી ઈન્ડસ્ટ્રીઝ એન્ડ માઈન્સ ડિપાર્ટમેન્ટ,સચિવાલય-ગાંધીનગર), વિક્રમભાઈ પૂજારા (ચેરમેન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ), ઈશ્વરભાઈ જીતીયા (સદસ્ય નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ)ના હસ્તે સી.જે.ગ્રુપ રાજકોટના હોદેદારોનું સન્માન કરવામાં આવેલ. સી.જે.ગ્રુપ ની સેવાને બિરદાવી હતી.

# શ્રેયાંસ સ્કુલ દ્વારા ડોકટર ડે ઉજવણી




**અબતક, રાજકોટ**

શ્રેયાંસ સ્કુલ દ્વારા આજે નેશનલ ડોકટર ડે ની ઉજવણી કરવામાં આવી. શિક્ષકોએ વિદ્યાર્થીઓને ડોકટરોની સમાજમાં ભૂમિકા શું હોય? તે વિશે સમજૂતી આપી અને વિદ્યાર્થીઓના આરોગ્યની તપાસ કરીને આજના દિવસની ઉજવણી કરી. વિદ્યાર્થીઓ ડોકટરોની દર્દીઓ પ્રત્યેની સેવા ભાવના સમજે અને તેમના કાર્યને માન આપવાના હેતુથી નેશનલ ડોકટર ડે ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ માટે ની જરુરી પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ આચાર્ય કેયુરભાઈ ડોડીયા અને વંશીતાબેન હિરાણી દ્વારા પુરુ પાડવામાં આવ્યું.

# હાસ્ય કલાકાર કૌશિક મહેતાનું અભિવાદન કરતું સરદાર પટેલ કર્મચારી મંડળ



**અબતક, રાજકોટ**

તાજેતરમાં સરદાર પટેલ કર્મચારી મંડળ દ્વારા સરદાર પટેલ ભવન, સરદાર પટેલ કલ્ચર ફાઉન્ડેશન ઓડીટોરીયમ-૨ ખાતે વાર્ષિક સાધારણ સભા ૨૦૨૪-૨૦૨૫ નું આયોજન કરવામાં આવેલ હતું. આ વાર્ષિક સાધારણ સભામાં લોકગાયક અને હાસ્ય લોકસાહિત્યકાર કૌશિક મહેતાના હાસ્ય દરબારનું આયોજન કરેલ હતું. આ કાર્યક્રમમાં કૌશિક મહેતાએ હાસ્યની છોડો ઉડાડી હતી.

આ કાર્યક્રમનું દિપ પ્રાગટય એસજીવીપી ઈન્ટરનેશનલ સ્કુલ રીબડાના મહંત કોઠારી શાસ્ત્રી સ્વામી ધર્મવત્સલ સ્વામીએ કરેલ અને કાર્યક્રમની સફળતા બદલ સરદાર પટેલ કર્મચારી મંડળના પ્રમુખ તથા તમામ સભ્યોએ હાસ્ય કલાકાર કૌશિક મહેતાનું અભિવાદન કરાયું હતું.


આ હાસ્ય દરબારને સફળ બનાવવાં સરદાર પટેલ કર્મચારી મંડળના પ્રમુખ કુમનભાઈ વરસાણી, જયેશભાઈ દુધાત્રા, ઉમેશભાઈ ભેસાણીયા, આશીષભાઈ વેકરીયા, પરેશભાઈ પટોડીયા, શૈલેશભાઈ સોજીત્રા, લોકગાયક અને હાસ્યલોકસાહિત્યકાર કૌશિક મહેતા તથા જય સરદારની ટીમે જહેમત ઉઠાવી હતી.

# કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા રવિવારે પશુ-પક્ષીઓ માટે સર્વરોગ નિદાન કેમ્પ

**અબતક, રાજકોટ**

વૈશ્વિક સ્તરે જળ, જન, જમીન, જનાવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા 'સમસ્ત મહાજન' નાં મેનેજીંગ ટ્રસ્ટી, ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં સભ્ય ડો. ગીરીશભાઈ શાહ તથા ભારત સરકાર દ્વારા જીવદયાનો સર્વોચ્ચ એવોર્ડ વિજેતા સંસ્થા 'શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન, રાજકોટ' દ્વારા 'વર્લ્ડ ઝુનોસીસ ડે' નિમિતે યોજાનાર અનેક કાર્યક્રમોની શૃંખલામાં સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છનાં પશુ-પક્ષીઓ માટેના મેગા, નિઃશુલ્ક, સર્વરોગ નિદાન તેમજ સારવાર કેમ્પ, ચર્મ ચિકિત્સા-દંત ચિકિત્સા તેમજ આંખના રોગોના સારવાર કેમ્પ અને શ્વાનોને વિનામુલ્યે હડકવાનું રસીકરણ, કૃમિનાશક તેમજ અન્ય સારવારના કેમ્પનું આયોજન તા. ૬, જુલાઈ-૨૦૨૫, રવીવારનાં રોજ સવારે ૯ થી બપોરના ૧ કલાક સુધી અર્હમ વેટરનરી કલીનીક પાસે, કેન્સર હોસ્પિટલની સામે, હનુમાન મઢી પાસે, તીરૂપતીનગર-૧ રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે.

'વર્લ્ડ ઝુનોસીસ ડે' નીમીતે યોજાનાર કેમ્પ અંગેની વિશેષ વિગતો માટે મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨૨૧૯૯૯), પ્રતિક સંઘાણી (મો. ૯૯૯૮૦૩૦૩૯૩) પર સંપર્ક કરવા જણાવાયું છે.



# કણસાગરા મહિલા કોલેજના પ્રોફેસર ભવદિપ ત્રિવેદી પી.એચ.ડી પદવી મેળવી



**અબતક, રાજકોટ**

કે.એસ.એન કણસાગરા મહિલા કોલેજના સમાજકાર્ય વિભાગનાં અધ્યાપક અને મોટા રામપર ગામનાં નિવાસી ભવદિપભાઈ વી. ત્રિવેદીએ ડોકટર ઓફ ફિલોસોફીની ઉપાધી માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં મહાશોધ નિબંધ રજુ કરેલ હતો. સંચાર માધ્યમના સાધન તરીકે સેલફોની વિધાર્થીઓ પર થતી અસરોનો સમાજકાર્યની દ્દિષ્ટએ અભ્યાસ (રાજકોટ શહેરની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોમર્સ કોલેજોના સંદર્ભમાં) વિષય સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ દ્વારા તેઓને સંશોધન કાર્ય બદલ પી.એચ.ડીની પદવી પ્રદાન કરવામાં હતી. તેમણે તેમના વિષયનો મહાશોધ નિબંધ જે.જે. કુંડલિયા કોમર્સ એન્ડ આર્ટસ કોલેજના આચાર્ય ડો. યજ્ઞેશભાઈ એમ.જોશીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યો હતો. પ્રસ્તૂત વાઈવા વોઈસ ઓપન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમા લેવામાં આવ્યા હતા.

હાલમાં ડોક્ટર ઓફ ફિલોસોફીની સર્વોચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરવા બદલ ત્રિવેદી પરિવાર, કોલેજના આચાર્ય તથા તમામ સ્ટાફ મિત્રો, તમામ સામાજિક સંસ્થાઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો.ઉત્પલ જોશીનો જન્મદિવસ



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિ ડો.ઉત્પલ જોશીનો આજે જન્મદિવસ છે. ખૂબજ સરળ અને મળતાવળા સ્વભાવના ડો.ઉત્પલ જોશી અગાઉ ગુજરાત યુનિવર્સિટીના ભૌતિક શાસ્ત્ર ભવનમાં હેડ તરીકે ફરજ બજાવી ચૂકયા છે. તેઓએ ૬ મહિના પહેલા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ તરીકે ચાર્જ સંભાળ્યો હતો. તેઓ સૌરાષ્ટ્ર વિશ્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી પણ રહી ચૂકયા છે. તેમના અત્યાર સુધીમાં ૪૪ રિસર્ચ પેપર પબ્લીશ થયા છે. અને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાના રિસર્ચ એવોર્ડ મેળવી ચૂકયા છે. ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય પણ રહી ચૂકયા છે. આજે ડો.ઉત્પલ જોશીના જન્મદિવસ નિમિતે તેમના મો.નં. ૯૪૨૭૦ ૪૫૯૬૯ પર ઠેર ઠેરથી શુભેચ્છાનો ધોધ વરસી રહ્યો છે.

# માઁ સંતોષ શાળામાં ભૂલકાઓનો વિદ્યારંભ કરાવતા મહાનુભવો

## વિવિધ પરિક્ષાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરાયું, સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો

**અબતક, રાજકોટ**

વોર્ડ નં. ૩ માં આવેલી માઁ સંતોષી પે સેન્ટર શાળા નં. ૯૮ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫ નો કાર્યક્રમ નરેન્દ્રસિંહ જાડેજા ડે. મેયરના અદયક્ષ સ્થાને યોજવામાં આવેલ. કાર્યક્રમના મુખ્ય મહેમાન ઈલાબેન પડીયા, મંત્રી રાજકોટ શહેર, સુરેશભાઈ સાઘવાણી, અતુલભાઈ પંડિત, પૂર્વ ચેરમેન ન.પ્રા. શિ. સમિતિ અલ્પાબેન દવે સહીતનાનું સ્વાગત કરવામાં આવેલ.

બાલવાટિકામાં ૧૧૭ બાળકોએ પ્રવેશ મેળવેલ તેઓને કિટ આપી સન્માનીત કરવામાં આવેલ ધો. ૧ માં ૧૭ બાળકોએ પ્રવેશ મેળવે. વાર્ષિક પરીક્ષામાં ધો. ૩ થી ૬ વિદ્યાર્થીઓ વર્ષ દરમ્યાન સૌથી વધુ હાજરી ધરાવતા ૬ વિદ્યાર્થીઓને સન્માનીત કરવામાં આવેલ. એનએમએમએસ ટોપ ૩ રાજકોટ શહેરમા પ્રથમ સારિકા જાદવનું સ્વાગત કરેલ, જ્ઞાન સાધના પરીક્ષામાં ટોપ ૩ વિદ્યાર્થીઓને જ્ઞાન સેતુ પરીક્ષામાં મેરીટમાં ૨૪ વિદ્યાર્થીઓને સન્માન કરવામાં આવેલ.

અતુલભાઈ પંડિતે પોતાના વકત્વમાં જણાવેલ શાળા નં. ૯૮માં ૧૧૦૧ વિદ્યાર્થીઓ છે તે રાજકોટની શાળામાં કામગીરીની છણાવટ કરી હતી.

# યુવા એડવોકેટ અમિત ગડારાનો આજે જન્મદિવસ



બાર એસોસિએશનના સભ્ય અને યુવા એડવોકેટ અમિત ગડારાનો આજે જન્મ દિવસ છે.જામનગર જિલ્લાના ધાંગડા ગામના વતની અને હાલ રાજકોટને કર્મભૂમિ બનાવનાર અમીત વલ્લભભાઈ ગડારાએ વતન માં પ્રાથમિક શિક્ષણ લીધા બાદ રાજકોટ ખાતે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. પાંધી ઈંગ્લીશ મીડીયમ લો કોલેજમા એલ.એલ.બી નો અભ્યાસ કરેલો અને લો ના અભ્યાસની શરૂઆતથી જ કોર્ટ પેક્ટીસ શરૂ કરેલ હતી. તેઓ છેલ્લા ૧૦ વર્ષથી રાજકોટ ના ખ્યાતનામ એડવોકેટ અભયભાઈ ભારદ્વાજ ના જુનીયર રહી ચુકેલ અલ્પેશભાઇ પોકિયા(પી એન્ડ આર લો ચેમ્બર) ની સાથે વકીલાત કરે છે. રાજકોટ અને બહારગામની સેસન્સ કોર્ટ, ફેમીલી કોર્ટ, ફોજદારી કોર્ટમા પ્રેક્ટીસ કરે છે. તુલસી કેડીટ કો.ઓપ. સો., ધનવર્ષા કેડીટ કો.ઓપ.સો, પરીન કેડીટ કો.ઓપ.સો., જશ કેડીટ કો.ઓપ.સો, વિગેરે સહકારી મંડળીના લીગલ પેનલ એડવોકેટ તરીકે જોડાયેલ છે. પાટીદાર સમાજની ઉમા ડાયનામીક કલબ, ઉમા યુવા કાઉંડેન્શન, જેવી નાની મોટી વીવીધ સંસ્થાઓ સાથે જોડાયને પોતાનું ઉત્તર દાયિત્વ નિભાવી રહ્યા છે. રાજકોટ ફેલીમી કોર્ટમા ભુતપુર્વ પેનલ એડવોકેટ તરીકે સરકાર તરફે લગ્ન વીષયક કેસ કાર્યવાહીમા આર્થિક રીતે નબળા પક્ષકારોને પણ કાનુની સેવા આપેલ હતી. ચકચારી કેસોમા પોતાના અસીલને કાનુની આંટી ઘુંટીમાંથી પસાર થઈને ન્યાયની સીડી સુધી પહોંચાડેલ છે. મળતાવળા સ્વભાવના કારણે કોર્ટ વર્તુળોમાં સારી એવી નામના ધરાવે છે. અમિત ગઢારાના જન્મ દિવસે સિનિયર જુનિયર વકીલો સગા સંબંધીઓ અને મિત્ર વર્તુળો દ્વારા ચોમેરથી તેમના મો.નં.૯૭૨૬૭૭૪૦૪૮ ઉપર શુભકામનાઓ પાઠવી રહેલા છે.

# મુંબઇ: ઘાટકોટર જૈન મોટા સંઘમાં ચૂંટણી યોજાઈ

## ૬૬૦૦ જેટલા સભ્યમાંથી ૧૮૯૪ના મતદાનમાં ૧૪૦ મત અમાન્ય

**અબતક, રાજકોટ**

વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, હિંગવાલાબેન ઘાટકોપરની ૨૯ જુન, રવિવારે ચુંટણી યોજાયેલ. જેમાં ટ્રસ્ટી મંડળમાં સર્વ અનિલભાઈ જે. ભાયાણી, અનિલભાઈ એન. સુતરીયા, બિપીનભાઈ જી. સંઘવી, વિનોદભાઈ એન. લાખાણી, મુકેશભાઈ સી. કામદાર તેમજ કમીટીમાં છાયાબેન કોટીચા, દર્શકભાઈ રૂપાણી, મનસુખભાઈ કોઠારી, રીટાબેન કે. કોઠારી, રેખાબેન આર. શેઠ, નીતીનભાઈ જે. બદાણી, પ્રવરભાઈ આર. કોટીચા, ઉર્વિશભાઈ આર. વોરા, તુષારભાઈ એચ. મહેતા, ભરતભાઈ જે. જસાણી, મુકેશભાઈ વી. મહેતા, અલકેશ જે. દોમડીયા, અનૂર્વ એમ. કામદાર, ડો. કુલીન આર. શાહ, અમિત જી શાહ, નરેશ સી. સંઘવી

ટ્રસ્ટીમાં સૌથી વધુ મત અનિલભાઈ જમનાદાસ ભાયાણીને ૧૨૮૩ અને કારોબારી કમિટીમાં છાયાબેન પ્રવરભાઈ કોટીચાને સૌથી વધુ મત ૧૬૭૨ મત મળ્યા હતા. ચુંટણી કમિશ્નર તરીકે ડો. સંજય એમ. સંઘવી, હરેશ વી. ગાંધી, અનિલ બિલખીયા, રજનીકાંત શાહે, સંચાલન કરેલ. ૬૬૦૦ જેટલા સભ્યોમાંથી ૧૮૯૪ મતદાનમાં ૧૪૦ મત અમાન્ય થયેલ.

# સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનીસ ટુર્નામેન્ટમાં રાજકોટના દેવ ભટ્ટની બેવડી સિધ્ધ




**અબતક, રાજકોટ**

ગુજરાત સ્ટેટ ટેબલ ટેનિસ એસો.ના નેજા હેઠળ અને કચ્છ ડિસ્ટ્રીકટ ટેબલ ટેનિસ એસો.ના ઉપક્રમે યોજાયેલી દીનદયાલ પોર્ટ ઓથોરીટી બીજી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ-૨૦૨૫ માં રાજકોટના દેવ ભટ્ટી અંડર-૧૫ અને અંડર-૧૩ એમ બે ટાઈટલ જીતીને બેવડી સિધ્ધી હાંસલ કરી હતી.

બોયઝ અંડર-૧૫ માં બીજા ક્રમના અને ૧૧ વર્ષના દેવ ભટ્ટે મોખરાના ક્રમના અમદાવાદના દ્રિજ ભાલોડીયાને અંડર-૧૩ ની ફાઈનલ ૩-૧ થી હરાવીને ટાઈટલ પોતાના નામે કર્યુ હતું.

# તબીબી ક્ષેત્રે અનન્ય સેવા આપતા ડો.એમ.વી. વેકરીયાનો જન્મદિવસ



આજે ૧ જૂલાઈ, ડોકટર્સ ડે છે, જોગાનુજોગ સામાજીક અને તબીબી ક્ષેત્રે પોતાની અનન્ય સેવાઓ વડે હંમેશા અગ્રેસર રહેતા આપણા રાજકોટ શહેરના નામાંકિત પ્રોક્ટોલોજીસ્ટ ડો. એમ.વી. વેકરીયાનો પણ જન્મદિન છે. તેઓ ૬૭માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યાં છે. તેઓ છેલ્લા ૩૯ વર્ષોથી તેઓ તબીબી ક્ષેત્રે તેમજ સેવાકીય ક્ષેત્રે યશસ્વી કામગીરી કરી રહ્યાં છે. ડોકટર્સ એસોસીએશનમાં સતત સક્રિય રહીને તબીબી સેવાઓ આપતા ડો.એમ.વી. વેકરીયા એકદમ મૃદુ, સરળ સ્વભાવ અને સેવાભાવને વરેલા છે. તેમણે જામનગર યુનિવર્સિટીથી સ્નાતકની પદવી મેળવ્યા બાદ બનારસ યુનિવર્સિટીમાંથી પ્રોક્ટોલોજીની ડિગ્રી મેળવી હરસ, મસા-ભગંદરના નિષ્ણાત તરીકે સેવાઓ આપવાનો શુભારંભ કર્યો હતો. અને સફળતાપૂર્વક ૩૧૦૦૦ દર્દીઓના ઓપરેશનો કરી મળમાર્ગના રોગોના રાહબર બની ચૂકયા છે.

ડો. વેકરીયા સતત છેલ્લી ચાર ટર્મથી બીજેપી ડોકટર્સ સેલમાં સહકન્વીનર પદ પર ૧૨ વર્ષ સેવા આપી ચુકયા છે.તેઓ દેશ-વિદેશની ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ભાગ લેતા રહે છે. તેઓથી ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ધન્વંતરિ એવોર્ડ, લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ, સૌરાષ્ટ્રનો બેસ્ટ પ્રોક્ટોલોજીસ્ટ એવોર્ડ અને એમીનન્સ એવોર્ડ પણ પ્રાપ્ત કરી ચુકયા છે,

બહોળુ મિત્રવૃંદ અને ડોક્ટર મિત્રો અને મિડીયાના મિત્રોમાં અપાર ચાહના ધરાવતા ડો. વેકરીયાએ સામાજીક ક્ષેત્રે સેવા પ્રવૃતિઓ દ્વારા ખૂબ જ યશ અને નામના હાંસલ કરેલ છે. તેમના જન્મદિનના શુભ અવસરે મો. ન. ૯૮૨૪૦ ૬૬૩૨૧ પર શુભકામનાઓની વર્ષા થઈ રહી છે.

# તબીબ રત્ન ડો. હિમાંશુ ઠક્કરનો આજે જન્મદિવસ



ડો. હિમાંશુ ઠક્કર કે જેઓ રાજકોટ ખાતે ઈ.એન.ટી. સર્જન તરીકે છેલ્લા ૨૩ વર્ષથી પણ વધારે સમયથી પ્રેક્ટિસ કરે છે. મૂળ જૂનાગઢનાં વતની અને રાજકોટને પોતાની કર્મભૂમિ બનાવનાર આ તબીબ કે જેમને નાની ઉમરમાં અનેક જટિલ ઓપરેશનો પાર પાડી તબીબી ક્ષેત્રે ખૂબ જ નામના મેળવી છે.તેમનો આજે જન્મ દિવસ છે. તે સાથે આજે ૧ જુલાઈ નેશનલ ડોક્ટર્સ ડે તરીકે પણ ઉજવાય છે. તેઓ દર્દી નારાયણની સેવામાં હમેશા તત્પર રહે છે. પેજ ૩ મેગેઝિન દ્વારા પ્રિસ્ટ ઓફ હયુમીનીટી અવોર્ડ પણ ડો હિમાંશુ ઠક્કર ને એનાયત થયેલ છે.દર્દીના નાકમાંથી એન્ડોસ્કોપી દ્વારા ૮ સેન્ટીમીટર મોટો મસો કાઢી ડો હિમાંશુ ઠક્કરે લિમ્કા બુક ઑફ રેકોર્ડ્સમાં ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કર્યું. તેઓ રઘુવંશી ડોક્ટર અસોશિએશનના ભૂતપૂર્વ પ્રમુખ રહી ચુકેલા છે. તેઓ રાજકોટ લોહાણા મહાજનના ભૂતપૂર્વ માનદ મંત્રી પણ રહી ચૂક્યા છે.

આજે ૧ જુલાઈ કે જે ડોક્ટર્સ ડે તરીકે ઉજવાઈ છે સાથે સાથે તેમની ડો. ઠક્કર ઈ.એન.ટી. અને ડેન્ટલ હોસ્પિટલ કે જે વિદ્યાનગર મેઈન રોડ. ૨૦૨ લાઈફ લાઈન બિલ્ડીંગ રાજકોટ ખાતે આવેલ છે જે ૧૮ વર્ષ પૂરા કરી ૧૯ માં વર્ષમાં પ્રવેશ કરે છે. છેલ્લા ૧૮ વર્ષથી ઠક્કર હોસ્પિટલ ખાતે જરૂરીયાત મંદ દર્દીઓ માટે ૧ જુલાઈ ના રોજ સેવા યજ્ઞ રૂપી કેમ્પ નું આયોજન કરવામાં આવી રહ્યું છે

મોબાઈલ નં. ૯૧૦૬૧૧૯૦૩૮ પર જન્મ દિવસ અને ડોકટર દિવસ નિમિતે વર્ષા વરસી રહી છે.

# રામધુન સંતવાણી મંડળ દ્વારા ૧૩માં સમુહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન

**અબતક, રાજકોટ**

રામ ધુન સંતવાણી મંડળ, રાજકોટ દ્વારા ૫૧ દીકરીઓના ૧૩માં સર્વ જ્ઞાતિના સમુહલગ્નનું આયોજન કરવામાં આવેલ છે. જેના ફોર્મ તા. ૧-૭ થી ૨૦-૭-૨૫ સુધી વિતરણ કરવામાં આવશે. બાલાજી હોલ, ૧૫૦ ફુટ રીંગ રોડ, ચંદ્રેશનગર મેઈન રોડ, મામા સાહેબના ખીજડાની પાસે રાજકોટ ખાતેથી ફોર્મ મેળવવાનું રહેશે જેની વધુ માહીતી માટે જાગૃતિબેન પંડયા મો. નં. ૮૧૪૦૮ ૩૪૩૪૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# સ્માર્ટ સિટીથી કટારિયા ચોકડી સુધીનો રોડ ડેવલપ કરાશે: પારડી રોડ પર નવું ફાયર સ્ટેશન બનશે


## વૃક્ષારોપણ માટે ત્રણ વર્ષનો કોન્ટ્રાક્ટ આપવા તથા વેસ્ટ ઝોનમાં ડામર એક્શન પ્લાન મંજૂર કરવા સહિતની ૬૩ દરખાસ્તો અંગે કાલે સ્ટેન્ડિંગમાં લેવાશે નિર્ણય

**અબતક, રાજકોટ**

શહેરના સ્માર્ટ સિટી વિસ્તારથી કટારિયા ચોકડી સુધીનો સેકન્ડ રિંગ રોડ રૂ.૪૪.૮૦ કરોડના ખર્ચે ડેવલપ કરવામાં આવશે. આ ઉપરાંત વોર્ડ નં.૧૭માં પારડી રોડ પર વિરાટ નગરમાં નવું ફાયર સ્ટેશન બનાવવા સહિતની અલગ-અલગ ૬૩ દરખાસ્તો અંગે આવતીકાલે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં નિર્ણય લેવામાં આવશે.

આ અંગે વધુ માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકરે જણાવ્યું હતું કે સ્માર્ટ સિટીથી કટારિયા ચોકડી સુધીના સેકન્ડ રિંગ રોડને ડેવલપ કરવા રૂ.૩૯.૬૭ કરોડના એસ્ટીમેન્ટ સાથે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું.

જેમાં બે એજન્સીની ઓફર આવી હતી. ક્લાસિક નેટવર્ક પ્રાઈવેટ લીમીટેડે આ કામ ૪.૩૨ ટકા ઓછા ભાવે કરી આપવાની ઓફર આપી છે. રૂ.૩૭.૯૬ કરોડનો ખર્ચ ઉપરાંત જીએસટી સાથે રૂ.૪૪.૮૦ કરોડનો ખર્ચ મંજૂર કરવા અંગે સ્ટેન્ડિંગમાં દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં ૩૯૦૦ રનિંગ મીટરના રસ્તાને ડેવલપ કરવામાં આવશે. ૧૦.૫૦ મીટરનો કેરેઝ-વે, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈન, ત્રણ પાઈપ કલ્વર્ટના કામનો સમાવેશ થાય છે. આ કામથી



આશરે ૫ લાખથી વધુ લોકોને ફાયદો થશે. ચાર કિલોમીટરનો આ કટકો ડેવલપ કરવાથી સ્માર્ટ સિટીથી કટારિયા ચોકડી સુધીનું સેકન્ડ રિંગ રોડનું કામ પુરૂં થઈ જશે.

તેઓએ વધુમાં ઉમેર્યું હતું કે શહેરના વોર્ડ નં.૧૭માં પારડી રોડ પર વિરાટ નગરમાં કોર્પોરેશનના ૧૭૦૦ ચોરસ મીટરના પ્લોટમાં ફાયર સ્ટેશન તથા સ્ટાફ ક્વાર્ટર બનાવવામાં આવશે. જેમાં ગ્રાઉન્ડ ફ્લોર પર કવર્ડ ફાયર ટેન્ડર પાર્કિંગ એરિયા, કંટ્રોલ રૂમ, એડમીન અને ત્રણ ઓફિસ, ફર્સ્ટ ફ્લોર પર બે સ્ટાફ રૂમ, બે રેસ્ટ રૂમ અને ટુબીએચકેના સ્ટાફ ક્વાર્ટર, સેકન્ડ ફ્લોર પર થ્રીબીએચકેના ચાર અને ટુબીએચકેના ચાર સ્ટાફ ક્વાર્ટર અને ત્રીજાથી લઈ સાતમા માળ સુધી દરેક માળે ટુબીએચકેના ૮ સ્ટાફ ક્વાર્ટર બનાવવામાં આવશે. દર વર્ષે ચોમાસાની સિઝનમાં વૃક્ષારોપણ માટે ટેન્ડર પ્રસિદ્ધ કરી કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે. બજેટમાં એવી ઘોષણા કરવામાં આવી હતી કે બાળકના જન્મ સાથે તેના નામ સાથે વૃક્ષારોપણ કરવામાં આવશે. આ યોજના હવે આગળ વધશે. માનવ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટને વૃક્ષારોપણ માટેનો કોન્ટ્રાક્ટ આપવામાં આવશે.

જેને પ્રતિ વૃક્ષ રૂ.૩૦૦૦ લેખે ચુકવવામાં આવશે. ત્રણ વર્ષ માટે વૃક્ષનું ઉછેર કરવાનો રહેશે. અંદાજે ૪૦ હજાર વૃક્ષોનું વાવેતર કરવાનું આયોજન છે. જેના માટે રૂ.૧૨ કરોડનો ખર્ચ થશે. આ ઉપરાંત આવતીકાલે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ હસ્તકની કતલખાના વિભાગની આરોગ્ય શાખાને સોંપી દેવા, વેસ્ટ ઝોનના ૬ વોર્ડમાં ડામર કામ કરવાનો કોન્ટ્રાક્ટ આપવા, વોર્ડ નં.૧૧માં પરસાણા ચોકથી કણકોટ ગામ સુધીના રસ્તાને ડેવલપ કરવા સહિતની અલગ-અલગ ૬૩ દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવશે. ફાયર બ્રિગેડ શાખામાં ૬૯૯ કર્મચારીઓનું મહેકમ મંજૂર કરવા અને નિયમો ઘડવા માટે પણ નિર્ણય લેવાશે.

### દસ્તૂર રોડ નાલા નીચે વરસાદી પાણીના નિકાલ માટે પાઈપલાઈનની દરખાસ્ત આવી ગઈ

શહેરના વોર્ડ નં.૭માં દસ્તૂર માર્ગ પર કોર્પોરેશન દ્વારા નાલું બનાવવા માટે રેલવેને કરોડો રૂપિયાની ચુકવણી કરી દેવામાં આવી છે. આ કામ પૂર્ણ થઈ ગયું છે. હવે અહિં ૨૭૦ રનિંગ મીટર વિસ્તારમાં ૪૫૦ અને ૬૦૦ મીમી ડાયાના આરસીસી પાઈપ નાંખવા માટે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. રૂ.૧૨.૪૭ લાખનું એસ્ટીમેન્ટ હતું. જેમાં બે એજન્સીની ઓફર આવી હતી. વિનાયક એન્ટરપ્રાઈઝે આ કામ ૫.૪૦ ટકા ઓન સાથે કરી આપવાની ઓફર આપી છે. જીએસટી સાથે રૂ.૧૫.૫૧ લાખનો ખર્ચ મંજૂર કરવા સ્ટેન્ડિંગમાં દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. જેના અંગે કાલે નિર્ણય લેવામાં આવશે.

### શ્યામા પ્રસાદ મુખરજી આર્ટ ગેલેરીના ભાડાનો દર રૂ.૫,૦૦૦થી લઈ ૩૦,૦૦૦ સુધી રહેશે

#### ભાડું, ડિપોઝીટ અને નિયમો નક્કી કરવાની દરખાસ્ત અંગે કાલે નિર્ણય લેવાશે

રેસકોર્ષ સંકુલ ખાતે કોર્પોરેશન દ્વારા શ્યામા પ્રસાદ મુખરજી આર્ટ ગેલેરીનું અત્યાધુનિકીકરણ કરવામાં આવ્યું છે. જેનું લોકાર્પણ તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું છે. જેને ભાડે આપવા માટે ડિપોઝીટનો દર, ભાડાનો દર અને નિયમો નક્કી કરવા માટે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. અલગ-અલગ ત્રણ ગેલેરીઓમાં સોમવારથી લઈ ગુરૂવાર સુધી ભાડાનો દર રૂ.૫,૦૦૦થી લઈ ૨૦,૦૦૦ સુધી અને ડિપોઝીટનો દર રૂ.૫,૦૦૦થી લઈ ૨૦,૦૦૦ સુધી રહેશે. જ્યારે શુક્રવારથી લઈ શનિવાર સુધી ભાડાનો દર રૂ.૧૫,૦૦૦થી લઈ ૩૦,૦૦૦ અને ડિપોઝીટનો દર પણ આટલો જ નિયત્ત કરવામાં આવ્યો છે. ગેલેરી-કમાં ભાડાનો દર રૂ.૭૦૦૦થી ૧૨,૦૦૦ રહેશે. જ્યારે તમામ દિવસોમાં મેઈન્ટેનન્સ ચાર્જ રૂ.૨,૦૦૦, સફાઈ ચાર્જ રૂ.૧૫,૦૦, સિક્યુરિટી ગાર્ડ ચાર્જ રૂ.૧૫૦૦ અને એડમીન ચાર્જ રૂ.૨૦૦૦ રાખવામાં આવ્યો છે. આર્ટ ગેલેરી ભાડે આપવા માટે અલગ-અલગ ૪૪ નિયમો ઘડવામાં આવ્યા છે.

# મવડી અને મોટા મવા વિસ્તારમાં ડિમોલીશન: ૪૧.૬૭ કરોડની જમીન ખુલ્લી કરાવાય

## વોર્ડ નં.૧૧માં સ્પીડવેલ સર્કલ સામે ટીપીના પ્લોટ પરથી ઓટાનું દબાણ અને વોર્ડ નં.૧૨માં નંદનવન સોસાયટીમાં બે મકાન, એક રૂમ, એક વંડો અને કમ્પાઉન્ડ વોલનું બાંધકામ પર બુલડોઝર ફેરવી દેવાયું

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની વેસ્ટ ઝોન કચેરીની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા આજે શહેરના વોર્ડ નં.૧૧માં અને ૧૨માં ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત કોર્પોરેશનને ટીપી સ્કિમ અંતર્ગત પ્રાપ્ત થયેલા અનામત પ્લોટ પર ગેરકાયદે ખડકાઈ ગયેલા દબાણો તોડી પાડી રૂ.૪૧.૬૭ કરોડની જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી.

વોર્ડ નં.૧૨માં મવડી વિસ્તારમાં રાધિકા પાર્કની બાજુમાં નંદનવન સોસાયટીમાં ટીપી સ્કિમ નં.૧૨ (મવડી)ના અંતિમ ખંડ નં.૮/૧/એ ના સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે અનામત પ્લોટમાં ૨૬૪૫ ચોરસ મીટર જમીનમાં ખડકાયેલા બે મકાન, એક વંડો, એક રૂમ અને કમ્પાઉન્ડ વોલ સહિતનું બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું. રૂ.૨૨.૪૮ કરોડની જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી ત્યારબાદ ટીપીનો કાફલો શહેરના વોર્ડ નં.૧૧માં ત્રાટક્યો હતો. અહિં મોટા મવા





વિસ્તારમાં સ્પીડવેલ સર્કલની સામે ટીપી સ્કિમ નં.૨૪ (મોટા મવા)ના અંતિમ ખંડ નં.૩૨/એના એસઈડબલ્યૂએસએચ હેતુ માટેના ૧૯૧૯ ચોરસ મીટર જમીન પર ખડકાયેલા ઓટાનું બાંધકામ તોડી પાડી રૂ.૧૯.૧૯ કરોડની જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી. આજે ડિમોલીશન દરમિયાન કુલ ૪૧.૬૭ કરોડની ૪૫૬૪ ચોરસ મીટર જમીન ખૂલ્લી કરાવવામાં આવી હતી. ડિમોલીશનની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના બની ન હતી. આગામી દિવસોમાં પણ ટીપીના પ્લોટ પર ખડકાયેલા દબાણો દૂર કરવા માટે ડિમોલીશનની કામગીરી ચાલુ રહેશે.

# સાત ભેળસેળીયા વેપારીઓને રૂ.૧.૯૬ લાખનો દંડ ઝીંકાયો

## પનીર, સપ્લીમેન્ટ ટેબ્લેટ, મન્ચુરીયન ફ્રાઈડ, ફરાળી લોટ - ફરાળી પેટીસ, મિક્સ દૂધ, મુખવાસના નમૂના ફેઈલ જતા આકરી કાર્યવાહી

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી લેવામાં આવેલા સાત ખાદ્ય સામગ્રીના સેમ્પલ ફેઈલ જતા ભેળસેળીયા વેપારીઓને રૂ.૧.૯૬ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. ફૂડ વિભાગની ટીમ દ્વારા સોરઠીયા વાડી વિસ્તારમાં અજેન્દ્ર ડેરીમાંથી લેવામાં આવેલો પનીરનો નમૂનો ફેઈલ જતા પેઢીના માલિક તથા સંચાલકને રૂ.૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. જ્યારે ગાંધીગ્રામ વિસ્તારમાં સત્યનારાયણ શેરી નં.૨માં ધારેશ્વર કૃપામાં હિરવા હેલ્થ કેરમાંથી લેવાયેલો ફૂડ સપ્લીમેન્ટ ટેબ્લેટનો નમૂનો ફેઈલ જતા પેઢીના ભાગીદારને રૂ.૪૨,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર પંચેશ્વર પાર્કમાં નંદનવન રેસ્ટોરન્ટની બાજુમાં આવેલા રેડ એપલ ગાર્ડન રેસ્ટોરન્ટમાંથી લેવામાં આવેલો મન્ચૂરીયન ફ્રાઈડનો નમૂનો ફેઈલ જતા રૂ.૨૦,૦૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. જ્યારે રૈયા રોડ પર રેડીયન્સ એપાર્ટમેન્ટમાં રાધે કેટરર્સમાંથી લેવાયેલો ફરાળી લોટ - ફરાળી પેટીસનો નમૂનો ફેઈલ જતા રૂ.૧૦,૦૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. પુષ્કરધામ રોડ પર ક્રિષ્ના પાર્ક સોસાયટી સ્થિત ખોડિયાર ડેરી ફાર્મ અને નમકીનમાંથી લેવાયેલો મિક્સ દૂધનો નમૂનો ફેઈલ જતા વેપારીને રૂ.૧૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. જ્યારે જૂની પ્રહ્લાદ ટોકીઝ પાસે પ્રકાશ સ્ટોર્સમાંથી બે ફ્લેવરના મુખવાસના નમૂના લેવાયા હતા. જે બંને પરિક્ષણમાં ફેઈલ જતા રૂ.૧૪,૦૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

# નાણાવટી ચોકમાં અતુલ બેકરીમાં કોર્પોરેશનનું ચેકીંગ: કેક-બ્રેડના નમૂના લેવાયા

## એક્સપાયર કેકનું વેંચાણ થતું હોવાના વીડિયો વાયરલ થયા બાદ આરોગ્ય શાખા ત્રાટકી

**અબતક, રાજકોટ**

સોશિયલ મીડિયા પર એક જાગૃત્ત નાગરિકે એવો વિડીયો વાયરલ કર્યો હતો. જેમાં શહેરના નાણાવટી ચોકમાં આવેલી અતુલ બેકરીમાં એક્સપાયર થયેલી કેકનું વેંચાણ કરવામાં આવે છે. જેના સંદર્ભે આજે કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.

૧૫૦ ફૂટ રીંગ રોડ પર નાણાવટી ચોકમાં જાસલ કોમ્પ્લેક્સમાં અંબિકા ફૂડ્સ (અતુલ બેકરી)ના આઉટલેટમાં આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. પેઢીને ખાદ્ય ચીજોનું યોગ્ય તાપમાનમાં સ્ટોરેજ કરવા અને ફૂડ





લાયસન્સ સંદર્ભે નોટિસ આપવામાં આવી હતી. ડાર્ક ફોરેસ્ટ ચોકો કેક અને હોલવીટ બ્રેડનો નમૂનો લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો. જ્યારે રામકૃષ્ણ રોડ પર મંજુલ તીર્થ એપાર્ટમેન્ટ સ્થિત ઈશ્વરભાઈ ઘુઘરાવાળાને ત્યાંથી નમકીન ઘુઘરા અને મીઠી ચટણીનો નમૂનો લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો છે. ઢેબર રોડ પર ધ ગ્રાન્ડ રિજન્સી હોટેલ (પંકજ ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લીમીટેડ)માંથી પનીર અંગારા સબ્જી અને ચોળી મસાલા સબ્જીનો નમૂનો લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો.

### ઈશ્વરભાઈ ઘુઘરા વાળાને ત્યાંથી ચટણી અને ઘુઘરાના જ્યારે ગ્રાન્ડ રિજન્સીમાંથી સબ્જીના નમૂના લેવાયા

## અમે વિકાસ માંગ્યો હતો..તમે તો ખાડા જ આપ્યાં

# ત્રણ માસ પછી પણ વૈશાલીનગરમાં રોડનું કામ અધુરૂં: સ્થાનિકોમાં રોષ

## કોર્પોરેશન દ્વારા પાઈપલાઈન નાખવાની કામગીરી તો પૂર્ણ થઈ પણ અધુરો રોડ અને નવો રોડ ક્યારે પૂર્ણ કરાશે? લોકોમાં સવાલ

**અબતક, રાજકોટ**

ચોમાસુ પુરબહારમાં જામી ગયું પરંતુ હજુ રાજકોટ શહેરના રોડ રસ્તાએ વિકાસની દોટ મૂકી હોય તેમ રોડના કામ આયોજન વિનાના અને તંત્રની અણઆવડતનો ઉત્તમ નમૂના સમાન છે.ત્યારે રાજકોટ શહેરના રૈયા રોડ પર આવેલ વૈશાલીનગર ૧૦માં થોડા સમય પહેલા પાઈપલાઈન નાખવાની કામગીરી અર્થે રોડ ખોદી નાખવામાં આવ્યો હતો. જો કે આ કામને ત્રણ મહિનાનો સમય વીતી ગયા બાદ પણ નવો રોડ હજુ સુધી બન્યો નથી જેને લઈને રહીશોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.તંત્રની આયોજન વગરની કામગીરી અને આયોજન વગરના આ રોડ પાછળ પાલિકાએ પાઈપલાઈન નાખવાની કામગીરી માટે કરોડો રૂપિયા ખર્ચ્યા હશે પણ રોડની કામગીરી પુરી ના થઈ. એક રોડ તો પુરો કર્યો નથી અને બીજો રોડની કામગીરી શરૂ કરી ક્યારે પૂર્ણ થશે તેના પર અનેક સવાલ ઉભા થઈ રહ્યા છે. ‘‘અબતક‘‘ સાથેની વાતચીતમાં સ્થાનિકોએ જણાવ્યું હતું કે, નવી પાઈપલાઈન નાખ્યા બાદ રસ્તાઓ પર માત્ર પથ્થરો અને માટી નાખીને કામ અધૂરું છોડી દેવાયું છે. પાઈપલાઈનનું કામ ત્રણ મહિના પહેલા પૂરું થઈ ગયું હોવા છતાં, ડામર રોડનું કામ હજુ બાકી છે.સ્થાનિક પ્રશાસનનો સંપર્ક કરતાં કોઈ સંતોષકારક જવાબ મળતો નથી અને માત્ર એટલું જ કહેવામાં આવે છે કે ‘‘અમે કોન્ટ્રાક્ટ આપ્યો છે, તેઓ આવીને કામ પૂર્ણ કરશે.તંત્ર દ્વારા હાલ એવો જવાબ આપવામાં આવી રહ્યો છે કે વરસાદ નહિ હોય બાદમાં કામ શરૂ કરવામાં આવશે.ચોમાસામાં આ અધૂરા રસ્તાઓની સ્થિતિ વધુ વણસી છે. વરસાદી પાણી ભરાઈ જતાં રસ્તા પરના પથ્થરો દેખાતા નથી, જેના કારણે સ્કૂટરો ફસાઈ જાય છે અને અકસ્માત થવાની સંભાવના વધી ગઈ છે. આ વિસ્તારમાં લોકોની અવરજવર ખૂબ વધારે હોવાથી જોખમ સતત મંડરાઈ રહ્યું છે.વૈશાલીનગર ૧૦ના રહીશોની એક જ માંગ છે કે, તંત્ર દ્વારા આ રસ્તાઓનું સમારકામ ઝડપથી પૂર્ણ કરવામાં આવે જેથી તેમને દૈનિક તકલીફમાંથી રાહત મળે અને અકસ્માતનો ભય દૂર થાય.




તસ્વીર: હર્ષ ઝીંઝુવાડીયા

### તાકીદે રોડનું કામ પુરૂ કરવામાં આવે: સ્થાનિક રાજુભાઈ મેર



સ્થાનિક રાજુ મેરે ‘‘અબતક‘‘ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, નવી પાઈપલાઈન નાખ્યા બાદ ખુલ્લા મુકાઈ ગયેલા રસ્તાઓને કારણે ચોમાસામાં ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. પાઈપલાઈનનું કામ છેલ્લા ત્રણ મહિનાથી પૂરું થઈ ગયું હોવા છતાં, રસ્તાનું સમારકામ (ડામર રોડ) કરવામાં આવ્યું નથી, જેના કારણે સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.રસ્તાઓ પર માત્ર માટી અને પથ્થરો હોવાથી વરસાદી પાણી ભરાઈ જતાં સ્થિતિ વધુ વણસી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, સ્કૂટરો રસ્તામાં ફસાઈ જાય છે અને પાણી ભરાયેલું હોવાથી પથ્થરો દેખાતા નથી, જેના કારણે અકસ્માત થવાની સંભાવના અને લોકોને ઈજા પહોંચવાની શક્યતા વધી ગઈ છે.

### અકસ્માતોની સંભાવના વધી જાય છે: સ્થાનિક દીપકભાઈ મહેતા



વૈશાલીનગર ૧૦ના સ્થાનિક દિપકભાઈ મેહતાએ ‘‘અબતક‘‘ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, અમારા વિસ્તાર લોકો છેલ્લા ત્રણ મહિનાથી અધૂરા રોડ કામને કારણે ભારે હાલાકી ભોગવી રહ્યા છે. રોડ ઉપર માત્ર પથ્થરો અને માટી નાખીને કામ અધૂરું છોડી દેવામાં આવ્યું છે, જેના કારણે લોકોને ભારે મુશ્કેલી પડી રહી છે.પાઈપલાઈનનું કામ પણ છેલ્લા ત્રણ મહિનાથી પૂર્ણ થઈ ગયું છે પરંતુ રોડનું કામ થયું નથી.જ્યારે સ્થાનિક પ્રશાસનનો સંપર્ક કરવામાં આવે છે, ત્યારે તેમને કોઈ સંતોષકારક જવાબ મળતો નથી અને માત્ર એટલું જ કહેવામાં આવે છે કે ‘‘અમે કોન્ટ્રાક્ટ આપ્યો છે, તેઓ આવીને કામ પૂર્ણ કરશે.‘‘આ અધૂરા રોડને કારણે અકસ્માતનો ભય સતત મંડરાઈ રહ્યો છે. બાળકો શેરીમાં રમતા હોય ત્યારે આવા પથ્થરવાળા રસ્તાઓ પર પડી જવાની કે વાહન ચાલકોને લપસી પડવાની સંભાવના વધી જાય છે.

# તમિલનાડુમાં ફટાકડાં ફેક્ટરીમાં વિસ્ફોટ: પાંચના મોત

## ચાર લોકો ઈજાગ્રસ્ત, જરૂરી વ્યૂહાત્મક સુવિધાઓ વિના ફેન્સી ફટાકડાંનું ગેરકાયદે ઉત્પાદન કરી રહી હોવાનું નિરિક્ષણમાં જાણવા મળ્યું, પોલીસે વધુ તપાસ હાથ ધરી




**અબતક, તેલંગાણા**

તમિલનાડુના શિવાકાશી નજીક ચિન્નાકમનપટ્ટી ગામમાં આવેલી ફટાકડાની ફેક્ટરીમાં એક પ્રચંડ વિસ્ફોટ થયો હતો. જેમાં ૫ લોકોના મોત થયા હોવાની આશંકા છે. જ્યારે અન્ય ૪ ગંભીર રીતે દાઝ્યા છે.વિરૂધુનગર જિલ્લામાં આવેલી ગોકુલેશ ફાયરવર્ક્સ ફેક્ટરીમાં આજે વહેલી સવારે પ્રચંડ વિસ્ફોટ થયો હતો. જેમાં પાંચ કામદારોના મોત થયા હોવાના અહેવાલ છે. અન્ય ચાર ઈજાગ્રસ્ત થયા છે. ફેક્ટરી પાસે અવાજરહિત ફટાકડાં ઉત્પાદિત કરવાનું લાયસન્સ હતું. જો કે, જરૂરી વ્યૂહાત્મક સુવિધાઓ વિના ફેન્સી ફટાકડાંનું ગેરકાયદે ઉત્પાદન કરી રહી હોવાનું નિરિક્ષણમાં જાણવા મળ્યું છે. પોલીસે ઘટનાસ્થળે વિસ્ફોટનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે. ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે, ફેક્ટરીમાં અર્મર્યાદિત જગ્યા હોવાથી ખુલ્લા વિસ્તારમાં રો મટિરિયલ્સનો સંગ્રહ કરવામાં આવ્યો હતો. જે સુરક્ષાના માપદંડોનું ઉલ્લંઘન છે. સીપીસીબી રિપોર્ટમાં પણ નોંધ્યું હતું કે, ફેક્ટરીમાં જગ્યા ખૂબ ઓછી હોવાથી સુરક્ષાનું જોખમ વધુ હતું. ગતવર્ષે પણ શિવાકાશીમાં આવેલી એક ફટકડાંની ફેક્ટરીમાં અચાનક વિસ્ફોટ થતાં ૧૦ મજૂરોના મોત થયા હતાં. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલની દોરવણી હેઠળ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડે તપાસમાં નોંધ્યું હતું કે, યુનિટમાં સુરક્ષાના માપદંડોનું ગંભીર ઉલ્લંઘન થઈ રહ્યું હતું.

# મવડી વિસ્તારની ૧૭ વર્ષીય સગીરા ભેદી રીતે ગુમ

## પિતાની ફરિયાદ પરથી માલવિયાનગર પોલીસ મથકમાં અપહરણનો ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શહેરના મવડી વિસ્તારમાં રહેતા પરિવારની ૧૭ વર્ષની દીકરી ઘરેથી લાપતા થઈ જતા આ અંગે તેના પિતાએ માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરાના સગડ મેળવવા શોધખોળ શરૂ કરી છે. શહેરના મવડી વિસ્તારમાં રહેતા યુવાને માલવિયાનગર પોલીસ સ્ટેશન નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે, તે મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે તેમને સંતાનમાં ત્રણ પુત્રી તથા એક પુત્ર છે.ગઈ તારીખ ૧૧/૫/૨૦૨૫ ના યુવાન તેની પત્ની અને સંતાનો સાંજના સાડા પાંચેક વાગ્યે માર્કેટમાં ખરીદી કરવા માટે ગયા હતા. એક કલાક બાદ યુવાનની પત્ની અને બંને દીકરીઓ ખરીદી કરીને પરત ફર્યા હતા. બાદમાં સાંજે સાત વાગ્યા પત્નીએ કહ્યું હતું કે નાની દીકરી જે ૧૭ વર્ષની હોય તે ક્યાંય દેખાતી નથી. જેથી યુવાને કહ્યું હતું કે તે બહાર રમવા માટે ગઈ હશે થોડીવારમાં આવી જશે. પરંતુ રાતના આઠ વાગ્યા સુધી દીકરી ઘરે ના આવતા આજુ બાજુ માં તથા સગા સંબંધીઓને ત્યાં તપાસ કરી હતી. પરંતુ દીકરીનો કોઈ પતો ન લાગતા અંતે યુવાને આ અંગે માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પોલીસે અપહરણનો ગુનો નોંધી સગીરાના સગડ મેળવવા શોધખોળ શરૂ કરી છે.

# જેતપુરની નામચીન બે મહિલાના ગેરકાયદે મકાનો તોડી પાડતું તંત્ર

## શારદા વેગડા અને રેખા વેગડાના અનઅધિકૃત બાંધકામ પર બુલડોઝર ફરી વળ્યું



**અબતક જેતપુર કરણ બારોટ**

રાજ્યના પ્રત્યેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા અસામાજીક ગુંડા તત્વોની યાદી તૈયાર કરવા કડક સૂચના આપવામાં આવેલા ડીજીપી ના આદેશને પગલે જેતપુર ઉદ્યોગ નગર પોલીસ મથક વિસ્તારમાં ગુનાહિત પ્રવૃત્તિ ધરાવતી શારદાબેન હમીર વેગડા અને રેખાબેન લલિત વેગડાના ઘરની બાતમીના આધારે ગેર કાયદે બનાવેલા મકાનો પર તંત્ર દ્વારા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવતા અસામાજિક પ્રવૃત્તિ કરતા શખ્સોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવા તેમજ અસામાજીક ગુંડા તત્વો પર કડકમાં કડક કાર્યવાહી કરી તેમની પર સદંતર અંકુશ મેળવવા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આદેશ આપ્યો છે. વિકાસ સહાયે તમામ પોલીસ કમિશ્નર, રેન્જ વડા અને પોલીસ અધિક્ષક સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી તાકીદની બેઠક યોજી હતી. આ અસામાજિક તત્વોની યાદીમાં કેવા તત્વોનો સમાવેશ કરવો તે અંગે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. વારંવાર શરીર સંબંધી ગુનાઓમાં સંકળાયેલા વ્યક્તિઓ, ખંડણી ઉઘરાવવા, ધાક-ધમકી આપવાના ગુનાઓમાં સંડોવાયેલા વ્યક્તિઓ, મિલકત સામેના ગુનાઓ આચરનારા, પ્રોહિબિશન જે અંતર્ગત જેતપુર ઉદ્યોગ નગર પોલીસ મથક વિસ્તારમાં રહેતી શારદાબેન હમીર વેગડા દ્વારા જેતપુર શહેરના પાદરના સામાં કાંઠે નરસંગ ટેકરી વિસ્તારમાં આવેલ અનતિકૃત દબાણ વાળો બંગલો અને ગોડાઉન બનાવવામાં આવ્યો હતો તેમ જ રેખાબેન લલિત વેગડા દ્વારા પણ અન અધિકૃત દબાણ વાળો બંગલો દૂર કરવા માટે મામલતદાર નગરપાલિકા અને પીજીવીસીએલની ટીમ દ્વારા ગેરકાયદે બાંધકામ તોડી પાડી કાયદેસરની કાર્યવાહી ભાગ ધરવામાં આવી હતી. શારદાબેન વેગડા સામે ધમકી મારામારી આપઘાતની ફરજ પાડવાની એટ્રોસિટી સહિત ૧૦ ગુનામાં અને રેખાબેન વેગડા સામે ચોરી દારૂ સહિતના ૩૬ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકી છે.

(પહેલા પાનાનું ચાલું)

### અકસ્માત...

રાખવામાં આવશે તેવું જાણવા મળી રહ્યું છે.

ડિસેમ્બર ૨૦૨૪ માં સંસદમાં રજૂ કરાયેલા કેન્દ્ર સરકારના ડેટા અનુસાર વર્ષ ૨૦૧૩ અને ૨૦૨૨ વચ્ચે જીવલેણ માર્ગ અકસ્માતો મામલે ગુજરાત દેશભરમાં આઠમા ક્રમાંકે રહ્યું હતું. ત્યારે સતત બનતા અકસ્માતો પર કાબુ મેળવવા હવે ગતિ મર્યાદાને સીમિત કરવા તરફ રાજ્ય સરકારે ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

શહેરી માર્ગ સલામતીને પ્રાથમિકતા આપવા માટે વિભાગના અધિકારીઓ જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રૂલ્સ (જીડીસીઆર) માં સુધારો કરી રહ્યા છે. નવું માળખું દિવસ દરમિયાન રસ્તાની પહોળાઈ, ટ્રાફિક ઘનતા અને સમયગાળાના આધારે ગતિ મર્યાદા નક્કી કરશે.

૨૦૨૨ માં રાજ્ય સરકારે વિવિધ પ્રકારના વાહનો માટે ગતિ મર્યાદા જાહેર કરી હતી. ત્યારબાદ એવું કહેવામાં આવ્યું હતું કે, શહેરની મર્યાદામાં કારની ગતિ ૭૦ કિમી પ્રતિ કલાકથી વધુ ન હોઈ શકે. ૧૦૦ સીસીથી વધુની મોટરસાઈકલ માટે વિસ્થાપન મર્યાદા ૬૦ કિમી પ્રતિ કલાક અને ૧૦૦ સીસીથી ઓછી મોટરસાઈકલ માટે ૫૦ કિમી પ્રતિ કલાક હતી. એક્સપ્રેસવે પર કાર માટે ગતિ મર્યાદા ૧૨૦ કિમી પ્રતિ કલાક હતી, ડિવાઈડર અને ચાર કે તેથી વધુ લેનવાળા હાઈવે પર તે ૧૦૦ કિમી પ્રતિ કલાક હતી અને રાજ્ય હાઈવે પર તે ૮૦ કિમી પ્રતિ કલાક હતી.

શહેરોમાં ગતિ મર્યાદા માર્ગ સલામતી સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઊંચી ગતિ ગંભીર અકસ્માતોનું જોખમ નોંધપાત્ર રીતે વધારે છે તેવું યુડીડી વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. ૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે અકસ્માતમાં મૃત્યુની સંભાવના ૩૦ કિમી પ્રતિ કલાક કરતા ૨૦ ગણી વધારે છે તેવું પણ તેમણે ઉમેર્યું હતું. ત્યારે આ બાબત એક મોટો સંકેત છે કે, ટૂંક સમયમાં જ શહેરી વિસ્તારના ટ્રાફિકયુક્ત વિસ્તારોમાં ગતિ મર્યાદા ૩૦ કિમી પ્રતિ કલાક પર સીમિત કરી દેવા રાજ્ય સરકાર વિચારણા કરી રહી છે અને ટૂંક સમયમાં જ આ નિર્ણયની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે.

પ્રસ્તાવિત સિસ્ટમ આંતરરાષ્ટ્રીય મોડેલોને અનુસરે છે જ્યાં રહેણાંક અને ઉચ્ચ-ટ્રાફિક ઝોન રાહદારીઓ અને સાયકલ સવારોને સુરક્ષિત રાખવા માટે ૩૦ કિમી પ્રતિ કલાકની મર્યાદા લાગુ કરે છે. સતત ધમધમતા રસ્તાઓ અને હાઈવે પર સલામતીને ધ્યાને રાખી નવી ગતિ મર્યાદાઓ નક્કી કરવામાં આવી રહી છે.

### જુના વાહનો...

કોર્પોરેશન ઓફ દિલ્હી અને દિલ્હી પોલીસ સહિત અન્ય અમલીકરણ એજન્સીઓની ટીમો દિલ્હીના પેટ્રોલ પંપ પર હાજર રહેશે.

તાજેતરમાં, કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટે તેના વતી સ્પષ્ટતા કરી હતી કે ૧ જુલાઈ, ૨૦૨૫ થી, દિલ્હીમાં જે જૂના વાહનોએ તેમની નિર્ધારિત વય મર્યાદા પૂર્ણ કરી છે તેમને પેટ્રોલ પંપ પર પેટ્રોલ-ડીઝલ ઉપલબ્ધ કરાવવામાં આવશે નહીં. નિયમ અનુસાર, ૧૦ વર્ષથી વધુ જૂના ડીઝલ વાહનો અને ૧૫ વર્ષથી વધુ જૂના પેટ્રોલ વાહનોને એન્ડ-ઓફ-લાઈફ વાહનોની શ્રેણીમાં મૂકવામાં આવ્યા છે. આ નવા નિયમને લાગુ કરવા માટે, દિલ્હીના તમામ પેટ્રોલ પંપ પર ઓટોમેટિક નંબરપ્લેટ રેકગ્નિશન સિસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવી છે, જેની મદદથી આવા જૂના વાહનોની ઓળખ કરવામાં આવશે. ઓટોમેટિક નંબરપ્લેટ રેકગ્નિશન સિસ્ટમમાં ઉચ્ચ-ગુણવત્તાવાળા કેમેરાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પેટ્રોલ પંપ પર આવતા તમામ વાહનોની વિગતો તેમની નંબર પ્લેટ પરથી કોણ શોધી શકશે. આ સમય દરમિયાન, જો કોઈ જૂનું વાહન અંતિમ તારીખ સુધી ચાલતું ન હોય અને તેની ઓળખ થાય, તો પેટ્રોલ પંપ પર જ જાહેર જાહેરાત કરવામાં આવશે અને વાહન જપ્ત કરવામાં આવશે. જોકે, અધિકારીઓએ જણાવ્યું હતું કે વાહન માલિકોને એક તક આપવામાં આવશે, તેઓ દંડ ભરીને પોતાનું વાહન લઈ શકે છે. પરંતુ જો તેઓ સમયસર નિયમનું પાલન નહીં કરે, તો વાહન આખરે જપ્ત કરવામાં આવશે.

જો જૂના વાહનો ઓળખાઈ જાય, તો પેટ્રોલ પંપ મેનેજમેન્ટને ઉપરોક્ત વાહનને બળતણ આપવાનો ઈનકાર કરવાનો સંપૂર્ણ અધિકાર રહેશે. જોકે, સરકારે આ નિયમ ફક્ત પેટ્રોલ અને ડીઝલ વાહનો માટે જ લાગુ કર્યો છે. હાલમાં સીએનજી વાહનોને આમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. જો પેટ્રોલ પંપ ઓપરેટર અથવા વાહન માલિક કોઈપણ પ્રકારની અનિચ્છા બતાવે છે, તો આ માટે પણ કડક કાર્યવાહી યોજના તૈયાર કરવામાં આવી છે.

### કોમર્શિયલ સિલિન્ડર...

૧૮૮૧ રૂપિયા થઈ ગયો છે. જ્યારે એક તરફ તેલ માર્કેટિંગ કંપનીઓ છેલ્લા કેટલાક મહિનાઓથી ૧૯ કિલોગ્રામ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં સુધારો અને ઘટાડો કરી રહી છે, ત્યારે બીજી તરફ ઘરેલુ સિલિન્ડરના ભાવ યથાવત રાખવામાં આવ્યા છે.

### ભાજપ...

અને ઉત્તરાખંડમાં મહેન્દ્ર ભટ્ટની પ્રદેશ પ્રમુખ તરીકે બિનહરીફ કરવામાં આવી છે. ભાજપ હવે આંધ્ર પ્રદેશ, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને ગુજરાત સહિત અન્ય ઘણા મુખ્ય રાજ્યો માટે નવા પ્રમુખોની જાહેરાત કરવા માટે તૈયાર છે. ઉત્તરાખંડમાં પ્રદેશ પ્રમુખ ભટ્ટે ફરીથી નિમણૂક માટે અરજી કરી છે, જ્યારે રાવ, જે એક વકીલ છે અને લાંબા સમયથી આરએસએસ અને એબીવીપી સાથે સંકળાયેલા ભૂતપૂર્વ એમએલસી છે, તેઓ જી. કિશન રેડ્ડીની જગ્યા લેશે. રેડ્ડી જુલાઈ ૨૦૨૩થી કેન્દ્રીય મંત્રી અને રાજ્ય પ્રમુખ એમ બેવડી ભૂમિકા નિભાવી રહ્યા હતા.ભાજપના બંધારણ મુજબ, ઓછામાં ઓછા અડધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાજ્ય પ્રમુખોની નિમણૂક થયા પછી જ રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી કરવામાં આવે છે. અત્યાર સુધીમાં, ૧૪ નવા રાજ્ય વડાઓની નિમણૂક કરવામાં આવી છે, અને ૧૯ વધુ પ્રદેશોમાં ચૂંટણી બાકી છે. ચાલુ નિમણૂકો પક્ષને આ શરત પૂરી કરવા નજીક લાવી રહી છે, જેનાથી નવા રાષ્ટ્રીય નેતૃત્વ માટે માર્ગ મોકળો થશે.

### પાકિસ્તાન-અફઘાનિસ્તાન...

અને આવતા માલ માટે. અફઘાન સરકારના સરહદી દળોના પ્રવક્તા આબિદુલ્લાહ ફારૂકીએ બંધની પુષ્ટિ કરતા કહ્યું કે પાકિસ્તાની અધિકારીઓએ આ પગલા માટે કોઈ સ્પષ્ટતા આપી નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, સરહદ ફરીથી ખોલવા માટે કોઈ સમયરેખા આપવામાં આવી નથી. અફઘાન અધિકારીઓએ નાગરિકો, વેપારીઓ અને મુસાફરોને આ માર્ગ ટાળવા અને પરિસ્થિતિ ઉકેલાય ત્યાં સુધી તોરખામ અથવા સ્પિન બોલ્ડક જેવા અન્ય ક્રોસિંગનો ઉપયોગ કરવા વિનંતી કરી છે.

આ વર્ષની શરૂઆતમાં, બંને દેશો વચ્ચેના મુખ્ય સરહદ ક્રોસિંગ પર પાકિસ્તાન અને અફઘાન સુરક્ષા દળો વચ્ચે ગોળીબારમાં ઓછામાં ઓછો એક વ્યક્તિનું મોત થયું હતું. ભૂતકાળમાં, બંને દેશોએ જીવલેણ ગોળીબાર પછી તોરખામ અને દક્ષિણપશ્ચિમ ચમન સરહદ ક્રોસિંગ બંધ કરી દીધા હતા.

### અમેરિકાનો આશાવાદ...

વૈશ્વિક અનાજના ભાવમાં તીવ્ર ઘટાડો થયો હતો, ઘઉંના ભાવ ૧૬૦ ડોલર પ્રતિ ટનથી નીચે આવી ગયા હતા, જેનાથી આફ્રિકન ખેડૂતોને મોટો ફટકો પડયો હતો. ભારતે ખાદ્ય ભંડારનું સંચાલન કરવા, ગ્રામીણ આવકને ટેકો આપવા અને વૈશ્વિક આંચકાઓનો જવાબ આપવા માટે નીતિગત જગ્યા જાળવી રાખવી જોઈએ. ''આજના ભૌગોલિક રાજકીય રીતે અસ્થિર વિશ્વમાં, ખાદ્ય સુરક્ષા સાર્વભૌમ રહેવી જોઈએ,'' જિટીઆરઆઈ ના સ્થાપક અજય શ્રીવાસ્તવે કહ્યું હતું.

વોશિંગ્ટનમાં વાટાઘાટો ચાલુ હોવાથી, ચોખા, ડેરી, મરઘાં, મકાઈ, બદામ, સફરજન અને આનુવંશિક રીતે સુધારેલા સોયા સહિત મુખ્ય યુએસ કૃષિ નિકાસ પર ટેરિફ ઘટાડવા માટે દબાણ વધી રહ્યું છે. ચોખા, ડેરી, મરઘાં અને સોયા સહિત યુએસ ઉત્પાદનોને નોંધપાત્ર સબસિડી મળે છે, જે ભારતીય ખેડૂતો માટે અસમાન રમતનું ક્ષેત્ર બનાવે છે. યુએસ કૃષિ આયાત પર ટેરિફ ઘટાડવાથી નાના પાયે ખેડૂતોને સબસિડીવાળી આયાત અને બજારની અસ્થિરતાનો સામનો કરવો પડી શકે છે. ભારતે ૭૦ કરોડથી વધુ ગ્રામીણ આજીવિકાનું રક્ષણ કરવા અને અગાઉના વેપાર કરારોની ભૂલોને ટાળવા માટે ટેરિફ લવચીકતા જાળવવાની જરૂર છે.

અજય શ્રીવાસ્તવે ભાર મૂક્યો કે ભારતના ડેરી આયાત પ્રોટોકોલ, ખાસ કરીને પ્રાણીઓને માંસ, લોહી અને અન્ય પ્રાણીઓના આંતરિક અવયવો ખવડાવવા સામેની શરત, અસરકારક રીતે યુએસ ડેરી ઉત્પાદનોને બજારમાં પ્રવેશતા અટકાવે છે.

ભારત ક્યારેય આને મંજૂરી નહીં આપે. ભારતનું ડેરી ક્ષેત્ર લાખો નાના ખેડૂતો પર આધારિત છે જેમની પાસે એક કે બે ગાય કે ભેંસ છે. તેને સબસિડીવાળી યુએસ આયાત માટે ખુલ્લું મૂકવાથી આજીવિકાનો નાશ થઈ શકે છે, શ્રીવાસ્તવે કહ્યું.મરઘાં આયાત નિયમો હળવા કરવાથી સ્થાનિક ઉત્પાદકોને ગંભીર અસર પડશે, કારણ કે ભારતમાં કોલ્ડ સ્ટોરેજનું માળખું ખરાબ રીતે કાર્યરત છે.યુએસ આનુવંશિક રીતે સુધારેલા ખોરાક પરના ભારતના નિયમોથી અસંતુષ્ટ છે, તેમને અસ્પષ્ટ અને વૈજ્ઞાનિક આધાર વિનાના ગણાવે છે, જે યુએસ બાયોટેકનોલોજી નિકાસને અવરોધે છે.

### વાઈટ હાઉસ...

આવી છે કારણ કે ટ્રમ્પે ઘણી વખત યુદ્ધ અટકાવવાનો શ્રેય લીધો છે જ્યારે પીએમ મોદીએ કહ્યું છે કે આ અંગે કોઈ ત્રીજા દેશની મધ્યસ્થી થઈ નથી. કેરોલિન લેવિટને ભારત-અમેરિકા વેપાર કરાર વિશે પણ પ્રશ્ન કરવામાં આવ્યો હતો. તેમને પૂછવામાં આવ્યું હતું કે શું આ કરાર નજીક છે અને ટૂંક સમયમાં થવાની અપેક્ષા છે, તો કેરોલિનએ કહ્યું કે આ બિલકુલ સાચું છે. બંને દેશો વેપાર કરારની ખૂબ નજીક છે. ટ્રમ્પે ગયા અઠવાડિયે પણ આ જાહેરાત કરી હતી. લેવિટે કહ્યું, 'મેં હમણાં જ અમારા વાણિજ્ય સચિવ સાથે આ વિશે વાત કરી છે. તેઓ રાષ્ટ્રપતિ સાથે ઓવલ ઓફિસમાં હતા. તેઓ આ કરારોને અંતિમ સ્વરૂપ આપી રહ્યા છે અને જ્યારે ભારતની વાત આવશે, ત્યારે તમે રાષ્ટ્રપતિ અને તેમની વેપાર ટીમ પાસેથી ખૂબ જ ટૂંક સમયમાં સાંભળશો.

(ત્રીજા પાનાનું ચાલું)

### વાહ રે આઈવીએફ...

માનસિક સ્વાસ્થ્ય જોખમો, બીએમઆઈ અને આઈક્યું-સંબંધિત માર્કર્સનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, ડેમો ચિત્રો દર્શાવે છે કે માતાપિતા બાળકની આંખ અને વાળનો રંગ પણ પસંદ કરી શકશે.

જોકે, આ ટેકનોલોજી સ્વાસ્થ્ય સુધારવાની સંભાવના ધરાવે છે, પરંતુ તે ગર્ભની પસંદગી અંગે ગંભીર નૈતિક ચિંતાઓ પણ ઊભી કરે છે. કંપનીના સ્થાપક માને છે કે આ પ્રેરણા ''લાંબુ, સ્વસ્થ જીવન જીવવા'' વિશે છે અને દીર્ઘાયુષ્ય ચળવળ દવાને લોકોના હાથમાં સોંપવા વિશે છે, જે બાળકોની પસંદગી જેવા ''સૌથી ઘનિષ્ઠ, વ્યકિતગત, ભાવનાત્મક, સંવેદનશીલ નિર્ણય'' પર પણ લાગુ પડવું જોઈએ.

### માતૃત્વ...

પ્રેગ્નન્સી દરમિયાન માતાનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય ગર્ભસ્થ શિશુના વિકાસ માટે અત્યંત મહત્વનું છે. નિયમિતપણે ડોકટરની સલાહ લેવી, પૌષ્ટિક આહાર લેવો, પૂરતી ઊંઘ લેવી અને તણાવમુકત રહેવું એ સ્વસ્થ ગર્ભાવસ્થા માટે અનિવાર્ય છે. ગર્ભ સંસ્કાર દ્વારા માતા અને બાળક વચ્ચે એક અતૂટ બંધન બંધાય છે, જે જન્મ પછી પણ કાયમ રહે છે. આ સમયગાળો માતા અને બાળકના જીવનમાં એક કાયમી છાપ છોડી જાય છે, જે તેમને જીવનભર યાદ રહે છે. માતૃત્વની આ દિવ્ય યાત્રાને ગર્ભ સંસ્કાર દ્વારા વધુ સાર્થક અને સુખદ બનાવી શકાય છે.

### ડો.રમેશ કછટીયા...

જોકે, ભારતમાં પ્રિ-ઈમ્પ્લાન્ટેશન જેનેટિક ટેસ્ટિંગ (PGT-A A"¡ PGT-S) જેવી પદ્ધતિઓ દ્વારા શ્રેષ્ઠ ભ્રૂણ પસંદ કરીને તંદુરસ્ત બાળક આવવાની શક્યતા વધારી શકાય છે. આ પદ્ધતિઓ બાળકના ભવિષ્યના રોગો કે જીવનકાળનું પૂર્વાનુમાન કરી શકતી નથી.તેમણે ચેતવણી આપી કે ઓપ્ટિમાઈઝેશનના અવાસ્તવિક દાવાઓ માનસિક તણાવ અને નિરાશા પેદા કરી શકે છે, કારણ કે બાળકના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર આનુવંશિકતા ઉપરાંત પર્યાવરણીય પરિબળો, જીવનશૈલી અને પોષણ પણ એટલા જ મહત્વપૂર્ણ છે. આઈવીએફનો સફળતા દર ભ્રૂણની ગુણવત્તા અને સ્ત્રીની ઉંમર પર આધાર રાખે છે; ૩૫ વર્ષથી ઓછી ઉંમરની સ્ત્રીઓમાં સફળતા દર ૮૦-૯૦% જેટલો હોય છે, જે ૩૫ વર્ષથી વધુ ઉંમરે ઘટીને ૪૦-૫૦% થઈ જાય છે. ડો. કછેટીયાએ ૫૦ વર્ષથી વધુ ઉંમરની સ્ત્રીઓને આઈવીએફ ન કરાવવાની સલાહ આપી છે.

### ડો. સંજય દેસાઈ...

શકે. એજિનોમિક્સ કંપનીએ તેમના સોફ્ટવેર માટે ઓસ્ટ્રેલિયામાં ૩૦૦૦ થી વધુ દર્દીઓ પર સફળતાપૂર્વક કેસ સ્ટડી કર્યો હતો. આ દર્દીઓના સકારાત્મક રિપોર્ટિંગ મળ્યા બાદ જ આ સોફ્ટવેરને બજારમાં મૂકવામાં આવ્યું છે, જે તેની વિશ્વસનીયતા અને અસરકારકતાનો પુરાવો છે. આ ટેકનોલોજી અને પરંપરાગત આઈવીએફ પ્રક્રિયા વચ્ચે ઘણો ફરક છે; સોફ્ટવેરનો ઉપયોગ કરવાથી ગર્ભની ગુણવત્તાનું વધુ ચોક્કસ આંકલન થાય છે, જેનાથી આઈવીએફની સફળતાની શક્યતાઓ ઘણી વધી જાય છે.

આ નવી એઆઈ ટેકનોલોજીથી મહિલાને કોઈ નુકસાન થતું નથી, કારણ કે તેમાં ફક્ત એમ્બ્રિયોના ફોટા જ અપલોડ કરવાના હોય છે. આ ટેકનોલોજી બાળકને કોઈ રીતે અસર કરતી નથી, પરંતુ તે કયો ગર્ભ ગર્ભાવસ્થાના નવ મહિનાની સફરને સારી રીતે પાર પાડી શકશે તે જાણવામાં મદદ કરે છે. સરળ શબ્દોમાં કહીએ તો, આ ટેકનોલોજી આઈવીએફ દ્વારા સફળ ગર્ભાવસ્થા અને તંદુરસ્ત બાળકના જન્મની શક્યતાઓને વધારે છે. જે પણ વ્યકિતને આઈવીએફની જરૂર હોય, તેઓ આ ટેકનોલોજીનો ઉપયોગ કરી શકે છે અને પરિણામની ટકાવારી વધારી શકે છે. આ સોફ્ટવેર આધારિત ટેકનોલોજી હોવાથી ખર્ચાળ પણ નથી અને તેમાં કોઈ દવાઓનો ઉપયોગ થતો નથી, જેનાથી બાળકની અને ગર્ભની ગુણવત્તા નક્કી કરવામાં મદદ મળે છે. અમારી ઈન્સ્ટિટ્યૂટમાં પણ આ સોફ્ટવેર કાર્યરત છે અને અમે ગર્ભ સિલેક્શનમાં તેનો લાભ લઈ રહ્યા છીએ.

### ડો.નંદીશ ઠક્કર...

પણ ફાયદો થાય છે.

હાલ ભારતમાં આઈવીએફ પ્રક્રિયામાં આ એઆઈ ટેકનોલોજી ઉપલબ્ધ છે અને તેના પરિણામો પ્રોત્સાહક છે. ખાસ કરીને, જે દર્દીઓને ઘણા બધા એમ્બ્રિયો મળ્યા હોય, તેમને PGT-A (પ્રીઈમ્પ્લાન્ટેશન જિનેટિક ટેસ્ટિંગ ફોર એન્યુપ્લોઈડી) કરાવવાને બદલે, આ સોફ્ટવેર દ્વારા નોન-ઈન્વેઝિવ ટેસ્ટ કરાવવાથી વધુ સારો વિકલ્પ મળે છે. યુવાન યુગલો, જેમની ગર્ભાવસ્થાના પરિણામો સારા હોય છે, તેમના માટે પણ આ સોફ્ટવેર દ્વારા પરીક્ષણ ફાયદાકારક સાબિત થાય છે. ભવિષ્યમાં આ ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ થવાની સંભાવના છે, કારણ કે તે સબ્જેક્ટિવિટી વગર એમ્બ્રિયોનું મૂલ્યાંકન કરી શકે છે. બાળકો માટે આ સોફ્ટવેરથી કોઈ નુકસાન થતું નથી, કારણ કે તે નોન-ઈન્વેઝિવ ટેસ્ટ છે અને લાંબા ગાળાના નુકસાનનો કોઈ અહેવાલ નથી. જોકે, આ ટેકનોલોજીના સંપૂર્ણ પરિણામો આવવામાં હજુ થોડો સમય લાગશે, પરંતુ તેનું ભવિષ્ય ઉજ્જ્વળ છે.

(ચોથા પાનાનું ચાલુ)

### માંધાતાસિંહ જાડેજા...

જગદીશસિંહ જાડેજા( ધ્રાફા), મયુરસિંહ જાડેજા(વાગુદડ), રવિરાજસિંહ ઝાલા(સરધારકા) નિલરાજસિંહ જાડેજા(ચાંદલી), આદિત્યસિંહ ગોહિલ (ખીજડીયા), રાજદીપસિંહ ઝાલા(વણા), વિરેન્દ્રસિંહ જાડેજા , મહિરાજસિંહ ઝાલા(રતનપર), યોગરાજસિંહ જાડેજા(કાલિપાટ), વિરેન્દ્રસિંહ જાડેજા(નાના મૌવા)એ મેગા જોબ ફેરની સફળતા માટે જહેમત ઉઠાવી હતી.

### એકરંગ સંસ્થા...

જનલર મેનેજર અને સેન્ટર હેડ, સુભાશીસદાસ, ચીફ મેનેજર એનએસઆઈસી રાજકોટ અને એકરંગ સંસ્થાના ટ્રસ્ટીગણ, સ્ટાફ નો દિપીકાબેન પ્રેમપતિ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે.

એકરંગ સંસ્થા એકરંગ મનોદિવ્યાંગ બેહનો માટેનું નીઃશુલ્ક તાલીમ તથા અવાસી સંકુલ, એકરંગ વિનામુલ્યે થેરાપી તથા ડે કેર તાલીમ સેન્ટર ભારત નગર ચોક, ગુજરાત ફોર્જીંગ કંપની પાછળ, ૮૦ ફૂટ રોડ, અમુલ સર્કલ પાસે રાજકોટ ખાતે આવેલી છે જેની વધુ માહિતી માટે મો. ૯૧૩૭૬૯૦૦૬૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

### શ્રી કષ્ટભંનજન દેવ...

કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવેલા પ્યોર સિલ્કના જરદોશી વર્કવાળા દિવ્ય વાઘા ધરાવાયા છે. આ ઉપરાંત દાદાના સિંહાસને ૨૦૦ કિલો ગુલાબ-સૂર્યમુખીના ફુલનો શણગાર કરવામાં આવ્યો છે. આ ફુલ વડોદરાથી મંગાવવામાં આવ્યા છે.

તેમણે વધુમાં બોટાદ જિલ્લાના સુભાષ પાલેકર કૃષિ (એસપીકે) કરતા ખેડૂતો દ્વારા પોતાના ફાર્મમાં ઉત્પાદિત ફ્રુટ અને શાકભાજીઓ દાદાના ચરણોમાં ધરાવેલ છે, આજના દિવસ યાદગાર બનાવવા 'ઝીરો બજેટ નેચરલ ફાર્મિંગ' મોડેલના સર્જક પદ્મશ્રી ડો.સુભાષ પાલેકર, કુદરતી ખેતી નિષ્ણાંતના માર્ગદર્શનથી પંચસ્તરીય મોડલ ફાર્મ ધરાવતા ખેડૂતો દ્વારા હાલ રસાયણ મુક્ત કુદરતી યુક્ત કોઈપણ જાતની દવા વગરની પોતાના ફાર્મમાં ઉત્પાદિત ફ્રુટ અને શાકભાજીને દાદાના ચરણોમાં ધરાવીને ધન્યતાનો અનુભવ કર્યો હતો.

### માધવપ્રિયદાસજી સ્વામી...

સમયમાં વિવિધતામાં એકતા અને સદ્વિદ્યાનું મહત્ત્વ ઊંડાણપૂર્વક સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ભલે આપણે વિવિધ સંસ્કૃતિઓ, ધર્મો અને પૃષ્ઠભૂમિમાંથી આવતા હોઈએ, પરંતુ માનવતાના સમાન મૂલ્યો આપણને એકબીજા સાથે જોડી રાખે છે. સદ્વિદ્યાના માધ્યમથી જ સમાજમાં સદ્ભાવના અને શાંતિ સ્થાપિત થઈ શકે છે.

આ સત્સંગ સભા યુકેમાં ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાના પ્રસારમાં એક મહત્ત્વપૂર્ણ યોગદાન બની રહી છે.

(ત્રીજા પાનાનું ચાલુ)

### ડો.રાજદીપસિંહ જાડેજા

મર્યાદામાં વધારો કરે વોર્ડ વાઈઝ દરેકને તેમાં યોગ્ય સ્થાન મળે તે જોવામાં આવે સફાઈ કામદારોની પણ ભરતી કાયમી ધોરણે થવી જોઈએ. સિનિયર સિટીઝનોને દરેક કામમાં અગ્રતા આપવામાં આવે અને મહાનગરપાલિકાના તમામ ગાર્ડનમાં વિવિધ પ્રકારના ફળો ઔષધીય વૃક્ષો વાવવામાં આવે ઘટાદાર વૃક્ષોને પણ ખાસ જરૂરી છે મહાનગરપાલિકાના ગાર્ડનમાં કોઈ વૃક્ષ ઉગાડવામાં આવ્યા નથી તેમ જે હયાત વૃક્ષો છે તેની છેદનની પ્રક્રિયા હાલ ચાલી રહી છે.

રાજકોટ શહેરના વોર્ડ નં.૧ થી ૧૮માં લોકોને પડતી હાલાકી અંગે આગામી દિવસોમાં રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા હેલ્પલાઈન નંબર જાહેર કરી લોકોને જે કંઈ સમસ્યાઓ હશે તે અંગે તંત્રને ઢંઢોળશે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### આર્થિક સહાય...

મંત્રીએ ઉમેર્યું હતું કે, પુષ્કળ ઉત્પાદનના પરિણામે માકેટીંગ યાર્ડમાંમાં ડુંગળીની આવક વધુ થતા લાલ અને સફેદ ડુંગળીના ભાવ રાજ્યની મુખ્ય યાર્ડમાં ઉત્પાદન ખર્ચ કરતાં પણ ઓછા જોવા મળ્યા હતા. આવા સમયે રાજ્યના ખેડૂતોને સહાયરૂપ થવા માટે ભારત સરકારની માર્કેટ ઈન્ટરવેન્સન સ્કીમ હેઠળ પ્રાઈઝ ડેફિશિયન્સી પેમેન્ટ યોજના અંતર્ગત આર્થિક સહાય આપવામાં આવશે.

ગત તા. ૦૧ એપ્રિલથી તા. ૩૧ મે દરમિયાન ડુંગળીનું યાર્ડમાં વેચાણ કર્યું હોય, તેવા ખેડૂતોને રૂ. ૨૦૦ પ્રતિ ક્વિન્ટલ સહાય આપવામાં આવશે. આ ખેડૂતોને મહત્તમ ૨૫,૦૦૦ કિલો (૨૫૦ ક્વિન્ટલ) ડુંગળીના વેચાણ સુધી એટલે કે મહત્તમ રૂ. ૫૦,૦૦૦ સુધીની સહાય મળવાપાત્ર રહેશે. આ આર્થિક સહાય માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૧૨૪.૩૬ કરોડ જેટલી માતબર રકમની જોગવાઈ કરવા આવી છે. જેનો રાજ્યના આશરે ૯૦,૦૦૦ જેટલા ખેડૂતોને લાભ મળશે, તેમ કૃષિ મંત્રીએ ઉમેર્યું હતું.

કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, ડુંગળીના બજારમાં પોષણક્ષમ ભાવ ન મળતા રાજ્યના ખેડૂતો અને ખેડૂત સંગઠનો દ્વારા આર્થિક સહાય પૂરી પાડવા માટે રાજ્ય સરકારને રજૂઆતો કરવામાં આવી હતી. ખેડૂતોની આ રજૂઆતોને હકારાત્મક પ્રતિસાદ આપીને રાજ્ય સરકારે ડુંગળી પકવતા ખેડૂતોને આર્થિક સહાય પુરી પાડવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

રાજ્યના ડુંગળી પકવતા ખેડૂતોએ આ યોજના હેઠળ લાભ મેળવવા માટે આઈ-ખેડૂત ૨.૦ પોર્ટલ પર આજથી આગામી તા. ૧૫ જુલાઈ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. ખેડૂતોને સહાયરૂપ થવા માટેની આ યોજનાનો અમલ કૃષિ વિભાગ હેઠળની બાગાયત નિયામકની કચેરી દ્વારા કરવામાં આવશે,

### અષાઢમાં અનરાધાર...

સરેરાશ ૧૧૦.૮ મિમી (૪.૪૩ ઈંચ) વરસાદની જરૂરિયાત હોય છે. તેની સામે ૨૮૮.૭ મિમી (૧૧.૫૫ ઈંચ) વરસાદ મળ્યો છે. જરૂરિયાત કરતાં ૧૬૧% વધુ વરસાદે ૪૪ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે. ૧૨૫ વર્ષના ઈતિહાસમાં જૂન મહિનામાં સૌથી વધુ ૨૯૮.૩ મિમી (૧૧.૯૩ ઈંચ) વરસાદ ૧૯૮૦ માં નોંધાયો હતો. એટલે કે, આ વખતે ૪૪ વર્ષ બાદ સૌથી વધુ વરસાદ સાથે ૧૨૫ વર્ષનો બીજો સૌથી વધુ વરસાદનો રેકોર્ડ બન્યો છે. ૨૦૨૪ માં જૂનમાં રાજ્યમાં મેઘરાજાની ૯ દિવસની હાજરી સામે ચાલુ સિઝનમાં જૂનના ૧૬ દિવસની હાજરી આપી છે. રાજ્યના ૫ ઝોનમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૯ દિવસ અને કચ્છમાં સૌથી ઓછા ૮ દિવસ મેઘરાજા વરસ્યા છે. ઉલ્લેખનિય છે કે, સામાન્ય રીતે જે દિવસે ૨.૫ મિમી કે તેથી વધુ વરસાદ વરસે તેને વરસાદનો ૧ દિવસ ગણવામાં આવે છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ડુંગળીનું ઉત્પાદન કરતા ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારના મહત્વપૂર્ણ નિર્ણયને આવકારતા વિજયભાઈ કોરાટ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ડુંગળી પકવતા ખેડૂતોના હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ અને ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે. બજારમાં ડુંગળીના ભાવ ઓછા હોવાથી ડુંગળી પકવતા ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવા રાજ્ય સરકાર દ્વારા આવા ખેડૂતોને રૂ. ૨૦૦ પ્રતિ કિવન્ટલની સહાય રૂ. ૫૦,૦૦૦ની મર્યાદામાં પૂરી પાડવામાં આવશે.



પ્રદેશ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટએઆ મહત્વપૂર્ણ નિર્ણય અંગે વધુમાં માહિતી આપતાજણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪-૨૫ રવિ સિઝન દરમિયાન ગુજરાતમાં ડુંગળીનું આશરે ૯૩,૫૦૦ હેકટર વિસ્તારમાં વાવેતર થયું હતું, જે સામાન્ય વાવેતર વિસ્તારની સાપેક્ષે વધુ હોવાથી રાજ્યમાં ડુંગળીનું ઉત્પાદન પણ અંદાજિત ૨૪૮.૭૦ લાખ કિવન્ટલ જેટલુ નોંધાયું છે. રાજ્યના ડુંગળી પકવતા ખેડૂતોએ આ યોજના હેઠળ લાભ મેળવવા માટે આઇ-ખેડૂત ૨.૦ પોર્ટલ પર આવતીકાલ તા. ૧ જુલાઈથી આગામી તા. ૧૫ જુલાઈ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. ખેડૂતોને સહાયરૂપ થવા માટેની આ યોજનાનો અમલ કૃષિ વિભાગ હેઠળની બાગાયત નિયામકની કચેરી દ્વારા કરવામાં આવશે.

આ ખેડૂત હિતલક્ષી નિર્ણય બદલ પ્રદેશકિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટએખેડૂતો વતી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ તથા નાણા મંત્રી કનુભાઈ દેસાઈનો આભાર વ્યક્ત કર્યો હતો.

# આસ્થા અને આદેશ: દત્ત શિખર નિર્વાણ લાડુ વિવાદ ગરમાતાં તંત્ર સજ્જ

## 'હું જુનાગઢ જઈ રહ્યો છું' જેવા અને વીડીયો વાયરલ કરી મુંબઈ, પૂના અને અમેરિકાથી મહારાષ્ટ્રીયનોએ વિરોધ દર્શાવ્યો

## જુનાગઢ પોલીસ દ્વારા આજથી ત્રણ દિવસ સુધી ચેકિંગ પોઈન્ટ ગોઠવી ચુસ્ત બંદોબસ્ત હાથ ધરાયું



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ગિરનાર પર આવેલ દત્ત શિખર પર નિર્વાણ લાડુનો વિવાદ વધુ કર્યો છે. અને મુંબઈ, પુના તથા અમેરિકાથી વિડીયો વાયરલ કરીને મહારાષ્ટ્રીયનોને ઉમટી પડવા હાકલ કરવામાં આવી છે. ત્યારે મોટી સંખ્યામાં મહારાષ્ટ્રીયનો આજે અને આવતીકાલે ભવનાથ ખાતે ઉમટી પડે તેવી સંભાવના છે. ત્યારે તંત્ર દ્વારા પણ વિવાદના એંધાણથી ગિરનાર પર્વત પરના અંબાજી મંદિર, કમંડળ કુંડ, ગોરખનાથ ધૂણી, જૈન દેરાસર અને દત્ત શિખર પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી ચેકિંગ હાથ ધરવામાં આવશે તેવું પોલીસ સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

ગિરનાર પર સ્થિત દત્ત શિખર પર નિર્વાણ લાડુ અને ચોખા ધરવાનો મામલો અદાલતમાં પેન્ડિંગ હોય અને છેલ્લા ઘણા વર્ષોથી આ મામલે વિવાદ સર્જાતો હોવાથી તાજેતરમાં જુનાગઢ જિલ્લા કલેકટર અનિલ રાણાવાસિયાની અધ્યક્ષતામાં એક ખાસ બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં ગત વર્ષની જેમ નિર્માણ લાડુ ગિરનારના પ્રથમ પગથિયે ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

જો કે, આ બેઠકના નિર્ણયની જાણ થતા મુંબઈ અને પુણે સહિતના મહારાષ્ટ્રના અનેક મંદિરોમાં પોસ્ટર લગાડી વિરોધ કરવામાં આવ્યો હતો, અને ફરી આ વર્ષે આ વિવાદ વકર્યો હતો. આ સાથે મહારાષ્ટ્રના મુંબઈ, પુના અને વિદેશથી પણ અનેક લોકો દ્વારા પવિત્રતા જોખમાવવા નહીં દઈએ, આવું કૃત્ય શાખી નહીં લઈએ, અહિંસક વિરોધમાં જોડાઈ જાઓ, હું જુનાગઢ જઈ રહ્યો છું તે સહિતના અનેક વિડીયો અને પોસ્ટ વાઈરલ થવા પામ્યા છે.

દરમિયાન આ અંગે જુનાગઢ ડીવાયએસપી હિતેશ ધાંધલીયાના જણાવ્યા અનુસાર જુનાગઢ પોલીસ દ્વારા તારીખ ૧ થી ૩ સુધી ગિરનાર પર્વત પરના અંબાજી મંદિર, કમંડળ કુંડ ગેટ અને દત્ત શિખર પર પીઆઇ; પીએસઆઇ અને એસઆરપી જવાનોનો ચેકિંગ પોઈન્ટ ગોઠવી દેવામાં આવ્યા છે.

જિલ્લા કલેકટર દ્વારા દત્ત શિખર પર નિર્વાણ લાડુ ધરવા મુદ્દે અદાલતમાં કેસ પેન્ડિંગ હોય ત્યારે કોઈ ધર્મની આસ્થાને ઠેસ ન પહોંચે તે માટે ગિરનારના પગથિયે લાડુ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે, આ બાબતે દિગંબર જૈન સમાજના સુધીન્દ્ર મુનિ મહારાજે વિનમ્રતાથી જણાવ્યું છે કે, તંત્રનો નિર્ણય હશે એનું ચુસ્ત રીતે પાલન કરવું જ જોઈએ.

# એસટી અમારી, સલામતી તમારી: કરોડોની સહાય સાથે લાખો દિવ્યાંગોએ કરી વિનામૂલ્યે મુસાફરી

## એક વર્ષમાં એસટી બસોમાં ૯૬ લાખથી વધુ દિવ્યાંગ અને ૧૩ લાખથી વધુ દિવ્યાંગ સહાયકોએ વિનામૂલ્યે મુસાફરીનો લાભ લીધો તેમજ દિવ્યાંગ સહાયક મુસાફરી પેટે રૂ.૭૫ કરોડથી વધુની સહાય અપાઈ

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ- દ્વારા નાગરિકોની મુસાફરીને હરહંમેશ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. એસ.ટી નિગમની તમામ પ્રકારની પ્રીમિયમ અને નોન પ્રીમિયમ બસોમાં રાજ્યના નાગરિકોને પોતાના ગંતવ્ય સ્થાન સુધી સલામત રીતે પહોંચાડવાની સુવિધા આપવામાં આવી રહી છે.જે અંતર્ગત ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં તમામ બસોમાં ૯૬.૫ લાખ દિવ્યાંગ મુસાફરો અને ૧૩.૨૭ લાખ જેટલા તેમના સહાયકોએ વિનામૂલ્યે મુસાફરી સુવિધાનો લાભ મેળવ્યો છે.આ માટે રાજ્ય સરકાર દ્વારા ભાડા પેટે નિગમને રૂ. ૭૫ કરોડથી વધુની સહાય આપવામાં આવી હતી તેમ, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ નાગરીકોને વધુમાં વધુ યોજનાઓ થકી ગુણવત્તાયુકત મુસાફરી સુવિધા કઈ રીતે આપી શકાય તે દિશામાં એસ.ટી નિગમ દ્વારા સતત કામ કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત દિવ્યાંગ મુસાફરો માટે સામાજિક અને ન્યાય અધિકારિકતા વિભાગ દ્વારા વિવિધ પાંચ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ અને તેમના સહાયકોને એસ.ટી. બસમાં ૧૦૦ ટકા વિનામૂલ્યે મુસાફરીનો લાભ આપવા આવી રહ્યો છે.ગુજરાત એસટી દ્વારા પાંચ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓમાં આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય, ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ, સામાન્ય ઈજા જીવલેણ રકતસ્ત્રાવ, દજારી સ્નાયુબધ્ધ કઠોરતા, હિમોગ્લોબીનની ઘટેલી માત્રા વગેરેને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ વ્યક્તિ અને તેમના સહાયકોને મુસાફરી માટે ૧૦૦ ટકા રાહત આપવામાં આવે છે. વર્ષ-૨૦૨૪-૨૫ માં કુલ - ૯૬,૫૨,૬૧૯ દિવ્યાંગ વ્યક્તિ અને કુલ-૧૩,૨૭,૭૮૪ દિવ્યાંગ વ્યકિતઓના સહાયકો દ્વારા નિગમની બસોમાં વિનામૂલ્યે મુસાફરીનો લાભ લીધો હતો. આમ, છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ અને દિવ્યાંગ સહાયક માટે મુસાફરી પેટે રૂ.૭૫ કરોડથી વધુની સહાય નિગમને આપવામાં આવી છે.




# મોટા મવામાં ઉડાન સ્કૂલ પાસે પાણીની પાઈપલાઈનમાં ભંગાણ: વિતરણ ખોરવાયું

## ૪૦૦ એમએમની ડિસ્ટ્રીબ્યૂશન લાઈનમાં અચાનક ભંગાણ સર્જાવાના કારણે તિરૂમલ્લા સોસાયટી સહિતના વિસ્તારોમાં વિતરણ એક કલાક મોડું

**અબતક, રાજકોટ**



શહેરના વોર્ડ નં.૧૧માં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર મોટા મવા વિસ્તારમાં ઉડાન સ્કૂલ પાસે પાણી વિતરણની મુખ્ય પાઈપલાઈનમાં ભંગાણ સર્જાવવાના કારણે આજે વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જવા પામી હતી. અચાનક પાઈપલાઈન તૂટવાના કારણે રોડ પર જાણે વિના વરસાદે નદી વહેતી હોય તેવું લાગી રહ્યું હતું. આ અંગે વધુ વિગત આપતા વેસ્ટ ઝોન કચેરીના ઈન્ચાર્જ સિટી એન્જીનીયર કુંતેશભાઈ મહેતાએ જણાવ્યું હતું કે વોર્ડ નં.૧૧માં મોટા મવા વિસ્તારમાં ઉડાન સ્કૂલ પાસે આજે સવારે ૪૦૦ એમએમની ડિસ્ટ્રીબ્યૂશન મેઈન લાઈન લીકેજ થઈ હતી. તાત્કાલીક અસરથી પાણી વિતરણ બંધ કરી દેવામાં આવ્યું હતું. રિપેરીંગની કામગીરી યુદ્ધના ધોરણે રિપેરીંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. રિપેરીંગમાં આશરે એક કલાક જેટલો સમય નીકળી ગયો હતો. જેના કારણે તિરૂમલ્લા સોસાયટી સહિતના કેટલાક વિસ્તારોમાં વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જવા પામી હતી. જો કે, રિપેરીંગનું કામ પૂર્ણ થયા બાદ તાત્કાલીક ધોરણે પાણી વિતરણ શરૂ કરી દેવામાં આવ્યું હતું.

## ડોકટર્સ ડે નિમિતે અનોખી પહેલ

# જયનાથ હોસ્પિટલમાં આજથી સ્ત્રી રોગ વિભાગ નિ:શુલ્ક સેવા પુરી પડાશે

## સ્ત્રીરોગ નિષ્ણાંત ડો. મુદ્રા પેથાણી સેવા આપશે

**અબતક,રાજકોટ**

ડોકટરી સહાય કે મેડિકલ કેરના અભાવને કારણે કોઈ દર્દી તબીબી સારવાર થી વંચિત ન રહે તેવા શુભ સંકલ્પ સાથે કાર્યરત જયનાથ ચેરીટેબલ ટ્રસ્ટ- સદભાવના જનકલ્યાણ ટ્રસ્ટ સંચાલિત જયનાથ હોસ્પિટલની તબીબી સેવાઓને ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સેવાકીય ઉજવણી કરવાના ભાગરૂપે અને સમાજના ઋણ સ્વીકાર સાથે નિ:શુલ્ક ઓ.પી.ડી. સેવા આજે તા.૧/૭/૨૦૨૫ના મંગળવાર- ડોકટર્સ ડે થી મેડીસીન વિભાગ અને સ્ત્રી રોગ વિભાગમાં નિ:શુલ્ક ઓ.પી.ડી.નો પ્રારંભ કરવામાં આવશે.

ભકિતનગર સર્કલ વિસ્તારમાં છેલ્લા ૨૫ વર્ષથી કાર્યરત જયનાથ હોસ્પિટલ તેમની સેવાકીય પ્રવૃતિઓ માટે જાણીતી છે. ગરીબ દર્દીઓને નબળી આર્થિક પરિસ્થિતિને કારણે સારવાર ન મળે તેવું જયનાથ હોસ્પિટલમાં ક્યારેય થયું નથી. લોકો માટે અને લોકો ધ્વારા બનેલી જયનાથ હોસ્પિટલની તબીબી ક્ષેત્રે સેવાઓને ૨૫ વર્ષ પૂર્ણ થતાં ટ્રસ્ટીઓ ધ્વારા સામાજિક ઋણનો સ્વીકાર કરી તમામ દર્દીઓ માટે આજે તા.૧/૭/૨૦૨૫- મંગળવારથી મેડીસીન અને ગાયનેક ડીપાર્ટમેન્ટમાં નિ:શુલ્ક નિદાન (ઓ.પી.ડી.) સેવાનો પ્રારંભ થઈ રહયો છે. રાજકોટ શહેરના દર્દીઓને વર્ષોથી રાહત દરે તબીબી સેવા આપતી જયનાથ હોસ્પિટલમાં એમ.ડી. ડો. ઋશીલ દોંગા અને સ્ત્રીરોગ નિષ્ણાંત ડો.મુદ્રા પેથાણી દરેક દર્દીઓની તપાસ નિ:શુલ્ક કરી આપશે. આમ દર્દીઓના વિશ્વાસરૂપી ભરોસાનું ઋણ ચૂકવવાના એકે નાનકડા પ્રયાસરૂપે સેવાકાર્યનો પ્રારંભ કરવામાં આવશે.

આ ઉપરાંત જયનાથ હોસ્પિટલ ધ્વારા દર શનીવારે બધાં વિભાગોમાં નિ:શુલ્ક તપાસ કરવામાં આવે છે અને જન્મજાત ખોડખાંપણ ધરાવતા દર્દીઓ માટે તપાસ, નિદાન અને સારવાર બધું નિ:શુલ્ક કરી આપવામાં આવે છે. એટલું જ નહીં પણ આયુષ્યમાન કાર્ડ ધારક દર્દીઓને તમામ ઓપરેશનો જેવા કે હરસ,મસા, ભગંદર, એપેન્ડીકસ, સારણગાંઠ, મણકાંના ઓપરેશન, હાડકાના ઓપરેશન અને પગના સ્નાયુઓના ઓપરેશન પણ દુરબીન વડે નિ:શુલ્ક કરી આપવામાં આવે છે.

## વિસાવદર વિધાનસભાની ચૂંટણી દરમિયાન

# કથિત સ્ટિંગ ઓપરેશનમાં ગોપાલ ઈટાલીયાને ૧૦ કરોડના માનહાનીની લલિત વસોયાની નોટિસ

## શાયોના હોટલમાં આપના ગોપાલ ઈટાલીયા એ કોંગ્રેસના કાર્યકરોને રૂપિયા આપ્યા હોવાના સ્ટિંગ ઓપરેશનનો મામલો હવે કાનૂની બનવા તરફ

**અબતક, રાજકોટ**

વિસાવદર વિધાનસભાની પેટા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલભાઈ ઈટાલીયા ને કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય લલીતભાઈ વસોયાએ માનહની ના ૧૦કરોડના દાવાની નોટિસ ફટકારવામાં આવતા રાજકીય રીતે ભારે ચકચાર જાગી છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ વિસાવદરની પેટા ચૂંટણી દરમિયાન હોટલ શાયોના માં ધોરાજીના પૂર્વ ધારાસભ્ય અને કોંગ્રેસના આગેવાન લલીતભાઈ વસોયા રોકાયા હતા આજ હોટલમાં આપ અને ભાજપના આગેવાનો પણ ઉતર્યા હતા દરમિયાન પૂર્વ ધારાસભ્ય લલીતભાઈ વસોયા આપના કાર્યકરને પૈસા આપતા હોય તેવો સ્ટન્ટ કરવામાં આવ્યો હોવાનું જણાવી પૂર્વ ધારાસભ્ય લલીતભાઈ વસોયાએ તેમના વકીલ દિનેશભાઈ વોરા મારફત વિસાવદર વિધાનસભા વિસ્તારના આપના ઉમેદવાર ગોપાલભાઈ ઈટાલીયા ખોટા અપ્રચાર અને સ્ટંટ થી પોતાની શાખ ખરડાઈ હોવાનું જણાવી રૂપિયા ૧૦ કરોડ ના માનહાનીની નોટિસ એડવોકેટ ડીસી વોરા મારફતે ગોપાલ ઈટાલીયા ને નોટિસ ફટકારવામાં આવતા ભારે ચકચાર જાગી છે.નોટિસમાં જણાવ્યું છે કે વિસાવદરની હોટલમાં કોઈ પુરાવા ન હોવા છતાં ખોટું સ્ટીગ ઓપરેશન સોશિયલ મીડિયા તથા સમાચાર માધ્યમ મારફત પ્રસિદ્ધ કરાવી લલીતભાઈ વસોયાની બદનામી કરી હોવાના કારણે ૧૦ કરોડ રૂપિયા ચૂકવવા નું જણાવી નોટિસ ફટકારી છે. આ નોટિસથી રાજકીય વર્તુળોમાં ચકચાર મચી જવા પામી છે.

# પ્રાદેશિક માહિતી કચેરી અધિક્ષક શૈલેષ ગોહીલને અપાયું વિદાયમાન

## નિષ્ઠાપૂર્વક ફરજ અદા કરતા શૈલેષ ગોહીલને સહ કર્મચારીઓએ નિવૃત્તિ જીવનની શુભેચ્છા પાઠવી

**અબતક, રાજકોટ**

મોરબી માહિતી કચેરી ખાતે પોસ્ટિંગ ધરાવતા તથા પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટ ખાતે કામગીરી વ્યવસ્થા માટે અધિક્ષક તરીકે ફરજ નિભાવતા શૈલેષભાઈ ગોહિલ વય નિવૃત્ત થતા તેમને રાજકોટ પ્રાદેશિક માહિતી કચેરી ખાતેથી વિદાયમાન અપાયું હતું.

આ તકે રાજકોટ, મોરબી અને જામનગરના સહિતના જિલ્લા માહિતી કચેરી ખાતેથી પધારેલા માહિતી કર્મીઓ દ્વારા શૈલેષભાઈને ભેટ સોગાદો આપીને નિવૃતિ જીવનની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સંયુક્ત માહિતી નિયામક મિતેષભાઈ મોડાસીયા, નાયબ માહિતી નિયામક પ્રશાંતભાઈ ત્રિવેદી, મોરબી જિલ્લા માહિતી કચેરીના સહાયક માહિતી નિયામક પારૂલબેન આડેસરા, પૂર્વ સંયુક્ત માહિતી નિયામક રાજુભાઈ જાની, પૂર્વ નાયબ માહિતી નિયામક નિરાલા જોશી, પૂર્વ સહાયક માહિતી નિયામક જગદીશભાઈ સત્યદેવ, અન્ય માહિતી કર્મીઓએ શૈલેષભાઈ સાથેના પોતાના સંસ્મરણો વાગોળ્યા હતા. આ પ્રસંગે સરકારી પ્રેસના પ્રદીપભાઈ પરસાણા પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સહાયક માહિતી નિયામક પ્રિયંકાબેન પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની આભાર વિધિ સહાયક માહિતી નિયામક રાધિકાબેન વ્યાસે કરી હતી. આ તકે માહિતી પરિવારનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.



# ઉમા ભવન ખાતે લેખકો માટે વિચારગોષ્ઠિ યોજાઈ

**અબતક, રાજકોટ**

ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ-સિદસર દ્વારા માતૃશ્રી જેઠીબેન ગોરધનભાઈ ગોવાણી ઉમાભવન રાજકોટ્ ખાતે તા. ૨૯-૬-૨૦૨૫ ના રોજ લેખકો માટ્ વિચારગોષ્ઠી આયોજીત થયેલ.

ઉમિયાધામ-સિદસરની સમૃધ્ધિ યોજના-૨ મા માતબર રકમનું દાન આપનાર દાતાશ્રીઓના જીવનચરિત્રોના ગ્રંથ નિર્માણનું કાર્ય હાથ ધરવામા આવેલ છે. આ લેખન કાર્યામા કર્મયોગી તરીકે સામેલ થયેલ લેખકો માટ્ વિચારગોષ્ઠીનું આયોજન કરવામા આવેલ આ પ્રકારના કાર્યમાં રસ ધરાવતા સેવાભાવી લેખકો સાદર આમત્રિત હોય ઉમાભવન રાજકોટ્ ના મો. ૯૦૯૯૦૮૮૩૭૨ ઉપર સંપકા કરવા વિનંતી છે.

# રેસકોર્સ પાર્કનો ફ્લેટ મહિલા ભાડુઆતે પચાવી પાડ્યો

## ભાડા કરાર પૂર્ણ થયાં બાદ રૂ. ૨૨ લાખના ફ્લેટ પર કબ્જો જમાવનાર અમિતાબેન શાહ વિરુદ્ધ પ્ર.નગર પોલીસમાં એન્ટી લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના રેસકોર્સ પાર્કમાં આવેલ રૂ. ૨૨ લાખની કિંમતનો ફ્લેટ પચાવી પાડનાર મહિલા ભાડુઆત વિરુદ્ધ પ્રનગર પોલીસ મથકમાં એન્ટી લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. પ્રાપ્ત વિગત અનુસાર અમુબેન સંજયભાઈ ચાવડા (રહે. ધરતી મકાન, લક્ષ્મી સોસાયટી શેરી નંબર-૪, નાના મવા, રાજકોટ) નામની ૬૧ વર્ષીય વૃદ્ધાએ પ્રનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અમિતાબેન ઉર્ફે અમીબેન કિશોરભાઈ શાહ (હાલ રહે. મનહર પ્લોટ શેરી નંબર -૧૧/૧૫, શુભ લાભ એપાર્ટમેન્ટ ફ્લેટ નંબર-૧૦૩, જયભાઈ દાવડાના મકાનમાં ભાડેથી, રાજકોટ)નું નામ આપતાં જણાવ્યું હતું કે, તેમના પરિવારમાં પતિ સંજયભાઈ ચાવડા માર્ગ અને મકાનમાં ડેપ્યુટી ઈજનેર તરીકે ફરજ બજાવતા હતા અને હાલ તેઓ નિવૃત થઈ ગયા છે. વધુમાં તેમણે જણાવ્યું હતુ કે, રેસકોર્સ પાર્ક, બિલ્ડીંગ નંબર-૧૦ ના પ્રથમ માળે તેમની અને તેમના પતિની સંયુક્ત માલિકીનો ૧૦૧ નંબરનો ફ્લેટ આવેલો છે. જે ફ્લેટ વર્ષ ૨૦૨૧માં અમિતાબેન ઉર્ફે અમી બેનને ભાડા કરારથી રહેવા આપ્યો હતો. અમિતાબેને શરૂઆતમાં ભાડેથી ફ્લેટ લીધા બાદ સમયસર ભાડું ચૂકવ્યું હતું. જો કે, બાદમાં ૧૧ માસનો ભાડા કરાર પૂર્ણ થઈ જતા ફરીવાર ભાડા કરાર કરાવ્યો ન હતો અને ત્યારબાદ ભાડું આપવાનું પણ બંધ કરી દીધું હતું. જે બાદ વૃદ્ધાએ વારંવાર ભાડા કરાર કરાવી ભાડુ ચૂકવવા અથવા તો ફ્લેટ ખાલી કરી દેવા જણાવ્યા બાદ પણ ફ્લેટ પર ગેરકાયદે કબજો જમાવી ફરિયાદીની માલિકીનો રૂ. ૨૨ લાખનો ફ્લેટ પચાવી પાડ્યો હતો. દરમિયાન ભાડુઆતે વિજબીલ નહિ ભરતા પીજીવીસીએલ દ્વારા કનેક્શન કાપી નખાતા ભાડુઆતે લંગરીયું નાખ્યું હતું જે અંગે પણ વૃદ્ધાએ પીજીવીસીએલ તંત્રમાં ફરિયાદ કરી હતી. બાદમાં વૃદ્ધાએ જિલ્લા કલેકટર કચેરી ખાતે એન્ટી લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરવા અરજી કરી હતી. જે અરજી મામલે ગુનો દાખલ કરવા જિલ્લા કલેકટર દ્વારા આદેશ કરવામાં આવતા પ્રનગર પોલીસે અમિતાબેન ઉર્ફે અમીબેન શાહ વિરુદ્ધ એન્ટી લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધી નોંધ્યો હતો. સમગ્ર મામલાની તપાસ હાલ એસીપી દક્ષિણ ચલાવી રહ્યા છે.

# સંજીવની સમાન 'રક્ત' દાતાઓએ ગુજરાતનું ગૌરવ વધાર્યું

## દેશમાં ૭૫લાખતી વધુ બ્લડ યુનીટમાં જરૂરમાં ગુજરાતનો ૧૦ ટકાનો હિસ્સો

**અબતક,રાજકોટ**

સમગ્ર દેશમાં દર વર્ષે ૭૫ લાખથી વધુ બ્લડ યુનિટની જરૂરત ઉભી થાય છે. તેની સામે કુલ જરૂરિયાતના ૧૦ ટકા થી વધુ હિસ્સો ગુજરાત પૂરું પાડે છે.

સામાન્ય રીક્ષા ડ્રાઈવરથી લઈને ગુજરાત હાઈકોર્ટના નિવૃત ચીફ જસ્ટિસ તેમજ સમાજના વિવિધ વર્ગના ૧૨૫ થી વધુ centurian બ્લડ ડોનર આપણા ગુજરાતમાં છે.

૧૦૦ થી વધુ વાર રક્તદાન કરનારા રક્તદાતાઓમાં બી. જે. દીવાન સાહેબ, પૂર્વ સાંસદ ડો. વી. આર. કથીરિયા, જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મુકેશ પટેલ, કેતકીબેન શાહ, નિવૃત રેલવે અધિકારી જયેશભાઈ અંતાણી, પોલિસ કર્મચારી મનસુખભાઈ ચાવડા, મોઢવણિક સમાજના અગ્રણી રશ્મિનભાઈ મહેતા સહિતનાનો સમાવેશ થાય છે.

સુરત ડાયમંડ એસોશિસેશન દ્વારા યોજાયેલ રકતદાન શિબિરમાં માત્ર એક જ દિવસમાં ૨૦,૦૨૨ રક્તદાતાઓએ રક્તદાન કરેલ જે સમગ્ર ભારતનો સૌથી મોટો રકતદાને કેમ્પ થયેલ

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એમ્પ્લોઈસ યુનિયનના સભ્યોના પ્રિય નેતા એસ એ કાદરી વય મર્યાદાને લીધે નિવૃત થતા યુનિયન દ્વારા સમગ્ર દેશમાં સૌ પ્રથમવાર અવિરત ૩૬૫ દિવસ રક્તદાન મહાયજ્ઞનું સફળ આયોજન કરીને વિક્રમજનક ૪૪,૪૪૪ રક્તની બોટલો એકત્ર કરેલ.

સત્ય સાઈ સેવા સંગઠન અમદાવાદ દ્વારા સાઈ ભક્તોએ દર સપ્તાહે એક એવા ૧૧૨૮ રક્તદાન કેમ્પ યોજીને થેલેસેમિયા પીડિત બાળકો માટે ૪૫,૧૬૭ યુનિટ રક્ત એકત્ર કરેલ જે અજોડ ઘટના છે.

રાજકોટ સૌરાષ્ટ્રમાં રક્તદાન પ્રવૃત્તિને વેગવંતી બનાવવામાં શિશુ વિહાર ભાવનગર મહેન્દ્રભાઈ મશરૂ સ્વ. સેવારામભાઈ, ભાજપ અગ્રણી મુકેશભાઈ દોશી, પ્રો. એલ કે સંતોકી, ધર્મેન્દ્ર મહેતા, ચંદ્રકાંતભાઈ કોટિયા, જાગૃત યુવા મંડળ પોરબંદર, જનસેવા સમાજ વેરાવળ, હાટકેશ રક્તદાન મંડળ મોરબી, સહિતના માનવતા જેના લોહીમાં વહે છે તેવા સ્વૈચ્છિક રક્તદાતાઓ સંસ્થાઓને ફાળે જાય છે. કોઈ માતાના લાડકવાયા, કોઈ બેનીનો વીરો, કોઈ બેનનો સુહાગ, કોઈ નાના નાના ભૂલકાઓના મમ્મી-પપ્પા, પ્રસૂતા બહેનોને કે કુદરતે પણ જેમની સાથે અન્યાય કરેલ છે અને રક્ત જેમનો ખોરાક છે તેવા થેલેસેમિયા પીડિત બાળકોની વહારે ચઢી સંજીવની સમું પ્રાણ રક્ષક લોહી આપનારા શિબિ રાજા જેવા ગુજરાતના સેંકડો હજારો નહીં પરંતુ લાખો રક્તદાતાઓને શત શત વંદન સહ સલામ. કુદરતી કે માનવીય આપતી વેળા પણ ગૌરવવંતા ખમીરવંતા ગુજરાતે ક્યારેય પાછી પાની નથી કરી હંમેશા મોખરે રહેલ છે.

### કમાણી ઓછી પડી !!!

# ડૉકટર પણ સારવારની સાથે સાથે હેલ્થ કેરના સ્ટાર્ટઅપમાં જોડાઈ ગયાં

## સમાજ માટે દ્વિ-ભૂમિકા ભજવતા ડોકટરો: આરોગ્યસંભાળ ક્ષેત્રે નવીન ઉકેલો લાવવા માટે ઉદ્યોગસાહસિકતા અપનાવી

**અબતક, રાજકોટ**

રાષ્ટ્રીય ડોકટર્સ ડે ના રોજ, ગુજરાતમાં એક નવો અને પ્રેરણાદાયક ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. અહીંના ડોકટરો હવે માત્ર દર્દીઓની સારવાર સુધી સીમિત નથી, પરંતુ આરોગ્યસંભાળ ક્ષેત્રે નવીન ઉકેલો લાવવા માટે ઉદ્યોગસાહસિકતા અપનાવી રહ્યા છે. તેઓ હવે ‘‘સફેદ કોટ‘‘ અને ‘‘ઈનોવેટર ટોપી‘‘ બંને ધારણ કરીને સમાજ માટે દ્વિ-ભૂમિકા ભજવી રહ્યા છે, જે ગુજરાતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં એક સકારાત્મક પરિવર્તન લાવી રહ્યું છે.

આ પ્રવાહનું એક ઉત્તમ ઉદાહરણ ડો. જીત નાઈક, એક ડેન્ટલ સર્જન છે. ભારતમાં ગુણવત્તાયુક્ત અને સસ્તા પ્રિફોર્મ્ડ પ્રાઈમરી મોલર સ્ટેનલેસ સ્ટીલ ક્રાઉન્સની અછત જોઈને, તેમણે બજારની રાહ જોવાને બદલે જાતે જ ‘‘રેઈન્બો ક્રાઉન્સ‘‘ નામનું સોલ્યુશન વિકસાવ્યું. અમદાવાદ સ્થિત આઈ-હબ દ્વારા ઈન્ક્યુબેટેડ આ સ્ટાર્ટઅપ ગુજરાતમાં સફળતા મેળવ્યા બાદ હવે સમગ્ર ભારતમાં વિસ્તર્યું છે અને તેનો લક્ષ્ય વૈશ્વિક બજાર પર છે. આ દર્શાવે છે કે કેવી રીતે ડોકટરો તેમની પ્રેક્ટિકલ સમજનો ઉપયોગ કરીને વાસ્તવિક સમસ્યાઓનો ઉકેલ લાવી શકે છે.

ગુજરાતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં, સર્જિકલ ઉપકરણોથી લઈને દર્દીઓની એપ્લિકેશનો સુધીના આરોગ્યસંભાળના અંતરને ડોકટરો સીધી રીતે સમજી રહ્યા છે અને તેમાંથી ઉદ્યોગસાહસિક તકો શોધી રહ્યા છે. ઉદાહરણ તરીકે, ઓર્થોપેડિક ઓન્કોસર્જન ડો. અભિજીત સાલુંકે દ્વારા સહ-સ્થાપિત ઈન્ટેન્ટિઓ બાયોપ્સી ડિવાઈસ કેન્સર અને ચેપના નિદાન માટે હાડકા અને મજ્જાના નમૂનાઓને સચોટ રીતે એકત્રિત કરવામાં મદદ કરે છે. તેવી જ રીતે, એન્ડોક્રિનોલોજિસ્ટ ડો. ઓમ લાખાણીએ ડાયાબિટીસના દર્દીઓને ઈન્સ્યુલિન મેનેજમેન્ટમાં મદદ કરવા માટે એક ડાયાબિટીસ મેનેજમેન્ટ એપ બનાવી છે, જે તબીબી જ્ઞાન અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ના સુમેળનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

ડોકટરો માત્ર મેડિકલ-ટેક પૂરતા સીમિત નથી, પરંતુ આધુનિક જીવનશૈલીની સમસ્યાઓ માટે પણ ઉકેલો શોધી રહ્યા છે. આનું એક ઉદાહરણ ‘‘સ્નેકસ‘‘ નામનો સ્ટાર્ટઅપ છે, જે આરોગ્યસંભાળ વ્યાવસાયિકો દ્વારા જ સ્થપાયેલ છે. આ વિચાર તેમને તેમની લાંબી હોસ્પિટલ શિફ્ટ દરમિયાન સમયસર અને પૌષ્ટિક ખોરાક ન મળવાના પડકારમાંથી ઉદ્ભવ્યો હતો. સ્નેક્સ લોકોને ઝડપથી, સારો અને આરોગ્યપ્રદ ખોરાક મળી રહે તે માટે એક સિસ્ટમ પ્રદાન કરે છે, જે દર્શાવે છે કે ડોકટરો તેમના વ્યકિતગત અનુભવોને પણ સામાજિક ઉકેલોમાં પરિવર્તિત કરી શકે છે.

ગુજરાતનું ઈનોવેશન ઈકોસિસ્ટમ આવા ક્રોસઓવર સાહસોને સક્રિયપણે પ્રોત્સાહન આપી રહ્યું છે. સ્ટેટ હેલ્થ રિસોર્સ સેન્ટરના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડો. એ.એન. કાદરીએ જણાવ્યું કે મેડિકલ, ડેન્ટલ અને ફિઝિયોથેરાપી કોલેજોમાં સ્ટાર્ટઅપ તકો વિશે જાગૃતિ ઝુંબેશ ચલાવવામાં આવે છે. આઈ-હબના સીઈઓ હિરણમય મહંતે ઉમેર્યું કે ગુજરાતની તમામ ૧૨ સરકારી મેડિકલ કોલેજો ગુજરાતની સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસીનો ભાગ છે, જેના પરિણામે વિદ્યાર્થીઓના નેતૃત્વમાં સંશોધન અને ડોકટર-સંચાલિત નવીનતામાં સ્પષ્ટ વધારો જોવા મળી રહ્યો છે. આ પ્રવાહ ગુજરાતના આરોગ્યસંભાળ ક્ષેત્ર માટે ઉજ્જવળ ભવિષ્ય સૂચવે છે.

# તેલંગણાની દવા ફેક્ટરીમાં લાગેલી આગમાં મૃત્યુઆંક ૩૪ પર પહોંચ્યો

## પીએમ રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી મૃતકોના પરિવારજનોને ₹૨ લાખ અને ઘાયલોને ₹૫૦ હજારની સહાયની જાહેરાત

**અબતક, નવી દિલ્હી**



તેલંગાણાના સંગારેડ્ડી જિલ્લામાં દવા ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટમાં મૃત્યુઆંક વધીને ૩૪ થયો છે. ફેક્ટરીમાંથી ૩૧ મૃતદેહ મળી આવ્યા છે. તે જ સમયે ૩ લોકોના હોસ્પિટલમાં મૃત્યુ થયા છે. ૩૦થી વધુ ઘાયલ છે.સંગારેડીના એસપી પરિતોષ પંકજે આ માહિતી આપી છે. સોમવારે સવારે ફેક્ટરીના રિએક્ટર યુનિટમાં વિસ્ફોટ થયો હતો. આ અકસ્માત સવારે ૮.૧૫ થી ૯.૩૦ વાગ્યાની વચ્ચે પાસુમિલ્લારામ ઔદ્યોગિક વિસ્તારમાં સ્થિત સિગાચી ઈન્ડસ્ટ્રીઝમાં થયો હતો.પીએમ મોદીએ એક્સ પોસ્ટ દ્વારા વિસ્ફોટની ઘટના પર શોક વ્યક્ત કર્યો. તેમણે પીએમ રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી મૃતકોના પરિવારજનોને ₹૨ લાખ અને ઘાયલોને ₹૫૦ હજારની સહાયની જાહેરાત કરી.આસપાસની ફેક્ટરીઓમાં કામ કરી રહેલા મજૂરોએ જણાવ્યું, વિસ્ફોટ એટલો જોરદાર હતો કે અડધા કિમી દૂર સુધી બિલ્ડિંગોની બારીઓના કાચ તૂટી ગયા. એક મજૂરે કહ્યું, અમે જોરદાર અવાજ સાંભળ્યો અને જોયું કે આગની અનેક ફુટ ઊંચી લપટો ઉઠી રહી હતી.દુર્ઘટના સમયે કેટલા લોકો હતા. આ રેકોર્ડ રાખનારા વ્યક્તિનું પણ મોત; ફેક્ટરીમાં વિસ્ફોટ બાદ લગભગ ૧૦ કર્મચારી એક રૂમમાં ફસાઈ ગયા. તેમને સુરક્ષિત બહાર કાઢવા માટે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરાયું. પોલીસે જણાવ્યું કે ફેક્ટરીમાં કેટલા લોકો હતા, તેનો ચોક્કસ આંકડો નથી મળી શકયો. કારણ કે કર્મચારીઓનો રેકોર્ડ રાખનાર વ્યક્તિ પણ માર્યો ગયો. અત્યાર સુધી ૩ મૃતદેહોની જ ઓળખ થઈ શકી છે. બાકીની ડીએનએ પ્રોફાઈલિંગ કરવામાં આવશે.

# શેરબજારમાં ગુજરત સરકારની કંપનીઓનો ડંકો: જીએમડીસી ટોચ પર!

## જીઆઈપીસીએલ, જીએસએફસી, જીએસપીએલ અને જીએનએફસી સહિતની કંપનીઓનું નોંધપાત્ર પ્રદર્શન

**અબતક, રાજકોટ**

દેશ માટે ગુજરાત વિકાસ એન્જીન બની ગયું છે. શેરબજારમાં ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ કવાર્ટરમાં ગુજરાત સરકારની માલીકીની કંપનીઓનો દબદબો જોવા મળ્યો હતો.

ગુજરાતમાં રાજ્ય સરકારની માલિકીની કંપનીઓએ શેરબજારમાં પોતાનો ડંકો વગાડ્યો છે. આ કંપનીઓ ૨૦૨૫-૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં બીએસઈ સેન્સેક્સ અને નિફ્ટી જેવા મુખ્ય સૂચકાંકોના રિટર્નને વટાવી ગઈ છે. આ નોંધપાત્ર સિદ્ધિ આ કંપનીઓની મજબૂત નાણાંકીય સ્થિતિ અને વ્યૂહાત્મક સંચાલન દર્શાવે છે, જે એક અગ્રણી આર્થિક કેન્દ્ર તરીકે ગુજરાતનું સ્થાન મજબૂત બનાવે છે.

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ગુજરાત દેશનું ‘ગ્રોથ એન્જિન’ બન્યું છે. આજે ગુજરાત સમગ્ર દેશમાં ઔદ્યોગિક રીતે વિકસિત રાજ્યોમાંનું એક બન્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત ઔદ્યોગિક અને આર્થિક વિકાસમાં સતત આગળ વધી રહ્યું છે, ત્યારે રાજ્ય સરકારની માલિકીની કંપનીઓનું બજારમાં મજબૂત પ્રદર્શન રાજ્યની વિકાસયાત્રાને આગળ ધપાવવામાં મહત્વપૂર્ણ છે.


શેરબજારના તાજેતરના ડેટા અનુસાર, ભારતીય શેરબજાર-બીએસઈ અને એનએસઈ પર લિસ્ટેડ ગુજરાતની કંપનીઓએ નોંધપાત્ર ઉછાળો નોંધાવીને એકંદર માર્કેટ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે. સોમવારે બીએસઈ સેન્સેક્સ ૮.00% વધીને ૮૩,૬૦૬.૪૬ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૮.૪૯% વધીને ૨૫,૫૧૭.૦૫ પર બંધ થયો હતો. તેનાથી વિપરીત, ગુજરાત સરકારની માલિકીની ઘણી કંપનીઓએ ડબલ ડિજિટમાં વૃદ્ધિની ટકાવારી નોંધાવી હતી. આ વૃદ્ધિ બજારમાં તેમનું મજબૂત સ્થાન અને સ્થિતિ સ્થાપકતા દર્શાવે છે.

આ યાદીમાં સૌથી ટોચ પર ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (જીએમડીસી) છે, જેણે ૫૫.૨૩%નો જબરદસ્ત વધારો નોંધાવ્યો, અને તેના શેરનો ભાવ રૂ.૨૬૫.૩૫ થી વધીને રૂ. ૪૧૧.૯૦ થયો. ત્યારબાદ બીજા સ્થાને ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પાવર કંપની લિમિટેડ એ ૨૧.૩૧%નો મજબૂત વધારો નોંધાવ્યો, જેનો શેરભાવ રૂ.૧૮૦.૨૦ થી વધીને રૂ.૨૧૮.૬૦ થયો છે. ત્યારબાદ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (એ ૧૫.૩૧% નો વધારો નોંધાવ્યો, જેના શેરનો ભાવ રૂ.૧૭૭.૩૦ થી વધીને રૂ.૨૦૪.૪૫ થયો, જ્યારે ગુજરાત ગેસ લિમિટેડની શેરની કિંમતમાં ૧૪.૩૦% નો વધારો જોવા મળ્યો, જે રૂ.૪૧૨.૬૦ થી વધીને રૂ.૪૭૧.૬૦ થયો. ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ અને ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડએ પણ અનુક્રમે ૧૨.૨૯% અને ૧૧.૬૦% નો વધારો નોંધાવીને સારું પ્રદર્શન કર્યું છે. આ શાનદાર કામગીરી ગુજરાતના સરકારી માલિકીના સાહસોના વ્યૂહાત્મક વિઝન અને કાર્યકારી કાર્યક્ષમતાને પ્રતિબિંબિત કરે છે, જે સ્પર્ધાત્મક બજારના માહોલમાં પણ સતત વિકાસ કરી રહ્યા છે. રાજ્ય સરકારે હંમેશાં ટકાઉ વિકાસ, નવીનીકરણ અને રોકાણકારોના વિશ્વાસને મહત્વ આપ્યું છે, જેના કારણે આ કંપનીઓ બેન્ચમાર્ક સૂચકાંકોને પાર કરીને અસાધારણ રિટર્ન ડિલિવર કરવા માટે પ્રેરિત થઈ છે. આ કંપનીઓ નવીનીકરણ અને વિકાસની દિશામાં સતત આગળ વધી રહી છે, જેના કારણે રોકાણકારો અને હિતધારકો ટકાઉ વૃદ્ધિની અપેક્ષા રાખી શકે છે.

# અમેરિકામાં વધુ એક પ્લેન ક્રેશ: ૬ના મોત

## વેકેશન માટે જઈ રહેલા એક જ પરિવારના ૪ સભ્યો અને ૨ પાયલોટના મોત

**અબતક, રાજકોટ**




અમેરિકાના ઓહિયોમાં એક દુ:ખદ વિમાન દુર્ઘટનામાં યંગસ્ટાઉન-વોરેન પ્રાદેશિક એરપોર્ટ પરથી ટેકઓફ કર્યા પછી તરત જ વેલર પરિવારના ચાર સભ્યો અને બે પાઈલટ સહિત છ લોકોના કરુણ મોત થયા છે. આ દુર્ઘટનામાં મોન્ટાનાના બોઝેમેન જઈ રહેલું સેસ્ના ૪૪૧ વિમાન જંગલવાળા વિસ્તારમાં ક્રેશ થયું હતું, જેમાં કોઈ બચ્યું નહોતું. પીડિતોમાં ભૂતપૂર્વ ફરિયાદી અને બંદર સત્તાવાળા અધિકારી જોસેફ મેક્સિનનો પણ સમાવેશ થાય છે.

રવિવારે સવારે ઓહિયોના યંગસ્ટાઉન-વોરેન પ્રાદેશિક એરપોર્ટ પરથી ઉડાન ભર્યાની થોડી જ વારમાં એક નાનું વિમાન તૂટી પડતાં એક જ પરિવારના ચાર સભ્યો અને બે પાઈલટ સહિત કુલ છ લોકોના મોત થયા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. ફેડરલ એવિએશન ઓથોરિટી (એફએએ) અનુસાર, સેસ્ના ૪૪૧ ટ્વીન-એન્જિન ટર્બોપ્રોપ વિમાન એરપોર્ટ નજીક આવેલા ગાઢ જંગલવાળા વિસ્તારમાં ક્રેશ થયું હતું. વેસ્ટર્ન રિઝર્વ પોર્ટ ઓથોરિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર એન્થોની ટ્રેવેનાએ પુષ્ટિ કરી કે આ દુર્ઘટનામાં કોઈ બચ્યું નથી. ન્યૂઝ એજન્સી એપીના અહેવાલ મુજબ, આ વિમાન વોરેન, ઓહિયોની મીન્ડર એર એલએલસીમાં નોંધાયેલું હતું.

ટ્રમ્બુલ કાઉન્ટી કોરોનર લોરેન્સ ડી’અમિકોએ સોમવારે મૃતકોની ઓળખ જાહેર કરી હતી. તેમાં કેનફિલ્ડના પાઈલટ જોસેફ મેક્સિન (૬૩) અને કો-પાઈલટ ટીમોથી બ્લેક (૫૫) નો સમાવેશ થાય છે. મુસાફરોમાં હબાર્ડના વેરોનિકા વેલર (૬૮), તેમના પતિ જેમ્સ વેલર (૬૭), તેમનો પુત્ર જોન વેલર (૩૬), અને તેમની પત્ની મારિયા વેલર (૩૪) નો સમાવેશ થાય છે. અહેવાલો અનુસાર, વેલર પરિવાર વેકેશન માટે મોન્ટાનાના બોઝેમેન જઈ રહ્યો હતો અને તેઓ યંગસ્ટાઉન-વોરેન વિસ્તારમાં સ્ટીલ ઉત્પાદન વ્યવસાયો ધરાવતા હોવા માટે જાણીતા હતા.

માહોનિંગ કાઉન્ટીના ભૂતપૂર્વ સહાયક ફરિયાદી અને બંદર સત્તાવાળાના પાલન નિર્દેશક તરીકે સેવા આપનાર મેક્સિનને એક સમર્પિત જાહેર સેવક તરીકે યાદ કરવામાં આવી રહ્યા છે. હોવલેન્ડ ટાઉનશીપ ફાયર ચીફ રેમન્ડ પેસે જણાવ્યું હતું કે, વિમાન ત્રણ ઘરો નજીક ગાઢ જંગલોમાં ક્રેશ થયું હતું, પરંતુ સદનસીબે જમીન પર કોઈને ઈજા થઈ ન હતી. તેમણે નોંધ્યું કે ક્રેશ સ્થળ સુધી પહોંચવું મુશ્કેલ હતું. હાલ એફએએ અને નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ ક્રેશના કારણની તપાસ કરી રહ્યા છે અને જાહેર જનતા પાસેથી કોઈપણ ઉપલબ્ધ સર્વેલન્સ ફૂટેજ અથવા પ્રત્યક્ષદર્શીઓના અહેવાલોની વિનંતી કરી છે.



# કૂતરૂ કરડ્યું છે તો શું કરશો???



## કૂતરા કરડ્યા બાદ સમયસરની સારવાર ગંભીર ચેપ અને લાંબા ગાળાની અસરો ટાળવામાં મદદરૂપ

**અબતક, રાજકોટ**

આજ કાલ આપણે કૂતરું કરડીયાના બનાવો અવારનવાર સાંભળતા હોઈએ છીએ. શ્વાન કરડવો એ એક ગંભીર બાબત છે જે શારીરિક અને માનસિક બંને રીતે અસર કરી શકે છે. તે માત્ર દુખાવો અને ઈજા જ નથી પહોંચાડતું, પરંતુ રેબીઝ જેવા જીવલેણ રોગોનું જોખમ પણ ઊભું કરે છે. ક્યારેક પાલતુ શ્વાન પણ કરડી શકે છે, અને અજાણ્યા શ્વાનનો ડર પણ સ્વાભાવિક છે. કૂતરા કરડવાની ઘટના, ખાસ કરીને બાળકો માટે, ભયાવહ અને આઘાતજનક હોઈ શકે છે. આવા સમયે ગભરાવાને બદલે, યોગ્ય અને તાત્કાલિક પગલાં લેવા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. ભારતમાં, જ્યાં રખડતા કૂતરાઓની સંખ્યા વધુ છે, ત્યાં આવી ઘટનાઓ સામાન્ય છે. પરંતુ સચોટ માહિતી અને સમયસરની સારવાર ગંભીર ચેપ અને લાંબા ગાળાની અસરો ટાળવામાં મદદ કરી શકે છે. આ લેખમાં કૂતરા કરડ્યા પછી શું કરવું, કયા સંભવિત જોખમો છે અને ક્યારે તબીબી મદદ લેવી તે અંગે વિગતવાર માહિતી આપવામાં આવી છે.

કૂતરો કરડ્યા પછી સૌથી પહેલું પગલું એ છે કે તમારી સલામતી સુનિશ્ચિત કરો અને કૂતરાથી સુરક્ષિત અંતર બનાવો. આ પછી, જો કૂતરાનો માલિક હાજર હોય, તો તરત જ તેમનો સંપર્ક કરો અને કૂતરાના રસીકરણ, ખાસ કરીને હડકવાની રસી વિશેની માહિતી મેળવો. પશુચિકિત્સકની વિગતો સહિત તેમની સંપર્ક માહિતી લેવાનું ભૂલશો નહીં. જો કૂતરો રખડતો હોય, તો આસપાસના લોકોને પૂછપરછ કરીને કૂતરાની સંભાળ રાખનાર અથવા રસીકરણની સ્થિતિ વિશે જાણવાનો પ્રયાસ કરો. જો તે તમારો પોતાનો કૂતરો હોય, તો પણ ખાતરી કરો કે તેને હડકવાની રસી અપડેટ કરવામાં આવી છે. શક્ય તેટલી વધુ માહિતી એકત્રિત કરવી ભવિષ્યની સારવાર માટે અત્યંત ઉપયોગી થશે.

ચેપ અટકાવવા માટે ઘાની તાત્કાલિક સફાઈ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. કરડેલા ભાગને તરત જ સાબુ અને પુષ્કળ પાણીથી ઓછામાં ઓછા ૫-૧૦ મિનિટ સુધી સારી રીતે ધોઈ લો. આ પ્રક્રિયા ઘામાંથી બેક્ટેરિયાને બહાર કાઢવામાં મદદ કરે છે. ઘા ધોયા પછી, પોવિડોન આયોડિન જેવી સ્થાનિક એન્ટિબાયોટિક ક્રીમ લગાવો. ત્યારબાદ, ઘાને સ્વચ્છ પાટો અથવા કપડાથી ઢાંકી દો અને દરરોજ પાટો બદલતા રહો. ઘાની નિયમિત દેખરેખ રાખો અને ચેપના કોઈ પણ ચિહ્નો જેમ કે લાલાશ, સોજો, ગરમી અથવા દુખાવામાં વધારો જણાય તો તરત જ તબીબી સલાહ લો.

કૂતરા કરડવાથી અનેક સ્વાસ્થ્ય જોખમો ઊભા થઈ શકે છે, જેની તીવ્રતા કરડવાની ઊંડાઈ અને સ્થાન પર આધાર રાખે છે. નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો અથવા ડાયાબિટીસના દર્દીઓ વધુ સંવેદનશીલ હોય છે. સામાન્ય રીતે જોવા મળતી ગૂંચવણોમાં બેક્ટેરિયલ ચેપ જેમ કે સ્ટેફાયલોકોકસનો સમાવેશ થાય છે. ઊંડા કરડવાથી ચેતા, સ્નાયુઓ અથવા રક્તવાહિનીઓને નુકસાન થઈ શકે છે, જ્યારે મોટા કૂતરાના કરડવાથી હાડકાંમાં ફ્રેક્ચર પણ થઈ શકે છે, ખાસ કરીને હાથ, પગ અથવા પગની ઘૂંટીમાં.

સૌથી ગંભીર જોખમ હડકવાનું છે, જો કૂતરાના રસીકરણનો ઈતિહાસ અજાણ હોય અથવા કૂતરો બીમાર દેખાતો હોય. હડકવા એ જીવલેણ રોગ છે, તેથી જો સહેજ પણ શંકા હોય તો તાત્કાલિક હડકવા વિરોધી રસી લેવી જરૂરી છે. આ ઉપરાંત, કરડવાના કારણે કાયમી ડાઘ પણ રહી શકે છે, જોકે આધુનિક તબીબી તકનીકો તેના દેખાવને ઘટાડવામાં મદદ કરી શકે છે. મૃત્યુ ખૂબ જ દુર્લભ છે, પરંતુ ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં તેનું જોખમ વધુ હોય છે.ઘામાં ચેપ લાગવાના ચિહ્નો કરડ્યા પછી ૨૪ કલાકથી ૧૪ દિવસની અંદર દેખાઈ શકે છે. જો તમને નીચેનામાંથી કોઈ પણ લક્ષણો દેખાય તો તાત્કાલિક તબીબી સહાય મેળવો: ઘામાં લાલાશ, સોજો, પરુ અથવા પ્રવાહીનો સ્રાવ, તાવ, ઠંડી લાગવી, નબળાઈ, ચક્કર આવવા, અથવા મૂંઝવણ. જો રક્તસ્રાવ બંધ ન થતો હોય, ઘા ખૂબ ઊંડો હોય, હાડકાં, રજ્જૂ કે સ્નાયુ ખુલ્લા દેખાતા હોય, અથવા કરડ્યા પછી હાથ-પગની ગતિશીલતામાં ઘટાડો થયો હોય, તો વિલંબ કર્યા વિના ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ.

યોગ્ય તબીબી સારવાર બેક્ટેરિયલ ચેપ અને ગંભીર ગૂંચવણોને અટકાવવા માટે નિર્ણાયક છે. ડોક્ટર ઘાની ગંભીરતાનું મૂલ્યાંકન કરશે અને જરૂરિયાત મુજબ ટિટાનસ શોટ, એન્ટિબાયોટિક્સ અને જો જરૂરી હોય તો હડકવા વિરોધી રસીનો કોર્સ સૂચવશે. જો એન્ટિબાયોટિક્સ સૂચવવામાં આવે, તો લક્ષણો ઓછા થાય તો પણ તેનો સંપૂર્ણ કોર્સ પૂર્ણ કરવો અનિવાર્ય છે, જે સામાન્ય રીતે ૧-૨ અઠવાડિયાનો હોય છે. કૂતરા કરડવાથી બચવા માટે નિવારણના પગલાં પણ એટલા જ મહત્ત્વપૂર્ણ છે. બાળકોને કૂતરાઓ સાથે સુરક્ષિત રીતે કેવી રીતે વર્તવું તે શીખવવું જોઈએ. પાલતુ કૂતરાઓને સમયસર રસીકરણ કરાવવું અને તેમનું વર્તન નિહાળવું પણ જરૂરી છે.

### તાજમહેલ ખરીદવો છે? તો આજે પણ વેચવાવાળા લાઈનમાં !!

# ત્રણ યુદ્ધમાં ઉપયોગમાં લેવાયેલ ભારતીય હવાઈ સેનાનો બીજા વિશ્વયુદ્ધમાં તૈયાર થયેલા રનવે બોગસ કાગળિયા દ્વારા ૨૮ વર્ષ પહેલા વેચી દેવાયો

## માતા-પુત્રની જોડીએ મહેસૂલ અધિકારીઓ સાથે મળીને બીજા વિશ્વયુદ્ધના સમયની ભારતીય વાયુસેનાની હવાઈ પટ્ટી વેચી દીધી

**અબતક, રાજકોટ**

ટૂંકી રીતે પૈસા કમાવવાવાળા એટલી હદે વધ્યા છે કે જો કોઈને તાજમહેલ ખરીદવો હોય તો પણ માલિકી ન હોવા છતાં વેચવાવાળા લાઈનમાં લાગી જાય છે. આવા કૌભાંડોના કિસ્સાઓ છાશવારે સામે આવતા હોય છે. ત્યારે પંજાબના ફિરોઝપુરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ૧૯૯૭માં એક માતા-પુત્રની જોડીએ મહેસૂલ અધિકારીઓ સાથે મળીને બીજા વિશ્વયુદ્ધના સમયની ભારતીય વાયુસેનાની હવાઈ પટ્ટી વેચી દીધી હોવાનો આરોપ છે. આ મામલો ૨૮ વર્ષ પછી પ્રકાશમાં આવ્યો છે જ્યારે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના હસ્તક્ષેપ બાદ પંજાબ વિજિલન્સ બ્યુરોની તપાસમાં જમીન ભારતીય વાયુસેનાની હોવાનું પુષ્ટિ થઈ. આ કૌભાંડમાં ઉષા અંસલ અને તેમના પુત્ર નવીન ચંદ વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે.આ હવાઈ પટ્ટી ફત્તુવાલા ગામમાં પાકિસ્તાન સરહદની ખૂબ નજીક આવેલી છે અને ૧૯૬૨, ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધો દરમિયાન ભારતીય વાયુસેના દ્વારા અદ્યતન ઉતરાણ સ્થળ તરીકે ઉપયોગમાં લેવાઈ હતી. વિજિલન્સ બ્યુરોની તપાસમાં બહાર આવ્યું છે કે આ જમીન ૧૨ માર્ચ, ૧૯૪૫ના રોજ બ્રિટિશ વહીવટીતંત્ર દ્વારા બીજા વિશ્વયુદ્ધ માટે હસ્તગત કરવામાં આવી હતી અને ત્યારથી ભારતીય વાયુસેનાના કબજામાં હતી. આરોપી ઉષા અને નવીને કથિત રીતે કપટપૂર્વક જમીનની માલિકીનો દાવો કર્યો અને મહેસૂલ અધિકારીઓ સાથે મળીને બનાવટી મહેસૂલ રેકોર્ડ બનાવીને તેને વેચી દીધી.આ મામલામાં નિવૃત્ત મહેસૂલ અધિકારી અને વ્હિસલબ્લોઅર નિશાન સિંહ દ્વારા મૂળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી, પરંતુ વર્ષો સુધી કોઈ કાર્યવાહી થઈ ન હતી. ૨૦૨૧માં હલવારા એરફોર્સ સ્ટેશનના કમાન્ડન્ટે પણ તપાસની માંગણી કરી હતી, છતાં કોઈ પ્રગતિ થઈ ન હતી. આખરે, નિશાન સિંહે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી, જેના પગલે ન્યાયાધીશ હરજીત સિંહ બ્રારે પંજાબ વિજિલન્સ બ્યુરોના મુખ્ય નિર્દેશકને વ્યક્તિગત રીતે આરોપોની સત્યતા ચકાસવાનો અને જરૂરી કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો. હાઈકોર્ટે ફિરોઝપુરના ડેપ્યુટી કમિશનરને તેમની નિષ્ક્રિયતા બદલ ઠપકો આપ્યો અને રાષ્ટ્રીય સુરક્ષા માટેના સંભવિત ખતરા અંગે ચિંતા વ્યક્ત કરી.હાઈકોર્ટના હસ્તક્ષેપ બાદ, મે ૨૦૨૫માં જ આ જમીન આખરે સંરક્ષણ મંત્રાલયને પરત કરવામાં આવી છે. આ કેસ ભારતમાં જમીન કૌભાંડોની ગંભીરતા અને રાષ્ટ્રીય સુરક્ષા માટેના તેના સંભવિત પરિણામોને ઉજાગર કરે છે.

# પુલ પરથી કાર ખાબકતા કેદારનાથ જઈ રહેલા ગાંધીનગરના ૪ લોકોના મોત: ૧ વ્યકિત ઘાયલ

## પાણીપત-ખાતિમા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ઓવરબ્રિજ પરથી કાર લગભગ ૨૦ ફૂટ નીચે ખેતરમાં ખાબકતા સર્જાયો અકસ્માત

**અબતક, રાજકોટ**

કેદારનાથ જઈ રહેલા ગાંધીનગરના પરિવારને અકસ્માત નળી જતા ચાર લોકોના મોત થયા હતા. તેમજ કાર ચાલક બચી જતા તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત હોવાથી તેને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો. ગઈકાલે સાંજે મુઝફ્ફરનગર જિલ્લાના છાપર પોલીસ સ્ટેશન હેઠળ પાણીપત-ખાતિમા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર એક ઓવરબ્રિજ પરથી એક કાર લગભગ ૨૦ ફૂટ નીચે ખેતરમાં ખાબકતા એક દર્દનાક અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ઉત્તરાખંડના કેદારનાથ મંદિરમાં દર્શનાર્થે જઈ રહેલા ગુજરાતના ગાંધીનગરના ચાર શ્રદ્ધાળુઓના કરૂણ મોત નિપજ્યા હતા. કાર ચાલકને ગંભીર ઈજાઓ થતાં તેને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.પોલીસ અધિક્ષક સંજય કુમાર વર્માના જણાવ્યા અનુસાર, ઘટનાની જાણ થતાં જ પોલીસની એક ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને ઈજાગ્રસ્તોને જિલ્લા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં પહોંચતા જ ચાર મુસાફરોને મૃત જાહેર કરવામાં આવ્યા હતા, જ્યારે એકની સારવાર ચાલી રહી છે. પોલીસે જણાવ્યું હતું કે તેઓ મૃતકો વિશે વધુ માહિતી એકત્રિત કરી રહ્યા છે. મૃતકોની ઓળખ વિપુલ, ભરત, કરણ અને અમિત (પોલીસને ફક્ત તેમના પ્રથમ નામ જ મળી શક્યા છે) તરીકે થઈ છે, જ્યારે ઘાયલ ડ્રાઈવરનું નામ જીગર છે. આ તમામ ૩૦-૩૫ વર્ષની વય જૂથના હતા અને ગુજરાતના ગાંધીનગરના રહેવાસી હતા. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે અને તેમના પરિવારોને જાણ કરવામાં આવી છે.પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, કાર ઓવરબ્રિજ પર હતી ત્યારે ડ્રાઈવરે કોઈક કારણોસર કાબુ ગુમાવ્યો હતો. જેના કારણે વાહન બેકાબૂ બનીને રેલિંગ તોડીને લગભગ ૨૦ ફૂટ નીચે ખેતરમાં પટકાયું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

દરમિયાન, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ ગમખ્વાર અકસ્માતની નોંધ લીધી છે અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. તેમણે જિલ્લા વહીવટીતંત્રને ઘાયલોને શ્રેષ્ઠ અને યોગ્ય સારવાર મળે તે સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે. આ દુર્ઘટનાએ કેદારનાથ યાત્રા પર નીકળેલા શ્રદ્ધાળુઓમાં શોક અને ચિંતાની લાગણી પ્રસરાવી દીધી છે.

# કૈલાશ ઈન્ડસ્ટ્રીઝમાંથી દારૂ ભરેલો ટ્રક ઝડપાયો : શરાબની ૨૭૮૪ બોટલ કબ્જે

**દારૂ, ટ્રક, મોબાઈલ મળી કુલ રૂ. ૧૫.૫૭ લાખનો મુદ્દામાલ કબ્જે**

**ગોઆથી એફઆરસી પતરાની આડમાં ટ્રકમાં શરાબ છુપાવીને લાવનાર આશિષ હિંગરાજીયાની ધરપકડ**

**કૃતિ ઓનેલા નજીકથી શરાબની ૧૨ બોટલ સાથે યશ બદીયાણી દબોચાયો : શરાબનો વેપલો કરનાર ગેરેજનો ધંધાર્થી રજની પાનુસારીયાને મવડી ગામમાંથી ૩૦ બોટલ દારૂ સાથે ઝડપી લેવાયો**





**અબતક, રાજકોટ**

શહેરના કૈલાશ ઈન્ડસ્ટ્રીઝ એરીયામાંથી દારૂ ભરેલો ટ્રક ઝડપાયો છે. પીસીબી શાખાએ કાબા એક્સપ્રેસ ટ્રાન્સપોર્ટની સામેથી આઈસર ટ્રકમાં એફઆરસી પતરાની આડમાં છુપાવવામાં આવેલ શરાબની ૨૭૮૪ બોટલ સાથે આશિષ હિંગરાજિયા નામના શખ્સની ધરપકડ કરી છે. દારૂ, મોબાઈલ, ટ્રક મળી રૂ. ૧૫.૫૭ લાખનો મુદ્દામાલ કબજે કરી પીસીબીએ વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા શહેરી વિસ્તારમાં પ્રોહીબિશનની ગેરકાયદે પ્રવૃત્તિને સદંતર નેસ્ત નાબૂદ કરવા અસરકારક કામગીરી કરવાની સૂચનાને પગલે પીસીબી શાખાના ઈન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયા અને એમ જે હુણના માર્ગદર્શન હેઠળ પીસીબીના કર્મચારીઓ પેટ્રોલિંગમાં હતા. દરમિયાન હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મહેતા અને કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણાને મળેલી સંયુક્ત બાતમીના આધારે કૈલાશ ઈન્ડસ્ટ્રીઝ એરિયા, ૮૦ ફૂટ રોડ, સ્વાતિ પાર્ક મેઈન રોડ, કાબા એક્સપ્રેસ ટ્રાન્સપોર્ટની સામેથી આઈસર ટ્રકમાં એફઆરસીના પતરાની આડમાં છુપાવીને લાવવામાં આવેલ ઈંગ્લિશ દારૂની કુલ ૨૭૮૪ બોટલ સાથે આશિષ રમણીકભાઈ હિંગરાજિયા (ઉ.વ.૪૨ રહે. ભવ્ય એપાર્ટમેન્ટ એ-વિંગ, ચોથો માળ, બ્લોક નંબર-૪૦૧, સૌરાષ્ટ્ર હોટલ પાછળ, ગોંડલ રોડ, રાજકોટ)ની ધરપકડ કરવામાં આવી હતી. પીસીબી ટીમે અલગ અલગ બ્રાન્ડની રૂ.૬,૫૨,૪૧૬ ની શરાબની ૨૭૮૪ બોટલ, મોબાઈલ, ટ્રક મળી કુલ રૂ.૧૫,૫૭,૪૧૬ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઝડપાયેલા શખ્સે પોલીસ સમક્ષ પ્રાથમિક પૂછપરછમાં કેફિયત આપી હતી કે, અગાઉ તે ગોઆ ખાતેથી નાની-નાની ખેપ મારી આવ્યો હતો. બાદમાં તહેવાર નજીક હોવાથી ગોવા ખાતેથી દારૂનો મોટો જથ્થો ભરી રાજકોટ પહોંચ્યો હતો. દારૂનો જથ્થો કોને આપવાનો હતો તે અંગે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

પીસીબી શાખા દ્વારા પાડવામાં આવેલ દારૂના અન્ય દરોડાની વિગતો પર નજર કરવામાં આવે તો એએસઆઈ મહિપાલસિંહ ઝાલા, ઘનશ્યામસિંહ ચૌહાણ અને હેડ કોન્સ્ટેબલ હરદેવસિંહ રાણાને મળેલી સંયુક્ત હકીકતના આધારે તાલુકા પોલીસ મથક વિસ્તારમાં અલગ અલગ બે જગ્યાએ દારૂના દરોડા પાડવામાં આવ્યા હતા. પીસીબી ટીમે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર કૃતિ ઓનેલા કોમ્પ્લેક્સ નજીક સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા સામે પાર્કિંગમાં દરોડો પાડી યશ નીરજભાઈ બદીયાણી (ઉ.વ.૨૩ રહે ૧૫૦ ફૂટ રીંગ રોડ, સ્કાય હાઈટ ફ્લેટ નંબર ૫૦૩(સી), ગોવર્ધન ચોક, રાજકોટ)ને વિદેશી દારૂની ૧૨ બોટલ જેની કિંમત રૂ.૩૭૦૮૦ તેમજ વાહન મળી કુલ રૂ.૧,૦૭,૮૦૦ ના મુદ્દામાલ સાથે દબોચી લીધો હતો.

ઝડપાયેલા શખ્સે કેફીયત આપી હતી કે, તે દારૂનો જથ્થો રજની પાનસુરીયા નામના શખ્સ પાસેથી લાવ્યો છે. જેથી પીસીબી ટીમ તાત્કાલિક રજની ધીરુભાઈ પાનસુરીયાના ઘરે દોડી ગઈ હતી પરંતુ તે પોતાના ગેરેજ ખાતે હોવાનું જાણવા મળતા પીસીબીની ટીમે મવડી ગામ, રામધણ આશ્રમની સામે પાર્થ મોટર ગેરેજ ખાતે દરોડો પાડતા વધુ ૩૦ બોટલ શરાબ મળી આવ્યો હતો. જેથી પીસીબીએ રૂ.૯૨,૭૦૦ નો મુદ્દામાલ કબજે કરી રજની ધીરુભાઈ પાનસુરીયા (ઉ.વ.૩૮ રહે સુભાષનગર શેરી નંબર-૧, કોઠારીયા રોડ, નંદા હોલ પાસે, રાજકોટ)ની ધરપકડ કરી હતી. પીસીબીની પૂછપરછમાં રજની પાનસુરીયાએ કબૂલાત આપી હતી કે, તે પોતે હરિયાણાથી બસ મારફતે દારૂનો જથ્થો લાવી વેંપલો કરતો હતો.

આ કામગીરી પીસીબી શાખાના ઈન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયા, એમ જે હુણ, પીએસઆઈ પી બી ત્રાજિયા, એએસઆઈ સંતોષભાઈ મોરી, મયુરભાઈ પાલરીયા, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડ કોન્સ્ટેબલ કિરતસિંહ ઝાલા, કરણભાઈ મારુ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, રાહુલભાઈ ગોસ્વામી, ગિરિરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણા, દેવરાજભાઈ કળોતરા, વાલજીભાઈ જાડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી અને હિરેન્દ્રસિંહ પરમાર રોકાયા હતા.

## સ્થાનિક પોલિસના શરાબના પાંચ દરોડામાં છ શખ્સો ૯૧ બોટલ સાથે ઝડપાયા : ચાર લાખનો મુદ્દામાલ કબ્જે

સ્થાનિક પોલીસે પાડેલા શરાબના પાંચ દરોડામાં છ શખ્સો શરાબની ૯૧ બોટલ મળી કુલ ચાર લાખના મુદ્દામાલ સાથે દબોચાયા હતા. શરાબના પાંચ દરોડા અંગે વાત કરવામાં આવે તો એરપોર્ટ પોલીસે બામણબોર જીઆઈડીસી નજીકથી સ્વીફ્ટ કારમાંથી શરાબની ૨૪ બોટલ ઝડપી કુલ રૂ. ૨,૩૨,૪૦૦ નો મુદ્દામાલ કબજે કરી કોઠારીયા રોડ પર રણુજા મંદિર નજીક વેલનાથ સોસાયટીમાં રહેતા નેમીશ ગોરધન રંગપરા અને મહેશ રમેશ ચાવડાને ઝડપી લીધા હતા. જ્યારે બી ડિવિઝન પોલીસે શરાબના અલગ અલગ બે દરોડા પાડ્યા હતા. જે પૈકી પ્રથમ દરોડો મોરબી રોડ પર લાતી પ્લોટ શેરી નંબર-૯ના ખૂણે જાહેરમાંથી ઈકબાલ ઉર્ફે મુન્નો ઈબ્રાહીમભાઈ જગમગીયાને શરાબની છ બોટલ જેની કિંમત રૂ.૩૩૭૨ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. જ્યારે બી ડિવિઝન પોલીસે શરાબના બીજા દરોડામાં મોરબી રોડ ગાંધી વસાહત સોસાયટી નજીકથી ભરત દામજી રાઠોડને ૧૧ બોટલ શરાબ જેની કિંમત રૂ.૩૪૩૨ સાથે પકડી પાડ્યો હતો. ભક્તિનગર પોલીસ દ્વારા પણ શરાબના બે દરોડા પાડવામાં આવ્યા હતા. જે પૈકી પ્રથમ દરોડામાં ઢેબર રોડ પર શ્રીનાથજી માર્બલ નજીકથી ફોર્ડ ફિગો કારમાંથી ૪૮ બોટલ શરાબ સાથે જસ્મીન કાના રાઠોડને દબોચી લેવામાં આવ્યો હતો. જ્યારે સોરઠીયાવાડી સર્કલના બગીચા પાસેથી મનીષ મગન જાદવને બે બોટલ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો.

**ધોળા દહાડે આવારા તત્વો દ્વારા લૂંટ**

# નાના મવા સર્કલ નજીક વેપારીની કારને આંતરી લુખ્ખાઓએ રૂ. ૨૦ હજાર પડાવ્યાં

**અકસ્માત સર્જાયાનું તરકટ રચી વેપારીની કારને અટકાવી આરોપીએ ધમાલ મચાવી**

**નાના મવા રોડ મારા બાપનો છે, મારો કોઈ વાળ પણ વાંકો ન કરી શકે, એકટીવામાં ભલે કોઈ નુકશાન થયુ નથી, તારે મારી સાથે પૈસાનો વહિવટ કરવો જ પડશે કહીં ખૂનની ધમકી**

**માલવીયાનગર પોલીસે લૂંટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી માયાણીનગરના કરણસિંહ ખેરડીયાને દબોચી લઈ રોકડ અને એક્ટિવા કબ્જે કર્યું**

**અબતક, રાજકોટ**

શહેરમાં આવારા તત્વો બેફામ બન્યાં હોય તેમ ધોળા દહાડે લૂંટનો બનાવ સામે આવ્યો છે. નાના મવા સર્કલ પાસેથી વેપારીને આંતરી બાઈકમાં આવેલ અજાણ્યાં શખ્સે રૂ.૨૦ હજાર બળજબરીથી પડાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી છુટ્તાં માલવીયાનગર પોલીસે લૂંટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપી કરણસિંહ ખેરડીયાને દબોચી લઈ રોકડ અને એક્ટિવા કબ્જે કર્યું હતું.

બનાવ અંગે રાજકોટમાં જીવરાજપાર્કમાં આવેલ કસ્તુરી એપાર્ટમેન્ટમાં રહેતાં ભાર્ગવભાઈ હસમુખભાઈ ચાંગેલા (ઉ.વ.૪૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યાં શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તેને એમબીએનો અભ્યાસ મેલબોર્ન (ઓસ્ટ્રેલીયા) ખાતે કરેલ છે અને તેઓને યુનિવર્સિટી રોડ પર બાલાજી પાર્ક પ્લોટ નં.૧૬ માં ગ્રોકોન એક્સપોર્ટ નામની પેઢી ધરાવી વેપાર કરે છે.

ગઈ તા. ૨૭ ના તેમના પત્નીનુ સ્કુટી જે ભકતીનગર ખાતે માધવ ટી.વી.એસ.માં સર્વિસ માટે આપેલ હોય જેથી તેઓ ત્યાં ગયેલ હતાં અને ત્યાંથી દસેક વાગ્યાની આસપાસ તેમની કાર નં. જીજે-૦૩-એલએમ-૭૦૦૧ લઈને ઘરે જવા માટે નીકળેલ અને નાના મવા સર્કલ પાસે સિલ્વર હાઈટસની બાજુમાં પોણા અગ્યારેક વાગ્યાની આસપાસ પહોંચેલ અને આ સર્કલ પાસે ડ્રાઈવર સીટની ડાબી બાજુ દરવાજા પાસે એક ટૂ વ્હિલર ચાલક તેને પહેરેલ કડાથી મુકા મારવા લાગેલ અને તેના હાથના ઈશારા વડે ગાડી રોકવાનુ જણાવેલ હતું.

જેથી તેઓએ ટ્રાફીક હોવાથી સર્કલથી આગળ નાના મવા રોડ પર શિવ ટ્રેડર્સ પાસે ગાડી ઉભી રાખેલ અને તે શખ્સ ગાળો આપવા લાગેલ અને કહેલ કે, તમે મારા બાઈકમાં તમારી ગાડીનુ એકસીડેન્ટ કરેલ છે, જેથી તેને કહેલ કે, તમારા બાઈકમાં ક્યાં નુકશાન થયેલ છે અને જો એકસીડેન્ટ થયેલ હોય તો મારી કારમાં પણ નુકશાન થયુ હોયને તેમ કહેતાં તે શખ્સે કહેલ કે, આ નાના મવા રોડ મારા બાપનો છે અને આ રોડ પર મારો કોઈ વાળ પણ વાંકો ન કરી શકે અને મારા એકટીવામાં ભલે કોઈ નુકશાન થયુ નથી તારે મારી સાથે પૈસાનો વહિવટ કરવો જ પડશે તેમ કહીં ઊંચા અવાજે રાડો પાડી મારી નાખવાની ધમકી આપવા લાગેલ હતો.

ફરીયાદીને જીવનુ જોખમ લાગતા ગભરાઈ ગયેલ અને તે શખ્સને કહેલ કે, મારાથી જાણતા અજાણતા કોઈ ભુલ થઈ ગયેલ હોય તો માફ કરી દો હું નિર્દોષ છું અને મને જવાદો. તો તે શખ્સે કહેલ કે, તારા ગુગલ પે માં કેટલી રકમ છે ? તે પહેલા તુ મને બતાવ અને તેના ૧૦ ટકા પૈસા મને આપી દે એટલે જવા દઈશ તો કહેતાં તેને કહેલ કે, ભાઈ ગૂગલ પે ની રકમનુ શું કામ છે તમો ૫૦૦૦-૧૦૦૦૦ રૂપીયા લઈ મને જવાદો તો ભાઈએ કહેલ કે ૫૦૦૦-૧૦૦૦૦ માં નહિ પતે રૂ.૨૦ હજાર રૂપીયા આપી દો, જેથી ફરીયાદી ભયભીત થઈ ગાડીમાં રાખેલ રૂ. ૨૦ હજાર તેને આપી દીધેલ હતાં.

જે બાદ ફરીયાદીએ રૂપિયા આપી દિધા બાદ આરોપીએ કહેલ કે, તારી પાસે કેટલી પ્રોપટી છે ? કેટલા વિઘા તારી પાસે જમીન છે ? વર્ષની આવક કેટલી છે ? અને તારી પાસે તો મોટી ગાડી છે ? તારો બીઝનેશ મોટો લાગે છે અને તારા મોબાઈલ નંબર મને આપ જેથી તેને મોબાઈલ નંબર આપેલા અને કહેલ કે, હવે આ મેટર અહિં પુરી કરો, તો તે શખ્સે કહેલ કે, હું તને ગમે ત્યારે ફોન કરું તો મારી ઓફીસે હાજર થવુ પડશે, જેથી ફરીયાદીએ ભયના કારણે હા પાડેલ હતી. ત્યારબાદ આરોપી ત્યાથી જતો રહેલ હતો.

બાદમાં ફરીયાદીએ ઘરે જઈ પરીવારને બનાવ બાબતે વાત કરી હતી અને પરિવારે ફરીયાદ કરવાં બાબતે કહેતાં તેને જણાવેલ કે, ફરીયાદ કરીએ તો જાનનુ જોખમ રહે, પરંતુ પરિવારે હિંમત આપતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી માલવીયાનગર પોલીસે યુવાન પાસેથી બળજબરીથી રૂપિયા પડાવી લેનાર અજાણ્યા શખ્સ સામે લૂંટની કલમ હેઠળ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી હતી.

બનાવની ગંભીરતા દાખવી પોલીસ કમીશ્નર બ્રજેશ કુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા અને એસીપી બી.જે.ચોધરી દ્વારા ગુનો તુરંત જ ડિટેકટ કરી આરોપીને પકડી પાડવાની આપેલ સૂચનાથી માલવીયાનગર પોલીસ મથકના પીઆઈ જે.આર.દેસાઈના માર્ગદર્શન હેઠળ ટીમે બનાવ બાબતે હકિકત મેળવતા કોઈ વાહન એકસીડન્ટનો બનાવ બનેલ ન હોય જેથી બાઈક ચાલક બનાવ બાદ જે જે જગ્યાએ ગયેલ તે જગ્યાનો રૂટ બનાવી બાદ રૂટ વાળી જગ્યાની આસપાસની ખાનગી જગ્યાઓ પર લાગેલા સીસીટીવી કેમેરા ચેક કરી તેમજ ટેકનીકલ રાહે હ્યુમન સોર્સથી તપાસ ચાલુ હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ ચિત્રકેતુસિંહ ઝાલા, કોન્સ્ટેબલ મનીષ સોઢીયા અને મથુરદાન બાટીને ગુનો આચરી નાસી જનાર શખ્સ પોતાનું એકટીવા લઈ મવડી ફાયર બ્રીગેડ પાસે બજરંગ રેસ્ટોરેન્ટ પાસે શેરીમાં જયદેવ મોટર્સ ગેરેજ સામે ઉભો છે, તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે આરોપી કરણસિંહ મહિપતસિંહ ખેરડીયા (ઉવ.૨૦, રહે. માયાણીનગર શેરી નં.૦૨, ખીજડાવાળો મેઈન રોડ) ને પકડી પાડી તેની પાસેથી રોકડ રૂ.૨૦ હજાર અને બાઈક કબ્જે કર્યું હતું. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી મોબાઈલની દુકાનમાં કામ કરે છે. પોતે સીન સપટા કરી ઓળખ મેળવવા કૃત્ય કર્યાની૧કબૂલાત આપી હતી.

# રાજકોટના 'ધરોહર' લોકમેળાનો કોન્ટ્રાકટર ચકડોળના ધંધાર્થીના રૂ. ૨૪.૪૦ લાખ ચાઉં કરી ગયો

**ભારે વરસાદને પગલે રદ્દ કરાયેલા લોકમેળાના પૈસા વહીવટી તંત્રે રિફંડ આપી દીધા'તા**

**વિરેન્દ્રસિંહ ગોહેલે માણાવદરના ધંધાર્થીને વર્ષ વીત્યું છતાં પૈસા પરત નહિ આપતાં અંતે પ્ર.નગર પોલીસમાં ગુનો નોંધાયો**

**અબતક, રાજકોટ**

રાજકોટમાં દર વર્ષે જન્માષ્ટમી નિમિત્તે યોજાતો લોકમેળો સૌરાષ્ટ્રના સૌથી મોટા લોકમેળા પૈકી એક છે. સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાંથી ઉત્સવપ્રેમી લોકો મેળાની મજા માણવા રાજકોટ આવતા હોય છે પણ ગત વર્ષે ભારે વરસાદને પગલે લોકમેળો રદ્દ થયો હતો. ત્યારે 'ધરોહર લોકમેળા'નો કોન્ટ્રાક્ટર વિરેન્દ્રસિંહ ગોહેલ માણાવદર રહેતાં ચકડોળના ધંધાર્થીના રૂ.૨૩.૪૦ લાખ ઓળવી જતાં પ્ર.નગર પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. વેપારીએ ગયાં વર્ષના મેળામાં ચાર પ્લોટના કોન્સ્ટ્રાક્ટર વિરેન્દ્રસિંહ ગોહેલને રોકડા રૂપિયા આપ્યા હતા. જે બાદ વરસાદના કારણે મેળો રદ થતા તંત્રએ રિફંડ ચૂકવી દિધું પરંતુ કોન્ટ્રાકટર હજમ કરી ગયો હતો.મામલામાં માણાવદરના બહારપરા વિસ્તારમાં રહેતાં પુથ્વીરાજ રમેશભાઈ પંચાલ (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વિરેન્દ્રસિંહ મંગળસિંહ ગોહેલ (રહે. રેલનગર, રાધા પાર્ક શેરી નં.૧, જાડેજા ચોક, રાજકોટ) નું નામ આપતા પ્ર.નગર પોલીસે વિશ્વાસઘાતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ મેળાઓમા યાંત્રીક રાઈડોનો ધંધો કરે છે. વર્ષ ૨૦૨૪ માં રાજકોટના રેસકોર્ષમા ધરોહર મેળો યોજાયેલ હોઈ જેનુ ટેન્ડર વિરેન્દ્રસીહ મંગળસીહ ગોહેલએ ભરેલ હતું અને તે પેટા કોન્ટ્રાકટ આપતા હોઈ જેથી તેનો કોન્ટેક કરેલ હતો. તેમજ તે વિરેન્દ્રસીહને જુની કલેકટર કચેરી ખાતે મળેલ હતો. તેઓએ વિરેન્દ્રસીહને જણાવેલ કે, મારે તમારી પાસેથી પેટા કોન્ટ્રાકટમા ચકડોળના ચાર પ્લોટ લેવા છે તેમ વાત કરતા તેણે જણાવેલ કે, એક પ્લોટના રૂ.૫.૮૫ લાખ ભાવ છે. જેથી ફરીયાદીએ હા પાડી ચાર પ્લોટ લેવાના છે કહેતાં જેથી તેણે કહેલ કે, તમે ચાર પ્લોટના કુલ રૂ.૨૩.૪૦ લાખ લઈ રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે આવજો.

જે બાદ ફરીયાદી તા. ૨૩/૦૮/૨૦૨૪ ના તેના દાદા રામજીભાઈ સાથે રોકડા પૈસા લઈને રાજકોટ ખાતે ઈન્ડીયન બેંકે ગયેલ હતા. ત્યા વીરેન્દ્રસીંહ પાસે જાકીરભાઈ બ્લોચ, ફારૂકભાઈ અને કાનાભાઈ પણ હાજર હતા. તે લોકોની હાજરીમા વિરેન્દ્રસીહને રોકડા રૂ. ૨૩.૪૦ લાખ આપેલ હતા. જે રૂપીયા વીરેન્દ્રસિંહે લોકમેળા સમીતીના ખાતામા જમા કરાવેલ હતા અને તેને ચાર પ્લોટ આપેલ હતા. તેમજ જણાવેલ કે, તમને ચાર પ્લોટનો એલોટમેન્ટ લેટર આપવામા આવશે પણ એલોટમેન્ટ લેટર આ વિરેંદ્રસીહના નામનો આવેલ હતો.

બાદમાં ભારે વરસાદના કારણે લોકમેળો બંધ રહેલ હતો અને કલેકટરએ જાહેરાત કરેલ કે, મેળાનુ રીફન્ડ આપવામાં આવશે અને મેળો રદ કરેલ હતો. આ મેળાનુ રીફંડ તા. ૦૮/૧૨/૨૦૨૪ થી ૧૨/૧૨/૨૦૨૪ ના સમય ગાળા દરમ્યાન વિરેંદ્રસીહના ખાતામાં આવી ગયેલ જેથી વિરેન્દ્રસીંહે તેમના નામનો ૧૧ લાખનો ચેક આપેલ હતો અને બાકીના રૂ.૧૨.૪૦ લાખ રોકડા ચુકવી આપીશ તેમ જણાવેલ હતું.

ફરીયાદીએ તેમને આપવામાં આવેલ રૂ.૧૧ લાખનો ચેક બેન્કમા તા. ૨૦/૦૧/૨૦૨૫ ના નાંખતા તે ચેક રીટર્ન થયેલ હતો. જેથી વકીલ મારફતે તેને નોટીશ મોકલેલ હતી પણ તેને આ બાબતે કોઈ જવાબ આપેલ નહી, જેથી માણાવદર કોર્ટમાં ચેક રીટર્નનો કેશ કરેલ છે અને બાકીના ફરીયાદીએ તેને આપેલા રૂ.૧૨.૪૦ લાખ તેની પાસેથી લેવાના હોઈ તે પણ આપતા ન હોઈ જેથી વીરેન્દ્રસીંહ મંગળસીંહ ગોહેલે લોકમેળાના ચકડોળના પ્લોટ ના રૂ.૨૩.૪૦ લાખ ઓળવી જીઈ પરત ન કરતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી પ્ર.નગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# ડ્રગ્સ ગુનામાં હિસ્ટ્રીશીટરની જમીન અરજી હાઈકોર્ટ દ્વારા મંજૂર

**૧૨.૫ ગ્રામ મેથાએમ્ફેટામાઈન ડ્રગ્સ સાથે નામચીન શખ્સ ઝડપાયો તો**

**અબતક, રાજકોટ**

ઉનામાં ૧૨.૫ ગ્રામ મેથાએમ્ફેટામાઈન ડ્રગ્સ વેચાણ કરવાના ગુનામાં ઝડપાયેલા હિસ્ટ્રીશીટરની જમીન અરજી હાઈકોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે.આ અંગેની હકીકત મુજબ, ઉના પોલીસે બાતમીના આધારે તા.૦૬/૦૨/ ૨૫ના રોજ ગીરગઢડા રોડ બાયપાસ બ્રિજ પાસેથી સોહિલશા ઉર્ફે સમીર ભીખુશા જલાલી (રહે. ઉપલા રહીમનગર, ઈદગાહની સામે, ઉના) સોહીલ ઉર્ફે સાહીલ હારૂનભાઈ વલીયાણીને કુલ ૧૨.૫ ગ્રામ મેથાએમ્ફેટામાઈન ડ્રગ્સ ઝડપી લીધા હતા. ધોરણસરની કાર્યવાહી બાદ કોર્ટે જેલહવાલે કર્યા હતા. બાદ આરોપી સોહીલશા ભીખુશા જલાલીએ સેશન્સ કોર્ટમાં કરેલી જામીન અરજી નામંજુર થતા તેણે હાઈકોર્ટમાં કરેલી જામીન અરજી સુનાવણી ઉપર આવી હતી. બચાવ પક્ષે રોકાયેલ એડવોકેટ દ્વારા એવી દલીલ કરવામાં આવેલ કે, કે કબજે કરેલ માદક પદાર્થ ઈન્ટરમીડીયેટ કવોન્ટીટીમાં આવે છે તેથી એન.ડી.પી.એસ. એકટની કલમ-૩૭નો બાધ નડતો નથી ચાર્જશીટ ફાઈલ થઈ ગયેલ છે આરોપીને અગાઉ કોઈ કેસમાં સજા થયેલ નથી. માત્ર ગુન્હાહિત ઈતિહાસના કારણે જામીન નામંજુર કરવા જોઈએ નહી, જે અંગેના સુપ્રીમ કોર્ટના માર્ગદર્શક ચુકાદાઓ રજૂ કર્યા હતા, જે ધ્યાને લઈ હાઈકોર્ટ દ્વારા આરોપીને શરતી જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કામમાં આરોપી વતી એડવોકેટ રોહીતભાઈ બી. ઘીયા, હર્ષ રોહીતભાઈ ઘીયા, મયુરભાઈ ચૌહાણ, રીદધીબેન ખંધેડીયા રોકાયા હતા.

# કોર્પોરેશનની ટીપરવાનના ચાલક પર કચરો ઉપાડવા મુદ્દે ધોકા વાળી

**ટીપરવાનના ડ્રાઈવર અને તેની માતા સાથે વિના કારણે મારા મારીની રાવ**

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનમાં કચરાની ગાડી લઈ રહેણાંક વિસ્તારોમાંથી કચરો એકઠો કરનાર કર્મચારી પર વિના કારણે લાકડી ધોકાથી હુમલો થતા હાથ પગમાં ઈજા સાથે યુવાનને સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ કોઠારીયા મેન રોડ પર રહેતા અને કોર્પોરેશનની કચરા ની ગાડી ચલાવતા અલ્પેશભાઈ રમેશભાઈ સિંગાડીયા ૧૯ આજે સવારે૮ વાગે તેમની માતા સાથેકચરા ગાડી લઈને ત્રિવેણી નગર ગુરુપ્રસાદ ચોક શેરી નંબર ત્રણમાં કચરો ઉપાડવાનું કામ કરતા હતા

ત્યારે આ જ વિસ્તારમાં રહેતા ત્રણ શખ્સોએ આવી વિના કારણે ઝઘડો કરી અલ્પેશભાઈ પર લાકડાના ધોકા થી હુમલો કરતા હાથ પગ અને માથામાં ગંભીર ઈજા થતા સિવિલ હોસ્પિટલ ઓર્થોપેડિક વોર્ડ નંબર ૨ માં દાખલ કરેલ છે, આ અંગે માલવિયાનગર પોલીસ સ્ટેશન દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે

# ચોરાઉ એક્ટિવા સાથે બાળ આરોપી ઝડપાયો, ત્રણ ટુ વ્હીલરની ચોરીનો ભેદ ઉકેલાયો

**ક્રાઈમ બ્રાન્ચને મળી સફળતા :૮૬,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો**

**અબતક, રાજકોટ**

શહેરમા જામનગર રોડ ભુતનાથ મહાદેવ મંદિર સામે થી ક્રાઈમ બ્રાન્ચે ચોરાઉ એકિટવા સાથે બાળ આરોપીની ધરપકડ કરી ત્રણ એકટીવા ચોરીનો ભેદ ઉકેલ રૂપિયા ૮૬,૦૦૦ નો મુદ્દા માલ કબજે કર્યો છે. ઝડપાયેલા બાઈક તાલુકા બી ડિવિઝન અને થોરાળા પોલીસમાં તક વિસ્તારમાંથી ચોર્યાની કબુલાત આપી છે.રાજકોટ શહેરમાં મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા અને વણ ઉકેલ ગુનાનો ભેદ ઉકેલવા પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ આપેલી સુચનાને પગલે ક્રાઈમ બ્રાન્ચ ના પીઆઈ એમઆર ગોંડલીયા એમ.એલ ડામોર અને સીએચ જાદવ સહિતના સ્ટાફ દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ આરોપી જામનગર રોડ ભુતનાથ મહાદેવ મંદિર સામે શંકાસ્પદ હાલતમાં ઉભો હોવાની કોન્સ્ટેબલ જયરાજસિંહ કોટીલા, રાજેશભાઈ જડુ અને દીપકભાઈ ચૌહાણ ને મળેલી બાતમીના આધારે પી.એસ.આઈ વી ડી ડોડીયા એ.એસ.આઈ અમિતભાઈ અગ્રાવત , દીપપાલ સિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ પ્રદિપસિંહ જાડેજા દીપકભાઈ ચૌહાણ અને દિલીપભાઈ બોરીચા સહિતના સ્ટાફે દરોડો પાડી એકટીવા સાથે બાળ આરોપીની અટકાયત કરી એકટીવા નંબર પોકેટ એપમાં સર્ચ કરતા ચોરઉ હોવાનું ખુલતા પોલીસે આકરી પૂછપરછ કરતા તાલુકા થોરાળા અને બી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાંથી એકટીવા ની ચોરી કરિયાની કબુલાત આપી હતી પોલીસે રૂપિયા ૮૬ ૦૦૦ કિંમતનો મુદ્દામાલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજેશ બારૈયાની 'બીજ બેંક' લુપ્ત થતી વનસ્પતિઓ માટે સંજીવની

## 'બીજ પોસ્ટ અભિયાન' અને 'વંદે વસુંધરા બીજ બેંક' પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાનું પ્રેરણાદાયક કાર્ય, છેલ્લા સાત વર્ષમાં ૨૦,૦૦૦થી વધુ લોકોને વિનામૂલ્યે દુર્લભ વનસ્પતિઓના બીજ પૂરા પાડી ચૂક્યા છે

**અબતક રાજકોટ**

આજના આધુનિક યુગમાં જ્યાં પ્રદુષણ અને શહેરીકરણને કારણે અનેક વનસ્પતિઓ લુપ્ત થવાના આરે છે, ત્યાં રાજકોટના એક યુવાન, રાજેશ બારૈયા, પ્રકૃતિ સંરક્ષણ માટે અનોખું અભિયાન ચલાવી રહ્યા છે. તેમનું 'બીજ પોસ્ટ અભિયાન' અને 'વંદે વસુંધરા બીજ બેન્ક' લુપ્ત થતી વનસ્પતિઓને પુનર્જીવિત કરવા અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાનું એક પ્રેરણાદાયક કાર્ય છે.

રાજેશ બારૈયા, જેઓ રાજકોટના લોધિકા તાલુકાના બાલસર ગામ પાસે એક નાનકડા ભાડાના ફ્લેટમાં રહીને પોતાનો પરિવાર અને આ 'મહાઅભિયાન' ચલાવી રહ્યા છે, તેમણે વર્ષ ૨૦૧૯માં ૨૫મી જૂનથી 'વંદે વસુંધરા બીજ બેન્ક' ની સ્થાપના કરી. આ બીજ બેન્ક દ્વારા તેઓ દેશભરના લોકોને, ખાસ કરીને ગુજરાત, જમ્મુ-કાશ્મીર, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને કેરળ




જેવા રાજ્યોના ૨૦,૦૦૦થી વધુ લોકોને છેલ્લા સાત વર્ષમાં વિનામૂલ્યે દુર્લભ વનસ્પતિઓના બીજ પૂરા પાડી ચૂક્યા છે. અનેક લોકોએ રાજેશભાઈની આ સેવા થકી દુર્લભ બીજ વિનામૂલ્યે મેળવીને વનસ્પતિ સંવર્ધનમાં યોગદાન આપ્યું છે.

રાજેશની 'વંદે વસુંધરા બીજ બેન્ક' માં હાલ ૩૦૦થી વધુ પ્રકારના બીજ ઉપલબ્ધ છે, જેમાંથી ૨૦૦ પ્રકારના બીજનું તેઓ વિનામૂલ્યે વિતરણ કરે છે. આ સંગ્રહમાં સીતાફળ, વાંસ, અપરાજિતા, ટીમરૂ, ખેર, જીવંતી ડોડી, કાળી ડોડી, કૈલાસપતિ, કાળો ધતૂરો, અરલુ (ટેટુ), રૂખડો, નોળવેલ, વર્ષાડોડી જેવી અનેક દુર્લભ અને ઓછી જોવા મળતી વનસ્પતિઓના બીજનો સમાવેશ થાય છે. રસ ધરાવતા લોકો ફેસબુક પેજ, વોટ્સએપ (૯૪૨૭૨ ૪૯૪૦૧) અથવા 'વનવાસી કવિ' એફ.બી. અને ઈન્સ્ટાગ્રામ દ્વારા રાજેશનો સંપર્ક કરીને આ બીજ મેળવી શકે છે.

આ વર્ષે જૂન મહિનાના પ્રથમ ૨૫ દિવસમાં જ રાજેશે ૧૦૮૦ લોકોને બીજના કવર મોકલ્યા છે. સામાન્ય રીતે, તેઓ ચોમાસાની સિઝનમાં બીજનું વિતરણ કરે છે અને આ સિઝનમાં લગભગ ૪૦૦૦ લોકોને બીજ વિતરણ કરવાનો તેમનો લક્ષ્યાંક છે. અત્યાર સુધીમાં, તેઓ રાજ્યની ૫૫૦ જેટલી શાળા-કોલેજોમાં વિનામૂલ્યે બીજના કવર મોકલી ચૂક્યા છે, જે પર્યાવરણ શિક્ષણ અને જાગૃતિમાં મહત્વનો ફાળો આપે છે.

રાજેશ બારૈયાનું આ 'બીજ પોસ્ટ અભિયાન' માત્ર બીજ વિતરણ પૂરતું સીમિત નથી, પરંતુ તે પર્યાવરણ સંરક્ષણ, જાગૃતિ અને ભાવિ પેઢી માટે હરિયાળું ભવિષ્ય સુરક્ષિત કરવાના એક મોટા મિશનનો ભાગ છે.

### 'વનવાસી કવિ' નામે પ્રકૃતિ વિશે કવિતાઓ અને લેખો પ્રખ્યાત

રાજેશ બારૈયા મૂળ ભાવનગરના તળાજા પાસેના બોરડા ગામના વતની છે. તેમના માતા-પિતા ખેતમજૂરી કરતા હોવાથી સ્થળાંતર કરતા રહેતા. તેમનો અભ્યાસ ન બગડે તે માટે, તેઓ બોરડાના ઉધવાનંદ બાપુના આશ્રમમાં રહ્યા હતા. આશ્રમમાં રહીને તેમણે બોટની વિષય સાથે ૧૨ સાયન્સનો અભ્યાસ કર્યો. ઉધવાનંદ બાપુ વનસ્પતિ, બીજ અને ઔષધિઓના ઊંડા જાણકાર હતા, અને તેમની પાસેથી જ રાજેશને આ જ્ઞાન અને પ્રકૃતિના જતનની પ્રેરણા મળી.

રાજેશ 'વનવાસી કવિ' નામે પ્રકૃતિ વિશે કવિતાઓ અને લેખો પણ લખે છે. તેમણે સાત વર્ષ સુધી 'ચાલો કુદરતની કેડીએ' કોલમ લખી છે, જેના બદલ રાજકોટના તત્કાલીન શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત દ્વારા તેમનું સન્માન પણ કરવામાં આવ્યું છે. લોકોમાં વનસ્પતિ વિશે જાગૃતિ લાવવા માટે, તેમણે સોશિયલ મીડિયા પર ૨૫૦ જેટલી વનસ્પતિઓની પ્રોફાઈલના પોસ્ટર બનાવીને શેર કર્યા છે.

### 'બીજ પોસ્ટ અભિયાન'ની કાર્યપ્રણાલી અને અસર

રાજેશ બારૈયા મેટોડામાં એક કંપનીમાં સિક્યોરિટી ગાર્ડ તરીકે નોકરી કરે છે, અને પોતાના ફુરસદના સમયમાં આ અભિયાન ચલાવે છે. તેઓ વિવિધ વિસ્તારોમાં ફરીને લુપ્ત થતી વનસ્પતિઓના ફળ, શિંગ અને બીજ એકઠા કરે છે. જરૂર પડ્યે, તેઓ આવા બીજ બહારથી ખરીદીને તેનું સંવર્ધન કરીને તૈયાર કરે છે. તેમની પત્ની ધનીબહેન, સાત વર્ષની દીકરી નિધિ અને પાંચ વર્ષનો દીકરો દેવ પણ આ કાર્યમાં તેમને મદદ કરે છે, જેમાં ફળો અને શિંગને સૂકવીને બીજ તૈયાર કરવાનો સમાવેશ થાય છે.

# પી.એન્ડ ટી.વી. શેઠ હાઈસ્કુલમાં પ્રવેશોત્સવ કરાવતા સાંસદ રામભાઈ મોકરિયા

## વિદ્યાર્થીઓને નિયમિત વાંચન કરવા, કસરત કરી સ્વચ્છ-સુંદર જીવનશૈલી અપનાવવા આપવામાં આવ્યું માર્ગદર્શન

**અબતક, રાજકોટ**

પીએન્ડ ટીવી શેઠ હાઈસ્કુલમાં તાજેતરમાં ધો. ૯ તથા ૧૧ માં નવા પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને શાળામાં આવકારવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. તેમાં કાર્યક્રમ અધ્યક્ષ તરીકે રામભાઈ મોકરીયા (સાંસદ રાજયસભા) મુખ્ય મહેમાન તરીકે રાજુભાઈ ધ્રુવ પ્રવકતા (ભાજપ) રાજેશભાઈ માંડલીયા (સદસ્ય નગર પ્રાથમિક શિક્ષણ સમીતી - રાજકોટ), વોર્ડ નં. ૧૪ ના કોર્પોરેટર નિલેશભાઈ જલુ, વર્ષાબેન રાણપરા, તેમજ વોર્ડ નં. ૧૪ ના ભાજપના પ્રભારી જીજ્ઞેશભાઈ જોશી તેમજ મહામંત્રી કેયુરભાઈ મશરુ તેમજ જી.શિ. કચેરીમાંથી એ.ઈ.આઈ. કાજલબેન કંકાસણીયા હાજર રહ્યા હતા. સૌથ પ્રથમ મહેમાનો દ્વારા દિપ પ્રાગટય દ્વારા કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

શેઠ હાઈસ્કુલમાં અભ્યાસ કરી રાજકીય ક્ષેત્રે નિલેશભાઈ જલુ (પૂર્વ વિદ્યાથી શેઠ હાઈસ્કુલ તેમજ હાલ કોર્પોરેટર વોર્ડ નં.૧૪) તેમજ કેયુરભાઈ મશરુની જેમ પ્રગતિ કરે શકો. દરરોજ સવારે યોગ કરો. નિયમિત વાંચન કરો. તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન વસે તેમ સ્વસ્થ હશો તો સારી રીતે અભ્યાસ કરી શકશો. આ શાળાના શિક્ષકો તેમજ આચાર્ય ખુબ મહેનત કરે છે તેમને બધી સુવિધાયુકત શ્રેષ્ઠ શિક્ષણ આપે છે.


કાર્યક્રમ વ્યવસ્થામાં શિક્ષકો નીતાબેન વિરડા, નિષ્ઠાબેન સોલંકી, સરોજબેન સાંવ, વી.વી. સોરઠીયા, એમ.ડી. જારીયા, વી.એ. પુંજાણી, ડો. વી.આર. ભટ્ટ, એન.એ. ભૂત રહ્યા હતા. તેમની સાથે શાળાના કલાર્ક રમેશભાઈ ઠુંગા, તેમજ સેવક પિયુષભાઈ ભટ્ટ અને વિદ્યાર્થીની ટીમ જેમા સોડીગલા જીલ, જેઠવા તરુણ, ગોહિલ સુજલ, અમિત કોબીયા બાવળીયા કિશન ક્રીશ ચિત્રોડા વગેરે સક્રિય રહ્યા હતા.

# બીજાનો દ્રોહ કરનાર ક્યારેય નિર્ભય રહી શકતો નથી: પૂ. મોરારિબાપુ

**અબતક, રાજકોટ**

દક્ષિણ અમેરીકાનાં નયન રમ્ય પ્રાંત લિટલ રોક-જ્યાંથી પૂર્વ અમેરીકી રાષ્ટ્રપતિ બીલ ક્લીન્ટન આવેલા-એ ગુજરાતી-ભારતીયોથી ભરચક સ્ટેટ હાઉસ કન્વેશન સેન્ટર હોલ,રામકથાનાં રવિવારનાં બીજા દિવસે આરંભે પહેલા દિવસની કથાનો અંગ્રેજી સારાંશ બોસ્ટનથી આવેલા નરેશભાઈએ સંભળાવ્યો.

આરંભે કેટલાક પ્રશ્નો પુછાયેલા.કોઈએ પૂછ્યું કે આ માર્ગી શબ્દ માત્ર બાહ્યયાત્રા માટે છે કે આંતરિક યાત્રા માટે પણ છે?બાપુએ કહ્યું કે મૂળ તો મારો ઈરાદો આંતરિક યાત્રા માટેનો જ છે,પણ એ પહેલા બાહ્યયાત્રાથી માર્ગને સમજી લઈએ.અતિશય કૃપા જેના પર થાય છે એ જ આ માર્ગના માર્ગી બની શકે છે.સાત સોપાન એ સાત માર્ગ છે,અંતરયાત્રાના. આપણે બધા જ અહીં બહિર્યાત્રા કરીને ભેગા થયા છીએ પરંતુ આવ્યા છીએ તો આંતરયાત્રા માટે. બહિર્યાત્રાની એટલી મોટી કોઈ ઉપલબ્ધિ નથી પણ મોરારીબાપુએ વૈરાગી માર્ગી બનીને અંદર શું સંપન્ન કર્યું છે એ જરૂરી છે.



શ્રીમદ ભાગવતમાં ઉદ્ધવ ભગવાનને પૂછે છે કે મોટા મોટા યોગી યાત્રા કરે છે ત્યારે પડી જવાનો, સફળતાના અહંકારનો ડર લાગે છે.કોઈ સરળ ઉપાય બતાવો.ત્યારે ભગવાન એકાદશ સ્કંધમાં એક પ્રકરણમાં સૂત્ર આપે છે કે જેણે આંતરયાત્રા નથી કરી એવા તથાકથિત પંડિત અને વિદ્વાન પ્રમાણ આપે તો પણ એ અનુમાન બની જાય છે.અને અંતરયાત્રી,ભજનાનંદીનું અનુમાન પણ પ્રમાણ બની જાય છે.અહીં કાગભુશુંડીએ ગરુડને આપેલા અનુમાન કઈ રીતે પ્રમાણ સિદ્ધ થાય છે એની વિવિધ પંક્તિઓનું ગાયન થયું.

વરસાદનું પાણી ઉપરથી નીચે આવે કુવાનું પાણી નીચેથી ઉપર આવે અને વિરડાનું પાણી ચારે બાજુથી આવે છે.એ પછી રામચરિત માનસની રચનાનો ઈતિહાસ,શિવે એની રચના કરી અને તુલસીદાસજી પાસે એ કઈ રીતે આવ્યું એનો ક્રમ બતાવ્યો.તેમાં જણાવ્યું કે કથા નીજ ગુરુ પાસે સાંભળો,પરગુરુ પાસે અન્ય વાતો સાંભળો અને સર્વગુરુને પ્રણામ કરો.

# યુ.એન. મહેતા ઈન્સ્ટીટ્યુટની નવી કેથલેબ દર્દીઓ માટે આશિર્વાદરૂપ

## એક મહિનામાં ગાંધીનગર સેન્ટરમાં કુલ ૧,૪૧૦ ઓ.પી.ડી. અને ૭૭ દર્દીઓને ઈન્ડોર તરીકે સારવાર અપાઈ, કાર્ડિયાક અને ન્યુરો કેરને મળી નવી દિશા

**અબતક રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ગત ૨૭ મેના રોજ શુભારંભ કરાયેલા યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, ગાંધીનગર ખાતેના કાર્ડિયાક અને ન્યુરો સેન્ટરે તેની સ્થાપનાના એક મહિનાની અંદર જ સ્વાસ્થ્ય સેવાના ક્ષેત્રે એક નવો અધ્યાય શરૂ કર્યો છે. આ ટૂંકા સમયગાળામાં જ આ અદ્યતન સેન્ટરે ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારોના હજારો દર્દીઓ માટે હૃદય અને ન્યુરો સંબંધિત જટિલ સારવારને સરળ અને સુલભ બનાવી દીધી છે. આ સેન્ટરની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા તેની અદ્યતન ટેકનોલોજીથી સજ્જ નવી કેથલેબ સુવિધા છે, જે દર્દીઓને વિશ્વ કક્ષાની સારવાર પૂરી પાડવા માટે સક્ષમ છે.

માત્ર એક મહિનાના ટૂંકા ગાળામાં જ, ગાંધીનગર સેન્ટરના કાર્ડિયાક અને ન્યુરો કેર સેન્ટરમાં કુલ ૧,૪૧૦ ઓ.પી.ડી. દર્દીઓએ પોતાની તપાસ કરાવી છે. આ ઉપરાંત, ૭૭ દાખલ થયેલા દર્દીઓને પણ અહીં સફળતાપૂર્વક સારવાર આપવામાં આવી છે. આ આંકડા દર્શાવે છે કે આ નવું સેન્ટર કેટલી ઝડપથી સ્થાનિક સમુદાય માટે એક અનિવાર્ય આરોગ્ય સેવા કેન્દ્ર બની ગયું છે. આ પ્રારંભિક સફળતા યુ. એન. મહેતા સંસ્થાની ઉચ્ચ




ગુણવત્તાવાળી સેવાઓ પૂરી પાડવાની પ્રતિબદ્ધતાને સ્પષ્ટપણે પ્રતિબિંબિત કરે છે.

ગાંધીનગર સેન્ટર ખાતે કાર્યરત કરવામાં આવેલી કેથલેબ સુવિધા, અત્યાધુનિક ડાયગ્નોસ્ટિક અને ઈન્ટરવેન્શનલ ટેકનિકથી સજ્જ છે. આનો અર્થ એ છે કે, આ લેબ હૃદય અને મગજ સંબંધિત રોગોના અત્યંત ચોકસાઈપૂર્વક નિદાન કરી શકે છે, અને જટિલ સર્જરી વગરની ઈન્ટરવેન્શનલ પ્રોસીજર્સ પણ સફળતાપૂર્વક પાર પાડી શકે છે. આ કેથલેબે શરૂઆતના દિવસોમાં જ પોતાની કાર્યક્ષમતા અને પરિણામોથી પ્રભાવિત કર્યા છે. અત્યાર સુધીમાં, અહીં ત્રણ દર્દીઓની એન્જીયોગ્રાફી પ્રોસીજર્સ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી છે, જેમાંથી એક દર્દીની બલૂન એન્જીયોપ્લાસ્ટી પણ સફળતાપૂર્વક કરવામાં આવી છે. આ પ્રકારની અદ્યતન સારવાર હવે ગાંધીનગરમાં જ ઉપલબ્ધ બનતા દર્દીઓને દૂરના શહેરોમાં જવાની જરૂરિયાત ટળી છે, અને સમયસર સારવાર મળવાથી તેમના જીવ બચાવી શકાય છે.

આ કેથલેબ સુવિધાનો શુભારંભ એ યુ. એન. મહેતા સંસ્થા, ગાંધીનગરની ગુજરાતના દર્દીઓને સર્વોચ્ચ ગુણવત્તાની કાર્ડિયાક અને ન્યુરો કેર સેવાઓ પૂરી પાડવાની અતૂટ પ્રતિબદ્ધતાનો એક જીવંત પુરાવો છે. સંસ્થાનું મુખ્ય મિશન હંમેશા વિશ્વ કક્ષાની સારવાર પૂરી પાડવાનું રહ્યું છે. આ અદ્યતન કેથલેબ સુવિધા ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારોમાં વસતા દર્દીઓને અદ્યતન હૃદય અને ન્યુરો કેર સેવાઓની સરળ સુલભતા પૂરી પાડશે. આનાથી માત્ર દર્દીઓના આરોગ્ય પરિણામોમાં જ નહીં, પરંતુ દર્દીઓ અને તેમના પરિવારોના જીવનની ગુણવત્તામાં પણ નોંધપાત્ર અને સકારાત્મક વધારો થશે, તેમને સારી અને સ્વસ્થ જિંદગી જીવવાની તક મળશે.

અહીં એ પણ ઉલ્લેખનીય છે કે, યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર એ કાર્ડિયોલોજી ક્ષેત્રે સારવાર, સંશોધન અને તબીબી તાલીમમાં અગ્રેસર ગણાતી એક અત્યંત પ્રતિષ્ઠિત સંસ્થા છે. રાજ્ય સ્તરે અને રાષ્ટ્રીય સ્તરે પણ આ સંસ્થાએ શ્રેષ્ઠતાના ઉચ્ચતમ ધોરણો સ્થાપિત કર્યા છે. દર્દી-કેન્દ્રિત અભિગમ અપનાવીને અને સતત નવીનતાઓ લાવીને, યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ગુજરાતમાં તબીબી સેવાઓના ક્ષેત્રે સતત નવા આયામો સર કરી રહી છે.

# સ્વામી પ્રણવાનંદ સંસ્કૃત પ્રચાર ટ્રસ્ટ દ્વારા કાલિદાસ-વ્યાખ્યાન માળાનું આયોજન

**અબતક, રાજકોટ**

સ્વામી પણવાનંદજી સંસ્કૃત પ્રચાર ટ્રસ્ટ અને ગોપાલકૃષ્ણ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે કાલિદાસ વ્યાખ્યાનમાળા ખ્યાતનામ એસ્ટ્રોફિઝિસિસ્ટ પ્રા ડો. જે.જે. રાવલના પ્રેરક ઉદબોધથી શરુ કરવામાં આવી. અર્પિત હિમાંશુભાઈ ઘોડાએ ભજન રજુ કર્યુ. પડધરી કોલેજના પ્રિન્સીપાલ ડો. કમલભાઈ છાયાએ પ્રાસંગિક ઉદબોધન કર્યુ.

કુબેરના શાપથી એક વર્ષ માટે પત્નીથી દુર રહેવાની સજા કરવામાં આવેછે. અષાઢ માસના પ્રથમ દિવસે મેઘ મારત પત્નીને સંદેશ મોકલે છે પત્નીને શાત્વના આપે છે. આ કાવ્યની પ્રેરણા કાલિદાસને રામાયણમાંથી મળી હશે. મંત્રી કૌશિકકુમાર છાયાએ જણાવ્યું કે સંસ્થા ૪૮ વર્ષથી વકતાઓ, શ્રોતાઓ અને દાતાઓના સહકારથી સંસ્કૃત અને સંસ્કૃતિના પ્રચાર પ્રસાર માટે કાર્ય કરી રહી છે.

તા. ૧૦-૭ ના રોજ પ્રો. ડો. પારુલબેન મહેતાનું કવિ કુલગુરુ કાલિદાસનો લોકભોગ્ય પરિચય વિષય પર પ્રવચન અને ગુરુપુજનનો કાર્યક્રમ સાંજે ૫.૩૦ કલાકે યોજાશે.આ પ્રસંગે નયનાબેન જોષીપુરા, ઝંખનાબેન ઘોડા, પ્રા. ડો. મિહિરભાઈ જોશી પ્રમુખ ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ પ્રા. ડો. શારદાબેન રાઠોડ સહીતના મહેમાનો ઉપસ્થિત રહેશે.

# સોમૈયા પરિવાર દ્વારા થેલેસેમીયાગ્રસ્ત બાળકોને ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ

**અબતક, રાજકોટ**



રાજકોટના સેવાભાવી ધર્મપરાયણ રઘુવંશી પરિવારના અંકિત ટ્રેડર્સ વાળા દિલીપભાઈ, યોગેશભાઈ, આશિષભાઈ, અંકિતભાઈ સોમૈયા પરિવારના માતુશ્રી કમળાબેન પ્રભુદાસભાઈ સોમૈયા લોહીના વારસાગત રોગ થેલેસેમીયાનો ભોગ બનેલ અને રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સારવાર લેતા થેલેસેમીયા પીડિત ૩૪૦ જેટલા બાળકોને ફૂલસ્કેપ ચોપડાનું વિવેકાનંદ યુથ કલબ પ્રેરિત થેલેસેમીયા જનજાગૃતિ અભિયાન સમિતિના સહયોગથી વિતરણ કરવામાં આવ્યુ,સોમૈયા પરિવારના આ સેવાકાર્યમાં સંસ્થાના અનુપમ દોશી પંકજ રૂપારેલિયા જયેન્દ્રભાઈ મહેતા હસુભાઈ શાહ વિપુલભાઈ ભટ્ટ ઉમાબેન વગેરે સહભાગી બનેલ અને દાતા સોમૈયા પરિવારનો આભાર માન્યો હતો સોમૈયા પરિવાર દ્વારા દર વર્ષે થેલેસેમીયા પીડિત બાળકોને ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ કરવામાં આવે છે.

# કિશોરસિંહજી પ્રાથમિક શાળાના ભૂલકાઓએ શિક્ષણ ક્ષેત્રે પાપા પગલી માંડી

## ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા અને અન્ડર સેક્રેટરી ઈન્ડસ્ટ્રીઝ એન્ડ જોઈન્ટ ડિપાર્ટમેન્ટ રમજાન જાફરાનીએ બાળકોને આવકાર્યા

**અબતક, રાજકોટ**

શ્રી કિશોરસિંહજી પ્રાથમિક શાળા નંબર ૧નં પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવમાં રમેશભાઈ ટીલાળા ધારાસભ્યના અધ્યક્ષ સ્થાને ઉજવવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ. ત્યારબાદ સ્કૂલના બાળકો દ્વારા પ્રાર્થના કરવામાં આવેલ. મહેમાનોનું શાળાના આચાર્ય શૈલેષભાઈ સોની દ્વારા શાબ્દિક સ્વાગત કરેલ ત્યારબાદ સ્કૂલના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રાખવામાં આવેલ.

સ્કૂલ દ્વારા બાળકોને કીટનું વિતરણ કરવામાં આવેલ અને સ્કૂલના જે બાળકો પરીક્ષામાં ૧ થી ૩ નંબર ઉત્તીર્ણ થયા હોય તેને ઈનામો આપવામાં આવેલ.

આ કાર્યક્રમમાં રમેશભાઈ ટીલાળા ધારાસભ્ય અને રમજાન જાફરાની અંડર સિક્રેટરી ઈન્ડસ્ટ્રીઝ એન્ડ જોઈન્ટ ડિપાર્ટમેન્ટ ગાંધીનગરએ કાર્યક્રમને અનુરૂપ પ્રાસંગીક પ્રવચન આપેલ. ત્યારબાદ દાતાઓ કોઠારીયા મિત્ર મંડળ, કોઠારીયા નાકા મામા સાહેબ



ચેરીટેબલ ટ્રસ્ટ, અરવિંદભાઈ વોરા ભૂતપૂર્વ વિદ્યાર્થી વિગેરેનું ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના હસ્તે અભિવાદન કરવામાં આવેલ. ત્યારબાદ આભાર વિધિ શાળા નંબર ૪ ના આચાર્ય મેહુલભાઈ ડોડીયાએ કરેલ. ત્યારબાદ વૃક્ષારોપણનો કાર્યક્રમ શાળાના કમ્પાઉન્ડમાં રાખવામાં આવેલ.

# શ્યામ ગ્રુપ દ્વારા સ્વામી નારાયણ ચોક ખાતે દુધ કોલ્ડ્રીક્સનું વિતરણ

**અબતક, રાજકોટ**




રાજકોટમાં સ્વામીનારાયણ ચોકમાં અષાઢી બીજના પવિત્ર પર્વે વાજતે ગાજતે ધાર્મિક ફલોટ સાથે તેમજ સંતો ભકતજનો પ્રયાસથી શ્યામ ગ્રુપ દ્વારા દુધ કોલ્ડ્રીંકસનું વિતરણ કરવામાં આવેલ તેમજ સદગત સ્વ. રવિભાઈ જાગાભાઈ બોળીયાની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિતે આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેવાકીય કાર્યને સફળ બનાવવા શ્યામ ગ્રુપના પ્રમુખ નારણભાઈ બોળીયા, તેમજ ભાજપના મહામંત્રી વોર્ડ નં.૧૩ રોહીતભાઈ બોળીયા તેમજ બોળીયા પરિવાર તથા ભકતજનોએ જહેમત ઉઠાવી હતી.

# જનકલ્યાણ ટ્રસ્ટ આયોજીત ૪૪માં રકતદાન કેમ્પમાં ૫૩ બોટલ રક્ત એકત્રિત

**અબતક, રાજકોટ**



જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૪૪માં રકતદાન કેમ્પનું ગ્લોબલ કોલેજ ખાતે આયોજન કરેલ. આ કેમ્પમાં કુલ ૫૩ બોટલ રકત એકત્રિત થયેલ. એટલે કે આ ૪૪માં કેમ્પમાં ૫૩ બોટલ થઈ અને કુલ ૧૯૨૫ બોટલ એકત્રિત થયેલ છે. ઉપરાંત જનકલ્યાણ સાર્વજનીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બહોળા પ્રમાણમાં અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન ના સંકલ્પ પત્રો ભરાયા હતા.

આ કેમ્પમાં ચેરમેન, ઉમેશ મહેતાની સાથે મહેશ વ્યાસ, રાજુભાઈ ઠાકર તથા ચોટલીયાભાઈએ સહયોગ આપેલ. રકતદાન કેમ્પ માટે ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# કોંગ્રેસ અમારા માટે લડે છે, તેવો વિશ્વાસ પ્રજામાં ઉભો કરવો છે: ડો.રાજદિપસિંહ જાડેજા

## કોર્પોરેશનના ભાજપના શાસકોનો ભ્રષ્ટાચાર ખુલ્લો પાડીશું, વોર્ડ વાઈઝ ફરિયાદો માટે ટૂંક સમયમાં હેલ્પલાઈન નંબર જાહેર કરાશે: શહેર કોંગ્રેસના નવ નિયુક્ત પ્રમુખ ડો.રાજદિપસિંહ જાડેજા સહિતના આગેવાનો 'અબતક'ની શુભેચ્છા મુલાકાતે

**અબતક, રાજકોટ**

કોંગ્રેસ પાસે ભવ્ય વિરાસત રહેલી છે. કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓ અમારા માટે અને અમારા પ્રશ્ને સતત લડી રહ્યા છે. તેવો વિશ્વાસ રાજકોટની જનતામાં ઉભો કરવો છે. અમે ક્યારેય સત્તા માટે નહિં પરંતુ સંવેદના અને સેવા માટે લડ્યે છીએ. તેમ આજે 'અબતક'ની શુભેચ્છા મુલાકાત દરમિયાન શહેર કોંગ્રેસના નવ નિયુક્ત પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજા સહિતના આગેવાનોએ જણાવ્યું હતું. તેઓએ ઉમેર્યું હતું કે મહાપાલિકામાં ભાજપના શાસકોના ભ્રષ્ટાચારને લોકો વચ્ચે ખુલ્લો પાડીશું. તમામ ૧૮ વોર્ડમાં સમસ્યાઓના નિરાકરણ માટે ટૂંક સમયમાં હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવશે. કોર્પોરેશનની ચુંટણીમાં પણ મારા-તારા નહિં પરંતુ જે પક્ષને વફાદાર હશે તેને ટિકિટની ફાળવણી કરવામાં આવશે.

શહેર કોંગ્રેસ સમિતિ નવ નિયુક્ત પ્રમુખ ડો. રાજદીપસિંહજી જાડેજા સહિતના કોંગ્રેસના તમામ આગેવાનો એ વધુમાં જણાવ્યું હતું કે રાજકોટ મહાનગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીનું વર્ષોથી





શાસન રહ્યું છે. રાજ્ય સરકારમાં ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર મુક્ત શાસનનો કોલ આપી શાસનની ધુરા સંભાળનાર ભાજપે મહાનગરપાલિકામાં જ્યાં માનવી ત્યાં સુવિધા, છેવાડાના વિસ્તારનો વિકાસ, ભ્રષ્ટાચાર મુક્ત શાસનનો કોલ આપી, શહેરમાં અડધી કલાક પાણી વિતરણ, શહેરને સ્માર્ટ સિટી બનાવશું, હિન્દુસ્તાનના નકશામાં શિકાગો બનાવવાની વાત કરનારા શાસકોએ પાણી વેરા, મકાન વેરા, ગાર્બેજ કલેક્શન ચાર્જ, નવા વાહન ચાર્જમાં જુદા જુદા પ્રકારના અનેક વેરા રાજકોટના શહેરીજનો ઉપર લાદવામાં આવ્યા છે. સત્તાધીશો દ્વારા સ્માર્ટ સિટી નો રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જે પ્રોજેક્ટ જીઓ ટેગિંગ થી દરેક મિલકતનો સર્વે કરી રેકોર્ડ કરવાની વાત હતી તેનુ સૂરસુરિયું થઈ ગયું છે.

લોકોને ૨૦ મિનિટ પાણી મળતું નથી અને ટેન્કર યુગ ચાલે છે. નવા વિસ્તારોમાં પાણીની લાઈનો ન હોવાને પગલે ટેન્કરથી પાણી વિતરણ કરવું પડે છે.

ભાજપ સરકાર શહેરના પૌરાણિક રામનાથ મહાદેવ મંદિર ના નવ નિર્માણની વાતો છેલ્લા ૧૫ વર્ષથી કરી રહી છે અને દર ચૂંટણી સમયે હથેળીમાં ચાંદ બતાવી. રામનાથ મંદિરનું નિર્માણ કાર્ય પૂરું કરવાની વાતો કરવામાં આવે છે પરંતુ મંદિર પાસેની ગંદકી કચરાના ગંજ હટાવી નહી શકતી મહાનગરપાલિકા એ જિલ્લા કલેકટર કચેરી અને રાજકોટ મહાનગરપાલિકાના સંકલનના અભાવે વર્ષ ૨૦૧૭ માં નવનિર્માણનું ખાતમુહૂર્ત જેમાં પાંચ કરોડ રૂપિયા વાપરવાની જાહેરાત બાદ ડિઝાઈન ખોટી હોવાને પગલે કામ ખોરંભે પડ્યું છે. આજી રિવરફ્રન્ટ અંગે વખતોવખત જાહેરાતો કરવામાં આવી છે બજેટ ફાળવવામાં આવ્યું છે પરંતુ કોઈ નક્કર કામગીરી આજે પણ ન થતા આજે રિવરફ્રન્ટ યોજનાનું બાળ મરણ થયું છે. રામનાથ મહાદેવ મંદિરનું કામ ખોરંભે પડતા મહાદેવના ભક્તો રોષની લાગણી ફેલાઈ છે. આજે રિવરફ્રન્ટ અને રામનાથ મહાદેવ મંદિરનો જીર્ણોદ્ધાર અંગે રાજકોટ મહાનગરપાલિકામાં ફક્ત બેઠકો થઈ છે કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. કોંગ્રેસ શાસન માં આવશે તો અગ્રતાક્રમે રિવરફ્રન્ટ અને રામનાથ મહાદેવ મંદિરનું નિર્માણનું કાર્ય હાથ ધરશે.

આગામી દિવસોમાં કોંગ્રેસમાં નવા ચહેરાઓ અને યુવાનો, મહિલાઓ, વિદ્યાર્થીઓન વિગેરે ને સભ્ય બનાવવાની નોંધણી કરાશે અને ટૂંક સમયમાં શહેર કોંગ્રેસ સમિતિનું માળખું જાહેર કરવામાં આવશે. દરેક વોર્ડમાં રસ્તા, ગટર, પાણી અને પ્રાથમિક જરૂરિયાતો અંગે રાજકોટ મહાનગરપાલીકા સામે લડત ચલાવવામાં આવશે.

મહાપાલિકા ભ્રષ્ટાચારની ગંગોત્રી છે દરેક શાખામાં ભ્રષ્ટાચારની બદબુ આવે છે અને આજે પણ અગ્નિકાંડની ઘટનાને પગલે ભ્રષ્ટાચારી અધિકારીઓ જેલ ભેગા થયા છે ભૂતકાળમાં પણ મહાનગરપાલિકામાં લાંચિયા અને ભ્રષ્ટ અધિકારીઓ સપડાયા છે. મહાનગરપાલિકા ની વોર્ડ માં ઓફિસ માં પણ સામાન્ય કામો માટે અનેક ધકકાઓ થાય છે.

મહાનગરપાલિકામાં જાગૃત નાગરિકો દ્વારા મ્યુનિસિપલ કમિશનરને સંબોધીને ઈન્વર્ડ કરેલી અરજીઓનું જવાબ મળવો જોઈએ તે મળતો નથી. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન વર્ષમાં છ વખત ઓપન હાઉસ કરે જેમાં લોકોને સાંભળે અને વ્યાજબી પ્રશ્નો હોય તેનો તાત્કાલિક ઉકેલ લાવે.

શહેરમાં ટ્રાફિક પ્રશ્નો અંગે મહાપાલિકા અને શહેર પોલીસ કમિશનર વચ્ચે સંકલનનો અભાવ હોવાથી લોકો ઉપર આકરો દંડ વસૂલવામાં આવે છે. શહેરમાં ટુ વ્હીલર્સ ફ્રી પાર્કિંગ હોવું જોઈએ આરોગ્ય કેન્દ્રના તમામ દવાખાનામાં આયુર્વેદ, નેચરોપેથી, એક્યુપ્રેશર, હોમિયોપેથીને વિશેષ મહત્વ આપી આ સેવાઓ ચાલુ કરવી જોઈએ.

મહાપાલિકામાં ઘર બે થી ત્રણ વર્ષે વર્ગ ત્રણ અને વર્ગ ચાર ની નવી ભરતી કરે ઉમર

(અનુ. આઠમા પાને)

### 'અબતક'ની શુભેચ્છા મુલાકાત વેળાએ હાજર રહેલા કોંગી અગ્રણીઓ

અતુલ રાજાણી, વશરામભાઈ સાગઠીયા, જસવંતસિંહ ભટ્ટી, નરેન્દ્ર સોલંકી, ડો.નયનાબા જાડેજા, રહીમ સોરા, જયાબેન ટાંક, દિલીપ આસવાણી, દિપ્તીબેન સોલંકી, ગૌરવ પુજારા, જયાબેન ચૌહાણ, પ્રવિણભાઈ લાવડીયા, હિરલબેન રાઠોડ, યુનુસભાઈ જુણેજા, વૈશાલીબેન સિંધે, ડી.પી.મકવાણા, ગોપાલ મોરવાડીયા અને ગજેન્દ્રસિંહ ઝાલા

### આગામી દિવસોમાં શહેર કોંગ્રેસનું નવું સંગઠન માળખું જાહેર કરાશે: દરેક વોર્ડમાં 'સદસ્યતા અભિયાન' હાથ ધરાશે

### કોર્પોરેશનની ચૂંટણીમાં જો કોંગ્રેસની જીત થશે તો વર્ષોથી કાગળ પર રહેલી રામનાથ મહાદેવ મંદિર અને આજી રિવરફ્રન્ટ યોજનાને પૂરી કરાશે

---

**સપના સાકાર થશે**

# ગુજરાત ઓલિમ્પિક અને અન્ય આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓનું કેન્દ્ર બનવા સજ્જ!

## રાજ્યના ખેલ મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ સ્વિટ્ઝર્લેન્ડના રમતગમતના હબ ગણાતા લૌઝેન શહેરની મુલાકાતે, ભારતને આંતરરાષ્ટ્રીય રમતગમતના હબ તરીકે પ્રમોટ કરવા એક મોટું અને હકારાત્મક પગલું

**અબતક રાજકોટ**

ગુજરાત, જે અત્યાર સુધી ઉદ્યોગ, વિકાસ અને પ્રવાસન માટે જાણીતું હતું, તે હવે વિશ્વના રમતગમતના નકશા પર પણ પોતાનુ સ્થાન જમાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે! તાજેતરમાં, ગુજરાતના યુવા ખેલ મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ એક ઉચ્ચસ્તરીય ભારતીય રમતગમત પ્રતિનિધિમંડળ (ડેલિગેશન) સ્વિટ્ઝર્લેન્ડના રમતગમતના હબ ગણાતા લૌઝેન શહેરની મુલાકાતે ગયું હતું. આ ઐતિહાસિક ટીમમાં ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ અને ભારતના મહાન દોડવીર પી.ટી. ઉષા, કેન્દ્રીય રમતગમત સચિવ હરિ રંજન રાવ, ગુજરાત રમતગમત વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમાર, અને ગુજરાત શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ તેનરસન વગેરે પણ શામેલ હતા. આ મુલાકાતનો મુખ્ય



ઉદ્દેશ ગુજરાતને આંતરરાષ્ટ્રીય સ્તરની રમતગમત સ્પર્ધાઓ અને કાર્યક્રમો યોજવા માટેનું શ્રેષ્ઠ સ્થળ બનાવવું, વૈશ્વિક રમતગમત સંસ્થાઓ સાથે ગાઢ સંબંધો બાંધવા અને ભારતીય રમતગમતને વૈશ્વિક સ્તરે વધુ પ્રોત્સાહન આપવાનો હતો.

લૌઝેનમાં આ ડેલિગેશને શ્રેણીબદ્ધ બેઠકો યોજી હતી. તેમણે સૌપ્રથમ સ્પોર્ટ્સ અકોર્ડ ના અધ્યક્ષ સાથે મુલાકાત કરી હતી, જે લૌઝેનમાં સ્થિત એક વૈશ્વિક સ્પોર્ટ્સ ઈવેન્ટ સંસ્થા છે. આ બેઠકમાં તેમને ગુજરાતમાં સ્પોર્ટ્સ અકોર્ડ કોન્ફરન્સ યોજવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. જો આ કોન્ફરન્સ ગુજરાતમાં યોજાશે, તો તે ગુજરાતને વિશ્વ સ્તરે એક પ્રીમિયર સ્પોર્ટ્સ ઈવેન્ટ ડેસ્ટિનેશન તરીકે સ્થાપિત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ ટુર્નામેન્ટના પ્રેઝન્ટેશન અને ભવિષ્યમાં સંભવિત સહયોગની તકો પર પણ ટીમ બર્સન સાથે વિગતવાર અને સકારાત્મક ચર્ચાઓ થઈ હતી, જે ગુજરાત માટે વૈશ્વિક રમતગમત ભાગીદારીના નવા દ્વાર ખોલશે.

આ ડેલિગેશને એસોસિએશન ઑફ નેશનલ ઓલિમ્પિક કમિટી ટીમ સાથે પણ મહત્વપૂર્ણ મુલાકાત કરી હતી. એએનઓસી એ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે જે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ દ્વારા માન્યતા પ્રાપ્ત ૨૦૬ રાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિઓને એકસાથે જોડે છે. આ બેઠકમાં ગુજરાત અને ભારતના અન્ય રાજ્યોમાં એએનઓસી ઈવેન્ટ્સનું આયોજન કરવાની સંભવિત તકો અંગે વિગતવાર ચર્ચા થઈ હતી, જેમાં ભારતના મજબૂત અને વિકસિત રમતગમત માળખા તેમજ અદ્ભુત આતિથ્ય સત્કારની વિશેષતાઓ પ્રકાશિત કરવામાં આવી હતી. વધુમાં, આંતરરાષ્ટ્રીય વોલીબોલ ફેડરેશનના પ્રમુખ અને તેમની ટીમ સાથે પણ એક ખુબ જ મહત્વની બેઠક થઈ, જેમાં વિવિધ ટુર્નામેન્ટના આયોજન અને ભારતમાં વોલીબોલના વ્યાપક વિકાસની તકો અંગે ચર્ચાઓ થઈ હતી. આ બેઠકો ભારતમાં વોલીબોલની લોકપ્રિયતા વધારવા અને તેને નવી દિશા આપવા માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

અન્ય એક કાર્યક્રમમાં ભારતીય ડેલિગેશને વિવિધ આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ ફેડરેશન્સમાં કાર્યરત ભારતના યુવા પ્રોફેશનલ્સ સાથે ડિનર પર અદ્ભુત ચર્ચાઓ કરી હતી. આ સંવાદનો હેતુ સબંધોને વિકસાવી ભવિષ્યના સહયોગ માટેની નવી તકોની શોધ કરવાનો હતો. આ પ્રકારના યુવા પ્રતિભાઓ સાથેના જોડાણથી ભારતીય રમતગમતને આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ મજબૂત કરવામાં મદદ મળશે.



આ સમગ્ર મુલાકાત અને તેમાં થયેલી આ બધી જ બેઠકો ભારતીય રમતગમત, ખાસ કરીને ગુજરાત માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન દર્શાવે છે. તે ભારતને આંતરરાષ્ટ્રીય રમતગમતના એક હબ તરીકે પ્રમોટ કરવા અને વૈશ્વિક રમતગમત સંસ્થાઓ સાથે મજબૂત ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે એક મોટું અને હકારાત્મક પગલું છે.

### ભારતની ઓલિમ્પિક દાવેદારીના પ્રયાસો તેજ

ભારત હવે ભવિષ્યમાં ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવાની દાવેદારી માટેના પ્રયાસોને વધુ વેગ આપી રહ્યું છે. તાજેતરમાં, સ્વિટ્ઝર્લેન્ડના લૌઝેન ખાતે એસોસિયેશન ઓફ નેશનલ ઓલિમ્પિક કમિટી (અગઘઈ) સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભારતીય ડેલિગેશન દ્વારા ઓલિમ્પિક ગેમ્સની યજમાની માટે ભારતની તૈયારીઓ દર્શાવતું એક પ્રભાવશાળી પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ પગલું ભારતના મજબૂત રમતગમત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉત્તમ આયોજન ક્ષમતા અને અદ્ભુત આતિથ્ય સત્કારને વૈશ્વિક ઓલિમ્પિક સમુદાય સમક્ષ રજૂ કરવાની સુવર્ણ તક પૂરી પાડે છે, જે ઓલિમ્પિક ગેમ્સની યજમાની મેળવવા માટે એક નિર્ણાયક કદમ છે. આ પ્રયાસો ભારતને વૈશ્વિક રમતગમતના મંચ પર વધુ ઊંચું સ્થાન અપાવવામાં મદદ કરશે.

---

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો પરીક્ષા વિભાગ ખાડે!**

# એક્સટર્નલ સેમ રની પરીક્ષા શરૂ કરવામાં તારીખ પે તારીખ!!!

## બીએ, બી.કોમ, એમએ, એમ.કોમ સેમ-૧ની પરીક્ષા ગત માસમાં લેવાયા બાદ સેમ-રની સંભવિત પરીક્ષા તારીખ જાહેર કરાયાના ૨૦ દિવસ બાદ પણ સત્તાવાર તારીખ જાહેર ન થતા વિધાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા: સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શૈક્ષણિક વહીવટ વિભાગમાં અને પરીક્ષા વિભાગમાં નક્કર પગલા લેવા વિધાર્થીઓની માંગ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના વિવાદો પુરા થવાનું નામ જ નથી લેતી. દર વર્ષે સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં એક્સ્ટર્નલ અભ્યાસક્રમ ઓગષ્ટ માસમાં શરૂ થઈ જાય છે પણ ગત વર્ષે મોડે મોડે છેક ફેબ્રુઆરી ૨૦૨૫માં એક્સ્ટર્નલ શરૂ થયું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએક્સટર્નલનો અભ્યાસ કરવા માટે ૪,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ છ માસ રાહ જોઈ હતી. જો કે પ્રવેશ અપાઈ ગયા બાદ બીએ, બી.કોમ, એમએ, એમ.કોમ સેમ-૧ની પરીક્ષા ગત માસમાં લેવાયા બાદ સેમ-૨ની સંભવિત પરીક્ષા તારીખ જાહેર કરાયાના ૨૦ દિવસ બાદ પણ સત્તાવાર તારીખ જાહેર ન થતા વિધાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ઉલ્લેખનીય છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનુ શૈક્ષણિક વહીવટ વિભાગ પ્રવર્તમાન સમયમાં ખાડે ગયું છે.યુનિવર્સિટીના હાલના કર્તાહર્તા સત્તાધીશોએ યુનિવર્સિટીની શૈક્ષણિક હાલત બગાડી સાથો સાથ



વિદ્યાર્થીઓની ડીગ્રી કોર્સ માટે ની જે તૈયારી ઓ હોય છે એને પણ ડામાડોળ કરી છે.

એકબાજુ યુનિવર્સીટી ઓનલાઈન ફોર્મ ભરવાનુ કહે અને સર્વર ડાઉન હોય.એટલે વિદ્યાર્થીએ યુનિવર્સિટી એ રુબરૂ ધક્કો ખાવા મજબુર થવું પડે અને એવો જવાબ મળે કે સર્વર બંધ છે અને કહે આજે લેખીતમા જાણ કરીશ એટલે સર્વર યોગ્ય રીતે ચાલુ થઈ જાશે.આવા નિંભરા તંત્રથી ભરેલી યુનિવર્સિટી પાસે ડીગ્રી કોર્સ કરતા વિદ્યાર્થી ઓની ઉજળા ભવિષ્ય માટે ની સારી કારકિર્દીની અપેક્ષા પણ શુ રાખવાની? જાણે સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના તંત્રએ પરીક્ષા લેવા માટે ની કોઈ તૈયારી નથી અને ફોર્મ ભરાવી લીધા હવે વિદ્યાર્થીઓની કારકિર્દીનું શું તે મોટો પ્રશ્ન છે.

### આખા વર્ષની પરીક્ષા તારીખો અગાવથી જ જાહેર કરવી જોઈએ: ડો.નિદત બારોટ

સમગ્ર મામલે જાણીતા શિક્ષણવિદ ડો.નિદત બારોટનો સંપર્ક સાધતા તેમને જણાવ્યુ હતું કે, તત્કાલીન કુલપતિ ડો. પ્રતાપસિંહ ચૌહાણના કાર્યકાળ દરમિયાન સમગ્ર વર્ષ દરમિયાનનું પરીક્ષાનું આયોજન અને તારીખો જાહેર કરી દેવામાં આવતી હતી અને તે મુજબ પરીક્ષા લેવામાં આવતી. જો કે છેલ્લા કેટલાક સમયથી સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં એક્સ્ટર્નલ પરીક્ષામાં ધાંધિયા જોવા મળી રહ્યા છે. ત્યારે યુનિવર્સીટીના સત્તાધીશો જો સમગ્ર વર્ષનું પરીક્ષા શેડ્યુઅલ જાહેર કરે તો વિધાર્થીઓને મુશ્કેલી ન પડે અને પરીક્ષાની તૈયારી કરવાનો પણ સમય મળી રહે.

### એક્સ્ટર્નલ સેમ-રની પરીક્ષા ૨૦ જુલાઈથી શરૂ કરવાનું આયોજન: પરીક્ષા નિયામક મનીષ શાહ

સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના ઈન્ચાર્જ પરીક્ષા નિયામક મનીષ શાહે 'અબતક' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે એક્સ્ટર્નલ માટે પ્રવેશ પ્રકિયા મોડી શરૂ કરવામાં આવી હતી. જેને લીધે પરીક્ષાના આયોજનમાં પણ વિલંબ થયો છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, ગત માસમાં જ સેમ ૧ની પરીક્ષા લેવામાં આવી. કેટલાક વિધાર્થીઓની માંગ હતી કે બીજા સેમની પરીક્ષા શરૂ થાય તે પૂર્વે વાંચન માટે ટાઈમ મળે જેથી પરીક્ષા હજુ શરૂ કરી નથી. જો કે એક્સ્ટર્નલ સેમ ૨ની પરીક્ષા ૨૦ જુલાઈ સુધીમાં શરૂ કરી દેવા અમારૂ આયોજન છે.

# ફિલ્ડીંગ પોઝિશન અને પરંપરાગત "સ્પિન શસ્ત્ર" દ્વારા બીજા ટેસ્ટમાં ભારતનું કમબેક?

## એજબેસ્ટન ક્રિકેટ સ્ટેડિયમની પિચ સૂકી રહી શકે છે અને અહીં સ્પિનરો માટે મદદ મળે તેવી શક્યતાઃ કુલદીપ યાદવ અને વોશિંગ્ટનને પ્લેઈંગ ઈલેવનમાં જગ્યા મળે તેવી પુરી સંભાવના

**અબતક, નવી દિલ્હી**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ શ્રેણીની બીજી મેચ બર્મિંગહામમાં રમાશે. લીડ્સ ટેસ્ટમાં ૫ વિકેટે મળેલી હાર બાદ, ભારતીય ટીમની બોલિંગ પર, ખાસ કરીને ચોથી ઈનિંગમાં ૩૭૧ રનના વિશાળ લક્ષ્યનો બચાવ ન કરી શકવા બદલ, ભારે ટીકા થઈ હતી. પહેલી ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાની નબળી ફિલ્ડિંગ, બોલિંગ અને નીચલા ક્રમના બેટ્સમેનોનું પતન હારના મુખ્ય કારણો હતા. ઈતિહાસમાં આ પહેલી વાર હતું જ્યારે ૫ સદી ફટકારનાર ટીમ હાર્યું હતું. યશસ્વી જયસ્વાલ, શુભમન ગીલ અને ઋષભ પંતે પહેલી ઈનિંગમાં સદી ફટકારી હતી. બીજી ઈનિંગમાં ઋષભ પંત અને કેએલ રાહુલે સદી ફટકારી હતી.પહેલી ઈનિંગમાં ભારતે પોતાની છેલ્લી ૭ વિકેટ ૪૧ રનમાં ગુમાવી દીધી હતી અને બીજી ઈનિંગમાં તેણે છેલ્લી ૬ વિકેટ ૩૧ રનમાં ગુમાવી દીધી હતી. ફિલ્ડિંગનું સ્તર ખરાબ હતું, એકલા જયસ્વાલે ૪ કેચ છોડ્યા હતા. જસપ્રીત બુમરાહ સિવાય, કોઈ બોલર પહેલી ઈનિંગમાં દબાણ બનાવી શક્યો ન હતો. ૫ વિકેટ લેનાર બુમરાહ પણ બીજી ઈનિંગમાં કોઈ વિકેટ લઈ શક્યો ન હતો. ઈંગ્લેન્ડે તે મેચ ૫ વિકેટથી જીતી હતી. ત્યારે હવે ફિલ્ડિંગ પોઝિશન અને પરંપરાગત "સ્પિન શસ્ત્ર" દ્વારા બીજા ટેસ્ટમાં ભારતનું કમબેક થશે? બર્મિંગહામ ટેસ્ટમાં ભારતીય બોલિંગ લાઈન-અપમાં ત્રણ મોટા ફેરફારો જોવા મળી શકે છે.કેમ કે હવે પીચના રિપોર્ટ મુજબ ભારતીય ટિમ બે સ્પિનરોને રમાડશે તેમ લાગી રહ્યું છે. જેમાં કુલદીપ યાદવ અને ઓલરાઉન્ડર વોશિંગટન સુંદરને જગ્યા મળી શકે તેમ છે.શાર્દુલ ઠાકુરને પણ પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કરી શકાય છે. શાર્દુલે પ્રથમ ટેસ્ટમાં બંને ઈનિંગમાં માત્ર ૫ રન બનાવ્યા હતા અને ફક્ત ૨ વિકેટ લીધી હતી. તેની જગ્યાએ સ્પિનર કુલદીપ યાદવને રમાડવામાં આવી શકે છે, જે ભારતીય બોલિંગ આક્રમણને વધુ વિવિધતા પ્રદાન કરશે.સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ બીજી ટેસ્ટમાં નહીં રમે. તેના સ્થાને યુવા ડાબોડી સીમર અર્શદીપ સિંહને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરી શકાય છે. અર્શદીપે ભલે હજુ સુધી ટેસ્ટ ડેબ્યૂ ન કર્યું હોય, પરંતુ કાઉન્ટી ચેમ્પિયનશિપમાં રમવાના કારણે તેને ઈંગ્લેન્ડની પરિસ્થિતિઓમાં રમવાનો સારો અનુભવ મળ્યો છે. અર્શદીપને નેટમાં નવા અને જૂના બંને બોલ સાથે પ્રેક્ટિસ કરતા પણ જોવામાં આવ્યા છે. બંને બાજુ સ્વિંગ કરવાની તેની ક્ષમતાને કારણે ઈંગ્લેન્ડની પિચો પર તે અસરકારક સાબિત થઈ શકે છે.અહેવાલો અનુસાર, ઝડપી બોલર પ્રખ્યાત કૃષ્ણા પણ નાની ઈજાથી પીડાઈ રહ્યો છે. જો તે સમયસર ફિટ ન થઈ શકે, તો યુવા ફાસ્ટ બોલર આકાશદીપને પણ પ્લેઈંગ ઈલેવનમાં તક મળી શકે છે.પહેલી ટેસ્ટમાં, કરુણ નાયર અને સાઈ સુદર્શન બંને ઈનિંગમાં કંઈ ખાસ પ્રદર્શન કરી શક્યા ન હતા. નાયરે બંને ઈનિંગ્સમાં ૨૦ રન બનાવ્યા હતા જ્યારે સુદર્શને ફક્ત ૩૦ રન બનાવ્યા હતા. તેમ છતાં, એવું માનવામાં આવે છે કે આ બંનેને બીજી ટેસ્ટમાંથી બહાર રાખવામાં આવશે નહીં અને તેમને વધુ એક તક આપવામાં આવશે. આ ફેરફારો સાથે, ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટમાં વધુ મજબૂત દેખાવ કરવાનો પ્રયાસ કરશે.



### ત્રણ-ત્રણ કેચ છોડનાર યશસ્વી જયસ્વાલ હવે સ્લિપમાં જોવા નહિ મળે

ભારતીય ટીમે બુધવારથી એજબેસ્ટનમાં રમાનારી ટેસ્ટ મેચ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે અને તાલીમ સત્રમાં ફિલ્ડિંગ, ખાસ કરીને કેચિંગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. લીડ્સ ટેસ્ટમાં ભારતની ફિલ્ડિંગ નબળી રહી હતી જે તેની હારનું એક કારણ હતું. સોમવારે ભારતે સખત પ્રેક્ટિસ કરી હતી, પરંતુ યશસ્વી જયસ્વાલની ફિલ્ડિંગ પોઝિશને બધાનું ધ્યાન ખેંચ્યું હતું.યશસ્વી સ્લિપ કોર્ડનમાંથી ગેરહાજર હતો. યશસ્વી સામાન્ય રીતે સ્લિપ ફિલ્ડિંગનો મહત્વપૂર્ણ ભાગ રહ્યો છે. તેણે લીડ્સ ટેસ્ટમાં ચાર કેચ ડ્રોપ કર્યા હતા, જેમાં બેન ડકેટનો કેચ પણ સામેલ હતો. ડકેટ ૯૭ રન પર રમી રહ્યો હતો ત્યારે યશસ્વીએ તેનો કેચ ડ્રોપ કર્યો હતો. ડકેટે ૧૪૯ રનની ઈનિંગ રમી હતી જેનાથી મેચનો રસ્તો બદલાઈ ગયો અને ઈંગ્લેન્ડ મેચ જીતવામાં સફળ રહ્યું.સોમવારે, ફિલ્ડિંગ કોચ ટી દિલીપે સ્લિપ ડ્રિલ હાથ ધરી હતી જેમાં કરુણ નાયર પહેલી સ્લિપ પર, રાહુલ બીજી સ્લિપ પર અને શુભમન ગિલ ત્રીજી સ્લિપ પર ઉભા હતા. યશસ્વીને લેગ સ્લિપ પર રાખવામાં આવ્યો હતો, જ્યારે ધ્રુવ જુરેલ શોર્ટ લેગ પર ઉભા હતા. ભારતીય ટીમના ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ પણ કેચિંગ ડ્રીલમાં સામેલ હતા. સહાયક કોચ રાયન ટેન ડોશેટે ફિલ્ડિંગ તૈયારીઓનું અવલોકન કર્યું, જ્યારે બોલિંગ કોચ મોર્ને મોર્કેલે બીજી બેચ સાથે કેચિંગ પ્રેક્ટિસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

### બુમરાહ માટે "અંતિમ ઘડી"માં નિર્ણય લેવાશે

જસપ્રીત બુમરાહ ફિટ છે અને ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટ માટે ઉપલબ્ધ છે, પરંતુ ભારત એજબેસ્ટનમાં રમશે કે નહીં તે અંગે કોઈ શંકા વ્યક્ત કરી રહ્યું નથી, કારણ કે તે શ્રેણીના પાંચ મેચોમાંથી ફક્ત ત્રણ મેચમાં જ રમી શકે છે.

ભારત એજબેસ્ટનમાં બે સ્પિનરોને પણ રમશે તે લગભગ નિશ્ચિત છે, કારણ કે મેદાન પર પીચ પર ઘાસ ઓછું છે, જે નીચે સૂકી છે. જોકે, બીજો સ્પિનર ઓફ સ્પિન ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર હોઈ શકે છે કારણ કે ભારત બેટિંગ ડેપ્થ વિશે ચિંતિત લાગે છે.

"બુમરાહ રમવા માટે તૈયાર છે," ભારતના સહાયક કોચ રાયન ટેન ડોઈશેટે એજબેસ્ટન ટેસ્ટના બે દિવસ પહેલા કહ્યું હતું. "આ ચાર ટેસ્ટ મેચોનું સંચાલન આપણે આ રીતે કરીએ છીએ. તેથી જો આપણને લાગે કે આ ટેસ્ટમાં તેને રમવાનું મૂલ્ય છે, તો આપણે છેલ્લી ઘડીએ તે નિર્ણય લઈશું. હું હવામાન વિશે વાત કરી રહ્યો છું, પિચ કેવી રીતે રમશે, શું આપણે તેને લોર્ડ્સ અને કદાચ માન્ચેસ્ટર અથવા ધ ઓવલ માટે પાછળ રાખવાનું વધુ સારું છે? તો તે બધા પરિબળો છે, પરંતુ તમે ગઈકાલે તેને તાલીમ આપતા જોયો છે, તેણે આજે થોડી તાલીમ લીધી. એવું નથી કે તે રમવા માટે યોગ્ય નથી. તે ફક્ત તે પઝલ ટુકડાઓને ફિટ કરવાનો પ્રયાસ કરી રહ્યો છે જેથી આપણે જાણીએ છીએ કે તેની પાસેથી અમારી પાસે જે છે તેનો મહત્તમ લાભ લઈ શકાય."

# કેપ્ટન "કૂલ"નો ટ્રેડમાર્ક ધોનીને !!!

**અબતક, નવી દિલ્હી**

મહેન્દ્રસિંહ ધોનીને સૌપ્રથમ વખત 'કેપ્ટન કૂલ'નું બિરુદ કોણે આપ્યું તે અંગે કોઈ સ્પષ્ટ અને અધિકૃત માહિતી ઉપલબ્ધ નથી. જોકે, ધોનીના શાંત સ્વભાવ, દબાણ હેઠળ સંયમિત નિર્ણયો લેવાની ક્ષમતા અને મેદાન પર તેની નેતૃત્વ શૈલીને કારણે આ ઉપનામ ધીમે-ધીમે ચાહકો અને મીડિયામાં લોકપ્રિય બન્યું. આ નામ ક્યારે મળ્યું અને કોણે આપ્યું તે અંગેની કોઈ સ્પષ્ટ માહિતી નથી પરંતુ એવું કહેવાય છે કે ૨૦૦૭ના ટી-૨૦ વર્લ્ડ કપ દરમિયાન અથવા પછી આ ઉપનામ લોકપ્રિય બન્યું હોય, જ્યારે ધોનીએ ભારતીય ટીમને તેમની પહેલી વર્લ્ડ કપ જીત અપાવી હતી. આ મુદ્દો એટલા માટે ચર્ચામાં છે કારણ કે ધોનીએ 'કેપ્ટન કૂલ' નામ માટે જે ટ્રેડમાર્ક પ્રોસેસ કરાવી છે તેનું પહેલું પગથિયું તેણે પાર કરી લીધું છે.કેટલાક રિપોર્ટ્સ અનુસાર, ક્રિકેટ ચાહકો અને કોમેન્ટેટર્સે ધોનીની શાંત અને વ્યૂહાત્મક કેપ્ટનશીપ જોઈને આ નામનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું. ખાસ કરીને, ૨૦૦૭ના ટી-૨૦ વર્લ્ડ કપ ફાઈનલમાં પાકિસ્તાન સામે જોગિન્દર શર્માને છેલ્લી ઓવર આપવાનો તેનો જોખમી નિર્ણય માનવામાં આવે છે, જે અંતમાં સફળ સાબિત થયો હતો, આ ઘટના પછી આ ઉપનામને વધુ પ્રોત્સાહન મળવાનું શરૂ થયું હતું.ધોનીની કેપ્ટનશીપ માત્ર ભારત જ નહીં પરંતુ દુનિયાભરમાં કે જ્યાં ક્રિકેટ રસિયાઓ છે તેમના રસનો વિષય બન્યો છે. ધોનીની પિચ પાછળ ચપળતા, વિરાધી ટીમના બેટ્સમેનને ઓળખવાની ક્ષમતા વગેરે બાબતો તેની કેપ્ટન તરીકેની ભૂમિકાને વધારે સારો આકાર આપવાની ભૂમિકા ભજવતા હતા. જેમાં ટી-૨૦ વર્લ્ડ કપ-૨૦૦૭ સૌથી મહત્વનો માનવામાં આવે છે. બેટ્સમેન કઈક નવું કરવાની ઈચ્છા કરે ત્યારે ધોની તરફ જ પોતાની ટીમના બોલર્સને કેટલીક ટીપ્સ આપતો ક્યાં તો એવા બોલરને કમાન સોંપતો કે જે પછી ટીમના પક્ષમાં પરિણામો મળતા ધોનીના નિર્ણય છવાઈ જતા હતા. કપરી પરિસ્થિતિમાં પણ ધોની શાંત ચિત્તે નિર્ણય લેવાની ક્ષમતાએ તેના પર 'કેપ્ટન કૂલ' લેબલ બંધ બેસતું હતુ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૦૭માં ધોનીએ લીધેલા નિર્ણયોમાં એક ઈરફાન પઠાણ અંગેનો પણ નિર્ણય હતો કે જેમાં પાકિસ્તાનની બેટિંગ દરમિયાન ૧૧ ઓવર પતી ત્યાં સુધી ઈરફાન પઠાણને બોલિંગમાં ઉતારવામાં નહોતો આવ્યો, આ અંગે સૌ કોઈને સવાલ થતાં હતા પરંતુ ધોનીએ ઈરફાનને બોલિંગમાં ઉતારતાની સાથે જ તે ઝળક્યો હતો અને ૪ ઓવરમાં સૌથી ઓછી ૪ની રનરેટથી રન આપીને મહત્વની ૩ વિકેટ લીધી હતી.



# ભારતની ટીમને બીજી યુવા વનડેમાં ૧ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો

**અબતક, લંડન**

ભારતીય અન્ડર ૧૯ ટીમ અને ઈંગ્લેન્ડ અંડર ૧૯ ટીમ વચ્ચે રમાયેલી બીજી યુવા વનડેમાં ભારતની ટીમને ૧ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો. આ મેચમાં ઈંગ્લેન્ડની ટીમે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. જે તેમના માટે અસરકારક સાબિત થયો. પહેલા બેટિંગ કરતા ભારતે ૨૯૦ રન બનાવ્યા હતા, જેનો પીછો કરતી વખતે ઈંગ્લેન્ડની ટીમે ૪૯.૩ ઓવરમાં જ લક્ષ્ય હાંસલ કરી લીધો હતો.

ભારત તરફથી ઓપનિંગ કરવા આવેલા કેપ્ટન આયુષ મહાત્રે ૦ રન પર આઉટ થઈ ગયા. પરંતુ આ પછી વૈભવ સૂર્યવંશી, વિહાન મલ્હોત્રા, રાહુલ કુમાર અને કનિષ્ક ચૌહાણ જેવા ખેલાડીઓએ ધમાલ મચાવી અને સ્કોર ૨૯૦ રન સુધી પહોંચાડ્યો. વૈભવે ૪૫, વિહાને ૪૯, રાહુલે ૪૭ અને કનિષ્કે ૪૫ રન બનાવ્યા અને આમ ભારતે ૪૯ રનમાં ઓલઆઉટ થઈને ૨૯૦ રન બનાવ્યા અને ૨૯૧ રનનો ટાર્ગેટ આપ્યો.



ઈંગ્લેન્ડ તરફથી સારી બોલિંગ જોવા મળી. જેમાં એમ ફ્રેન્ચે સૌથી વધુ ૪ વિકેટ લીધી. આ ઉપરાંત જેક હોમે ૩, એલેક્સ ગ્રીને પણ ૩ વિકેટ લીધી. વૈભવ સૂર્યવંશીને સેબેસ્ટિયન મોર્ગનના હાથે જેક હોમ દ્વારા કેચ આઉટ કરવામાં આવ્યો.હવે ચેઝ કરવાનો વારો ઈંગ્લેન્ડનો હતો. . ઈંગ્લેન્ડ તરફથી ઓપનિંગ કરવા આવેલા બેન ડોકિન્સ ૭ અને આઈઝેક મોહમ્મદ ૧૧ રન બનાવીને પેવેલિયન પરત ફર્યા. ત્રીજા નંબરે આવેલા બેન મેસ ૨૭ રન બનાવી શક્યા. આ પછી, એન્ડ્રુ ફ્લિન્ટોફના પુત્ર રોકી ફ્લિન્ટોફે ૬૮ બોલમાં ૩૯ રનની ઈનિંગ રમી. પાંચમા નંબરે આવેલા થોમસ ર્યુએ સદીની ઈનિંગ રમી અને ૮૯ બોલમાં ૧૩૧ રન બનાવ્યા. તે ૪૦મી ઓવરમાં આઉટ થયો. ત્યાં સુધીમાં ઈંગ્લેન્ડે ૨૩૦ થી વધુ રન બનાવ્યા હતા.

છેલ્લી ૨ ઓવરમાં, ઈંગ્લેન્ડને જીતવા માટે ૧૨ રનની જરૂર હતી અને ભારતને જીતવા માટે ફક્ત ૧ વિકેટ લેવાની હતી. પરંતુ અહીં નસીબ ઈંગ્લેન્ડનો સાથ હતો. ૪૮મી ઓવરમાં, તેના બેટ્સમેન ફ્રેન્ચ અને મોર્ગને ૫ રન બનાવ્યા. આ પછી, ૫૦મી ઓવરમાં, બંનેએ ૩ બોલમાં ૭ રન બનાવીને મેચ જીતી લીધી. ભારત માટે, અંબરીશે ૪ વિકેટ લીધી. આ ઉપરાંત, યુદ્ધજીત ગુહા, હેનિલ પટેલે ૨-૨ વિકેટ લીધી.

# અઝહર મહેમૂદ પાકિસ્તાન ક્રિકેટ ટીમના મુખ્ય કોચ બન્યા

લાહોરઃ પાકિસ્તાનના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર અઝહર મહમૂદને સોમવારે પાકિસ્તાનની ટેસ્ટ ટીમના વચગાળાના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તે તેમના વર્તમાન કરારના અંત સુધી આ પદ પર રહેશે. તેનો વર્તમાન કરાર આવતા વર્ષે એપ્રિલ સુધીનો છે.મહમૂદે ગયા વર્ષે એપ્રિલમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) સાથે તમામ ફોર્મેટમાં સહાયક કોચ તરીકે બે વર્ષનો કરાર કર્યો હતો. તેમની સાથે ઓસ્ટ્રેલિયાના જેસન ગિલેસ્પી (ટેસ્ટ) અને દક્ષિણ આફ્રિકાના ગેરી કર્સ્ટન (મર્યાદિત ઓવર) મુખ્ય કોચ તરીકે ટીમ સાથે હતા. જોકે, બંનેએ પાછળથી પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું.



પીસીબીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે આજે અઝહર મહમૂદને પાકિસ્તાનની પુરુષ ટેસ્ટ ટીમના વચગાળાના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા છે. અઝહર તેમના વર્તમાન કરારના અંત સુધી આ ભૂમિકામાં રહેશે. ૫૦ વર્ષીય મહમૂદે ૧૯૯૬ થી ૨૦૦૭ દરમિયાન પાકિસ્તાન માટે ૨૧ ટેસ્ટ અને ૧૪૩ વન-ડે મેચ રમી છે.પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે એક નિવેદનમાં કહ્યું હતું કે એક અનુભવી ક્રિકેટર તરીકે અઝહર મહમૂદ ખૂબ જ અનુભવ સાથે આ ભૂમિકા સંભાળી છે. તેમણે સહાયક મુખ્ય કોચ તરીકે કામ કર્યું છે અને લાંબા સમયથી ટીમના વ્યૂહાત્મક કોર ગ્રુપનો મહત્વપૂર્ણ ભાગ રહ્યા છે. તેમને રમત અને આંતરરાષ્ટ્રીય અનુભવની ઊંડી સમજ છે. તેમને ઈંગ્લિશ કાઉન્ટી સર્કિટમાં સફળતા મળી છે. આ બાબતો તેમને આ ભૂમિકા માટે અત્યંત યોગ્ય બનાવે છે.

# સરકારની મંજૂરી ન મળે તો ટીમ ઈન્ડિયાનો બાંગ્લાદેશ પ્રવાસ રદ્દ

## સોમવારે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડની ૧૯મી બોર્ડ બેઠક બાદ, પ્રમુખ અમીનુલ ઈસ્લામે ભારત સામેની સંભવિત શ્રેણી અંગેના ઝાંખા ચિત્રને સાફ કરવાનો પ્રયાસ કર્યો પણ આ પ્રવાસને લઈને ભારત સરકાર મંજૂરી આપે તેવું લાગતું નથી

**અબતક, નવી દિલ્હી**

ભારત ૧૭ ઓગસ્ટથી બાંગ્લાદેશ પ્રવાસ પર ત્રણ વનડે અને ત્રણ ટી૨૦ મેચ રમવાનું છે, પરંતુ વર્તમાન રાજકીય પરિસ્થિતિને જોતાં, આ પ્રવાસની શક્યતા અસંભવિત લાગે છે. દરમિયાન, બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) તરફથી આ પ્રવાસ અંગે એક મોટું નિવેદન બહાર આવી રહ્યું છે.બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) ના પ્રમુખ અમીનુલ ઈસ્લામે કહ્યું છે કે ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ) આગામી મર્યાદિત ઓવરોની શ્રેણી અંગે તેની સરકારના નિર્ણયની રાહ જોઈ રહ્યું છે. અમીનુલ ઈસ્લામે આશા વ્યક્ત કરી કે જો તેઓ ઓગસ્ટમાં ભારતનું આયોજન કરવામાં અસમર્થ રહેશે, તો તેઓ ભવિષ્યમાં ચોક્કસપણે આ મોટી ટીમનું આયોજન કરશે.૩૦ જૂનના રોજ શેર-એ-બાંગ્લા નેશનલ સ્ટેડિયમ ખાતે યોજાયેલી ૧૯મી બોર્ડ મીટિંગ બાદ, બીસીબીના વડા અમીનુલ ઈસ્લામે મીડિયાને જણાવ્યું હતું કે, "અમે બીસીસીઆઈ સાથે સકારાત્મક વાતચીત કરી રહ્યા છીએ. ઓગસ્ટ કે સપ્ટેમ્બરમાં શ્રેણીનું આયોજન કરવું જરૂરી નથી, અમે શ્રેણી કેવી રીતે યોજી શકાય તે અંગે વાત કરી રહ્યા છીએ.

જો તે હાલમાં શક્ય ન હોય, તો અમે તેને અન્ય કોઈ સમયે યોજીશું. બીસીસીઆઈ તેની સરકારની મંજૂરીની રાહ જોઈ રહ્યું છે.

### ભારતનો બાંગ્લાદેશ પ્રવાસ શેડ્યૂલ

૧લી વનડે - ૧૭ ઓગસ્ટ, મીરપુર
૨જી વનડે - ૨૦ ઓગસ્ટ, મીરપુર
૩જી વનડે - ૨૩ ઓગસ્ટ, ચટગાંવ

**ટી૨૦આઈ શ્રેણી**

૧લી ટી૨૦આઈ - ૨૬ ઓગસ્ટ, ચટગાંવ
૨જી ટી૨૦આઈ - ૨૯ ઓગસ્ટ, મીરપુર
૩જી ટી૨૦આઈ - ૩૧ ઓગસ્ટ, મીરપુર

# જૂનિયર હોકી વર્લ્ડકપઃ ભારત અને પાકિસ્તાન એક જ ગ્રુપમાં સામેલ

**અબતક, બેંગલુરુ**

નવી ફોર્મેટમાં એફઆઈએચ જૂનિયર વર્લ્ડ કપ રમવો રોમાંચક રહેશે અને વાસ્તવિક ટુર્નામેન્ટ ક્વાર્ટર ફાઈનલથી શરૂ થશે. જૂનિયર હોકી વર્લ્ડ કપ આ વર્ષે ૨૮ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર દરમિયાન ભારતમાં ચેન્નઈ અને મદુરાઈમાં રમાશે, એમ ભારતના કોચ પી.આર. શ્રીજેશે જણાવ્યું હતું.

પહેલી વાર ૨૪ ટીમ વર્લ્ડ કપમાં ભાગ લેશે, જ્યારે પહેલા ૧૨ ટીમો હતી. ૨૦૦૧થી આ ટુર્નામેન્ટ ૧૬ ટીમની ટુર્નામેન્ટ રહી છે. નવા ફોર્મેટમાં ટીમોને છ પુલ (એ થી એફ) માં વિભાજિત કરવામાં આવશે અને દરેક પુલમાં ચાર ટીમો હશે. છ ગ્રુપ વિજેતાઓ અને બે શ્રેષ્ઠ ટીમો ક્વાર્ટર ફાઈનલમાં પહોંચશે. ભારતને પાકિસ્તાન, ચિલી અને સ્વિટ્ઝર્લેન્ડ સાથે પલુ-બીમાં સ્થાન મળ્યું છે.

શ્રીજેશે હોકી ઈન્ડિયાના એક પ્રકાશનમાં કહ્યું હતું કે, અમે દરેક મેચ માટે રણનીતિ બનાવીશું. અમે શક્ય તેટલા વધુ પોઈન્ટ મેળવવાનો પ્રયાસ કરીશું જેથી ક્વાર્ટર ફાઈનલમાં સારું સ્થાન મેળવી શકીએ.પ્રથમ વખત ૨૪ ટીમો જૂનિયર હોકી વર્લ્ડ કપમાં રમી રહી છે. અમે તે મુજબ રણનીતિ બનાવીને તૈયારી કરી રહ્યા છીએ. નવા ફોર્મેટમાં રમવું રસપ્રદ રહેશે.'



શ્રીજેશે કહ્યું હતું કે, પુલ બીમાં પાકિસ્તાન, ચિલી અને સ્વિટ્ઝર્લેન્ડ તરફથી સારો પડકાર મળશે. પાકિસ્તાન સામેની મેચ રસપ્રદ રહેશે પરંતુ ટુર્નામેન્ટ ક્વાર્ટર ફાઈનલથી શરૂ થશે.' છેલ્લે ૨૦૨૩ જૂનિયર વર્લ્ડ કપમાં ભારત ચોથા સ્થાને રહ્યું હતું. ભારતે ૨૦૦૧માં હોબાર્ટમાં અને ૨૦૧૬માં લખનઉમાં ટાઈટલ જીત્યું હતું. જર્મનીએ સાત વખત ટાઈટલ જીત્યું છે અને તે ડિફેન્ડિંગ ચેમ્પિયન પણ છે.

# ઈંગ્લીશ કાઉન્ટીમાં રેકોર્ડ સર્જાયોઃ એકની ટ્રિપલ સેન્ચુરી અને ત્રણ બેટરે ફટકારી સદી

**અબતક, ઈંગ્લેન્ડ**

કાઉન્ટી ચેમ્પિયનશિપ ઈંગ્લેન્ડમાં રમાઈ રહી છે. આ મેચમાં રનનો વરસાદ થયો છે. કાઉન્ટી ચેમ્પિયનશિપ ડિવિઝન ૧માં એક ટીમે પ્રથમ ઈનિંગમાં ૮૦૦થી વધુ રન બનાવ્યા છે. આ ટીમ માટે ૪ ખેલાડીઓએ સદી ફટકારી હતી, જેમાંથી એક બેટરે ટ્રિપલ સેન્ચુરી ફટકારી હતી. કાઉન્ટી ચેમ્પિયનશિપ ડિવિઝન ૧ના ઈતિહાસમાં આ પહેલી વાર છે જ્યારે કોઈ ટીમે એક જ ઈનિંગમાં ૮૦૦થી વધુ રન બનાવ્યા હોય. કાઉન્ટી ચેમ્પિયનશિપ ડિવિઝન ૧ની ૪૨મી મેચ સરે અને ડરહામ વચ્ચે રમાઈ રહી છે. સરે ટીમના ઓપનિંગ બેટર ડોમિનિક સિબલીએ ત્રેવડી સદી ફટકારીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે. તેણે ૪૭૫ બોલમાં ૩૦૫ રનની ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેમણે ૨૯ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા હતા. ડોમિનિક સિબલીની ત્રેવડી સદી ઉપરાંત ઓલરાઉન્ડર સેમ કુરને પણ સદી ફટકારી હતી. તેણે ૧૨૪ બોલમાં ૧૦૮ રન બનાવ્યા હતા. જ્યારે ડેનિયલ લોરેન્સે ૧૪૯ બોલમાં ૧૭૮ રન બનાવ્યા હતા, જેમાં ૧૯ ચોગ્ગા અને ૪ છગ્ગાનો સમાવેશ થાય છે. ઈંગ્લેન્ડના ધાકડ બેટર વિલ જેક્સે પણ ૯૪ બોલમાં ૧૧૯ રનની ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેણે ૮ ચોગ્ગા અને ૬ છગ્ગા ફટકાર્યા હતા. સરે ટીમે શાનદાર બેટિંગ દ્વારા ૯ વિકેટ ગુમાવીને ૮૨૦ રન બનાવીને ઈનિંગ્સ ડિકલેર કરી. આજે આ ટેસ્ટ મેચનો બીજો દિવસ છે. સરે બે દિવસમાં ૮૦૦થી વધુ રન બનાવીને ઈંગ્લેન્ડ ક્રિકેટમાં એક નવો ઈતિહાસ રચ્યો છે.



કાઉન્ટી ચેમ્પિયનશિપ ડિવિઝન ૧માં એક ટીમે પ્રથમ ઈનિંગમાં ૮૦૦થી વધુ રન બનાવ્યા

# તેરા તુજકો અર્પણ: ૨૦ અરજદારોને રૂ.૧.૪૭ કરોડનો મુદામાલ પરત અપાયો

## અલગ અલગ ગુનામાં મળી આવેલા રૂ.૧.૧૪ કરોડનો મુદ્દામાલ મૂળ માલિકોને સોંપી દેવાયો: એ ડિવિઝન પીઆઈ બી.વી. બોરીસાગર અને પીએસઆઈ એ એમ ઝાલા ટીમની કામગીરી

**અબતક, રાજકોટ**

રાજકોટ એ ડિવિઝન પોલીસ મથકના સ્ટાફે અલગ અલગ ગુનામાં કુલ ૨૦ અરજદાર અને ફરિયાદીએ ગુમાવેલ કુલ રૂપિયા ૧.૪૭ કરોડનો મુદામાલ તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત અરજદાર અને ફરિયાદીને પરત અપાવ્યો હતો.

ઉચ્ચ પોલીસ અધિકારીઓના આદેશના પગલે એસીપી બી.જે. ચૌધરીના માર્ગદર્શન હેઠળ શહેરના નાગરિકો દ્વારા સાઈબર ક્રાઈમ પોર્ટલ ૧૯૩૦ પર કરવામાં આવેલ ફરિયાદો અંતર્ગત રાજકોટ શહેર પોલીસ દ્વારા કરવામાં આવેલી તપાસ કાર્યવાહીના અંતે સાયબર ક્રાઈમના ભોગ બનેલા નાગરિકોને તેઓએ ફ્રોડમાં ગુમાવેલ રકમ તેમજ ગુનાના કામે રિકવર કરેલ મુદ્દામાલ વાહન-વસ્તુ, સોનાના દાગીના પરત સોંપવા માટે એ ડિવિઝન પોલીસ મથકના પીઆઇ બી.વી.બોરીસાગરની ઉપસ્થિતિમાં એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં સાયબર ફ્રોડનો ભોગ બનેલા ૬ અરજદારો/ફરિયાદીને ૨.૭૪ લાખ અને અન્ય ગુનાઓમાં ૧૪ અરજદાર/ફરિયાદીને ૧.૪૪ કરોડ સહિત કુલ ૨૦ અરજદાર/ફરિયાદીઓને ૧,૪૭,૭૧,૫૩૧ નો મુદ્દામાલ પરત અપાવ્યો હતો. જેમાં વાહન, વસ્તુ સોનાના દાગીના સહિતનાનો સમાવેશ થાય છે. આ કામગીરીમાં એ ડિવિઝન પોલીસ મથકના પીઆઈ બી.વી.બોરીસાગરના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ એ.એમ. ઝાલા તથા હેડ કોન્સ્ટેબલ જયેન્દ્રસિંહ ઝાલા, કોન્સ્ટેબલ જયવીરસિંહ ઝાલા, સતિષભાઈ બારડ, જીતુબેન તથા આઈટી એક્સપર્ટ ઈરફાન અંસારી સહિતનો સ્ટાફ સાથે રહ્યો હતો.



### સાયબર ફ્રોડમાં ગયેલી રૂ.૨.૪૭ લાખની રોકડ લીગલ પ્રોસેસ પૂર્ણ કરી અરજદારોને પરત કરાઈ

### રૂ.૭૦.૩૬ લાખની રકમ પરત અપાવતી સાયબર ક્રાઈમ પોલીસ

સાયબર ક્રાઈમ પોલીસની ટીમે તેરા તુજકો અર્પણ અંતર્ગત ચાલુ માસમાં સાયબર ક્રાઈમનો ભોગ બનનાર ફરિયાદી અને અરજદારોને કુલ રૂપિયા ૭૦.૩૬ લાખની રકમ પરત અપાવી હતી અને પોલીસ દ્વારા વધુ એક વખત પ્રજાજોગ સંદેશમાં નાગરિકોને સાયબર ફ્રોડથી બચવા માટે સાવચેતી રાખવા અજાણી લિંક પર ક્લિક ન કરવા સહિતના સૂચનો આપવામાં આવ્યા છે. આ કામગીરીમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીઆઈ જે.એમ. કૈલા, એમ.એ. જાણકાત, બી.બી. જાડેજા, એસ.ડી. ગીલવા તથા પી.આર.ડોબરીયા તથા ટીમ સાથે રહી હતી.



---

### ૨૦૧૬માં થયેલી હત્યા બનાવમાં

# અદાલતે સાપરાધ મનુષ્ય વધ માનીને વધુ એક આરોપીને ૧૦ વર્ષની સજા

## બાઈક અડી જવા જેવી નજીવી બાબતે ઝઘડો કરી ચાર શખ્સોએ બે પિતરાઈ ભાઈ ૫ પર હુમલો કરતા એકનું મોત નીપજ્યું હતું



એ.પી.પી. બીનલબેન રવેશીયા

**અબતક, રાજકોટ**

શહેરના કુવાડવા રોડ પર ૨૦૧૬માં બાઈક અથડાવવાના મુદ્દે થયેલી હત્યાના ગુનાનો કેસ ચાલી જતા કોર્ટે વધુ એક આરોપીને સાપરાધ મનુષ્ય વધની કલમ હેઠળ તકસીરવાન ઠરાવી ૧૦ વર્ષની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ કેસની વિગત એવી છે કે, રોહીદાસપરામાં રહેતો દિલીપભાઈ સાગઠીયા ગઈ તા.૧૫-૬-૧૬ના તેના મોટાબાપુના દિકરા મહેન્દ્ર કેશુભાઈ સાગઠીયા સાથે બાઈક પર જઈ રહ્યો હતો ત્યારે કુવાડવા રોડ પર કમલ પાનની દુકાન પાસે બાઈક અથડાવવાના મુદ્દે અને ખર્ચ માંગવાની બાબતે સૂરિયો , ગોવિંદ, ચિરાગ ઉર્ફે ચીનો અને નરેશ મનસુખ ચુડાસમાએ ગુમીથી હુમલો કરતા મહેન્દ્ર સાગઠીયાનું નું મોત નિપજતા બનાવો હત્યામાં પલટાયો હતો. દિલીપ કાળાભાઈ સાગઠીયા બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તમામ સામે હત્યા, હત્યાની કોશિશ અને કાવતરાની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો. જેમાં સૂરીયા, ગોવિંદ અને નરેશ ચુડાસમા ની ધરપકડ કરવામાં આવી હતી તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરતા કેસની સુનાવણી ચાલવા પર આવી હતી આ કેસ ચાલી જતા એડીશનલ સેશન્સ જજ બંને પક્ષોની દલીલો, રજૂઆતો બાદ પુરાવાને ધ્યાને લઈ આરોપી નરેશ ઉર્ફે કાળુ મનસુખભાઈ ચુડાસમા , ગોવિંદ ઉર્ફે ગોવો નારણભાઈ મનવર અને સુરિયા ને કલમ ૩૦૪ પાર્ટ એકમાં તકસીરવાનું ફેરવી ૧૦ વર્ષની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો બાદ ચિરાગ ઉર્ફે ચીનાની ધરપકડ કરવામાં આવી હતી અને તપાસ દ્વારા પુરવણી ચાર્જસીટ રજૂ કરવામાં આવ્યું હતું જે કેસની જે કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર તરફે બીનલબેન રવેસીયા હાજર રહી ફરિયાદી સાહેદોની જુબાની લેવામાં આવેલી અને ફરિયાદને સમર્થન કરેલું તમામ સાહેદ અને જુબાની દસ્તાવેજી પુરાવા લીસ્ટ અને એફ એસ એલ રિપોર્ટ ધ્યાનમાં લેતા તેમજ સરકાર પક્ષની દલીલ ધ્યાને લઈ અદાલતે ચિરાગ ઉર્ફે ચિનાને તકસીરવાન ઠરાવી આઈ.પી.સી. કલમ ૩૦૪ હેઠળ ૧૦ વર્ષની, ૩૦૯ હેઠળ ૭ વર્ષની, ૧૨૦ (બી) હેઠળ સાત વર્ષની, ૩૪૧ હેઠળ ૧ માસની, ૩૮૭ અને ૫૦૬ (૨) હેઠળ પાંચ-પાંચ વર્ષની કેદની સજાનો હુકમ કર્યો હતો. આ કેસમાં સરકારપક્ષ તરફથી એ.પી.પી. બીનલબેન રવેશીયા રોકાયા હતા.

---

# મહિલાની હત્યાના ગુનામાં રવિ સિંધવના હાઈકોર્ટે જામીન મંજૂર કર્યા

## ચારિત્રની શંકાના આધારે પાંચ શખ્સોએ છરીના ધા ઝીકી ઢીમ ઢાળી દીધું તું



ધારાશાસ્ત્રી દીલીપભાઈ પટેલ

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા નવાગામ આણંદપર ગામે ચારિત્રની શંકાના આધારે મહિલાની હત્યા ના ગુનામાં જેલ વાલે રહેલા રવિ નવઘણ સિંધવને હાઈકોર્ટે જામીન ઉપર મુક્ત કરતો હુકમ કર્યો છે વધુ વિગત મુજબ શહેરના કુવાડવા રોડ પર આવેલા આણંદ પર ગામે રહેતી હરેશ્માબેન યુનુસભાઈ બેલીમ નામની મહિલા ની છરીના ઘા જીકી મોતને ઘાટ ઉતાર્યા અંગેની શાહનવાબ મહેબૂબ સમા રવિ નવઘણ સિંધવ સહિત પાંચ શખ્સોએ હત્યા નિપજાવ્યા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી પોલીસે રવિ નવઘણ સિંધવ સહિત તમામની ધરપકડ કરી પ્રાથમિક તપાસમાં મૃતક રેશમાબેનને આરોપી શાહનવાબ શમાના પિતા મહેબુબભાઈ સમા સાથે આડા સંબંધ હોવાથી અનવા નવાર ઝઘડાઓ થતા હોવાથી કંટાળી રેશમાબેનને પતાવી દીધાનું જણાવ્યું હતું. તપાસ પૂર્ણ થતા રવિ સિંધવને જેલ હવાલે કરવામાં આવ્યો હતો. સેશન્સ કોર્ટમાં રવી નવઘણભાઈ સીંધવની જામીન અરજી રદ થતા આરોપીએ તેમના એડવોકેટ કલ્પેશભાઈ નસીત મારફતે ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરિ હતી. ઉપરોકત કામમાં આરોપીની જામીન અરજીમાં ગુજરાત હાઈકોર્ટમાં વિકલ તરીકે આલોક એમ. ઠકકરની ધારદાર દલીલો, હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ રજુ કરી હાઈકોર્ટ જસ્ટીસ સમક્ષ ધારદાર દલીલો કરતા જે દલીલોને ગ્રાહય રાખી આરોપી રવીભાઈ સીધવને શરતી જામીન પર મુકત કરતો હુકમ કર્યો છે.આ કેસમાં આરોપી રવીભાઈ સીંધવ તરફે સૌરાષ્ટ્રના પટેલ લો ફોર્મના જાણીતા ધારાશાસ્ત્રી દીલીપભાઈ પટેલ, કલ્પેશ નસીત, નૈમિષ જોષી, અનિતા રાજવંશી , આસીસ્ટન્ટ તરીકે ઈશા કણઝારીયા અને ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ આલોક એમ. ઠકકર રોકાયેલ હતા.

---

# ગાંજાનાં વાવેતરમાં ખેડૂતને શંકાનો લાભ આપી છોડી મૂકવા હુકમ

## મોઢુકા ગામે વાડીમાં રેડ કરી ૨૦૫ કિલો ગાંજાનાં લીલા છોડ મળી રૂા. ૬,૧૭,૦૨૫નો મુદામાલ કબ્જે કર્યો હતો

**અબતક, રાજકોટ**

વિંછીયા તાલુકાના મોઢુકા ગામની સીમમાં વાડીમાં ૨૦૫ કિલો ભાંગ-ગાંજાનાં છોડનું વાવેતર ઝડપાયાના કેસમાં ખાસ અદાલતે આરોપી ખેડૂતને શંકાનો લાભ આપી છૂટકારો ફરમાવ્યો છે.કેસની પ્રાપ્ત હકિકતો મુજબ સ્ટેટ મોનિટરિંગ સેલના અધિકારી અને મળેલ બાતમીના આધારે તારીખ ૧૭/ ૧૧/ ૨૦૧૫ના રોજ વિછીંયા તાલુકાના મોઢુકા ગામની સીમમાં સોનાકુબા વિસ્તારમાં આવેલ વિનોદ ઉર્ફે વિનુ પમાભાઈ ઘરજીયાની વાડીમાં રેડ કરી ગાંજાનું વાવેતર ૨૦૫ કિલો ૬૭૫ ગ્રામ (ભાંગ-ગાંજાનાં લીલા છોડ) કિંમત રૂા. ૬,૧૭,૦૨૫/- નો મુદ્દામાલ કબ્જે કરેલ હતો. જે અંગેની ફરીયાદ વિંછીયા પોલીસ સ્ટેશનમાં આરોપી વિનોદ ઉર્ફે વિનુભાઈ ઘરજીયા વિરૂધ્ધ નોંધાવવામાં આવી હતી. આ કેસ ટ્રાયલ કોર્ટમાં ચાલવા માટે આવતા સરકાર તરફે કુલ-૬ સાક્ષીઓની જુબાની નોંધવામાં આવેલ હતી અને તેના સમર્થનમાં અલગથી કુલ-૨૬ જેટલા દસ્તાવેજી પુરાવા રજુ રાખવામાં આવેલ હતા. બંને પક્ષની રજૂઆતો અને પુરાવો બાદ સમગ્ર કેસ આખરી દલીલોના તબક્કે પહોંચતા સરકાર પક્ષ દ્વારા મૌખીક અને લેખીત દલીલો પછી બચાવપક્ષની દલીલોમાં બચાવપક્ષ દ્વારા વિગતવારની મૌખીક દલીલ કરવામાં આવેલ હતી કે બંને પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી તેમજ કોઈ સ્વતંત્ર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી. સાથે દલીલ કરવામાં આવેલ હતી કે આ કામે પોલીસના કેસ મુજબ કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ આજદિન સુધી કોર્ટમાં રજુ કરવામાં આવેલ નથી કે તે મુદ્દામાલ નાશ કર્યા અંગેનું એન.ડી.પી.એસ.ની કલમ-૫૨ (એ) નું કોઈ સર્ટિફિકેટ પણ આ કામે રજુ રાખવામાં આવેલ નથી. જે હકિકત પ્રોસીક્યુશનના કેસની મોટી ક્ષતિ ઉજાગર કરે છે. તેમજ દલીલના સમર્થનમાં સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના ચુકાદા રજુ કરવામાં આવ્યા હતા. જે ધ્યાને લઈ સ્પેશ્યલ કોર્ટે જમીન આરોપી વિનુભાઈના સ્વતંત્ર માલિકીની છે તેમજ તેમાં ગાંજાનું વાવેતર કરવામાં આવેલ છે તેવી કોઈ હકિકત રેકર્ડ પર આવેલ નથી. તેમ ઠરાવી આરોપી વિનોદ ઉર્ફે વિનુ પમાભાઈ ઘરજીયાને શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી તરફે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સનાં એડવોકેટ અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, રાકેશ ભટ્ટ, કમલેશ ઉધરેજા, તારક સાવંત, શ્રેયસ શુકલ, ચેતન પુરોહીત, દિશા ફળદુ, મિહિર શુકલ રોકાયા હતા.



એડવોકેટ અંશ ભારદ્વાજ

---

### કોકોનેટ પાર્ટી પ્લોટ નજીક જુગાર રમતા ત્રણ શખ્સની ધરપકડ

**અબતક, રાજકોટ**

શહેરના ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ કોકો નેટ પાર્ટી પ્લોટ ની બાજુમાં જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સોને ધરપકડ કરી ૧૧૪૦૦ મુદ્દામાલ કબજે કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં દારૂ અને જુગારની બદીને ડામી દેવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા આપેલી સુચનાને પગલે પીઆઈ ડીએમ હરીપરા ના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા કોકોનેટ પાર્ટી પ્લોટની બાજુમાં જાહેરમાં જુગાર રમાતો હોવાની કોન્સ્ટેબલ નિકુંજભાઈ મારવીયા ને મળેલી બાતમીના આધારે એ.એસ.આઈ.એચ જે જાડેજા અને શિવભદ્રસિંહ ગોહિલતા સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા પંકજ રણછોડ તાડા ,લખનસિંહ રામસિંહ કુશવા અને શૈલેષ જેરામ ભૂતની ધરપકડ કરી ૧૧૪૦૦ નો મુદ્દા માલ કબજે કર્યો છે.

---

# ટ્રાફિક નિયમ ભંગ બદલ એક માસમાં ૮૪૫ ઝડપાયા: રૂ.૩૪.૬૯ લાખનો દંડ

## સૌથી વધુ રૂ. ૧૫.૦૯ લાખનો દંડ ઓવરલોડેડ વાહનોને ફટકારાયો : કે એમ ખપેડના નેતૃત્વમાં આરટીઓ ટીમની કાર્યવાહી

**અબતક, રાજકોટ**

રાજકોટ આરટીઓ કચેરી દ્વારા ગત જૂન માસમાં ટ્રાફિક નિયમોનો ભંગ કરતા ચાલકો વિરુદ્ધ ૮૪૫ કેસો કરી રૂ. ૩૪.૬૯ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જેમાં સૌથી વધુ રૂ. ૧૫.૦૯ લાખનો દંડ ઓવરલોડેડ વાહનોને ફટકારવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર ટ્રાફિક નિયમોનો ભંગ કરી બેફામ વાહનો હંકારનાર ચાલકો વિરુદ્ધ કાર્યવાહી કરવાની આરટીઓ અધિકારી કે એમ ખપેડની સૂચનાને પગલે અલગ અલગ ટીમો કાર્યરત હતી. જેથી આરટીઓ કચેરીઓ દ્વારા જૂન માસમાં કુલ ૮૪૫ કેસો કરીને કુલ રૂ.૩૪,૬૯,૪૭૮ નો દંડ ફટકારવામાં આવેલ હતો. જે પૈકી સૌથી વધુ ઓવરલોડેડ ૧૩૧ વાહનોને રૂ.૧૫.૦૯ લાખ, ઓવર ડાઈમેન્શન બદલ ૪૧ કેસો કરી રૂ. ૨.૦૧ લાખનો દંડ, કલેન્ડેસ્ટાઈન ઓપરેશન બદલ છ કેસો કરી રૂ. ૬૦ હજારનો દંડ, ટેક્ષ વગર ચાલતા ૩૩ વાહનો ઝડપી રૂ.૬,૮૪,૪૭૮ નો દંડ, વ્હાઈટ લાઈટના ૧૬૬ કેસો કરી રૂ.૧.૬૬ લાખનો દંડ, રેડિયમ રેફલેકટર વગેરે જેવા રોડ સેફ્ટીના ૬૫ ગુનાઓ દાખલ કરી રૂ. ૬૫ હજારનો દંડ, ફિટનેસ વગર દોડતા ૭૩ વાહનો ઝડપી રૂ. ૩.૬૫ લાખનો દંડ, સીટબેલ્ટ, પીયુસી, વીમા વગર દોડતા ૧૯૩ વાહનો ઝડપી રૂ. ૧,૯૨,૫૦૦ નો દંડ, આરયુપીડી અને એસયુપીડીના ૪૨ કેસો કરી રૂ. ૪૨ હજારનો દંડ, ડ્રાઈવિંગ લાયસન્સ વિના વાહન ચલાવનાર ૮૬ ચાલકોને ઝડપી રૂ. ૧.૭૨ લાખનો દંડ મળી કુલ રૂ. ૩૪,૬૯,૪૭૮ નો દંડ ફટકારવામાં આવ્યો હતો.

---

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૫૦ | ૪૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૩૬૦ | ૧૦૦ | ૫૦૦ |
| બટેટા | ૩૬૦૦ | ૧૮૦ | ૩૭૧ |
| ડુંગળી સુકી | ૧૭૮૮ | ૧૦૦ | ૩૧૦ |
| ટમેટા | ૧૭૪૨ | ૪૦૦ | ૬૫૦ |
| સુરણ | ૭૯ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૪૬૦ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| રીંગણા | ૪૨૧ | ૫૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૫૬૮ | ૩૦૦ | ૪૦૦ |
| ફલાવર | ૫૬૨ | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૫૭૫ | ૭૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૪૪૦ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૫૫ | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ટીંડોળા | ૮૭ | ૫૦૦ | ૧૬૦૦ |
| દુધી | ૫૩૫ | ૨૦૦ | ૫૫૦ |
| કારેલા | ૩૨૦ | ૬૦૦ | ૮૫૦ |
| સરગવો | ૧૬૨ | ૨૫૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૨૬૫ | ૮૫૦ | ૧૨૩૦ |
| પરવર | ૬૪ | ૫૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૩૭૨ | ૬૦૦ | ૧૦૫૦ |
| ગાજર | ૩૮૬ | ૩૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૫૨ | ૪૦૦ | ૭૦૦ |
| બીટ | ૩૯ | ૩૦૦ | ૫૫૦ |
| મેથી | ૫૪ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૩૦ | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૨૪૫ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૪૬૫ | ૭૦૦ | ૧૦૦૦ |
| મકાઈ લીલી | ૨૪૭ | ૨૦૦ | ૪૦૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૪૦૦ | ૧૩૦૦ | ૧૬૬૪ |
| ઘઉં લોકવન | ૨૦૦ | ૪૯૦ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૧૨૦૦ | ૪૯૪ | ૫૭૦ |
| જુવાર સફેદ | ૧૮૦ | ૬૫૦ | ૮૦૨ |
| જુવાર લાલ | ૧૦ | ૭૦૦ | ૭૭૫ |
| જુવાર પીળી | ૫ | ૩૦૦ | ૪૨૫ |
| બાજરી | ૩૦૦ | ૩૫૦ | ૪૨૯ |
| તુવેર | ૬૬૦ | ૧૦૭૦ | ૧૩૫૧ |
| ચણા પીળા | ૭૦૦ | ૯૦૦ | ૧૧૧૧ |
| ચણા સફેદ | ૭૦૦ | ૧૧૦૦ | ૨૦૨૦ |
| અડદ | ૨૨૦ | ૧૧૯૦ | ૧૪૩૦ |
| મગ | ૨૨૦૦ | ૧૨૫૦ | ૧૬૨૫ |
| વાલ દેશી | ૧૩૦ | ૮૦૦ | ૧૧૬૪ |
| ચોળી | ૧૫૦ | ૧૨૫૦ | ૧૮૫૦ |
| વટાણા | ૮૦ | ૧૪૫૦ | ૨૧૯૯ |
| કળથી | ૨૦ | ૯૩૬ | ૯૩૬ |
| રાજમા | ૫૮ | ૪૦૦ | ૧૩૦૦ |
| સીંગદાણા | ૭૫ | ૧૩૫૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૨૦૦ | ૯૫૦ | ૧૧૬૦ |
| મગફળી જીણી | ૧૨૦ | ૯૬૦ | ૧૧૮૦ |
| તલી | ૦ | ૧૫૫૦ | ૨૦૧૮ |
| એરંડા | ૨૩૫ | ૧૨૬૮ | ૧૩૩૭ |
| અજમો | ૧૪ | ૮૧૫ | ૧૪૫૦ |
| સુવા | ૨૦ | ૯૬૦ | ૧૨૪૦ |
| સોયાબીન | ૪૪૦ | ૮૧૦ | ૮૨૫ |
| સીંગફાડા | ૧૩૦૦ | ૧૦૫૦ | ૧૩૫૦ |
| કાળા તલ | ૧૧૦૦ | ૨૭૨૫ | ૩૫૪૦ |
| લસણ | ૩૫૦ | ૮૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૨૮૦ | ૧૨૩૦ | ૧૩૭૪ |
| ધાણી | ૧૨૦ | ૧૨૫૦ | ૧૩૮૦ |
| વરીયાળી | ૫૦ | ૮૦૦ | ૧૨૯૨ |
| જીરૂ | ૨૪૦ | ૩૫૬૦ | ૪૦૧૧ |
| રાય | ૩૦ | ૧૧૬૦ | ૧૪૦૦ |
| મેથી | ૩૦૦ | ૮૧૦ | ૧૨૭૦ |
| ઈસબગુલ | ૫ | ૭૦૦ | ૧૫૫૦ |
| રાયડો | ૮૦ | ૧૧૭૦ | ૧૨૩૦ |
| રજકાનું બી | ૭૫ | ૪૩૫૦ | ૫૭૩૦ |
| ગુવારનું બી | ૯૦ | ૯૫૦ | ૯૮૫ |

---

# વીજ શોક થી મૃત્યુના કેસમાં બેદરકારી ગણી વળતર ન આપવાના પીજીવીસીએલના ઈરાદા પર કોર્ટની બ્રેક

## મૃતકના પરિવારને ૯ ટકા વ્યાજ સાથે ૧૫ લાખ ચૂકવવા ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન કોર્ટનો હુકમ

**અબતક રાજકોટ**

રાજકોટમાં વીજ કરંટથી મૃત્યુ પામેલ વ્યકિતના વારસદારને મરનારની બેદરકારી કારણભૂત ગણીને વળતરના આપવાના પી,જી,વી, સી, એલ ના બચાવ સામે ડિસ્ટ્રિક્ટ એન્ડ કોર્ટે રદ કરીનેમરનાર ના પરિવારને વ્યાજ સાથે વળતર ચૂકવવા આદેશ જારી કર્યો છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ શહેરના કાલાવડ રોડ પર આવેલા મોટા મહુવા નજીક લક્ષ્મીના ટોળે પચાસ વારીયામાં રહેતા મુકેશ જીવરાજભાઈ શિશાંગિયાના મકાનનું કડિયા કામ કરતા જયેશભાઈ નારણભાઈ બગડા ૩૬, તા.૨/૬/૨૦૧૬ ના રોજ કામ કરતા હતા ત્યારે ઘર પરથી પસાર થતી ઈલેક્ટ્રીક લાઈનને હાથ અડી જતા વીજ શોક લાગવાથી જયેશભાઈ નું મોત નીપજ્યું હતું. તેમના વારસદાર સોનલબેન અને નારાયણભાઈએ વળતર માટે નો દાવો કર્યો હતો અને વિદ્યુત બોર્ડના અધિકારીઓની બેદરકારીને કારણે માત્ર ૨૦ થી ૩૦ ફૂટ ઉપર વીજ લાઈન હોય અને ૧૫ લાખ રૂપિયા માટે સ્પેશિયલ સિવિલ શ્યુટ દાખલ કરવામાં આવી હતી. તેની સામે પીજીવીસીએલએ અપીલ કરી હતી કે અકસ્માત ગુજરનાર જયેશભાઈ બગડાની બેદરકારીથી બનેલ છે વિધુત બોર્ડના અધિકારીઓએ વારંવાર ટ્રાન્સફરને વિદ્યુત લાઈનનું ચેકિંગ કરેલ છે. આથી દાવો સેટ એ સાઈટ કરવો જોઈએ અને અપીલની મંજૂરી માંગી હતી. આ કેસમાં અરજદાર વતી એડવોકેટ પી.આર દેસાઈએ એ અલગ અલગ કોર્ટના ચુકાદા ને ટાંકી સાથે સાથે ઈંગ્લેન્ડની કોર્ટના ચુકાદા રજૂ કર્યા હતા અને નિયમિત ચેકિંગના કોઈ રિપોર્ટ આપ્યા ન હોવાની દલીલ કરી હતી. મોટા મવાના સરપંચે આ લાઈન જોખમી હોવાનું રજૂઆત કરી હતી. પરંતુ કોઈ પગલા લીધા નથી અને ઈલેક્ટ્રિક ઈન્સ્પેક્ટર વિદ્યુત બોર્ડની બેદરકારી આંશિક હોવાનું દર્શાવેલ છે. તેવી રજૂઆત કરવામાં આવી હતી તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ ના ચુકાદાઓ ધ્યાનમાં રાખી એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા ગુજરનારનો આવકનો આધાર ન હોય તો પણ લઘુત્તમ વેતન મુજબ આવક ગણીને ૧૫ લાખ ૯ ટકા વ્યાજ સાથે વળતર ચૂકવવા આદેશ કરી પીજીવીસીએલની અપીલ રદ કરી હતી.આ કામમાં ગુજરનારના વારસદાર વતી ધારાશાસ્ત્રી પી.આર દેસાઈ અને કિરીટભાઈ વોરા, સંજયભાઈ નાયક, સુનિલભાઈ વાઢેર, એચ વી ચાવડા એ કાનુંની લડત આપી હતી.

---

# કેસરી હિન્દપુલ પાસે મોહરમની છબીલ પર કાર ઘસી આવતા બાળક સહિત બેને ઈજા

## અકસ્માત સર્જક કારચાલક ને પોલીસે પકડી કરી પૂછપરછ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં બેફામ ઝડપે દોડતા વાહન ના ઉપદ્રવ માં વધુ એકનો ઉમેરો થયો હોય તેમ કેસરી હિન્દપૂલ પાસે મોહરમ ની છબીલ પર એકઠી થયેલી ભીડ પર ઈકો મોટર ઘસી આવતા બાળક સહિત બેને ઈજા નો બનાવ નોંધાયો છે.મોહરમ નિમિત્તે શહેરમાં શરબત અને પ્રસાદની છબીલો શરૂ થઈ છે ગઈકાલે કેસરી હિન્દ પુલ પાસે મસાલા ઢોસા નો જાહેર ન્યાજ નું વિતરણ થતું હોય સાંજે લોકોની ભીડ જમા થઈ હતી ત્યારે ધસી આવેલી એક ઈકો મોટર એ મુસ્લિમ લાઈનમાં રહેતા ગફારભાઈ હાસમભાઈ ગોરી ૬૦,અને નવાજ હુસેનભાઈ ચૌહાણ ૯ ને હડફેટે લઈ ઈજાગ્રસ્ત કરતાં નાશ ભાગ મચી જવા પામી હતી, ઘવાયેલા બંનેને સિવિલમાં દાખલ કરવામાં આવ્યા હતા પોલીસે ઘટના સ્થળેથી ચાલકને ઝડપી પૂછપરછ હાથ ધરી હતી આ અંગે એ ડિવિઝન પોલીસે તપાસ શરૂ કરી છે.

# રહેણાંક વિસ્તારોમાં કોમશિયલ પ્રવૃતિ અટકાવો, રોડ પરના દબાણો હટાવો: સીએમના આદેશ

## જિલ્લા કક્ષાએ જે પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે તેવા પ્રશ્નો સરકાર સુધી કેમ પહોંચે છે? અધિકારીઓને પણ કડક સવાલો: ૩૩૪૯ રજુઆત પૈકી ૧૭૫૭નો નિકાલ

**અબતક, રાજકોટ**

રહેણાંક વિસ્તારોમાં ધમધમતી કોમર્શિયલ પ્રવૃતિ અટકાવવા અને રોડ પરના દબાણો હટાવવા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આદેશ આપ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકોની રજૂઆતો સમસ્યાઓના સુચારૂ નિવારણ માટે ટેક્નોલોજીયુક્ત અભિગમ સ્વાગતમાં જિલ્લા કક્ષાના સ્વાગતમાં લોકોની રજૂઆતોની જિલ્લા કલેક્ટર કક્ષાએ નિવારણ માટેની જે સૂચનાઓ અપાઈ હોય તેનું પાલન સુનિશ્ચિત કરવા તાકિદ કરી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, અરજદારો નાગરિકોને પોતાની આવી નાની રજૂઆતો માટે રાજ્ય સ્વાગત સુધી આવું જ ન પડે તેવી સ્થિતીનું નિર્માણ આપણે કરવું છે.

મુખ્યમંત્રીએ જૂન મહિનાના રાજ્ય સ્વાગતમાં તેમની સમક્ષ રજૂ થયેલા પ્રશ્નોના ઉકેલ માટે સંબંધિત વિભાગો તથા જિલ્લા કલેક્ટરો, મ્યુનિસિપલ કમિશનરો અને પોલીસ અધિક્ષકો તથા અધિકારીઓને જરૂરી સુચનાઓ આપી હતી.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ જૂન-૨૦૨૫ના આ રાજ્ય સ્વાગતમાં રાજકોટ અને અમદાવાદ મહાનગરપાલિકા, પોલીસ તંત્ર, ગ્રામ પંચાયતના રસ્તાઓ બનાવવા, જમીન મહેસુલ, હેતુફેર સહિતની વિવિધ રજૂઆતો આવી હતી. તેમણે આ રજૂઆતકર્તાઓને શાંતિપૂર્વક સાંભળીને તથા હકારાત્મક વલણ દાખવીને મહાનગરપાલિકા તથા પોલીસ તંત્રને સ્પર્શતી રજૂઆતોમાં કડક કાર્યવાહી માટે સુચનાઓ પણ આપી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સિંચાઈ યોજના પડતી મુકાયા છતાં કેટલાંક ખેડૂત ખાતેદારોના ૭/૧૨માં કલમ-૪ના પ્રાથમિક જાહેરનામામાં યથાવત રહેલી નોંધને કારણે ખેડૂતોને લાંબા સમયથી પડતી સમસ્યાનો અંત લાવી તે નોંધ દૂર કરવાનો સંવેદનાસ્પર્શી નિર્ણય સ્વાગત દરમિયાન કર્યો હતો.

તેમણે રહેણાંક હેતુ માટેની સોસાયટીમાં કોમર્શિયલ પ્રવૃત્તિ કરનારા કેસમાં કડક કાર્યવાહી કરવા, ખેડૂતોની જમીન માપણીના પ્રશ્નો, રોડ રસ્તા પરના દબાણ હટાવવાના, પર્યાવરણ જાળવણી સહિતના પ્રશ્નોને નાગરિકો પરત્વે હકારાત્મક દ્રષ્ટિકોણ રાખીને જિલ્લા વહીવટી તંત્ર કડક કાર્યવાહી કરે તેવી સ્પષ્ટ સુચનાઓ આપી હતી.

જૂન મહિનાના સ્વાગત ઓનલાઈનમાં ગ્રામ, તાલુકા, જિલ્લા અને રાજ્ય સ્વાગત મળીને કુલ ૩૩૪૯ રજૂઆતો મળી હતી તેમાંથી ૫૦% એટલે કે ૧૭૫૭ જેટલી રજૂઆતોનું નિવારણ લાવી દેવાયું છે. જૂન-૨૦૨૫ના રાજ્ય સ્વાગતમાં કુલ ૯૮ જેટલા અરજદારો રાજ્યભરમાંથી હાજર રહ્યા હતા. જેમાંથી ૧૨ જેટલા અરજદારોને મુખ્યમંત્રીએ રૂબરૂ સાંભળ્યા હતા. મુખ્યમંત્રી સમક્ષ રાજ્ય સ્વાગત માટે આવેલા અન્ય ૮૬ જેટલા અરજદારોની અરજીઓ મુખ્યમંત્રી જનસંપર્ક કાર્યાલયના અધિકારીઓએ સાંભળીને તે અંગે જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી અને પોલીસ અધિક્ષક તથા સંબંધીત વિભાગોને જરૂરી કાર્યવાહી કરવા સૂચનાઓ આપી હતી તથા સંબંધિત વિભાગોને યોગ્ય કાર્યવાહી માટે મોકલી આપી હતી.


આ રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ અવંતિકા સિંઘ, સચિવ ડો. વિક્રાંત પાંડે, ખાસ ફરજ પરના અધિકારી ધીરજ પારેખ તથા રાકેશ વ્યાસ, તેમજ સંબંધિત વિભાગોના સચિવો અને અધિકારીઓ રૂબરૂ તેમજ સબંધિત જિલ્લા-શહેરોના તંત્રવાહકો વિડીયો કોન્ફરન્સથી જોડાયા હતા.

# ડુંગળી પકવતા ખેડૂતોને પ્રતિ કિવન્ટલ રૂ.૨૦૦ની આર્થિક સહાય ચૂકવાશે

## ખેડૂતોએ સહાય મેળવવા આઈ-ખેડૂત ૨.૦ પોર્ટલ પર આગામી ૧૫ જુલાઈ સુધી અરજી કરી શકશે

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ડુંગળી પકવતા ખેડૂતોના હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ અને ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે. બજારમાં ડુંગળીના ભાવ ઓછા હોવાથી ડુંગળી પકવતા ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવા રાજ્ય સરકાર દ્વારા આવા ખેડૂતોને રૂ. ૨૦૦ પ્રતિ કિવન્ટલની સહાય રૂ. ૫૦,૦૦૦ની મર્યાદામાં પૂરી પાડવામાં આવશે.



આ મહત્વપૂર્ણ નિર્ણયની જાહેરાત કરતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪-૨૫ રવિ સિઝન દરમિયાન ગુજરાતમાં ડુંગળીનું આશરે ૯૩૫૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું હતું, જે સામાન્ય વાવેતર વિસ્તારની સાપેક્ષે વધુ હોવાથી રાજ્યમાં ડુંગળીનું ઉત્પાદન પણ અંદાજિત ૨૪૮.૭૦ લાખ કિવન્ટલ જેટલુ નોંધાયું છે.

(અનુ. આઠમા પાને)

### કેન્સર એટલે શું?: આજે પણ વિદેશી સિગરેટનું આકર્ષણ એટલું જ!!

# અમદાવાદ કસ્ટમ વિભાગે દાણચોરીથી આવતી ૮૦ લાખ કાર્ટૂન સિગરેટ જપ્ત કરી

## વર્ષ ૨૦૨૩માં સિગરેટ, સાયકોટ્રોપિક પદાર્થો અને લક્ઝરી ઘડિયાળો સહિત ૧૬૩ કરોડનો માલ કબ્જે

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં દાણચોરીના પ્રમાણનો સંકેત આપતા અમદાવાદ કસ્ટમ્સે તાજેતરમાં ૮ મિલિયન એટલે કે ૮૦ લાખ નકલી સિગારેટ, સાયકોટ્રોપિક પદાર્થો અને લક્ઝરી ઘડિયાળો સહિત ૧૬૩ કરોડ રૂપિયાનો દાણચોરીનો માલ જપ્ત કર્યો છે. કસ્ટમ્સ અમદાવાદ ઝોનના ચીફ કમિશનર પ્રણેશ પાઠકે સોમવારે શહેરમાં આયોજિત એક સેમિનારમાં આ માહિતી જાહેર કરી હતી.

જેમ જેમ ભારતનું અર્થતંત્ર વિકસી રહ્યું છે, તેમ તેમ તે વૈશ્વિક દાણચોરી નેટવર્ક્સ માટે એક મોટું લક્ષ્ય બની રહ્યું છે. આ ગુનાઓ જાહેર આરોગ્ય, રાષ્ટ્રીય સુરક્ષા અને રોકાણકારોના વિશ્વાસને જોખમમાં મૂકે છે તેમ પાઠકે જણાવ્યું હતું.

આ જાહેરાત ફિક્કીની દાણચોરી વિરોધી શાખાના નવા ડેટા સાથે આવી છે. જેણે તેમના દ્વારા બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં નાણાકીય વર્ષ ૨૩ માં ભારતના ગેરકાયદેસર વેપાર અર્થતંત્રનું કદ રૂ. ૭.૯૮ લાખ કરોડ હોવાનું અનુમાન લગાવ્યું હતું. સૌથી વધુ અસરગ્રસ્ત પાંચ ક્ષેત્રો એફએમસીજી એટલે કે પેકેજ્ડ ફૂડ્સ, વ્યક્તિગત અને ઘરગથ્થુ સંભાળ, દારૂ, તમાકુ અને કાપડ અને વસ્ત્રો છે. હકીકતમાં, આમાંથી માત્ર કાપડ અને વસ્ત્રોનો હિસ્સો રૂ. ૪ લાખ કરોડથી વધુ હતો, ત્યારબાદ એફએમસીજી ઉત્પાદનો, દારૂ અને તમાકુનો સમાવેશ થાય છે તેમ અહેવાલ સૂચવે છે.

સેમિનારમાં નિષ્ણાતોએ દંડાત્મક કરને મુખ્ય ચાલક તરીકે દર્શાવ્યું હતું. ઉચ્ચ પરોક્ષ કર અને નિયમનકારી અંતર દ્વારા બનાવેલા ખર્ચ આર્બિટ્રેજ પર દાણચોરી ખીલે છે. જ્યારે તમાકુ, દારૂ અને સોના જેવા ઉત્પાદનો પર ડ્યુટી નોંધપાત્ર રીતે ઊંચી હોય છે, ત્યારે તે ગેરકાયદેસર વેપાર માટે મજબૂત પ્રોત્સાહનો બનાવે છે. કાયદેસર વ્યવસાયોને નબળી પાડે છે અને સરકારી આવકમાં ઘટાડો કરે છે. કાયદેસર અને ગેરકાયદેસર બજાર કિંમત નિર્ધારિણ વચ્ચેની અસમાનતા માત્ર વાજબી સ્પર્ધાને વિકૃત કરતી નથી પરંતુ નાગરિકોને નકલી માલના સંપર્કમાં પણ લાવે છે, જે એક ગંભીર જાહેર આરોગ્ય સમસ્યા બની શકે છે. આ મુદ્દાને ઉકેલવા માટે મજબૂત અમલીકરણ અને વધુ આંતર-એજન્સી સંકલન સાથે સંતુલિત કર નીતિની જરૂર છે તેમ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સ ના ભૂતપૂર્વ અધ્યક્ષ પી સી ઝાએ જણાવ્યું હતું. પાઠકે જણાવ્યુ હતુ કે જમીન, સમુદ્ર અને હવાઈ માર્ગો પર અમલીકરણ વધારવામાં આવ્યું હતું. ગોધરા કસ્ટમ્સ ઓપરેશનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, “તાજેતરની જપ્તીઓ દર્શાવે છે કે આ નેટવર્ક કેટલા આક્રમક અને સંગઠિત બની ગયા છે.“

# અષાઢમાં અનરાધાર, શ્રાવણમાં પણ સરવડા વરસશે

## છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૧ તાલુકામાં મેઘમહેર: સૌથી વધુ તાપીના વ્યારામાં ચાર ઈંચ, જામનગરના કાલાવડમાં સાડા ત્રણ ઈંચ અને પોરબંદરના રાણાવાવમાં પણ ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો

## રાજ્યમાં જૂન માસમાં સરેરાશ કરતા ૧૧૫ ટકા વધુ વરસાદ, સૌરાષ્ટ્રમાં ૧૦૫ ટકા વધુ પાણી પડ્યું

**અબતક, રાજકોટ**

રાજ્યમાં આગામી દિવસોમાં મેઘરાજા ભૂક્કા બોલાવશે. તારીખ ૩ જુલાઈ બાદ રાજ્યભરમાં મેઘો મૂશળધાર વરસશે. આજે પણ રાજ્યમાં ભારે વરસાદ વરસવાની હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી. હાલ બંગાળના ઉપસાગર અને અરબ સાગરથી આવતી ભેજવાળી હવાઓના લીધે વરસાદી માહોલ છવાયો છે. તો તારીખ ૬ જુલાઈ આસપાસ



બંગાળના ઉપસાગરમાં વરસાદની બીજી સિસ્ટમ સક્રિય થશે. જેના લીધે ૧૦ જુલાઈ સુધી રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસશે.એટલે કે અષાઢમાં અનરાધાર, શ્રાવણમાં પણ સરડવા વરસશે. રાજ્યમાં જૂન માસમાં સરેરાશ કરતા ૧૧૫ ટકા વધુ વરસાદ વરસ્યો છે ત્યારે સૌરાષ્ટ્રમાં ૧૦૫ ટકા વધુ પાણી પડ્યું છે.છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૧ તાલુકામાં મેઘમહેર થઈ છે જેમાં સૌથી વધુ તાપીના વ્યારામાં ચાર ઈંચ, જામનગરના કાલાવડમાં સાડા ત્રણ ઈંચ અને પોરબંદરના રાણાવાવમાં પણ ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો છે. હવામાન વિભાગ દ્વારા આગામી ૬ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે અમરેલી, ભાવનગર, સુરત, વલસાડ, વડોદરા સહિતમાં ભારે વરસાદ વરસી શકે છે અને આજે ૧૫ જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. અમરેલી, ભાવનગર, સુરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપી, નર્મદા, ભરૂચ, વડોદરા, છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ, મહિસાગર, અરવલ્લી, દમણ અને દાદરાનગર હવેલીમાં ભારે વરસાદને લઈ યલો એલર્ટ આપવામાં આવ્યું છે. સામાન્ય રીતે ગુજરાતમાં જૂન મહિનામાં

(અનુ. આઠમા પાને)

### ૧૪ જળાશયો સંપૂર્ણ ભરાયાં

રાજ્યમાં જૂનમાં મળેલા સિઝનનો ૩૨.૭૩ ટકા વરસાદે ૨૦૬ જળાશયોમાં ૬.૮૮ ટકા જળસંગ્રહ વધ્યું છે. સૌરાષ્ટ્રના ૧૪૧ જળશયોમાં સૌથી વધુ ૨૨.૭૭ ટકા જળસંગ્રહ વધ્યું છે. મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૧૧.૪૨ ટકા, ઉ.ગુ.ના ૧૫ જળાશયોમાં ૮.૬૬ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૧.૫૭ ટકા અને દ.ગુ.ના ૧૩ જળાશયોમાં ૦.૬૬ ટકા જળસંગ્રહ વધ્યું છે.


### છેલ્લા ૨૪ કલાકનો વરસાદ

| | | |
|---|---|---|
| તાપી | વ્યારા | ૪ ઈંચ |
| જામનગર | કાલાવડ | ૩.૫ ઈંચ |
| પંચમહાલ | કલોલ | ૩ ઈંચ |
| પોરબંદર | રાણાવાવ | ૩ ઈંચ |
| વલસાડ | કપરાડા | ૩ ઈંચ |
| સુરત | બારડોલી | ૨.૮ ઈંચ |
| જૂનાગઢ | માણાવદર | ૨.૫ ઈંચ |
| જૂનાગઢ | જૂનાગઢ | ૨.૫ ઈંચ |
| તાપી | ડોલવાણ | ૨.૫ ઈંચ |
| રાજકોટ | જેતપુર | ૨.૫ ઈંચ |

# ડીજીપી વિકાસ સહાયનો કાર્યકાળ છ મહિના લંબાયો

## નિવૃત્તિના દિવસે જ કેન્દ્રીય ગૃહ વિભાગે છ માસનું એક્સટેન્શન આપ્યું

**અબતક, રાજકોટ**



ગુજરાતના ડીજીપી વિકાસ સહાયને ૬ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવ્યું છે. તેઓ આજે એટલે કે ૩૦ જૂને નિવૃત્ત થવાના હતા. આવામાં કેન્દ્ર સરકાર તરફથી એક આદેશ જારી કરીને તેમનો કાર્યકાળ લંબાવવામાં આવ્યો છે. હવે વિકાસ સહાય આગામી છ મહિના માટે ગુજરાતના ડીજીપી રહેશે. તમને જણાવી દઈએ કે વિકાસ સહાય ગુજરાત કેડરના ૧૯૮૯ બેચના આઈપીએસ અધિકારી છે.


જારી કરાયેલા આદેશમાં લખ્યું છે કે, કેબિનેટની નિમણૂક સમિતિએ વિકાસ સહાય, આઈપીએસ (ગુજરાત કેડર ૯૮૯), ગુજરાતના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) ની સેવા તેમની નિવૃત્તિની તારીખથી એટલે કે ૩૦.૦૬.૨૦૨૫ ના રોજ છ મહિના માટે લંબાવવાના ગૃહ મંત્રાલયના પ્રસ્તાવને મંજૂરી આપી છે.

વિકાસ સહાય ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ડીજીપી પદે કાર્યરત રહેશે. સહાય આજે વય નિવૃત થવાના હોઈ ગુજરાત પોલીસ ભવનમાં તેમની વિદાયની જરૂરી તૈયારીઓ પણ કરવામાં આવી હતી, પરંતુ સરકાર તરફથી અંતિમ કલાકોમાં વિકાસ સહાયને ૬ મહિનાનું એક્સટેન્શન આપવાનો નિર્ણય કરાતા નવા ડીજીપી કોણ એની ચર્ચા પર હાલ તો ૬ મહિના સુધી પૂર્ણ વિરામ મુકાઈ ગયું છે.


વેસ્ટ કારટુન પુઠાની ખરીદી ચાલુ છે
વેસ્ટ કારટુન પુઠા કી. ૧ ના રૂા. ૧૭/૮૦
ભાવનગર રોડ, રાજ સમઢીયાળા
(ઉપરના ભાવ તા. ૨-૭-૨૦૨૫ સાંજે ૫-૩૦ સુધીના છે)
કોન્ટેક્ટ: મો. ૯૮૭૯૮ ૭૨૬૨૭









દેવર્ષ
કોસ્મેટિક લેસર & સ્લિમિંગ સેન્ટર
ડો. મુકેશ બી. રૂપારેલીયા
એમ. ડી. (સ્કીન) ડી, વી. ડી.
ડો.શીતલ એમ. રૂપારેલીયા
બી.એ.એમ.એસ.
ચામડીના રોગો, ગુપ્ત રોગો તથા કોસ્મેટોલોજીના નિષ્ણાંત
મંગળા મેઈન રોડ, ૧૩-મનહર પ્લોટ, જસ વિદ્યાલય સામે, રાજકોટ.
એપોઈન્ટમેન્ટ માટે: (૦૨૮૧) ૨૪૬૮૮૧૦, ૨૪૬૮૩૬૭
એપો. માટે: ૯૯૦૯૫ ૮૦૮૧૫,
ફક્ત ઈમરજન્સી માટે: મો. +૯૧ ૯૮૨૫૩ ૩૪૪૪૯



ISO 9001 : 2008 CERTIFIED
પ્રગતિ હોસ્પિટલ
ડો.અમિત આર. હપાણી
એમ.ડી. (ઈન્ટ. મેડીસીન)
એફ.સી.સી.પી.
ડો.બબીતા એ. હપાણી
એમ.ડી.ડી.એમ., (ઓન્કોલોજી)
ડો.જય ડી. વડગામા
પલ્મોનોલોજી, ક્રિટીકર કેર (આઈસીયુ)
આયુષ્માન ભારત યોજના હેઠળ કેન્સરની મફત સારવાર ઉપલબ્ધ છે.
૨૪ કલાક ઈમરજન્સી નં. ૮૨૩૮ ૦૦૦ ૧૦૮
૧૨,મનહર પ્લોટ, મંગળા રોડ, રાજકોટ.
વિદ્યાનગર મેઈન રોડ, જસાણી કોલેજની સામે, રાજકોટ.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૯૭૯૭ ૧૨૨૨૨
ફોન: હો. ૦૨૮૧-૨૪૬૬૪૯૯, ૨૪૮૩૨૪૮